નિવેદન

પૂજ્યપાદ પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ જૈનશાસનના અલંકાર ગચ્છાધિપતિ પરમ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન સુપ્રસિદ્ધવક્તા પ્રશાંતમૂર્તિ સિદ્ધહસ્તલેખક પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીએ પોતાની ઓજસ્વી ને પ્રભાવિક પ્રસન્નગંભીર શૈલીએ જૈનશાસનના ધર્મકથાનુયોગના સાહિત્ય રત્નાકરમાંથી વીણી-વીણીને આલેખેલી રત્નસમી કથાઓ અત્રે પ્રસિદ્ધ થઈ રહી છે.

કથાઓ પ્રાચીન છે, તેમાં સંકળાયેલા પ્રસંગો અનાદિ સંસારમાં કર્મસત્તાના પ્રભાવે બની રહેલા સ્વાભાવિક છે, ને ધર્મનો પ્રભાવ કઈ રીતે અદ્ભુત ચમત્કાર સર્જી રહ્યો છે, તે પણ આમાં કહેવાયું છે. પૂજ્યપાદ પંન્યાસજી મહારાજશ્રી વર્ષોથી જૈન સમાજમાં ભવ્યજીવો પર કેવળ કલ્યાણની કામનાથી પોતાની લેખિની દ્વારા કથા-વાર્તાઓ આલેખી રહ્યા છે, તેઓશ્રીના સંપાદિત-સંયોજિત અનેક પ્રકાશનો અત્યાર અગાઉ પ્રસિદ્ધ થયા છે.

પોતાના પરમોપકારી પરમ કૃપાસાગર પરમ ગુરુદેવશ્રીના બાલ્યકાળથી પુણ્ય સાન્નિધ્યને પામીને તેઓ શ્રીમદ્‌ની પુનિત કૃપાના બળે પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ વિ. સં. ૧૯૮૯થી પોતાની લેખિની દ્વારા કથાઓ, નિબંધો તથા સળંગ કથાઓ, લેખો ઈત્યાદિ લખવાનો પ્રારંભ કરેલ. 'જૈન-

પ્રવચન', 'વીરશાસન', 'જૈન સત્ય પ્રકાશ' ઇત્યાદિ જૈન શાસન-માન્ય ને સુવિહિત મહાપુરુષોથી પ્રામાણિત પત્રોમાં તે અરસામાં પૂ. પંન્યાસજી મહારાજશ્રીના લેખો 'મૌનીંદ્રશિશુ' 'રાજહંસ' 'સુલોચન' 'સુદર્શન' એ નામથી પ્રસિદ્ધ થતા હતા.

બાદ વિ. સં. ૨૦૦૦ ની સાલમાં જૈનશાસન પ્રત્યે સર્વ કોઇ મુમુક્ષુ આત્માર્થી જીવોને શ્રદ્ધાભાવ તથા બહુમાનભાવ વિશેષ રીતે પ્રગટે, ને નવી ઉગતી પેઢીને શ્રદ્ધા, સંસ્કાર, શિક્ષણ, તેમજ જીવનઘડતર માટે પ્રેરણાત્મક સાહિત્યની ભૂખ સંતોષાય તે માટે જિજ્ઞાસુ સહૃદયી વાચક વર્ગને ખૂબજ ઉપકારક બને તેવા સાહિત્યનું માસિક 'કલ્યાણ' તેઓશ્રીની પ્રેરણાથી ને પૂર્ણ સહકારથી પ્રસિદ્ધ થયું, જે આજે લગભગ ૬૫૦૦ ગ્રાહક સંખ્યા ધરાવતું ૨૮ વર્ષથી જૈન શાસનની કેવળ નિઃસ્વાર્થભાવે એકપણ પાઇની કમાણીના ઉદ્દેશ વિના સેવાભાવી ટ્રસ્ટીઓનાં સંચાલન તળે ધાર્મિક સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા સંચાલિત થઇ રહ્યું છે.

'કલ્યાણ'ની શરૂઆતથી અત્યાર સુધી પૂજ્યપાદ સિદ્ધાન્ત દીપક પંન્યાસજી મહારાજશ્રીની 'કલ્યાણના' સાહિત્ય વિભાગમાં દોરવણી, સલાહ ને સૂચના ચાલુ છે, ને તેઓશ્રી આજે ૨૮ વર્ષ થયા 'કલ્યાણ'ના વિવિધ વિભાગોમાં જુદા જુદા '[illegible]' 'પ્રવાસી' 'અભ્યાસી' 'પ્રશાંત' 'પ્રશમ' 'પ્રદીપ' ઇત્યાદિ નામથી જૈન શાસનની, શ્રદ્ધા, સંસ્કાર તથા સચ્ચારિત્ર્યના રક્ષણ માટે પોતાની લેખિનીથી પ્રેરણા આપી રહેલ છે.

તેમાં લગભગ બધી યથાર્થ કથાઓ જૈનશાસનના કથાનુયોગના સાહિત્યમાંથી પસંદ કરીને પૂ૦શ્રીએ પોતાની શૈલીએ આલેખી છે, ને કેટલીક રૂપકો દ્વારા બોધક બને તે રીતે કાલ્પનિક છે, પણ તે જૈન શાસ્ત્રોમાં વિહિત કરેલા બન્નેય પ્રકારો ચરિતાર્થ ને કાલ્પનિક તે પ્રકારોને અનુલક્ષીને શાસ્ત્રીય છે.

અમારી સંસ્થાની સ્થાપના વિ. સં. ૨૦૦૬માં પૂ૦પાદ પંન્યાસજી મહારાજશ્રીના સેવાભાવી સાહિત્યપ્રેમી પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની પ્રેરણા–સૂચનાથી નવા સ્વરૂપે થઈ છે. (વિ સં. ૧૯૯૮માં પૂ૦પાદ પંન્યાસજી મહારાજના સંપાદિત–સંયોજિત સાહિત્યને પ્રસિદ્ધ કરતી, ને વિ સં. ૨૦૦૫માં સ્થાપિત 'પૂ આ. મ શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર' ને 'જૈન સાહિત્ય પ્રચારિણી સભા'ના નવા આકારરૂપે અમારી સંસ્થાનો જન્મ થયો છે. એક પણ પાઈની કમાણીના ઉદ્દેશ વિના કેવળ જૈનસંઘમાં શ્રી ચતુર્વિધ સંઘને અનંત ઉપકારી પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર માર્ગમાં પથદર્શક અને ઉદ્બોધક બને તેવા સાહિત્યનું પ્રકાશન કરવું, તે જ અમારો મુખ્ય ઉદ્દેશ છે.

જૈન સાહિત્યના સ્વાધ્યાયયોગ્ય જીવનોપયોગી પ્રાચીન–અર્વાચીન શ્રદ્ધા, સંસ્કાર તથા જીવનઘડતરના ઉપયોગી અનેક ગ્રંથો અત્યાર અગાઉ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયા છે, જેમાં પૂ૦ પાદ પંન્યાસજી મહારાજશ્રીના સેવાભાવી શિષ્યરત્ન પૂ મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજશ્રી આદિનો તેમજ પૂ પ્રવર્તિની સ્વ પ્રશાંત વિદુષી સાધ્વીરત્ન સાધ્વીજીશ્રી દર્શનશ્રીજીમ.ના સુવિનેયી વિદુષી સાધ્વી

પરિવારનો અમને પૂર્ણ સહકાર તથા સહયોગ મળતો રહે છે, ને તેઓશ્રીના સદુપદેશથી ઉદાર ચરિત સાધર્મિક બંધુ તથા સાધર્મિક ભગિની આદિ શ્રી સંઘની આર્થિક સહાયથી અમે અત્યાર અગાઉ અનેકવિધ સ્વાધ્યાય યોગ્ય પ્રાચીન–અર્વાચીન સાહિત્ય ગ્રંથોનું પ્રકાશન કરી શક્યા છીએ ને હજુ પણ સાહિત્ય ગ્રંથોના પ્રકાશનની પ્રવૃત્તિ અમારી સંસ્થા દ્વારા ચાલુ છે. સર્વે તે અમારા ઉપકારી ઉપદેશક પૂજ્યશ્રીનો તથા ઉદારદિલ ગુણાનુરાગી શ્રાવક–શ્રાવિકા સંઘનો અમે અત્રે કૃતજ્ઞતાપૂર્વક આભાર માનીએ છીએ ને તે બધા અમને આ રીતે કૃપાભાવે સહકાર આપતા રહેશે ને ઉદારતાપૂર્વક સહાયક બનતા રહેશે તે અમારી શાસનદેવને પ્રાર્થના છે.

પ્રસ્તુત પ્રકાશનમાં તેના મુદ્રણકાર્યમાં તથા પ્રકાશન કાર્યમાં અમારી જે કાંઇ સ્ખલનાઓ કે ક્ષતિઓ રહી જવા પામી હોય તેને સહૃદયી બની કલ્યાણકારી શ્રી સંઘ ક્ષતવ્ય લેખશે. ને શ્રી જિનાજ્ઞાથી વિપરીત જે કાંઈ પ્રસિદ્ધ થયું હોય તે માટે શ્રી અરિહંત–સિદ્ધની સાક્ષીએ 'મિચ્છામિ દુક્કડમ્' અમે માગીએ છીએ. આત્માર્થી વાચક વર્ગ સારને ગ્રહણ કરી શ્રી જૈન શાસનના રત્નત્રયીની આરાધનાના કલ્યાણકર મંગલ માર્ગે પ્રયાણ કરી આત્માને સિદ્ધિગતિગામી બનાવો એ જ [illegible] કામના.

નિવેદકો
મણિલાલ ગરૂપચંદ ભાટીયા
બાબુલાલ અમૃતલાલ વકીલ
નિલાલ મણિલાલ શાહ
માનદ મંત્રીઓ
જૈન પ્રકાશન મંદિર–અમદાવાદ

મંગલ કામના

પૂજ્યપાદ પરમોપકારી પરમ કરૂણાસાગર પરમારાધ્ય પાદ પરમ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના પુણ્યકૃપાબળથી ને તેઓ શ્રીમદ્‌ની શુભ અમીદ્રષ્ટિથી બાલ્યકાળથી જૈનશાસનની નિષ્ઠા, ને જૈનશાસનના પરમ કલ્યાણકારી માર્ગ પ્રત્યેની રૂચિ પ્રગટી, ને ગમે તેવા વર્તમાનના વાહવાહને માન-સન્માન મહત્વાકાંક્ષાના પ્રત્યાઘાતી આસુરી પ્રલોભનોની વચ્ચે પણ જાગૃતિપૂર્વક તેને ટકાવી રાખવા માટે સત્ત્વ કેળવી શકાયું છે, જીવનમાં તે બધો તે પૂ. પાદ પરમ કૃપાસાગર પરમ ગુરુદેવશ્રીનો અનંત ઉપકાર છે.

તેઓ શ્રીમદે મને મારામાં જે કાંઈ થોડીઘણી લેખન શક્તિ હતી, તેને સન્માર્ગે વાળવા પ્રેરણા આપી તેથી ઠેઠ વિ સં. ૧૯૮૯થી 'જૈન પ્રવચન'માં અગ્રપેજ પર 'મૌનીંદ્ર શિશુ'ના નામથી લેખો લખવાનું મને પ્રોત્સાહન મળ્યું બાદ 'જૈન પ્રવચન'માં ૧૯૯૦માં પર્યુષણ અંકમાં પાંચ કર્તવ્યો પર મેં પાંચ કથાઓ આલેખી, બાદ 'વીરશાસન'માં મારા લેખો, સળંગ કથાઓ ને અગ્ર પેજ પર નિબંધો 'રાજહંસ', 'સુદર્શન', 'સુલોચન'ના ઉપનામથી પ્રસિદ્ધ થતા હતા. એ રીતે પૂ પાદશ્રીની પરમ કૃપાથી વિ. સં. ૧૯૯૮માં 'માધુકરી' પુસ્તક અને ૧૯૯૯માં 'દિવ્યજીવન' પુસ્તક પ્રસિદ્ધ થયેલ, જેમાં મેં લખેલ ને

સંપાદિત-સંયોજિત કરેલ કથાઓ, વ્યાખ્યાનો ને ઉપદેશક નિબંધો પ્રસિદ્ધ થયેલ.

ત્યારબાદ 'જૈન સત્યપ્રકાશ' ને 'કલ્યાણ'માં મારા લેખો પ્રસિદ્ધ થતા રહ્યા ને તેના સંગ્રહીત સાહિત્યનાં પુસ્તકો પણ પ્રસિદ્ધ થતા રહ્યાં. મુખ્યત્વે જૈન શાસન પ્રત્યે ને તેના સન્માર્ગ પ્રત્યે સર્વ કોઈ સહૃદયી આત્મકલ્યાણના અભિલાષી આત્માઓને અનુરાગ જન્મે, ને નવી પેઢીને કલ્યાણકર સર્વ દેશીય સાહિત્ય પ્રત્યે ભૂખ જાગે ને તે વર્ગ જૈન શાસનની ને તેનાં પારમાર્થિક રહસ્યને શ્રદ્ધાભાવે બહુમાનપૂર્વક સન્મુખ બને તે એક ઉદ્દેશથી 'કલ્યાણ'માં મારી લેખિનીથી યત્કિંચિત મેં જૈન શાસનની સેવા કરવા પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત પ્રકાશનમાં જૈન શાસનના કથાનુયોગના વિશાળ સાહિત્યસાગરમાંથી રત્નોની જેમ વીણી-વીણીને તે કથાઓને મારી પોતાની શૈલીમાં કર્મની વિષમતા ને ધર્મની મહત્તા દર્શાવવાપૂર્વક અત્રે વિસ્તારીને મૂકી છે. શૈલી, શબ્દ સંયોજનાને ઘાટ આપવાનું કામ મારૂં છે, પ્રસંગો ને પાત્રો બધું ય પ્રાચીન છે. કેટલાક પ્રસંગોમાં રૂપક દ્વારા મેં સદ્-બોધ આપેલ છે. જૈન શાસ્ત્રમાં મગશેલીયા પાષાણ ને પુષ્કરાવર્તમેઘ: પીપળાનું જુનું પાન ને નવી કુંપળના [illegible] કાલ્પનિક શૈલીએ પરસ્પર સંબંધરૂપે રજુ થયેલ છે. [illegible] પણ તેવા રૂપકે-કાલ્પનિક કેટલાક દૃષ્ટાંતો [illegible] છે.

[illegible] સાહિત્ય પ્રકારના જે સાહિત્ય વિષયો [illegible] છે, ને [illegible] એક બીજાના પૂરક છે. [illegible] પ્રથમ દર્શને [illegible]

ખવા માટે જરૂરી છે બાદ જીવાદિદ્રવ્યોનું ગણિત ગણિતાનુયોગમાં, ને તેનો હેય-જ્ઞેય-ઉપાદેયભાવને જાણી શું આચરવું? ને શું ત્યજવું ? તે વિષય ચરણ-કરણાનુયોગનો ને આચરણ કરનારા વર્ગના બે પ્રકારો દર્શાવી જેઓએ આત્મકલ્યાણ સાધ્યું, ને જેઓએ અધઃપતનનો માર્ગ લીધો ને તે દ્વારા સદ્ગતિ-દુર્ગતિ સાધી તે દર્શાવનાર ધર્મકથાનુયોગઃ દ્રવ્યને જાણવા પછી તેનું પ્રમાણ જાણવું ને તે જાણીને આચરણીય આચરવું ને પરિણામે આદર્શ રૂપે બીજાને આદર્શ આપવો. આમ ચારેય અનુયોગ ટુંકમાં ઘટી શકે છે.

માટેજ ધર્મકથાનુયોગનું સાહિત્ય દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ ને ચરણકરણાનુયોગના પરિપાક રૂપે પ્રેરણારૂપ અને માર્ગદર્શક બનવામાં સર્વ કોઇને અનેક રીતે ઉપકારક બની શકે છે દિગંબર સાહિત્યમાં ધર્મકથાનુયોગને માટે 'પ્રથમાનુયોગ' કહેવાય છે દલીલ સો અને દાખલો એક એ સામાન્ય કહેવત છે કથા વાચવી-સાંભળવી સર્વને ગમે છે, ને તે દ્વારા સદાચરણ ને સદ્વિચારનો સદુપયોગ આબાલ-વૃદ્ધ સર્વને પ્રેરક બને તે રીતે આપી શકાય છે, તે દૃષ્ટિને મુખ્ય રીતે આત્મસમક્ષ રાખીને મેં મારી શક્તિ-સામગ્રી પ્રમાણે જૈન શાસનના સનાતન મંગલકારી તત્ત્વોનો પ્રચાર કરવા કાજે મારી શૈલીથી કથાનુયોગને રજૂ કરેલ છે, જે કાંઈ સારૂં છે, તે જૈન શાસનનું, ને તે દ્વારા પૂ. પરમગુરૂદેવશ્રીની પરમ કરુણાનું પરિણામ છે. ને જે કાંઈ નબળું છે તે મારી પોતાની અલ્પતાનું પરિણામ છે.

જૈન શાસનની ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રણાલીને નિષ્ઠાપૂર્વક જાળવીને આ પ્રયત્ન કરતાં મારા હાથે જે કાંઈ

જિનાજ્ઞા વિરુદ્ધ અત્રે પ્રસિદ્ધ થયું હોય તે સર્વ માટે શ્રી અરિહંતદેવ, શ્રી સિદ્ધભગવંતની સાક્ષીયે ત્રિવિધયોગે મિચ્છામિ દુક્કડમ્ યાચવા પૂર્વક એ જ એક મંગલ કામના રાખુ છું કે આત્મ કલ્યાણના અભિલાષી ભવ્ય મુમુક્ષુ જીવો આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ સાહિત્યમાંથી બોધ ગ્રહણ કરી અનાદિથી આત્મામાં વળગી રહેલ સંસારભાવને ટાળીને મોક્ષભાવને પરિણમાવી વીતરાગતા પ્રગટાવી પરમાત્મપદને પામો.

શ્રી જૈન ઉપાશ્રય, શ્રીપાલનગર ૧૨, જમનાદાસ મહેતા માર્ગ, વાલકેશ્વર, મુંબઈ-૬ (W.B.) તા. ૧-૧૦-૭૧ આસો સુદિ ૧૧ : શુક્રવાર વી. સં. ૨૪૯૭ : વિ. સં. ૨૦૨૭	પૂ. પાદ પરમતારક પરમોપકારી પરમ કરૂણાસાગર પરમ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી શિષ્યાણુ પં. કનકવિજય ગણિ

અમારાં ઉપયોગી ને પ્રેરણાદાયી

અમૂલ્ય પ્રકાશનો



કથારત્નમંજૂષા : પાને પાને બોધદાયી કથાઓથી સમૃદ્ધ વાંચન, 'ધન્ય ચરિત્ર'નું સુમધુર રૂપાંતર, દ્વિતીય આવૃત્તિ : ભા. ૧લો પેજ ૪૭૬ : પાકું પૂંઠું, દ્વિરંગી જેકેટ, મૂલ્ય : ૪–૫૦

કથારત્નમંજૂષા : (ભા. ૨) પ્રથમ ભાગના અનુસંધાનમાં રસદાયી કથા જે વિશેષ રીતે બોધદાયી ને ખૂબ જ પ્રેરણાદાયી છે. દ્વિતીય આવૃત્તિ : પાકું પૂંઠું, દ્વિરંગી જેકેટ, પેજ ૪૦૦ ઉપરાંત, મૂલ્ય : ૫–૦૦

મંગલ માધુરી : માનવતાના મહામૂલ્ય મંગલતત્ત્વોની માધુર્યભરી બોધદાયી કથાઓ, પેજ ૨૦૮, મૂલ્ય : ૧–૫૦

મહાજનાનાં સોપાન : અધ્યાત્મલક્ષી ચિંતનની ચીનગારી સમા પ્રેરણાદાયી ૭ જાહેર પ્રવચનોનો અપૂર્વ સંગ્રહ, પેજ ૨૧૮, મૂલ્ય : ૨–૫૦

દર્શન ભક્તિ સુધા : બીજ-પાંચમ-આઠમ આદિ પર્વો
શાશ્વતી ઓળી આદિ મહાપર્વો ને પર્યુષણા પર્વાધિ-
રાજ આદિના ઉપયોગી પ્રાચીન ચૈત્યવંદનો, સ્તવનો,
સજ્ઝાયોનો ને સ્તુતિઓનો અમૂલ્ય સંગ્રહ, ૩૪૦ પેજ,
ઉપરાંત પાકું પુંઠું, દ્વિરંગી જેકેટ, મૂલ્ય : ૩-૦૦

પ્રાચીન સજ્ઝાયમાલા : ભાવવાહી પ્રાચીન સજ્ઝાયોનો
પ્રતિક્રમણાદિમાં બોલી શકાય તેવો અપૂર્વ સંગ્રહ,
૧૦૦ ઉપરાંત સજ્ઝાયો, ૨૦૦ ઉપરાંત પેજ, પાકું
પુંઠું મૂ. ૭-૫૦

પ્રગતિ કે પથ પર : સર્વ કોઈને પ્રેરક જીવનની ઉન્નતિની
દિશા માટે પગદંડીરૂપ ૭ પ્રેરક પ્રવચનો મધુર ને
સરલ ભાવવાહી હીંદી ભાષામાં, પાકું પુંઠું, ત્રિરંગી
જેકેટ, પેજ ૩૨૪, મૂ ૩-૦૦

[illegible] કે પ્રેરક પ્રવચનો : પર્યુષણ મહાપર્વની
આરાધના માટે ઉપયોગી પાંચ કર્તવ્યો તથા શ્રાવક
[illegible] ૧૧ વાર્ષિક કર્તવ્યોને અંગે પ્રેરણાદાયી ૩
પ્રવચનો. ભાવવાહી હીંદી ભાષામાં. પેજ: ૧૭૦
ત્રિરંગી ટાઈટલ મૂ ૨-૫૦

[illegible] : [illegible], જ્ઞાનસાર, અષ્ટકપ્રકરણ,
[illegible] [illegible], [illegible]

સ્વાધ્યાય યોગ્ય ૧૧ મૂલગ્રંથો; પોકેટ સાઇઝ ગુજરાતી ટાઇપોમાં ૩૩૬ પેજ મૂ ૧–૫૦

નવકાર તપ આદિ તપોની વિધિ : (દેવવંદનસહિત) નવકારતપ, શંખેશ્વરપાર્શ્વનાથનો અઠ્ઠમ, સીમંધરસ્વામિજીનો અઠ્ઠમ, અક્ષયનિધિતપ આદિ તપોની દેવવંદન આદિ વિધિ સહિત સર્વ પ્રથમ પ્રસિદ્ધ થતું પ્રકાશન પેજ ૧૬૦ મૂ ૧–૫૦

દર્શનમાધુરી : સાધુતાની સૌરભભર્યું પ્રેરણાદાયી જીવન જીવી જનાર વિભૂતિની ભવ્ય ગૌરવ ગાથા, પેજ ૩૫૦ ત્રિરંગી ટાઇટલ મૂ રૂા. ૩

વીતી રાત ને પ્રગટયું પ્રભાત : જૈન કથા સાહિત્યના મહામૂલ્ય મૌક્તિકોની મહાર્ઘ્યમાલા, તેજસ્વી અને મધુર શૈલીએ સિદ્ધહસ્ત કલમે અત્રે આલેખાયેલી છે. ૩૬૦ પેજ ઉપરાંત ત્રિરંગી ટાઇટલ મૂ ૪–૫૦

ગુણુદ્ધિ સૌરભ : જૈનશાસનનાં ચરણે પોતાનાં સર્વસ્વને સમર્પિત કરી, નિષ્ઠાપૂર્વક સમર્પિત થનાર પુણ્યપુરૂષની સૌરભભરી જીવન ગાથા, પેજ ૩૬૦ મૂલ્ય : ૩–૫૦ દ્વિરંગી ટાઇટલ (પ્રેસમાં સચિત્ર.)

ઉપરોક્ત પ્રકાશનો મંગાવનારે પોસ્ટેજ તથા રજી. ચાર્જ અલગ સમજવો.

: પ્રાપ્તિસ્થાનો :

૧. શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર
પાટણ (ઉ. ગુ.)
માનદ મંત્રી : શાહ રતિલાલ અમૃતલાલ વકીલ
C/o શાહ સેવંતીલાલ બાબુલાલ, કાપડના વ્યાપારી,
દોશીવટ, પાટણ (ઉ. ગુજરાત)

*


૨. સેવંતીલાલ વી. જૈન
ઠે. મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય,
ભુલેશ્વર, મુંબઈ-૪ B. R.

*

૩. સોમચંદ ડી. શાહ
C/o સુઘોષા કાર્યાલય પાલીતાણા (સૌરાષ્ટ્ર)

*

૪. સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. [illegible], હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧



અનુક્રમણિકા


વીતી રાત પ્રગટ્યું પ્રભાત : ખંડ ૧

બોલે આતમનો એક તારો રે! : ખંડ ૨

વિષય :

આવશ્યક સુધારો

પેજ ૨૫૮ પિઠીકામાં 'ગુરુ મહારાજનાં આનુદર્શનને સહન કરતાં'ના બદલે 'ગુરુમહારાજનાં આક્રોશને સહન કરતાં' સમજવું.



વીતી રાત ને પ્રગટયું પ્રભાત

જીવનપર્યંત મોહ, મમતા તથા કામ, ક્રોધ, લોભ, મદ, મત્સરને આધીન થઈ અનેક પ્રકારના પાપોમાં કિંમતી માનવભવ જેઓએ વેડફ્યો છે. તેવા માનવોને પૂર્વકૃત સુકૃતના યોગે એવી કોઈ સુભગ ઘડિ-પળ તેમના જીવનમાં આવી જાય છે કે જેમાં તે આત્માને મોહની નિંદમાંથી ઢંઢોળીને જગાડનાર મહાપુરૂષ મળી જતાં તે આત્મા જાગી જાય છે, ને મોહની નિંદ્રઘેરી રાતને પૂર્ણ કરી આરાધનાનું પ્રભાત પ્રગટાવીને આત્મા નિજના જીવનને અજવાળી જાય છે

આવા જ એક મહાભાગ આત્માની કહાણી અહિં રજૂ થઇ છે.

લોભ, એ સર્વ પાપોનું આદિ કારણ છે. હિંસા જૂઠ, ચોરી, છળ, પ્રપંચ, વિશ્વાસઘાત વગેરે સઘળાંયે અનિષ્ટ તત્ત્વોનું ઉગમસ્થાન લોભવૃત્તિ છે. પરન્તુ આવી સીધી અને સાદી વાત ઉજ્જયિનીના લક્ષ્મીનંદન શ્રેષ્ઠિ ધનદત્તનાં હૈયામાં હજી સુધી ઉતરી શકી ન હતી. એની આબરૂ, ગૃહસ્થાઈ કે પ્રામાણિકતા વગેરે સઘળુંયે કેવળ લોભદશાના મલીન પાપ વાતાવરણમાં બેશક આવરાઈ ગયું હતું.

ઉજ્જયિનીનો જનસમૂહ ધનદત્તના નામને યાદ કરતો કરતો નાકના ટેરવા ચઢાવી દેતો. એના માટે સ્વજનપરિવારને જોઈએ તેવું બહુમાન ન હતું. છતાંયે ધનદત્તનો વિપુલ ધનભંડાર મધપૂડાના મધની જેમ સૌ કોઈના

આકર્ષણનું કારણ બન્યો હતો. सर्वे गुणाः कांचनमाश्रयंते ' એ લોકસૂત્ર સાચે જ તે કાળે પણ જનસમાજમાં પ્રચારને પામ્યું હતું.

મધ્યાહ્નનો સૂર્ય ગગનમંડળમાં તપી રહ્યો હતો નગરવાસી માનવલોક સૂર્યના તાપથી અકળાઇ ઊઠ્યો હતો. ધરતી ધીખી રહી હતી. વાતાવરણ શાંત હતું. ઉજ્જયિનીના રાજરસ્તાઓ અત્યારે નીરવ જેવા લાગતા હતા. પગરવ ઘણો જ ઓછો હતો.

લાડકવાયા નાગદત્તની સાથે ધનદત્ત શ્રેષ્ઠી જમી પરવારીને હાટ પર આવ્યો. ધનદત્તનો ધંધો કરીયાણા વેચવાનો હતો. કરીયાણાના વ્યવસાયમાં એને આવક સારી હતી. કેવળ લોભવૃત્તિના કારમા પાશમાં જકડાયેલા તેને માટે નીતિ, અનીતિના, પાપ પુણ્યના કે ધર્મ અધર્મના સિદ્ધાન્તો સ્મૃતિશેષ બન્યા હતા. હાટ પર બેસી અપ્રામાણિકતા, વિશ્વાસઘાત કે જનવંચનાનાં મહાપાપોને સેવવા, એ ધનદત્તને રોજના જીવનવ્યવસાય જેવું બની ગયું હતું

ઉજ્જયિનીના બજારમાં ધનદત્તનો ધમધોકાર ખુબ ધમધોકાર ચાલુ રહેતો. પૂર્વકાલીન પુણ્યાઈના યોગે ધનદત્તને સારી જેવી કમાણી થતી. આજે રોજની જેમ એક પછી એક એમ અનેક ગ્રાહકો થોડી જ વારમાં એની દુકાનને વિંટળાઇ વળ્યા ધનદત્તે હોશિયારીપૂર્વક સૌ સૌને જોઈતો માલ આપી રવાના કર્યા આ રીતે સમય પસાર થવા લાગ્યો. સદ્ભાગ્યે ગ્રાહકો વિખરાયા. કંટાળેલા ધનદત્તને પોતાના પરિશ્રમને હળવો કરવા લાડકવાયા નાગદત્તને હુલામણાં કરી રમાડી લેવાની કાંઈક ગલીપચી સહેજે થઇ આવી.

હજુ એક કાંઈક પ્રૌઢ વયનો આદમી ક્યારનોયે દુકાનની સામે જ પોતાનાં ભવા ચઢાવીને ધ્યાનસ્થ ઋષિની જેમ અડગ ઊભો હતો. ધનદત્તનું કંટાળેલું મગજ આથી વધુ ભારે બન્યું. કાંઇક ઉગ્રતાથી ધનદત્ત બબડ્યો : 'કેમ અલ્યા શું છે? હજુ અહીં કેમ મર્યો છે? જા, જા, તારૂં શું દાટયું છે? કાંઇ જોઇએ છે શું?'

અભિમાન અને અક્કડતાના મદિરાપાનથી ઘોરતો ધનદત્ત ભાનભૂલો બન્યો. જોશભેર સુસવાટા મારતી પવનની ફુંકો રાખના પડળોમાં જાતને છુપાવી ચિરસુષુપ્ત અંગારાને સળવળાવે તેમ, પેલા આદમીનાં સ્વત્વને ધનદત્તના શબ્દોએ સળવળાવ્યું. ક્રોધનો હુતાશન એના લાંબી દાઢીયાળા મુખ પર ભભૂકવા માંડ્યો. જાણે કે અગ્નિને ઘાસ મળ્યું, તેમ તેના મુખ પર રોષનો અનલ તીવ્રપણે ધીખી ઊઠ્યો.

એ જાતે ચાંડાલ હતો. કર્મે કસાઇ હતો. જાતના નાતાથી કષાયને આશ્રયસ્થાનનો વિશ્વાસ રહ્યો. તે તરત જ ધનદત્તની દુકાન નજીક આવીને કાંઇક જવાબ વાળવાની તૈયારી કરવા લાગ્યો. એટલામાં જ ધનદત્ત બોલી ઊઠ્યો : 'જો જે અડકતો, ખસ અહીંથી આઘે રહીને વાત કર.'

ધનદત્તના આગ ઝરતા આ શબ્દો પેલા ચાંડાલના હૈયામાં તાતા તીરની જેમ સોંસરા ભોંકાયા. એને પોતાનું વ્યક્તિત્વ યાદ આવ્યું અને લોહી ઉકળી ઊઠ્યું. એ પણ એટલી જ ઉદ્ધતાઈથી બોલ્યો : 'લ્યો આ માલ, મારા દામ પાછા આપો, લોકોને છેતરવાનો જ ધંધો લઈ બેઠા છો કે છે બીજું?' આમ કહીને એણે શેઠનો માલ દુકાન તરફ ફેંક્યો.

વાતાવરણમાં ઉગ્રતા આવી નખશિખ પર્યંત ધનદત્તનું અંગ તપ્યું. શરીરમાં લાલાશ આવી ગઇ. સહજ કઠોર ધનદત્તની વાણીમાં વધુ કઠોરતા જન્મી. તેણે સંભળાવી દીધું : 'જા, જા, બદમાશ, લુચ્ચા!! મોઢું ધોઇને આવજે. સમજ્યો કે!!! પૈસા પાછા નહિ જ મળે.' જાણે; ધનદત્તને કષાયાગ્નિ ભભૂકતા અંગારાને વરસાવી રહ્યો હતો.

એના નાકનું ટેરવું ઉચું થયું, હોઠ ફપી ઊઠ્યા અને એણે ભવાં ચઢાવ્યાં.

ધનદત્તે થોડી વાર મૌન પકડયું. ન્હાનોશો નાગદત્ત આભો બનીને આ મધણું નાટક જોઇ રહ્યો. એના બાલ-માનસમાં આ દ્દશ્યના આછા સંસ્કારો જામી ગયા.

"કેમ શું છે? મારા દામ પાછા આપવા છે કે!" ફરી એક વાર ચાંડાલે ધૂરકતા અવાજે ધનદત્તની સામે જોયું.

'ના, ના, નહિ જ: એ નહિ બને.' સત્તાવાહી અવાજે ધનદત્તે જવાબ આપ્યો. બાદ ચાંડાલ ઘણો ખીજાયો અને તેને ગૃહસ્થ ગણાતા ધનદત્તની નફટાઇને માટે ખૂબ લાગી આવ્યું. પરંતુ એ શું કરે? ધનદત્તની શ્રીમંતાઇ, આબરૂ, કુલીનતા વગેરેની સામે ચાંડાલ જેવો હલકી વર્ણનો આદમી કાંઈ બોલી કે કરી શકે ખરો? એનો કંગાળ આત્મા ત્રાસી ઊઠ્યો. ધનદત્તની લુચ્ચાઈ–અપ્રામાણિકતાની સામે એણે બળવો કર્યો. એ જાત પર ગયો.

'ઓ લુચ્ચા મારા પૈસા આપી દે. હવે તારું આવી બન્યું છે. આવી રીતે બધાને તું ઠગે છે. હું તને ઓળખું છું. તારું પાપ ઉભરાઈ ગયું છે સમજ્યો ને!' અનલ ભભકતી આંખોના લાલ ડોળાને જાણે બહાર કાઢતો હોય એ રીતે ફરી તેણે ધનદત્તને દબાવવા પ્રયત્ન કર્યો અને ધનદત્તની તદ્દન નજીકમાં જવાને તે ધસ્યો પણ ધનદત્ત પોતાના નિશ્ચયમાં ખૂબ મક્કમ હતો.

એ વૃદ્ધ થયો હતો. મરણપથારી પર પોઢવાની તૈયારી એને માટે થવા લાગી. જીવનમાં જેણે ધર્મની વાસ્તવિક આરાધના કરી નથી તેમ જ જેણે જીવન જીવી જાણ્યું નથી, તેને કુશળતાપૂર્વક કે બહાદૂરીથી મરણને પામતા પ્રાયઃ આવડતું નથી. ધનદત્તને મરણ મરતાં ન આવડ્યું. કારણ કે 'જીવનને જીવતાં એ શીખ્યો જ ન હતો.' અર્થ અને કામની ભયંકર ભૂતાવળમાં અટવાતા ધનદત્તને મૃત્યુશય્યા આકારી નિવડી.

'આ !! આ !! રહી ગયું ! આ કોણ ભોગવશે ?' આવી અને આના જેવી મનોવેદનાઓ ધનદત્તને પીડી રહી હતી. ભૂતકાળનાં ભયંકર પાપો એના આત્માને તીવ્રપણે ડંખ દઈ રહ્યા હતાં. વારંવાર અનેક પ્રકારની મૂંઝવણો એનાં હૈયાને ભાર આપતી.

અશુભ લેશ્યામાં મૃત્યુ પામીને ધનદત્તનો આત્મા, નાગદત્ત વગેરે સ્વજનપરિવારને મૂકી કર્મને અનુરૂપ ગતિમાં ચાલ્યો ગયો. [illegible] ઉપાધિમય જગતને લઈને શાન્તિ, સુખ કે સ્વાસ્થ્યની શોધમાં ચાલી નીકળ્યો પણ ધનદત્તને ક્યાંથી પરલોકમાં સુખ, શાન્તિ કે સ્વસ્થતાનો સંભવ જ હોય ? ધર્મની આરાધના કરનાર આરાધક આત્માઓ જ [illegible] કે પરલોકના સુખ કે શાન્તિને અનુકૂળતાપૂર્વક [illegible] શકે છે. શ્રી જિનેશ્વરદેવપ્રણીત ધર્મનું વાસ્ત[illegible] જ સુખની પ્રાપ્તિનો સાચો રાજમાર્ગ છે. [illegible] પુણ્યશાળી પર [illegible] વરવાનું સૌભાગ્ય [illegible] પ્રાપ્ત થયું.

ઘરનો થોડો બાકી હતો તે બોજો પણ ધનદત્તના મૃત્યુ બાદ નાગદત્તના માથે આવ્યો. અનુભવની ઘરેડમાં ફેરાવા લેતો નાગદત્ત ક્રમશઃ પક્કો વ્યવહારકુશલ બન્યો. ધર્મવિમુખ પિતાના ધર્મવિહીણા સંસ્કારોએ નાગદત્તની જીવનધરતીમાં જે બીજ રોપ્યુ હતું, તે ધીરે ધીરે પાંગળતુ ગયું. પાપ નિર્ભર પરિગ્રહવૃત્તિ અને મેલી વ્યવહારકુશલતા, આ બન્નેના સહકારથી નાગદત્તનું હૈયું ધનદત્તની જેમ નિષ્ઠુર અને નિર્ઘૃણ બનતું ગયું. એણે પોતાનો વ્યાપારઉદ્યોગ વધાર્યો પિતા કરતાં એણે પૈસો વધાર્યો. 'વસુ વિના નર પશુ'–એ લોકકથન એના હૈયામાં સચોટ વસી ગયું હતું. આથી પણ એને દાન, શીલ, તપ વગેરે ધર્માનુષ્ઠાનોની પવિત્ર છાયા હેઠળ આવવાની મનોવૃત્તિ નો'તી રહેતી.

જેમ જેમ પૈસો વધ્યો, તેમ તેમ નાગદત્તનો આડંબર વધ્યો. ગુંદરીયાનો સ્વભાવ જ્યાં ત્યાં ચીટકાઈ જવાનો અને જેને તેને ચીટકી પડવાનો રહે તેવો સ્વભાવ પૈસાનો રહે છે. પૈસો આવ્યો એટલે એ ચીટકાઈ પડે છે અને નિત નિત નવી જરૂરીયાતોને એ ચીટકી પડે છે. પરિણામે અસંયમ જન્મે છે. તુચ્છતા, અનુદારતા, અસહિષ્ણુ વૃત્તિ, આ અને આવા પ્રકારના અનિષ્ટોનું મૂળ ઉગમસ્થાન અર્થની અતિમાત્રા છે. આ કારણે કામનું પણ આદિકારણ અર્થવણા છે, અર્થનો સહજ સ્વભાવ અતિ માત્રાને આણવાનો છે. અકિંચન સાધુપુરૂષો આથી જ પરિમિત જરૂરીયાતોમાં આનન્દ માણી શકે છે. એટલે તેઓ આધિ, વ્યાધિ

અને ઉપાધિની કારમી નાગચૂડથી સ્હેજે મુક્તપ્રાયઃ બની
શકવાની સ્થિતિમાં છે.

નાગદત્તે પોતાના વસવાટ માટે એક નવું મકાન
બંધાવવા માંડ્યું. દેશ પરદેશના કુશળ કારીગરોને એણે
પોતાને ત્યાં બોલાવ્યા. ઉજ્જયિનીમાં સારામાં સારૂં મકાન
ઉભું કરવાની તેની ધારણા હતી. પોતાના ધન ભંડારને
તેણે તેમાં ઠાલવવા માંડ્યો. મકાનનું બાંધકામ ધમધોકાર
શરૂ થયું. બાર વર્ષનો લાંબો સમય જતાં નાગદત્તની
આલીશાન હવેલી તૈયાર થઈ. એને રંગરોગાનનું કામ હજુ
બાકી હતું. નાગદત્તે દેશ દેશાવરના નિષ્ણાત ચિતારાઓને
તે કાર્ય સોંપ્યું. તેણે કારીગરોને ખાસ શબ્દોમાં જણાવ્યું :
'આ મકાનને એવું સુંદર ભભકતું રંગકામ કરવું, કે જેથી
તે ઉગી જાય કે ઝાંખું ન પડે.' અને કારીગરોએ નાગદત્તના
આ પડતા બોલો તરત ઝીલી લીધાં.

તે વેળાયે અચાનક રાજરસ્તા પરથી ગોચરીને સા
ઈર્યાસમિતિ પૂર્વક ગમન કરતા ચાર જ્ઞાની મુનિવરના કા
આ શબ્દો અથડાયા. તે મહર્ષિનાં પ્રશાંત અને ગંભી
વદન પર સ્મિતની સ્હેજ આછી રેખાઓ આવી ફરી વળી
નાગદત્તની ચકોર દૃષ્ટિ તે મુનિરાજની ભવ્ય આકૃતિને ઘડ
[illegible] નજર ગયા પર્યંત અવલોકતી જ રહી, એને કાં
નવીનતા લાગી. નાગદત્તની કુશળતાએ મુનિરાજના મુ
[illegible] આ આછી રેખાઓને ઉકેલવા પ્રયત્ન કર્યો, પ
[illegible] એ કાંઈ ન સમજી શક્યો.

અખંડ સમતાસાગર તે મહર્ષિની અકળ ગતિને, ધીર પ્રકૃતિને, તેમજ ગંભીર આકૃતિને પારખી લેવાના નાગદત્તના પ્રયત્નો નિષ્ફળ ગયા. નાગદત્ત હનો બેશક કુશળ, ઘડવૈયો અને પરીક્ષક, પરંતુ એની કુશળતાનો કાર્યપ્રદેશ આ ન હતો. કરીયાણું ખાંડી, દળીને વેચનારા ગાંધીની અજબ વ્યવસ્થાશક્તિના પારખાં ઝવેરાતના વ્યવસાયમાં ન હોય. એ કુશળતા રત્નપારખૂ ઝવેરીઓને જ હોય.

અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પોથી નાગદત્તનું હૈયુ વલોવાવા લાગ્યું : 'કેવી પ્રશાન્ત મુખાકૃતિ, ધીરતા પૂર્ણકનો કેવો અડગ પાદસંચાર, સાગર સમ ગંભીર પ્રસન્નતા, છતાંયે અચાનક એ મહાત્માના મુખ પર આમ હાસ્યનાં બે-ચાર તરંગો ઉછળ્યા ?' તર્ક વિતર્કોના વલોણાએ હજુ નાગદત્તના હૃદયને વલોવવાનું ચાલુ રાખ્યું.

જમવાનો સમય થયો. નાગદત્ત જમવાને સારૂ રસોડે આવીને બેઠો. નાગદત્તની સ્ત્રી યશોમતિએ પતિને સારૂ ભાણા પર રસવતી પીરસી. બે વર્ષના ન્હાના પુત્રને ખોળામા બેસાડી નાગદત્ત જમતો રહ્યો તે થોડુંક જમ્યો, એટલામાં ખોળામાં બેઠેલા ન્હાના બાળકે નાગદત્તના ભાણામાં અચાનક પેશાબ કર્યો. આથી એનું ભાણું બગડયું. પણ મોહમૂઢ નાગદત્ત, ભાણા પર અડગ બેઠો રહ્યો અને બાકીનું ભોજન બાજુ પર કરી તેણે જમી લીધું.

એટલામાં સાગર સમા ગંભીર તે નિર્ગ્રન્થ મહર્ષિ નાગદત્તને ત્યાં ગોચરી માટે પધાર્યા. નાગદત્તે મુનિવરને

ફરી નખશિખ પર્યંત અવલોકયા. મુનિવરની જ્ઞાનપૂર્ણ દૃષ્ટિ નાગદત્ત તરફ સ્હેજે ઢળી પડી. પણ એ મહાભાગ મહર્ષિએ શીઘ્રતા પૂર્વક દૃષ્ટિ ખેંચી લીધી મોહાધીન દશાના પ્રતિક સમી એ ચેષ્ટાઓએ મુનિવરના શાન્ત હૃદયસરોવરની મધ્યમાં જાણે એકાદ કાંકરી ફેંકી; અને સરોવરના તરંગો વર્તુલ લેતા જેમ કિનારા પર આવી નિરાંત લે, તેમ એ મહર્ષિના મુખ પર મન્દ સ્મિતની પાતળી રેખાઓએ સમાધિ લીધી

નાગદત્તની ચકોર ચક્ષુઓ શીઘ્રતાપૂર્વક આ દૃશ્ય પામી ગઈ. મુનિવરની પૂર્વ ઓળખ નાગદત્તની સ્મૃતિમાં ફરી તાજી થઈ. એની સાથે સંકળાયેલ પેલો હાસ્ય પ્રસંગ પણ એનાં હૃદયને ફરી વલોવવા લાગ્યો. વળી અત્યારે આ નવા પ્રસંગે નાગદત્તને મૂંઝવણમાં નાંખી દીધો. નિર્દોષ આહાર લઈને મુનિરાજ ત્યાંથી ચાલી નીકળ્યા. મોહવિવશ સંસારી આત્માઓની વિવેકશૂન્ય ચેષ્ટાઓને જ્ઞાનદૃષ્ટિથી સમજીને, તેઓએ નિજ સ્વભાવજન્ય સરળતાથી આ પ્રસંગને ઉપેક્ષાપૂર્વક હૃદયમાં સમાવી દીધો.

મુનિરાજના ગમન બાદ નાગદત્તનાં હૈયામાં અનેક પ્રકારના વિકલ્પો જન્મવા લાગ્યા. 'નિર્દોષ સાધુતામાં મસ્ત તે મહાત્માને અચાનક વળી હાસ્ય કેમ? તેઓની પ્રશાંત મુખમુદ્રા પર અચાનક આ અવસરે વિકૃતિ શાથી? તેનું કારણ જરૂર હોવું જોઈએ. મહાન પુરુષો ગૂઢહૃદયા હોય છે. અન્યથા, નિમિત્ત વિના પ્રકૃતિલીન મહાપુરુષોને વિકૃતિજન્ય મન્દ પણ સ્મિત કેમ હોઈ શકે?'

સંકલ્પોની મથામણ વચ્ચે નાગદત્ત જમી પરવારીને ઊભો થયો. આજના આ પ્રસંગોએ નાગદત્તની પ્રવૃત્તિઓમાં અચાનક પરિવર્તન આવ્યું હતું. વ્યવહારરીતું એનું નિયમિત જીવનચક્ર આજે સ્થંભી ગયું હતું. એના મુખ પરની ચિન્તનઘેરી છાયા વાતાવરણને ગમગીન જેવું બનાવી રહી હતી. એણે નિશ્ચય કર્યો : 'આજે એ મહાત્માની પાસે જઉં અને હાસ્યનું કારણ પૂછું જ્ઞાનમૂર્તિ તે મહર્ષિ મને મૂંઝવતા હાસ્યનું અવશ્ય નિરાકરણ કરશે. મહાપુરૂષો સાચે ઉદારચરિત હોય છે.'

પાનસોપારી આરોગી એ દુકાન પર આવ્યો. સમય પસાર થતો ગયો.

એટલામાં કરૂણ શબ્દોથી કર્ણને ભેદી નાખતી ચીસો એના કાન પર અથડાઈ. નાગદત્તે દુકાનની બહાર આવી ધારીને જોયું તો દૃશ્ય હૃદયભેદક હતું. એક જમ જેવો દેખાતો આદમી નિરાધાર બોકડાને ઘસડી ઘસડીને ખેંચી જતો હતો.

નાગદત્તને કોણ જાણે આ દૃશ્યે ભયંકર અરેરાટી જન્માવી. એણે વિશેષ ઉત્સુકતાથી ધારીને ફરી જોયું : બન્ને જણ પૂર્વપરિચિત જેવા તેને ભાસ્યા. તર્યાં પૂર્વનાં દૃશ્યોને એક પછી એક આ રીતે ફરી તાજા કરવા એણે પ્રયત્ન કર્યો. એને કાંઈક ઝાંખી સ્મૃતિ થઈ આવી, પણ એ વિશેષ કાંઈ ન કળી શક્યો. પણ તે મૂક પશુનું આકર્ષણ તેના પર ચાલુ જ રહ્યું. બોકડાને ખેંચીને ઘસડી જતા

એ ચાંડાલને એણે નખશિખ પર્યંત ફરી ફરી જોઈ લીધો. બોકડાની કરૂણ, દીન અને અનાથ દશા માટે આજે જીવનમાં પહેલી જ વાર એનાં વ્યવહારરીઢાં હૈયામાં આર્દ્રતાનો ઉગમ થયો. એણે ચાંડાલને કહ્યું : 'આ બિચારા મૂક પશુને તું આમ શા સારૂ ખેંચી જાય છે ?'

ચાંડાલ, નાગદત્તનાં આ શબ્દોને બરાબર ન સાંભળી શક્યો ને ધુનમાં ને ધુનમાં એ આગળ વધ્યો. બોકડો બિચારો એની પૂંઠે અનિચ્છાએ ઘસડાતો ગયો, પણ નાગદત્તની દુકાનની નજીકમાં તે થંભી ગયો. ચાંડાલે ખૂબ જોર કરી એને ઘસડ્યો, છતાંયે એ મૂગા અને અનાથ બોકડાને પોતાને માટેનું જાણે આશ્રયસ્થાન મળી ગયું હોય તેમ, આશા ભર્યાં હૈયે અને આતુરતાભરી દીન દૃષ્ટિએ એણે નાગદત્તની સામે જોયા કર્યું. એ પોતાનું દુઃખ ક્ષણવાર ભૂલી ગયો.

નાગદત્તે ફરી ચાંડાલને જણાવ્યું : 'આ બિચારાને છોડી દે. જો ! એ કેવો દુઃખી થાય છે.' ચાંડાલ ધ્યાન પૂર્વક આ સાંભળી રહ્યો. બોકડાની દયામણી દશા એના [illegible] જીવનમાં નિત્યની હતી. મૂંગા પશુઓને વેચાતા લઈ [illegible] એનો ધંધો હતો એ પોતાની ઉદરપૂર્તિને [illegible] નિર્દય ધંધો લઈને બેઠો હતો. એનામાં માનવતા [illegible] એના કુસંસ્કારોએ અને એના જીવનકલહોએ [illegible] મહામૂલી સંપત્તિને આવરી લીધી હતી. [illegible] નિર્દય છે, એમ તો ન જ કહી શકાય.

બેશક, એ સદોષ છે. એ નિર્ઘૃણ બન્યો સંયોગોને આધીન બનીને ! પરંતુ પાપોને આચરનારો આત્મા અવશ્ય પામર છે, દોષિત છે અને પોતાની જાતનો અક્ષમ્ય અપરાધી છે સંયોગોની આધીનતા એ કેવળ બાલીશ બચાવ છે. પાપ તે ગમે તે સંયોગોમાં પાપ જ રહેશે. હા, તરતમભાવ જરૂર રહે ઢિઠાઈપૂર્વકનું પાપસેવન અને અનિવાર્ય પરિસ્થિતિવશ બનીને થતું પાપાચરણ, બન્નેમાં આત્માની સુષુપ્ત અને જાગૃતદશાના કારણે આકાશ જમીન જેટલું કર્મબન્ધનમા અન્તર રહે છે.

નાગદત્તની દુકાન ચાંડાલને પરિચિત હતી. નાગદત્તને અને એના પિતા ધનદત્તને તે સારી રીતે ઓળખતો હતો. વાણિજ્યવ્યવસાયની આંટીઘુંટીમાં કેવળ પૈસાની ખાતર અનેકોને ચૂસી લેનારા આ લોકોની દયાવૃત્તિની અસર એના હૈયામાં સ્થાન ન મેળવી શકી. એણે સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો : ' હું એને છોડી શકું તેમ નથી. મારૂં પેટ ના પાડે છે. ' મૂંગા પશુની કાકલુદીભરી ચીસોએ, એના દયામણા ચહેરાએ નાગદત્તના હૃદયને ફરી એક વાર વધુ કરૂણાર્દ્ર બનાવ્યું. એને પોતાના કોઈ ચિરપરિચિત અણુ-ઓળખ્યાની સ્મૃતિ તાજી થવા લાગી. એણે બીજી વાર ચાંડાલને કહ્યું : ' અરે, ભલા આદમી ! આ અનાથ પશુને તું છોડી દે. ! ! '

બોકડો નાગદત્તને ટીકી ટીકીને જોઇ રહ્યો. એની દૃષ્ટિમાં અજાણપણે પણ નાગદત્ત પરનો પુરાણો વાત્સલ્યભાવ

જાણે જાગૃત થવા લાગ્યો. એ પોતાનું સઘળું બળ એકઠું કરી નાગદત્તની પાસે દુકાન પર જવાને સારૂ ફૂદકા મારવા માંડ્યો. ' ના, એમ બોકડો ન છોડાય, એ તો મારા પેટની કમાણી છે. આજે આને મારીને હું મારૂં અને મારા બાલબચ્ચાઓનું પેટ ભરીશ. ' એમ કહીને ચાંડાલે જોરપૂર્વક બોકડાને ઘસડ્યો. બોકડો પાછું વાળીને નાગદત્તની સામે દયામણા ચહેરે લાચારીથી જોઈ રહ્યો. એની ચક્ષુઓમાંથી આંસુઓની ધારા ચોમેર પડતી રહી.

નાગદત્તે હજુયે બોકડાને છોડાવવાને સારૂ પ્રયાસો ચાલુ રાખ્યા. એણે ફરી એકવાર ચાંડાલને સમજાવવા માંડ્યો : ' બિચારા નિરપરાધી બોકડાની તને શું દયા નથી આવતી કે? અનાથ અને મૂંગા પશુને તું છોડી દે ! ' ચાંડાલને નાગદત્તનાં આ શબ્દોની કાંઈ ખાસ અસર ન થઈ. એણે કેવળ એ જવાબ દીધો : ' શેઠ, મને મારૂં પેટ અને મારાં બાલબચ્ચાં વળગ્યાં છે. દયા આવે છે, પણ ખાવા નથી, જો છોડાવવાં પૈસા આપો તો છોડું. '

પૈસાની વાત સાંભળી નાગદત્તની દયા સુકાઈ ગઈ. એના [illegible] માનસમાં બિચારા મૂંગા પશુની ક્ષણ પહેલાંની કરુણ કાકલૂદીઓ, આજીજીઓ સ્મૃતિશેષ બની. એ કાંઈક [illegible] કરવા બેઠો અને ચાંડાલની પૂંઠે અનિચ્છાએ [illegible] જતા બોકડાને એ જોઈ રહ્યો. ચાંડાલ બોકડાને [illegible] લઈ ગયો. પરિસ્થિતિની જેમ બોકડો ઠેઠ સુધી પાછું

વાળીને નાગદત્ત અને તેની દુકાનને જોતો રહ્યો અને એનાં બન્ને નયનોમાંથી ચોધાર આંસુ વહેતા જ રહ્યા.

અચાનક ત્વરાવિહોણી રાજહંસશી ગતિપૂર્વક રાજરસ્તા પર જતા કરુણાસાગર મુનિવરની દૃષ્ટિએ આ પ્રસંગ પડ્યો. તેઓના પ્રશાન્ત અને ધીર વદન પર ફરી પાછી સ્મિતની આછી ઘેરી રેખાઓ ફરી વળી. નાગદત્ત જેવા ધનલોલુપ સંસારીઓની નિષ્ક્રિય દયાવૃત્તિ માટે એઓની મુખમુદ્રા પર સ્મિત ફરક્યું.

સંસારવિરક્ત મહર્ષિ પુરુષોની જીવનચર્યા સદા પ્રકૃતિજન્ય પ્રેરણાબળને ઝીલી રહેલી હોય છે. અજ્ઞાન આત્માઓ પ્રકૃતિ કે વિકૃતિનાં તત્ત્વોને ન પામી શકે એ સહજ છે. મહાત્મા પુરુષો સદાકાળ પ્રકૃતિમાં, સહજ આત્મસ્વભાવમાં જ રમી રહ્યા હોય છે. એ કદાચ હસે, પણ એમાં આત્મરમણતા રહી હોય છે, કારણ કે એઓનાં શોક કે હર્ષસ્થાનો જગતની સ્થૂલ દૃષ્ટિથી નિરાળાં હોય છે. એનો ભેદ પામવાની શક્તિ કો'કને જ સાંપડે છે.

નાગદત્તનાં નેત્રોએ આ દૃશ્ય ઝીલી લીધું. તે મહર્ષિનાં પ્રશાન્ત વદન પરની સ્મિત લહરીઓને એ કળી શક્યો. એક પછી એક ક્ષણે ક્ષણે પલટાતા આજના પ્રસંગોથી નાગદત્ત આજે ધ્યાનસ્થ યોગીની જેમ વારંવાર એકાગ્ર બની જતો. છતાં આ પ્રસંગોના મર્મને પામવામાં નાગદત્તને

સફળતા ન મળી. આથી એ મૂંઝાયો. એના અન્તરમાં ફરી
પાછી વિકલ્પોની મથામણ ઊભી થઈ 'કેવી મનોરમ, સહજ
સ્વભાવલીન ભવ્ય તપોમૂર્તિ, ગજરાજના જેવો કેવો યતના
પૂર્વકનો પાદસંચાર, આ મહામહર્ષિ આજે બે વખત મું
જોઈને હસ્યા, આમ બનવાનું કારણ શું ? મહાન પુરુષો
હર્ષ કે શોકના પ્રસંગો અકળ હોય છે. એઓ આમ જે
પામર જનોને માર્ગદર્શન આપનારા હોય છે આથી હું
ત્રણેય હાસ્ય પ્રસંગોનાં રહસ્યને મેળવું.'

નાગદત્તે છેવટે વિચારોની મથામણમાંથી છૂટવા
ધીમો ઉપાય શોધ્યો. ઈર્યાસમિતિપૂર્વક મુનિવર રાજરસ્તા
પર થઈને ચાલી ગયા અને નાગદત્ત પણ પોતાની મૂંઝવણનું
નિરાકરણ કરવા એમની પૂંઠે વળ્યો.

[૩]

સૂર્યની ગતિએ વેગ વધાર્યો. રાજરસ્તા પરની ભરચક
ભીડ ધીરે ધીરે ઓછી થતી ગઈ. નાગદત્ત શેઠ મુનિવરના
આશ્રયસ્થાને આવી પહોંચ્યો તેણે મુનિરાજનાં ચરણે પોતાનું
મસ્તક મૂક્યું નાગદત્તના જીવનમાં આ પરિવર્તન અગાઉ
હતું. ત્યાગી મહાપુરુષની પ્રશાંત, ભવ્ય મુખમુદ્રાના આકર્ષણ
નાગદત્તના અન્તરના ઊંડાણમાં વિવેકનો પ્રકાશ પ્રગટ્યો. શોક
[illegible] અનુકંપાવૃત્તિ વગેરે ભાવનાઓના ગાઢ નિમિ
[illegible] આવી ધીરે ધીરે ખીલવા લાગ્યાં.

[illegible] નિર્વિકાર [illegible] અને [illegible]
[illegible] નાગદત્તને આશિર્વાદ [illegible]

થોડીક વાર મૌન વ્યાપ્યું પણ નાગદત્તની ધીરતા ખૂટતી ગઇ. તે અધીર બન્યો. તેણે અતિ ઉત્સુકભાવે પોતાના સંદેહોનું નિરાકરણ કરવા મુનિરાજને પૂછયું : 'ભગવન્! મારા સંદેહોનું નિરાકરણ હું માંગુ છું.'

શાન્ત અને ગંભીર વાણીમાં તે મહર્ષિએ કહ્યું: 'મહાનુભાવ! યોગ્ય આત્માઓના સંદેહોનું નિરાકરણ કરવું એ અમારો કર્તવ્યધર્મ છે, હિતના અભિલાષુકોને માર્ગદર્શન આપવું એ અમારો આચાર છે.'

'કૃપાસાગર! આપના આજના અચાનક હાસ્યપ્રસંગોએ મને સંકલ્પ વિકલ્પોની મથામણમાં મૂકી દીધો. આપ જેવા મેરૂસમ ધીર, સાગરસ્યા ગંભીર મહર્ષિની ભવ્ય મુખમુદ્રા પર આજે ત્રણ ત્રણ વેળા મન્દ સ્મિતની ચિન્તનઘેરી આછી રેખાઓ ફરી વળી. મહાપ્રભો! આ હાસ્ય સકારણ હોવું જોઈએ. કૃપયા! મુજ પામર જનને માર્ગદર્શન આપશો!!' વિનયભરી ભાષામાં તેણે પોતાના હૃદયને ખોલીને કહેવાનું કહી દીધું. એની વાણીમાં આજે અતિશય નમ્રતા હતી, તેનાં મુખ પર આજે ઉલ્લાસ તરવરતો હતો.

'ભાગ્યવાન! આ સંદેહોના નિરાકરણમાં તારા જીવનની સઘળી મૂંઝવણોનો ઉકેલ છે, પરંતુ આ નિરાકરણ સમજવું કે પચાવવું મુશ્કેલ છે' મહર્ષિના આ શબ્દોથી નાગદત્તની ઉત્સુકતાને અને જિજ્ઞાસુતાને વિશેષ ઉત્તેજન મળ્યું. સંશયોના નિરાકરણને માટે એણે આગ્રહ કર્યો.

પરમાર્થવેદી ગુરુદેવે નાગદત્તના ભાવિકલ્યાણને જ્ઞાનચક્ષુ દ્વારા નિહાળી કહ્યું : 'નાગદત્ત! તું જાણે છે! સંસારવર્તિ સર્વ જીવો કર્મને વશ છે, અનંત શક્તિનો માલિક આત્મા કેવળ કર્મોને આધીન બનીને તદ્દન પામર જેવો બની ગયો છે. કર્ત્તવ્ય કે અકર્ત્તવ્ય, હિત કે અહિત હેય કે ઉપાદેય, આ સઘળાનો વિવેક મોહાધીન આત્મા કરી શકતો નથી. મોહની કારમી ભૂતાવળમાં આત્મા ભટકાઈ મરે છે. વિષયો અને કષાયોની ભયંકર ચક્કીમાં આત્મ પોતાપણાને ભીંસી રહ્યો છે. મહાનુભાવ! તને ખબર છે તું આજે તારી જાતને ભૂલીને મિથ્યાત્વની કારમી ભ્રમજાળમાં અટવાઇ રહ્યો છે!'

'હું કોણ? ક્યાંથી આવ્યો? મારે ક્યાં જવાનું અને હું શું કરી રહ્યો છું?' આ સુન્દર પ્રકારની વિચારણા તારા હૈયામાં હજુ સુધી સ્ફૂરી શકી નથી. આનું કારણ માત્ર મોહની અકારી પાશવલીલા છે. મોહમદિરાના ઘેનમાં ભાનભૂલા બનેલા આત્માઓની દશા અતિશય શોચનીય બને છે. મોહનાં પરિણામ કટુ આકર્ષણને વશ થયેલા આત્માઓ ચક્ષુ હોવા છતાં આંધળા છે, કાન હોવા છતાં બહેરા છે અને જીભ હોવા છતાં મૂગા છે. એટલે સઘળાંય જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો હોવા છતાં અચેતનની જેમ એનો વાસ્તવિક ઉપયોગ ન કરવો અને પરમાર્થસ્વરૂપનું જ્ઞાન કરવું, એ મોહવિવશ આત્માઓ માટે લગભગ અશક્ય જેવું બને છે.'

'નાગદત્ત! આ મોહની કારમી ચક્કીમાં ભીંસાતો આજ દિન સુધી તું સઘળુંય ભૂલી ગયો છે. સ્વાત્મ રહેલા

મૃત્યુને તું દેખી શકતો નથી, એનું કારણ આ મોહનો 'હું અને મારૂં' આ મહામંત્ર છે. આ મંત્રના બળથી તું તારા આત્મસ્વરૂપને ભૂલી કેવળ પૌદ્‌ગલિક સાધનોની ઉપાસનામાં રાચ્યોમાચ્યો રહ્યો છે. તને યાદ છે! જગતમાં જન્મ પામનારા સઘળાંય કર્મવશવર્તિ જીવોને મરણની રૌદ્ર યાતનાઓને અનિચ્છાયે વેઠવી પડે છે. જીવનના અંત સુધી ચેતનને મૂકી કેવળ શરીર વગેરે જડ પદાર્થોની સેવા કરનારા મોહમૂઢ આત્માઓને જ્યારે ભયંકર વેદનાઓ પીડે છે, ત્યારે તેઓ અનેક પ્રકારનાં દુર્ધ્યાનો કરી, તીવ્ર પાપકર્મોને બાંધી મરણ બાદ ભવાન્તરમાં નારક, તિર્યંચ આદિ દુર્ગતિમાં પટકાઈ પડે છે.'

'માટે મહાભાગ! સંસારના સર્વ જડ સંયોગો ક્ષણજીવી છે, પરિણામકટુ છે, એની ખાતર આત્માને ભૂલી જવો એ બાલીશતા છે. આજે તું નિશ્ચિંત બનીને તારા મહેલના રંગરોગાનની સૂચના કારીગરોને કરતો હતો, પરંતુ આત્માના શાશ્વત રંગરોગાનની કાંઈ ચિંતા તને છે? નિજના આત્મ સ્વભાવરૂપ અનંત જ્ઞાનાદિ ગુણોનો રંગ તદ્દન ઝુંઆઈ ગયો છે, એનો કાંઇ વિચાર છે કે? આજે જોતાંની સાથે તરત જ ઉડીને આંખે વળગતો મહેલ ક્યાં સુધી તને સાચવશે એની ખબર છે?' મન્દ રીતે ગતિ કરતા સરોવરના વાયુપ્રેર્યા શીત તરંગોની જેમ મૃદુતાભરી વાણીમાં તે મહર્ષિએ નાગદત્તને કહ્યું. અમીના ઘુંટડાની જેમ મહામુનિની વાણીને નાગદત્ત પી રહ્યો. આ વેળાયે નાગદત્તની શાંતિ અપૂર્વ હતી. જગતના બાહ્ય વ્યવહારોથી અલિપ્તશે

બનીને નાગદત્ત અત્યારે તે મહર્ષિની ભવ્ય મુખમુદ્રાને એકી-
ટશે જોઇ રહ્યો.

ફરી તે મહામુનિવરે કહ્યું : 'મહાનુભાવ ! આ મહેલને મૂકીને તારે એક દિવસ જવાનું છે, એ વાતની તને ખબર છે ? એ દિવસ નજદિકમાં છે, એની તૈયારી તારે કરી લેવાની છે. તારી સ્થિતિ તદ્દન જુદા પ્રકારની છે. જાણે સદાકાલ આ મહેલમાં જ તારે પડી રહેવાનું હોય તેમ આજે તું તારા જીવનને જીવી રહ્યો છે. જગતના પૌદ્ગલિક સુખો કે રંગરાગો શાશ્વત નથી તેમ જ સ્વાધીન કે એકધારા નથી.' આથી પરમાર્થવેદી તત્ત્વદ્રષ્ટા મહાજ્ઞાની પુરૂષો સ્પષ્ટ ફરમાવે છે કે :—

'સમગ્ર સંસારમાં સર્વ પદાર્થો અનિત્ય છે, ક્ષણજીવી તેમ જ આશુવિનાશી છે. લક્ષ્મી, શરીર કે સ્વજનસંયોગ વગેરેની સ્થિતિ ક્ષણભંગુર છે. જે સંસારમાં હોય છે તે સ્થાયિ દેખાતું નથી. વળી સર્વ પુરુષાર્થના આધારરૂપ શરીર પ્રચંડ પવનથી કંપતા વાદળ જેવું વિનશ્વર છે, લક્ષ્મી [illegible] મહાસાગરના તરંગની જેમ ચંચળ છે, સ્વજન-સંગમ સ્વપ્ન જેવા અવાસ્તવિક છે, યૌવન [illegible] જેવું છે. આ પરિસ્થિતિ જગતના સર્વ પદાર્થોની [illegible] આ જ પ્રકારની અનિત્યતા રહેલી છે. [illegible] કે આ પુત્ર, પત્ની વગેરે મારાં છે, [illegible] ભ્રમજાળમાં [illegible] ! [illegible]

ઘણી જ ટૂંક મુદતનો છે. જે રીતે ચેતવું હોય તે રીતે ચેતી લે !'

નાગદત્ત નમ્ર બનીને હજુ આ બધું સાંભળી રહ્યો. એના હૈયામાં નવી મૂંઝવણ ઉભી થઇ. આથી તે આ બધું સ્પષ્ટ ન સમજી શક્યો. તેણે પૂછ્યું : 'કૃપાસાગર ! મૃત્યુ છે એ વાત સાચી. સંસારમાં જન્મેલાને એક દિવસ અવશ્ય જવાનું છે. મૃત્યુ એ સંસારવર્તિ સર્વ જીવોને સારૂ આ કારણે અનિવાર્ય છે. પરંતુ મને એ મૂંઝવણ છે મારૂં મૃત્યુ નજીકમાં છે શું ? ભગવન્! કૃપયા ફરમાવો.'

નાગદત્તની ઉત્સુકતા વિશેષ હતી. પોતાના ભાવિકાળનું માર્ગદર્શન શીઘ્ર મેળવી લેવાને તે આતુર બન્યો એ આતુરતાએ તેની માનવસહજ જિજ્ઞાસુવૃત્તિ વધારી મૂકી

'હા નાગદત્ત ! આજથી સાતમે દિવસે તારૂં મૃત્યુ છે. પરન્તુ તારે મૂઝવણનું કાંઇ કારણ નથી. સાચા માર્ગદર્શકના શરણે નિજનાં શેષ જીવનને સોંપી દેનારા સમર્પિત આત્માઓ પોતાના અન્તિમકાળની ઘડીપળોને ધન્ય બનાવી શકે છે. એવા ધર્મભાવિત આત્માઓના મરણો મહોત્સવોની જેમ માનવલોકમાં અને દેવલોકમાં ઉજવાય છે માટે મહાનુભાવ ! ભલે જીવનને તું જીવી ન જાણ્યો, શ્રી વીતરાગ પરમાત્માના સન્માર્ગને અત્યાર સુધી ન મેળવી શક્યો, એ બેશક તારી કારમી મોહાધીનતા ગણાય; છતાં હવે તારૂં શેષ જીવન ત્રિલોકનાથ, જગતબંધુ, પરમ કારૂણિક શ્રી જિનેશ્વરદેવના ધર્મની આરાધનામાં અર્પિત કરી દે !'

નાગદત્તને તે ત્યાગી મહાપુરૂષની શાન્ત અને ગંભીર વાણી માંથી ધીરે ધીરે માર્ગદર્શન મળતું રહ્યું.

તેઓએ નાગદત્તને કહ્યું 'દેવાનુપ્રિય ! તારા મૃત્યુની ઘડીઓ આ રીતે ગણાતી હતી, જ્ઞાનચક્ષુઓથી અમે આ વસ્તુને કળી શકયા, તારામાં શેષ જીવનને ઉજાળવાની શક્તિ સંઘરાઇને પ્રચ્છન્ન રીતે વસી છે એ અમને માલુમ હતું. આ કારણે આજે સ્હવારે મહેલના રંગરોગાનની સૂચના કરતા તને જોઈ કેવળ તને માર્ગદર્શન આપવા માટે, કેવળ તારા કલ્યાણની શુભ ભાવનાથી મંદ સ્મિતદ્વારા મારા મુખ પર મેં હાસ્ય પ્રગટ કર્યું હતું. વિશેષ લાભના નિમિત્ત સિવાય સકારણ પણ હાસ્ય અમ નિર્ગ્રન્થ મુનિજનોને ન છાજે, કેમકે સકારણ કે નિષ્કારણ હાસ્ય, મોહનીય કર્મના બન્ધનું નિમિત્ત છે.'

હાસ્યનાં નિરાકરણને મેળવવા મથતા નાગદત્તની મૂંઝવણોનો આ રીતે ઉકેલ આવવા લાગ્યો. હજુ મૂંઝવણો અગમગમ ગૂઢી ગૂઢી જેવી સ્થિતિમાં હતી. કેવળ ભાવિકાળની માર્ગદર્શન પ્રાપ્ત કરવાની આતુરતા તેના હૈયામાં પ્રગટી ચૂકી હતી. આમ હોવા છતાં પણ હજુ પેલી બે આશંકાઓ તો તેની મૂંઝવણોને નવેસરથી જાગતી કરી.

તેણે ફરી એક વાર પ્રશ્ન પૂછ્યો: 'ભગવન્! આપ [illegible] યુવકને [illegible] જોઈને શું જોઈ રહ્યા હતા, [illegible] શાન્ત વદન પર પ્રસન્નતાની ગંભીર

રેખાઓ શાથી પ્રગટી ? જાણે ગંભીર અને અપાર સાગરના જલતરંગો કિનારાને વટાવતા હોય !'

નાગદત્તની મૂંઝવણને ટાળવા તેઓએ કહ્યું : 'નાગદત્ત ! સંસારનું નિજસ્વરૂપ ચારેય બાજુથી એક સરખું છે. જેમ એળીયો દરેક બાજુથી કડવો છે સુન્દર, મનોહર અને અભિલષિત પણ સંસારવર્તિ પુદ્ગલજન્ય સંયોગો; બાહ્ય રીતે દેખાવ માત્રથી કેવળ સુખકર લાગે છે, ગમી જાય છે, પરન્તુ આ માત્ર મહામોહની આધીનતાના યોગે જન્મેલું ગાંડપણ છે આ ગાંડપણથી ભ્રમિત આત્માઓ વસ્તુના પરમાર્થસ્વરૂપને જાણી કે દેખી શકતા નથી. જેમ ગાંડો માણસ વિષ્ટા ચુંથવા છતાંય પોતાની જાતને ધન્ય માને છે, તેમ મોહમૂઢ આત્માઓ સંસારના તુચ્છ સંબંધોમાં પોતાના સ્વરૂપને ભૂલી આનન્દ માણે છે. એ આનન્દની પાછળ ભારોભાર ગાંડપણ રહેલું છે. તારી ગોદમાં ખેલનારો અને તારા ભોજનથાળને અશુચિ રૂપ બનાવનારો તે તારો વ્હાલો પુત્ર વાસ્તવિક રીતે તારો નથી, તું તેને ઓળખી શકયો નથી.'

'પણ મહાનુભાવ ! એમાં તારો દોષ નથી. મોહની કારમી પરાધીનતા સર્વ કોઈ કર્મવિવશ આત્માઓને ક્ષણવારમાં મૂંઝવી નાખે છે. તારી પ્રિયા યશોમતીને તું જાણે છે ને ? તારા પ્રેમનો અનાદર કરીને અન્ય પુરુષમાં તે આસક્ત બની તને કેટલાય કાળ સુધી ઠગી રહી હતી. નાગદત્ત ! સંસારવર્તિ આત્માઓની આવી શોચનીય દશા

માટે કૃપાસાગર પરમજ્ઞાની મહાપુરૂષોને સદાકાળ મધ્યસ્થ ભાવ હોય છે. તેઓને ન હાસ્ય કે ગ્લાનિ, ન દુઃખ કે સંતાપ, કેવળ આત્મરમણતા અને નિષ્પ્રકંપ કરૂણાદૃષ્ટિ.'

[૪]

મહામહર્ષિનાં ઉપદેશ વચનો નાગદત્તનાં હૈયામાં આરપાર ઉતરવા લાગ્યાં. પોતાના સોહામણા લાગતા સંસારના વાસ્તવિક સ્વરૂપનો તેને સ્પષ્ટ ખ્યાલ આવવા લાગ્યો. ભૂતકાળના વર્ષોજૂના ઘરસંસારના બનાવો નાગદત્તને અત્યારે યાદ આવવા લાગ્યાં. સંસારના સંબંધોની અને વિષયભોગની વિષમતા, પરિણામ કટુકતા; તેની નજર સમક્ષ દેખા દેવા લાગી. તેની વિચારસંકલનાના અંકોડાઓ યશોમતીના જીવનની ભૂતકાળની ઘટનાને તાજી કરવામાં જોડાઈ ગયા.

નાગદત્તના સ્મૃતિપટ પર એ દુઃખકર પ્રસંગ ફરી ઉતરી આવ્યો :

'જેના હૃદયમાં પોતાનું સ્થાન પ્રેમપૂર્વક સ્થાપિત કર્યું છે, એવું જે અત્યારે એ માનતો, એના સિવાય જગતમાં [illegible] પ્રીતિસ્થાન અન્ય કોઈ નથી, એવું જેને માટે એ સ્વીકારતો, તે પોતાની પ્રાણપ્રિયા યશોમતી, ઘરના એકાન્ત [illegible] નિર્લજ્જપણે [illegible] રીતે કોઈ અજાણ્યા પુરૂષની સાથે [illegible] કરી રહી હતી. હૃદય જાણે વજ્રથી શતખંડ થયું [illegible] બની ગયો હતો

હતો. કષાયની અગ્નિજ્વાળા એના પગથી માથા સુધી ઠેઠ સળગી ઉઠી હતી. સર્વાંગે જાણે અગ્નિથી તપાવેલા લોખંડી ખીલાઓ ભોંકાતા હોય તેવી ઘોર વેદનાને તે અનુભવવા લાગ્યો. તેનાથી વધુ વખત રહી શકાયું નહિ એટલે અન્તરનો આતશ તેને કાંઈક કરી નાખવાની પ્રેરણા કરી રહ્યો હતો. એટલામાં વધુ વિચાર કર્યા વિના તરત જ તેણે બારણાની ભુંગળ હાથમાં લીધી અને પેલા યશોમતીની સાથે ક્રિડા કરતા જારપુરૂષની તરફ ફેંકી. અવાજ થતાંની સાથે ભયથી કંપતી યશોમતી અર્ધનગ્ન અવસ્થામાં દૂર ખસી ગઈ. ભુંગળનો ઘા અણચિન્તયો પેલા પુરૂષના માથા પર મર્મસ્થાને વાગ્યો, તે તમ્મર ખાઇ નીચે પડ્યો અને થોડી જ વારમાં તેનો આત્મા તે શરીરને મૂકી પરલોકમાં ચાલ્યો ગયો.'

યશોમતીના દુરાચારની સ્મૃતિના અવશેષો આ રીતે તાજા થતાં નાગદત્ત અચાનક કંપી ઉઠ્યો. એનું હૃદય ધડકવા લાગ્યું. આજે અચાનક મુનિવરના હાસ્યપ્રસંગ પરથી પોતાની પત્ની યશોમતીનો પરપુરૂષની સાથેનો સંબંધ યાદ આવ્યો.

નાગદત્તને હજુ પૂછવાનું બાકી હતુ, એટલે ફરી એણે પૂછ્યું : 'ભગવન્ ! પણ એ મારી પત્ની યશોમતીના દુરાચરણના પ્રસંગને અને આપના બીજી વારના હાસ્યપ્રસંગને શો સંબંધ છે, આપશ્રી કૃપયા જણાવશો !'

. મહર્ષિ મુનિવરે કહ્યું : 'દેવાનુપ્રિય ! ગુલાબના પુષ્પોની

નીચે છૂપાયેલ કીડા ખદબદતી વિષ્ટાના જેવો આ સંસાર સોહામણો છે તત્ત્વચિંતા દ્વારા જેમ જેમ એના ઊંડાણમાં દર્શન થશે, તેમ તેમ અવશ્ય સંસારના પદાર્થો પરથી આસક્તિભાવ ઘટી જશે અને સંવેગવૃત્તિ જાગૃત બનશે. માટે જ સાચા પરમાર્થદૃષ્ટા બનવાની જરૂર રહે છે. યશોમતીની સાથે ક્રિડા કરનાર જે જારપુરૂષને તેં મર્મભેદી ઘા કર્યો હતો તે જાર પુરૂષ તરત જ મરણ પામી યશોમતીની કુક્ષીએ ચ્યવ્યો, તે જ તારો પુત્ર, કે જેને ગોદમાં લઈ આજે બપોરે તું જમી રહ્યો હતો. એનો અશુચિ પેશાબ તારા ભોજનથાળમાં પડ્યો છતાં તેં તેની પેશાબધારાને અસ્ખલિત વહેવા દીધી અને થાળીનાં તે ભોજનને પણ કોઈ પણ પ્રકારની વિકૃતિ વિના તેં આરોગી લીધું. મહાનુભાવ! તે જ તારો આ પુત્ર જતે દિવસે યશોમતિને ઝેર આપીને મારી નાખશે, અને વિષય તથા કષાયની મદિરામાં ભાનભૂલો બની યુવાન વયમાં અનેક પ્રકારના અકાર્યો કરશે. જે મહેલને જોઈને આજે તું અંજાઈ ગયો છે, જેને ચાર આંખે ઉલ્લાસપૂર્વક વારંવાર તું જોયા કરે છે, તારૂં મોહમૂઢ હૃદય જેને નીરખીને હર્ષઘેલું બની જાય છે તે મહેલને [illegible] મૂકી મોજશોખ આ કરશે. પણ દેવાનુપ્રિય! અવશ્ય ભાવી આ વસ્તુનો કશો પણ ખેદ કરવાનો તારે રહેતો નથી.'

—આનંદ [illegible] ઘરની [illegible] ને રીતે નાગદત્ત [illegible] ઉઠ્યો! [illegible] નિર્મળ [illegible] સંસારની વિચારણા કરી [illegible] મનના માનસ સરોવરમાં એનો આત્મા [illegible] બન્યો. એના [illegible]

પર વિષય અને કષાયની ભયંકરતાએ સચોટ અસર નિપજાવી. એ જેમ જેમ આ બધું સાંભળતો રહ્યો તેમ તેમ વૈરાગ્યનો રંગ ધીરે ધીરે તેના હૈયામાં ચોળમજીઠની જેમ ઘેરો બનતો ગયો.

છેલ્લી એક શંકા મુનિવરની આગળ પ્રગટ કરતાં તેણે કહ્યું : 'કૃપાનાથ, છેલ્લે એક હાસ્યપ્રસંગની અણઉકેલ મૂંઝવણનું નિરાકરણ કરો ! જ્યારે બપોરે જમી પરવારી હું દુકાને બેઠો તે અવસરે એક ચાંડાલ બોકડાને લઈને મારી દુકાન નજીકના રાજરસ્તેથી જતો મારી દુકાન આગળ થંભ્યો, પ્રેરણા કરવા છતાંય તે બોકડો મારી દુકાનેથી ખસતો ન હતો, મને તે મૂક પશુ પ્રત્યે હૈયામાં અચાનક આર્દ્રભાવ પ્રગટ્યો. તે મુંગા પશુને છોડાવવાની કોમળ લાગણી મને થઈ આવી, પણ દ્રવ્યલોભથી હું તેમ ન કરી શક્યો. મારા દેખતાં તે ચાડાલ તે ગરીબ પશુને ઢસડીને લઈ ગયો. અરે, હું તેને છોડાવી ન જ શક્યો. હજુય એ બિચારા પશુ પ્રત્યે કોણ જાણે શાથી મારા હૃદયમાં અકથ્ય સહાનુભૂતિ પ્રગટે છે ! એ ગમે તે હો, પણ અમ પામર જનના એકાદ આવા સામાન્ય જીવનપ્રસંગમાં અવશ્ય એવું કાંઈ મહત્ત્વ છૂપું રહ્યું હોવું જોઈએ, કે જેથી આપ મુનિવરનું ગંભીર હૃદય તે વેળાએ ખળભળી ઉઠ્યું. મેં આપશ્રીના મુખ પર મન્દ સ્મિતની આછી 'રેખાઓ ફરી વળતી જોઈ લીધી. આથી આપશ્રીની સેવામાં હું આનું નિરાકરણ માગું છું.'

'પુણ્યવાન! સંસાર વિષમ છે, જેથી સંસારવર્તિ સર્વ જીવોનાં જીવન વાસ્તવિક રીતે વિષમ છે. અજ્ઞાનતાના ઘનઘોર અંધકારમાં અટવાતા આત્માઓના જીવનના પ્રત્યેક પ્રસંગો સામાન્ય જીવોને સારૂ સદા મૂંઝવણભર્યા અને અણઉકેલ જ રહેવાના. કારણ કે: અનાદિકાલીન સંસારમાં સર્વ જીવો પોતાના આત્મીય જનો અનન્ત વેળાએ બન્યા છે, તેમજ પરજન પણ અનન્ત વેળાએ બન્યા છે, આથી વિવેકશીલ ધર્માત્માઓને કોઈ પણ વેળાએ મૂંઝવણના પ્રસંગો ઉભા થતા જ નથી, જ્યારે તારા જેવાને મૂંઝવણ ઉભી થાય એ સંભાવ્ય છે આવા પ્રસંગોમાં અમારે સ્હેજ પણ મન્દ સ્મિત કરવાની જરૂર હોતી નથી, પરંતુ તારા જેવા યોગ્ય આત્માના કેવળ ભાવિલાભની મનોવૃત્તિથી જ ને વેળાએ મને હાસ્ય પ્રગટ્યું.'

'મહાનુભાવ! તારી દુકાન પર તારી સામે ટીકી ટીકીને જોતા તારી સહાનુભૂતિની ભીખ માગનાર તે ગરીબ બિચારા મૂક પશુને તું ન ઓળખી શક્યો? તારી એ અજ્ઞાનતાનું તને ભાન કરાવવાની અને તારા પર આધાર રાખી તારી દયા ને ઝંખી રહેલા પશુની તને ઓળખ આપવાની કરુણાવૃત્તિ મને તે અવસરે થઈ આવી હતી. નિર્દયતાપૂર્વક જે [illegible] પૈસા કમાઈ હસીને લઈ જતો હતો, તે પશુ [illegible] મનહર હતો.. [illegible]! તે વેળાએ તે બિચારા [illegible] આ સંબંધની તને ખબર ક્યાંથી હોય?' [illegible] મહાત્માજી [illegible] આ કહ્યું.

નાગદત્ત આ સાંભળતાં જ મૂઢ બન્યો એનું હૃદય શોકના મહાભારથી ભારે બન્યું. વજ્રના ઘા પડે તેમ હૈયામાં ઊંડા ઘા પડ્યા. તે થોડી વાર નિશ્ચેષ્ટ રહ્યો

જ્ઞાનસાગર ગુરુદેવ ફરીને કૃપાવર્ષાની વાદળીઓ વરસાવીરહ્યા : 'દેવાનુપ્રિય ! જેઓ સદાકાળ આરંભપરિગ્રહમાં જ રચ્યાપચ્યા રહે છે અને એના યોગે જેઓની મનોવૃતિ વંચનાશીલ હોય છે, તે શ્રી વીતરાગદેવપ્રણીત ધર્મથી વિમુખ રહેલા આત્માઓ પ્રાય· તિર્યંચ કે નરક રૂપ દુર્ગતિના આયુષ્યને બાંધે છે. તારા પિતા ધનદત્તની આવા જ પ્રકારની સ્થિતિ હતી, જેના યોગે આજે તેને મૂક પશુ બનીને ચાંડાલના હાથે નિરાધારની જેમ અનિચ્છાએ ઘસડાવું પડે છે. નાગદત્ત! જે ધનદત્તે પોતાના આત્મકલ્યાણને ભૂલી તને પાળીપોષીને મ્હોટો કર્યો, લાખોની પૂંજી એકઠી કરી તને તે સોંપી ગયો. તું તારા તે સ્નેહઘેલા પિતાની પૂંજીમાંથી પણ તે મૂક પશુને આશ્રય ન આપી શક્યો, મહાનુભાવ! જ્ઞાનીએ ભાખેલું એ વચન છે 'कर्मणा गहना गति.।' કર્મોની ગતિ ગહન છે!'

મહર્ષિના ઉપદેશની સુધાવૃષ્ટિ વરસતી રહી અને નાગદત્તનો આન્તરમલ ધોવાતો ગયો. નાગદત્તના નિજના સદેહોનું નિરાકરણ થતું રહ્યું. તેને આ બધું નવું જાણવા મળ્યું. પેલો વેદનાનો ભાર તેને હળવો થવા લાગ્યો. તેનો સુષુપ્ત આત્મા જાગૃત બન્યો અને નિજનાં શેષ જીવનને ઉજાળવાનો તેણે અડગ નિશ્ચય કર્યો.

મુનિવરે નાગદત્તને ફરી કહ્યું : 'મહાનુભાવ ! એનો શોક ન હોય આજે ખરે બપોરે તારો પિતા તારી પાસે નિજના જીવનની ભિક્ષા માગવા તારી દુકાને કકળતી આંતરડીએ ટળવળી રહ્યો હતો, પોતાના પૂર્વજીવનની આછી પાતળી સ્મૃતિથી પ્રેરાઈને એ તને હેતભર્યા હૈયે જોઈ રહ્યો હતો અને પોતાની લક્ષ્મીમાંથી થોડુંક પોતા માટે એ યાચી રહ્યો હતો, પણ એ ધનભૂખ્યા પિતાના પુત્ર તેં તારા પિતાની માગણીને, આજીજીને તુચ્છકારી, તારા હૈયાની કોમળ વૃત્તિને તેં જાણી જોઈને કચરી નાખી, કેવળ લાલસાના પાપમાં ભાન ભૂલીને નિજપણું ગુમાવી તેં તારા પિતાને, તને–તારી જાતને અક્ષમ્ય છેહ દીધો. આથી મને કેવળ તારા પરની વાત્સલ્યતાના યોગે તે અવસરે કાંઈક હસવું આવ્યું. કારણ તું જિજ્ઞાસુભાવે મારી પાસે આવી તારા જીવનની વિષમતાનો ઉકેલ આણવાને સમર્થ બની શકે તેમ છો એમ મેં મારા જ્ઞાનથી જ્યારે જાણ્યું ત્યારે તને પ્રતિબોધવાનો આ માર્ગ મેં લીધો. જ્ઞાનીઓ ભાખ્યું એ સત્ય છે : 'જે આત્મા જે રીતે પ્રતિબોધ પામે, તેને તે રીતે આત્મજ્ઞાનની લ્હાણ પ્રતિબોધ આપીને કરવી.'

રોષ વગેરેથી ઘેરાઈ તથા નિજપણું ગુમાવી પોતાની કાર્ય-વાહીને અનુરૂપ પહેલી નરકમાં અહીંથી મરીને ગયો છે પરમ જ્ઞાની પુરૂષો સ્પષ્ટ ફરમાવે છે કે 'પૂર્વકૃતકર્મણામ મોક્ષો નાસ્તિ।' નિજનાં શુભાશુભ કર્મોને પ્રાયઃ ભોગવ્યા વિના છુટકો નથી ' મહાનુભાવ ! આથી તારે વધુ જાગૃત થવાની જરૂર છે તું પરની ચિન્તા કરવી મૂકી દે તેં તારા ભૂત કાળમા માત, તાત, બાળબચ્ચાં, મિત્ર, બંધુ વગેરેની ખાતર ખૂબ ખૂબ ગુમાવ્યુ છે, છતા તુ એઓનુ પણ વાસ્ત વિક હિત સાધી શક્યા નથી આનું કારણ કેવળ મોહમૂઢતા અજ્ઞાનતા અને પરવશતા છે તે તારા જીવનમા એ સબંધી-ઓને એક વેળાએ દુશ્મન બનાવ્યા છે, તેઓએ દુશ્મન બનીને તારૂ બગાડયુ છે અને તે એ લોકોનુ બગાડયુ છે.

અનાદિ ભૂતકાળથી તારી આ વિષમ દયાજનક દશા રેંટના ચક્રની જેમ આવર્તો લીધા જ કરે છે, જેને તું નથી જાણી શકતો. અમે પણ જ્યા સુધી અજ્ઞાન હતા, ત્યા સુધી આવા પ્રકારની તારા જેવી અમારી દશાને નો'તા જાણી શક્યા. પરમ તારક જ્ઞાની પુરૂષોના વચનથી જ અમે આ જાણ્યું છે આજે કેવળ તારા હિતની વૃત્તિથી તને આ પરમ સત્ય જણાવવાની અમને જરૂરિયાત જ્ઞાનથી સમજાઈ એટલે આજે તારામાં જિજ્ઞાસુતા જગવવાને સારૂ આ પ્રયત્નો કર્યા મહાભાગ ! ઊઠ, સફાળો થા ! અને નિજના જીવનપંથને ઉજાળવા શ્રી વીતરાગકથિત કલ્યાણ-માર્ગની કેડી પર ડગ ભરવા મંડી જા, તેમ અડગ

શ્રદ્ધાબળને કેળવ તથા કર્ત્તવ્યપથમાં આવીને ઊભો રહે. તારી યોગ્યતા જોઈને આ રીતે હિતોપદેશ મેં તને આપ્યો છે '

નાગદત્ત આ સઘળું શાન્ત ચિત્તે સાંભળી રહ્યો. એના જીવનમાં આ પ્રકારનું સાંભળવાનું નવું હતું. એને હવે સંકલ્પ વિકલ્પોની મથામણ રહેવા પામી ન હતી. એના સંદેહો જેમ ટળ્યા તેમ અજ્ઞાન, અવિવેક વગેરે સઘળાય પાપો ક્ષણવારમાં પ્રજળી ઉઠ્યાં. જાણે નવા અવતારને પામ્યાની જેમ નિજના ભૂતકાળને નાગદત્ત ભૂલી ગયો. પોતાના ભાવિ કલ્યાણને ટુંક સમયમાં સાધવાની ઉત્સુકતા એનામાં જન્મી. ઉત્સુકતાપ્રેર્યા એણે મહર્ષિને પૂછ્યું :

'તારક ગુરૂદેવ! મને માર્ગ બતાવો, મુજ પામર પતિતનો ઉદ્ધાર કરો, હું મૃત્યુના કાંઠે આવીને ઉભો છું, જીવનની છેલ્લી ઘડી પળો ગણાઇ રહી છે, હું મૂંઝાઉં છું, મુજ પાપીનો ઉદ્ધાર કઇ રીતે શક્ય બને, કૃપાળુ નાથ! મને માર્ગદર્શન આપો !' આ રીતે વિનીત ભાષામાં દીનતા-પૂર્વક નાગદત્ત શ્રેષ્ઠીએ પોતાની મૂંઝવણ મુનિવરની સમક્ષ વ્યક્ત કરી.

થયો પ્રારંભ કર્યો છે.' આ સાંભળી વિનય, દયાળ અને પ્રેમાળ વગેરેની વાસ્તવને તું ભાળ રે! એના આદિકાળ હિંસા, જૂઠ, ચોરી આદિ પાપ મહાપાપોને નારે વિચારી રહેવ, આત્મ કર્મ નાશે આત્મધર્મને અમૃત કરીને કરવાનું કહે છે.'

'મહારાજ! એ જે, એક સમય પણ ગમે ગુમાવવો નહિ! નાહિ એક એક વધી પણ મહામૂલી છે જિનના દર્શનથી વેગપૂર્વક, ઉત્સાહ, ઉલ્લાસ અને પ્રીતિભર્યા દેવ નાટે હવે પગલાં ભરવાના છે. આજ્ઞાધીનતા, સદાચાર પાંચે ઇન્દ્રિયના, શમ, સંવેગ વગેરે અનુપમ સાથીદારોની મદદથી પરમ કારુણિક ત્રિલોકગુરુ શ્રી જિનેશ્વરદેવના ત્રિલોકમાં આત્મિકધર્મની આરાધનાના માર્ગે તું પ્રગતિ પ્રકારે મતિ કરી શકીશ. તારા માટે-જગતના સર્વ કોઈ સ્વભાવના અધિકારી આત્માઓ માટે વાસ્તવિક હિતકર આ જ માર્ગ છે. આ સિવાય ઉદ્ધારનો અન્ય માર્ગ નથી.'

વામદત્ત આ સાંભળ્યું જેમ જેમ સાંભળતો ગયો, તેમ તેમ તેના હૃદયપટ પર નવીનતમનો પ્રભાવ ગાઢ બનતો ગયો. તે ઊભો થયો અને બે હાથ જોડી, હૃદય તથા મસ્તકને ભાવ પૂર્વક નમાવી, વિનીત ભાવમાં મૃદુ શબ્દોથી બોલ્યો :

'કૃપાસાગર! મારા પર અનુગ્રહ કરો!! મુજ પામરના જીવનદાતા બનો!!! મમ જેવાના જીવનપથને ઉજાળનારા હે ત્રિભુવનદીપક! પ્રકાશની એક ચીનગારી આપો. શ્રી વીતરાગદેવના સ્વરૂપી રૂપ ધર્મનું અમૂલ્ય દાન મને કરો.

નાથ! હું એ માગું છું, જેથી મારૂં શેષજીવન ઉન્નત બને, મારો અધમ આત્મા ધન્ય બને અને હું કૃતકૃત્ય થાઉં.'

આ મુજબની નાગદત્તની પ્રાર્થનાથી તે હિતવત્સલ ગુરૂદેવે મુમુક્ષુ નાગદત્તને યોગ્ય વિધિપૂર્વક શ્રી પારમેશ્વરી પ્રવ્રજ્યા આપી પતિતપાવની શ્રી ભાગવતી દીક્ષાના સ્વીકાર પછી નાગદત્તમહર્ષિ ખૂબ ઉપયોગપૂર્વક પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વગેરે સંયમધર્મના પાલનથી નિજના કર્મમળને ત્રિકરણ યોગે પખાલવા લાગ્યા. નાગદત્તનું જીવન આજથી ધન્ય બન્યું. હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, એ પાંચ પાપોનો ત્રિવિધ યોગે મન, વચન અને કાયાથી તેણે ત્યાગ કર્યો ક્ષમા, મૃદુતા, ઋજુતા, નિઃસ્પૃહવૃત્તિ, આ અને આના જેવા અન્ય અલૌકિક ગુણોથી શ્રી નાગદત્ત મુનિવર અતિશય સમૃદ્ધ બન્યા અને પરમ કારુણિક પરમ ગુરૂદેવની આજ્ઞામાં રહીને સુંદર પ્રકારે સંયમધર્મનું આરાધન કરવા લાગ્યા.

વધતી ચાલી. નિજના મૃત્યુકાલને નજીક જાણી ગુરુદેવની પાસે શ્રી નાગદત્ત ઋષિએ અનશનની અનુજ્ઞા માગી. જ્ઞાન-દિવાકર ગુરુમહારાજે તેઓને તેની અનુજ્ઞા આપી, એટલે તેઓએ અનશનને સ્વીકારી સંથારો કર્યો. વ્યાધિની વેદના જેમ જેમ વિષમ બનતી ચાલી, તેમ તેમ ક્ષમાશ્રમણ શ્રી નાગદત્તનો અન્તરાત્મા વધુ જાગૃત બનતો ગયો. શુભ ધ્યાનની ધારા અસ્ખલિત રીતે તેઓના અન્તરાત્મામાં ગતિ કરવા લાગી.

એ મુનિપુંગવે આત્માને ફરી ફરી ઢંઢોળીને કહ્યું: 'જાગૃત થા, ક્ષણ પણ પ્રમાદ આ અવસરે તારે માટે અતિશય ભયંકર છે. ત્રિલોકનાથ પરમકારુણિક શ્રી જિનેશ્વર જેવા દેવ તને મળ્યા, જગદ્વિખ્યાત નિર્ગ્રન્થ સદ્ગુરુદેવ જેવા તારક ગુરુમહારાજ તારા કલ્યાણમાર્ગના ધર્મસારથિ બન્યા, કોઈક ભવાન્તરસંચિત મહાપુણ્યના યોગે તને હાથ લાગ્યા અને શ્રી વીતરાગદેવનો અનુપમ ધર્મ તને આ જીવનની છેલ્લી ઘડીએ પણ મળી ગયો માટે હવે તારે ધીર, ગંભીર બનીને આવતી દરેક આપત્તિઓને સહવી જોઈએ. આ વિષમ વ્યાધિ એ વાસ્તવિક રીતે આપત્તિ નથી, પણ તારા માટે રૂડી સંપત્તિરૂપ છે, જે સાચી આપત્તિઓ હતી તેને તો તું ટાળી અહીં આવ્યો. જોયો, તારો અનન્ત ભૂતકાળ બગાડી નાખ્યો, તે ધન, કુટુંબ, શરીર વગેરે પરનો મમત્વભાવ એ જ તારા માટે આપત્તિરૂપ હતું. તેમાંથી તું બચ્યો અને સારું થયું કે છેલ્લી ઘડીએ પણ કૃપાળુ સદ્ગુરુદેવનો યોગ તને મળ્યો, જેથી આજે તું તારા જીવનને સફળ બનાવવાનું

સામર્થ્ય કેળવી શક્યો પ્રતાપ તે પરમ ગુરૂદેવનો તેમજ અનંત ઉપકાર તે શ્રી અરિહંતદેવનો તેમજ તેઓએ ઉપદેશેલ શ્રી જિનધર્મનો.

ફરી ફરી હું તને કહું છું ભાગ્યવાન ! આ નજીવી શારીરિક વિપત્તિથી તારે સ્હેજ પણ ડરવાનું નથી. ખુબ અડગતાથી આને તું સહન કરતા શીખ ! તારા ભૂતકાળને યાદ કર ! અનાદિ ભુતકાળમાં તેં આના કરતાંય તીવ્રતર વેદનાઓ અનન્તી વેળાએ અનિચ્છાએ પણ વેદી છે, છતાંય હજુ તે યાતનાઓ, વેદનાઓ અને રીબામણોમાંથી તારો છૂટકારો ન થયો. હવે એ મહામૂલો અવસર તને લાધ્યો છે.'

માટે એ અનુપમ અવસરને સઘળી શક્તિઓ એકઠી કરીને તું ઉજવ ! આજે તારાં જીવનનાં ઘડી પળ ધન્ય છે, કારણ કે : અનન્ત ભૂતકાળની રીબામણમાંથી છૂટવાનો આ પુણ્ય અવસર તને મળ્યો છે શૂળીની વેદના આજે વેગથી ટળે છે. મહાભાગ ! જો જે, આ વેદનામાં આત્મભાન ન ભૂલતો ! તારૂં કાંઈ જ નુકશાન નથી, કેવળ તને લાભ જ મળવાનો છે, માટે તને ચેતાવું છુ કે : પ્રસન્નતાપૂર્વક ધૈર્યને ખૂબ કેળવીને આ વેદનાઓને સહન કર.'

ધીરે ધીરે નાગદત્ત મુનિની વેદનાએ જોર પકડ્યું, જીવનની આ અન્તિમ ઘડીઓમાં તેઓ ખૂબ સાવધ બનીને [illegible] પૂર્વક નિજનાં જીવનને ઉજાળવા અન્તિમકાલીન આરા [illegible] પરમ ઉપકારી ગુરૂ મહારાજ, [illegible] અન્તિમ [illegible] ઉજાળવા અનેક પ્રકારે

સમાધિ આપતા રહ્યા. જેમ મૃત્યુકાળ નજીક આવતો ગયો, તેમ શ્રી નાગદત્ત મુનિવરની પ્રસન્નતા ઓર વધતી ચલી સમાધિનો પ્રકાશ સંથારારૂઢ તે મહામુનિવરની ચોમેર પથરાવા લાગ્યો. વાતાવરણમાં ગંભીરતા, શાન્તિ અને પ્રસન્નતા હતી હવા શીતલ, મધુર અને ખુશનુમા હતી

આ અવસરે તે સમાધિલીન મુનિવરની શુભ ભાવનાનો વેગ વધતો ચાલ્યો આત્મા જાગૃત હતો, અને વિશેષ જાગૃત થયો. ઊંડાણમાંથી અન્તરાત્માને જ્ઞાનપ્રકાશ મળ્યો : ભાગ્યવાન! જાગ્રત છે ને? હવે મૂકી દે સંઘળું જે મૂકવાનું છે એને મૂકવામાં વિલંબ શો? જે તારૂં નથી, નો'તું અને કદિ કાળે જે તારૂં રહેવાનું નથી, તેને તજી દે. અવસર આવી લાગ્યો છે. તું કોણ છે તેની તને ખબર છે? આ શરીર તે તું નથી, માટે જ્ઞાન, દર્શન અને ચારિત્રધર્મની આરાધનામાં તત્પર કેવળ આ તારા આત્મા સિવાય, તારા નિજસ્વરૂપ સિવાય તું આ સઘળું ત્રિવિધયોગે ત્યજી દે.'

ફરી તે મુનિવરે આરાધનામાં અન્તરાત્માને વધુ પ્રેરણા આપી : 'રાગ, દ્વેષ, મહામોહ, કષાય વગેરે મહામલથી હું હવે નિર્મુક્તપ્રાયઃ છું. આ કારણે વિશુદ્ધ એવો હું સ્નાતક બન્યો છું. સર્વ પ્રાણીઓ મને ક્ષમા આપો. જગતના સર્વ જંતુઓને વિષે મારી ક્ષમા છે. વૈર વિનાનો હું હાલ શાન્ત બનીને મારી સાધનામાં પ્રયત્નશીલ છું. બાહ્ય કે આન્તર જે કાંઈ ધન, ધાન્ય યા કષાયાદિ પરિગ્રહને મેં અત્યાર અગાઉ મારાપણાની ભ્રમણાથી સ્વીકાર્યાં છે, તે સઘળાયને આજે આ અવસરે હું

ત્યજી દઉં છું. દેવાધિદેવ શ્રી તીર્થંકરપરમાત્મા, મહાત્મા શ્રી સિદ્ધપરમાત્મા, અને શ્રી વીતરાગકથિત સદ્ધર્મ મારૂં શરણ હો. મારે સારૂ આ ચાર શરણાંઓ મંગલ રૂપ છે.'

આ રીતે આલોચના, વ્રત સ્વીકાર, ક્ષમાપના, સુકૃતની અનુમોદના, દુષ્કૃતોની નિન્દા અને અનશન એમ છ પ્રકારની અન્તિમકાલીન આરાધનાને જાગૃતિપૂર્વક આરાધી મહર્ષિ નાગદત્ત આયુષ્યના ક્ષયથી સદ્‌ગતિ પામ્યા.

જેઓએ અન્તિમકાળે જાગૃત બનીને શુભ ભાવનાપૂર્વક શ્રી જિનેશ્વરદેવના ચારિત્રધર્મની આરાધના કરી નિજના જીવનને ટુંક સમયમાં સફળ બનાવ્યું, તેમજ જેઓની અન્તિમ આરાધના આજે પણ આપણને માર્ગદર્શન આપી રહેલ છે, તે મહામુનિવર શ્રીનાગદત્તને ધન્ય! તેમજ ધન્ય તે મહર્ષિની આરાધનાને!!!

૨ : મંગલ પ્રસ્થાન

વજ્જબાહુ નીકળ્યા તો લગ્ન લઈને મનોરમાને પરણવા પણ પરણીને પાછા વળતાં અર્ધે રસ્તે તેમના સાળા ઉદયસુંદર હાંસીમાં જે કાંઈ કહે છે, તે સાંભળી કાયોત્સર્ગધ્યાને રહેલા મહર્ષિને વંદન કરવા વજ્જબાહુ નીકળ્યા તે નીકળ્યા. બસ, તેઓ ફરી પાછા નજ વળ્યા. યૌવનની વસંત, ધનમનની કામના ને ચપળ ઇન્દ્રિયો તેમજ સંસારસુખનાં સ્વપ્નાઓ એ બધુ ભૂલી અર્ધે રસ્તેથી તેઓ સંયમમાર્ગે પ્રયાણ કરીને નીકળી ચૂક્યા.

ધન્ય તે સાત્વિકતા !

અયોધ્યામાં તે કાળે ઈક્ષ્વાકુવંશનો વિજય રાજા હતો. હિમચૂલા તેની પટ્ટરાણી હતી. રાજા વિજયને વજ્જબાહુ નામનો પુત્ર હતો. વજ્જબાહુ સરળ વિનીત તથા બુદ્ધિ પ્રતિભાથી ખૂબ તેજસ્વી હતો. ધર્મ પ્રત્યે, મહાપુરુષો પ્રત્યે, તેના હૃદયમાં ઉત્તમ કોટિનો અનુરાગ ભર્યો પડ્યો હતો. યુવાન વજ્જબાહુનું વેવિશાળ નાગપુરના ઈભવાહન રાજાને ત્યાં થયું હતું. માતા ચૂડામણિદેવીની લાડકી દીકરી મનોરમાનો સ્નેહ વજ્જબાહુમાં બંધાયો હતો. મનોરમા પહેલેથી જ સુશીલ શાંત તથા વિવેકી હતી.

એક અવસરે માતાપિતાની અનુજ્ઞા લઈ વજ્જબાહુ, મંત્રી સામંત આદિ અનેક પરિવારની સાથે મનોરમાને પરણવા નાગપુર આવ્યો. રાજા ઈભવાહને જમાઈ આદિનું સારી રીતે સ્વાગત કર્યું. તે બધાયને માટે સારો ઉતારો આપ્યો.

નગરમાં મનોરમા રાજકુમારીના લગ્નની ચોમેરથી તૈયારીઓ થઈ રહી છે નગરના લોકોનો હર્ષ માતો નથી. ઠેર ઠેર ધજા-પતાકાઓથી આખું શહેર શણગારાઈ રહ્યું છે. રાજકુટુંબનો મહોત્સવ પ્રસંગ એટલે પ્રજાને મન પોતાનો મહોત્સવ હતો. રાજા તથા પ્રજા વચ્ચે તે વેળા કોઈ જાતનું અંતર કે સંઘર્ષણ ન હતું. દૂધ અને સાકરની જેમ બન્નેનાં મન પરસ્પર મળી ગયેલાં રહેતાં. સ્વાર્થ કરતાં સ્વાર્થત્યાગ પર જ તે કાળનું વાતાવરણ રહેલું હતું. મનોરમાના લગ્નનો પ્રસંગ ખૂબ જ સુંદર રીતે ઉજવાઈ ગયો. વસ્ત્રો અલંકારો, હાથી, ઘોડા આદિની કિંમતી પહેરામણીઓ થઇ, અને વજ્રબાહુને વિદાય પણ અપાઇ

મનોરમાનો મોટોભાઈ ઉદયસુંદર મનોરમાને મૂકવા સાથે આવ્યો છે. સુંદર વૃષભોથી શોભતા સુવર્ણજડિત રથમાં વજ્રબાહુ તથા મનોરમા બન્ને નવ વર-વધૂ બેઠા છે. ઉદયસુંદર રથની બહાર સારથિનાં સ્થાને બેઠો છે. વજ્રબાહુનાં મિત્રો તથા બીજો પણ રાજપરિવાર ધીરે ધીરે માર્ગ કાપી રહ્યો છે અનેક રાજકુમારો ઘોડા પર સ્વાર થઈ વજ્રબાહુના રથની સાથે સાથે ચાલી રહ્યાં છે.

નાગપુરથી કેટલાયે ગાઉનો માર્ગ ઉલંઘ્યા પછી એક અટવી આવી. ચોમેર વૃક્ષોની ઘટાઓ એ અટવીમાં છવાયેલી હતી. પાણીનાં ઝરણાંઓનો કલ-કલ કરતો મધુર નિનાદ [illegible] કર્ણપ્રિય બની રહ્યો હતો. કોયલોના મીઠા પંચમ [illegible] રમણીય લાગતી હતી. એકાંતમાં આત્મ-

મૂકે છે. રથમાં એકાન્ત સ્થાન છે, બન્ને વર-વધૂ વચ્ચે પ્રેમની કે આનંદ કુતૂહળની વાતો કરવાનો આ અવસર છે. એ મૂકીને સાધુનાં દર્શન કરવાની આ ભાઈસાબ વાત કરે છે. ખરેખર આ માનવી કોઈ અજબ છે !'

વિચારના વમળે ચઢેલા ઉદયસુંદરથી રહેવાયું નહિ. તેણે હસતાં હસતાં બનેવીને કહ્યું : 'સાધુ તો નથી થઈ જવું ને ? દીક્ષા લેવી છે કે શું ?' ઉદયસુંદરે ટોનમાં વજ્રબાહુને કહ્યું તો ખરૂં, પણ વજ્રબાહુનો આત્મા સામાન્ય માનવોથી પર હતો. એના જીવનમાં સાધુતા પ્રત્યેનો અનુરાગ બાલ્યકાળથી તાણાવાણાની જેમ દૃઢપણે વણાયેલો હતો. કુળના સંસ્કારો, માબાપ આદિ વડિલોની ધર્મભાવના આ બધો વારસો વજ્રબાહુના આત્મામાં જીવતો જાગતો હતો.

જવાબમાં તેણે કહ્યું : 'હા, શ્રી જિનેશ્વરદેવના પવિત્ર ત્યાગમાર્ગ પ્રત્યે કોનું મન ન હોય ? દીક્ષાની ભાવના તો છે પણ—'

'પણ બણ શું કરો છો ? જો ભાવના છે તો થઈ જાઓ તૈયાર. હું તમને સહાય કરીશ.' ઉદયસુંદર હજુયે મશ્કરીની વાતને લંબાવે જાય છે. પણ સાળાની હાંસીને બનેવી શુકનની ગાંઠ માનીને જવાબ આપે છે, 'હું તૈયાર છું. આમાં બીજી તૈયારી શી જોઈએ ? તમે સહાય કરનારા બેઠા છો. પછી મારે બીજું જોઈએ શું ? માટે બોલ્યા છો તો પાળજો' કહી વજ્રબાહુ તરત જ રથ પરથી નીચે ઉતરવા માંડ્યા.

બન્ને વચ્ચેનું અંતર ખૂબ વધી ગયું. અશ્વો આ બન્ને ઘોડેસ્વારોને કોઇ જૂદી જ નહિ ધારેલી દિશામાં ખેંચી ગયા.

નીરવ, નિર્જન અને ગંભીર છતાં બિહામણા જંગલમાં આ બન્ને મિત્રો એકલા પડ્યા-એકલા જગતથી દૂર છતાં રાજા સુમિત્રને કે તેના મિત્ર પ્રભવને એ એકલાપણું એટલું સાલતું નહોતું. કારણ કે, બન્ને મિત્રોએ પોતાની વચ્ચે જંગલમાં પણ નવી દુનિયા વસાવી દીધી હતી.

સુમિત્રે કહ્યું : ' ભાઇ આપણે માર્ગ ભૂલ્યા છીએ, હવે ક્યાં જઇશું ? '

'તમે ત્યાં હું અને હું ત્યાં તમે.' પ્રભવે જવાબ આપ્યો.

ઘોડાઓ પોતાની ઝડપ વિજળીના વેગે વધારતા રહ્યાં. માઇલોના માઇલો આમ નિર્જન અરણ્યમાં બન્ને ઘોડેસ્વારોએ કાપી નાખ્યાં. ઘોડાઓ થાક્યાં અને સામે એક નાની શી જંગલી છતાં વ્યવસ્થિત ઝાડી જણાઈ.

પ્રભવે સુમિત્રને કહ્યું : 'હવે આપણે ઘોડાઓને થોભાવી નહિં ઉતરી પડીએ.' જેમ જેમ તેઓ નજીક ગયા ત્યાં ત્યાં કુદરતિ કમળ જણાયાં. ને બન્ને મિત્રો ખૂબ આનંદોની [illegible]

પ્રભવ આ સાંભળી રહ્યો મનની છૂપી વેદના કહેવાને માટે તેની પાસે શબ્દો નથી. મર્યાદા, કુલવટ અને જાતનું ભાન એને બલાત્ કાંઈ પણ કહી નાખવાને તે વેળાએ રોકતું હતું.

પણ મિત્રના સહૃદયતાપૂર્વકના અતિશય આગ્રહથી એણે કહ્યું, 'મને જે દુઃખ છે તે કોઈ રીતે શબ્દો દ્વારા કહી શકાય તેમ નથી. જ્યાં સુધી હૃદયમાં છે ત્યાં સુધી ભલે એ મારાં પાપી અંતરને અભડાવતું રહે! પણ ભાઈ સુમિત્ર! વાચાથી તે દુઃખને પ્રગટ કરી મારી વાણીને કે તારાં કાનને હું અભડાવવા ઇચ્છતો નથી.' પ્રભવના શબ્દે શબ્દમાં અંતરની વેદનાના પડઘાઓ પડી રહ્યા હતા.

સુમિત્ર આ બધું કાંઇક કાંઇક સમજી શકયો. મિત્રની દુઃખાની લાગણીઓને એણે માપી લીધી. એને સમજણ ન પડી કે, 'મારો મિત્ર પ્રભવ, મારાથી આટ-આટલો સંકોચ કેમ અનુભવતો હશે?' એણે આજે પહેલી જ વાર પ્રભવને પોતાની સાથે આમ વિહ્વલ સ્થિતિમાં વાત કરતો જોયો. પ્રભવની વિહ્વળતા [illegible]

પણ સુમિત્રના મિત્રસ્નેહની આકરી કસોટી તે વેળાએ થઈ રહી હતી. સુમિત્રે મૌન તોડ્યું. ગંભીર અને શૂન્ય વાતાવરણમાં ચૈતન્ય પ્રકટ્યું. મિત્રસ્નેહની આંધીમાં તે માર્ગભૂલો બન્યો.

કર્તવ્ય કે અકર્તવ્ય; હેય કે ઉપાદેય; આ બધું વિસારે પાડીને એણે કહ્યું:

'ભાઈ! તું ભૂલીશ મા, આ તારો મિત્ર તારા સિવાય જગતની કોઈપણ વસ્તુને અધિક માનતો હોય! મારા પ્રાણોને પણ એક વેળાએ તારી ખાતર વેચી દેવાને કે ત્યજી દેવાને હું તૈયાર છું. તારું દુઃખ કે તારી અન્તરની છૂપી વેદના કદાચ તને સહ્ય હશે? એટલો તું કઠીન બની શક્યો કે આટલા દિવસો સુધી આ વેદનાથી તારું બધું નૂર ગુમાવી દેવાની અણી પર આવ્યાં, પણ મારા આત્મારૂપ તારી વેદનાઓને હું એક ક્ષણ પણ જોઈ શકવાને સમર્થ નથી. મારામાં એ શક્તિ નથી. એટલે જ હું કહું છું કે, મારું સર્વસ્વ તું છે. હું તારો છું અને મારી વનમાલા આજથી જ તારી છે. તું એને સ્વીકાર!'

તેણીએ કહ્યું: 'તમારા મિત્રે મને મોકલી છે, મને આજ્ઞા છે કે, મારા મિત્ર પ્રભવની પાસે તું જા!' વનમાલાની શબ્દદેહ પામતી આ વાણી, પ્રભવ ન ઝીરવી શક્યો.

એ મનમાં બોલ્યો: 'અંધકારના અનંત પડળોને ભરખતી ઓ કાળરાત્રી! તુ કાળી રહેવાને સરજાઇ છો; નહિતર મારા જેવા પાપાત્માઓને તું આવું એકાન્ત શાને આપે? શું આવાં કુકૃત્યો કરવા માટે કે? ઓ ગગનમાં ઝબૂકતા તારલાઓ! મારા અંતરને અરે મારાં ગાઢતિમિર ઘેર્યા મલિન પાપી આત્માને કાંઇક પ્રકાશ અર્પતાં જાઓ!'

પ્રભવની વાણી હજુ અપ્રકટ રહી. તેના અંતરમાં અસંતોષ ભભૂકી ઊઠ્યો. પણ પતિના પ્રિયતમ મિત્ર પ્રભવની આ અસહ્ય મનોવ્યથાઓ, સ્હામે ઊભીને જોતી વનમાલાને મન કોઈ અકળ અને ગૂઢ મૂંઝવણરૂપ બની.

દેવલોકની અપ્સરા સમી વનમાળાએ ફરી પ્રભવને કહ્યું: 'તારા દુઃખથી દુઃખિત રાજાએ મને તારે આધીન કરી છે. તારી ખાતર એ મારો પતિ પોતાનું સઘળું સોંપી દેવા તૈયાર છે. એની આજ્ઞાથી હું તારી પાસે આવી છું. તું હવે ઉદાસીનતા ત્યજ દે. હું તારી દાસી બનવાને રાજી છું.' [illegible] તેજને વેરતી રાજરમણી વનમાળાની ધીરતા [illegible] ગઈ.

પણ તે વેળા તેના હાથમાંથી તલવાર અચાનક કોઇએ ઝુંટવી લીધી એમ એને લાગ્યું. તેનો ઘા નિષ્ફળ ગયો. એનું ખંજર બીજા હાથોમાં સરકી ગયું, તે સજાગ બન્યો. તેણે ધારીને જોયું. પોતાનો પ્રિયતમ મિત્ર સુમિત્ર નજર સામે આવીને ઊભો હતો. આ દૃશ્ય એને અકારૂં લાગ્યું. અને તે વેળાએ પ્રભવનું મુખ શરમ-લજ્જા અને પાપના કંપથી ઊંચું ન થઈ શક્યું.

બન્ને એક બીજાને આમ થોડીવાર સુધી જોઈ રહ્યા. દિશાઓ શૂન્ય બનીને આ બધું નિરખતી રહી, જાણે અંતરિક્ષમાં દેવો પ્રભવના સત્વને અંજલિ અર્પતા હાથ જોડી રહ્યા.

અધૂરી રાત પૂરી થઈ, અને બાલસૂર્યે પૂર્વના ક્ષિતિજ પર પોતાની સુવર્ણરેખાઓથી પ્રભવની કુલીનતાના મંગલ સ્વસ્તિકો પૂરી દીધા, એમાં આ શબ્દો ગૂંજી રહ્યા હતા. જે ગૂંજારવને આજે વર્ષોના વહાણાં વીતી ગયા છતાં આજે સાંભળી શકાય છે કે ઓ સંસારના માનવી !

'જાગના જે'જો !'



મૃત્યુ બાદ પિતૃવિરહથી દુઃખિત કોણિકે પિતાના કરુણ મૃત્યુની સ્મૃતિને તાજી રાખનારા એ રાજગૃહનગરને ક્યારનું ય ત્યજી દીધું અને ચંપાનગરીમાં પોતાની રાજધાની વસાવી.

પિતા શ્રેણિકનાં મૃત્યુથી દુઃખિત પુત્ર કોણિકે આ રીતે મગધના પાટનગર તરીકે ચંપાને સમૃદ્ધિ અને સૌન્દર્યથી રળીયામણી બનાવી દીધી, અને પિતૃવિરહથી પીડિત હૃદયને તેણે આશ્વાસન આપ્યું.

પણ ચંપાની ધરતીને મગધની રાજધાની તરીકે રહેવાને લાંબો સમય નહોતો લખાયો. સાચે ગામ, કે નગરોની ભૂમિ પણ તે તે અધિષ્ઠાયક દેવોના પ્રભાવોનો પડઘા પાડી જાય છે; ચંપાના લલાટે નસીબ જે દોરા આગળ હતું. કોણિકનો આ વારસો સીધો એના પ્રીતિપાત્ર ઉદાયી પર પડ્યો હતો.

પોતાના પિતા કોણિકના અકાળ મૃત્યુના સમાચારથી ઉદ્વિગ્ન બનેલા તેને પણ ચંપાનગરી ન ગમી. કેટ-કેટલી અભિલાષાઓથી એના પિતા કોણિકે નવી વસાવેલી ચંપાની નગરી આ પિતૃભક્ત ઉદાયીને એને આકરી લાગવા માંડી.

ભક્તિપૂર્વક યથાશક્તિ આચરી છે. મગધના રાજસિંહાસન પર આવ્યા પછી ઉદાયીની ધર્મશ્રદ્ધા, આ બન્ને પોતાના પૂર્વજ વડિલોની યશસ્વી કારકીર્દિને ઉજ્વળ બનાવનારી હતી. મગધનું સામ્રાજ્ય ઉદાયીના કાળમાં ઠીક ઠીક રીતે વ્યાપક તેમજ વિશાલ બન્યું હતું. જેમ જેમ એની કીર્તિ, મહત્તા અને સમૃદ્ધિ વધતી ચાલી તેમ તેમ તેના પ્રતિસ્પર્ધી અસતુંષ્ટ રાજવીઓનાં હ્રદયમાં નિરંતર આ મહાન સત્તાધીશ ઉદાયી પ્રત્યેના ડંખ અને ઈર્ષ્યાભાવ વધુને વધુ સતેજ બનતા ગયા.

ઉદાયીના પ્રતિસ્પર્ધી એક ખંડિયા રાજાનો ગુન્હો જ્યારે ઉદાયીની ન્યાયની અદાલતમાં ગંભીર બન્યો, ત્યારે મગધના એ સર્વસત્તાધીશે એના રાજપાટ લઈ તેને તે સ્થાનેથી પદભ્રષ્ટ કરી ઉઠાડી મૂક્યો. આ બનાવ ઉદાયી જેવા મગધના સત્તાધીશની દૃષ્ટિએ શુલ્લક હતો. રાજવી તરીકે તેને માટે સકારણ હતો. પણ તે ગુન્હેગાર પદભ્રષ્ટ રાજાની આજુબાજુના અસંતુષ્ટ બળોમાં આ હકીકત ધરતીકંપના ભયંકર આંચકાઓ ઊભાં કરનારી બની અને તે પદભ્રષ્ટ રાજાના એક રાજકુમારે તે દિવસે ત્યારથી સોગન લીધા કે 'ઉદાયીને માર્યા વિના અને મગધના આ સત્તાધીશના સામ્રાજ્યનો નાશ [illegible] આંખ જોયા વિના હું જંપીને બેસી શકું નહિ'

પૂજ્યભાવે ભક્તિવાસિત હૃદયથી નમી પડતો. મગધદેશના વિશાળ રાજ્ય વહિવટના દરેક દરેક સ્થાનોના પ્રત્યેક સત્તાધારીઓના હૃદયોમાં જૈન શ્રમણો માટે એકસરખી રીતે નિષ્કૃત્રિમ શ્રદ્ધાભાવ હતો.

આ તકનો પૂરેપૂરો લાભ લઈ લેવાને પેલો પદભ્રષ્ટ રાજપુત્ર તૈયાર હતો. આ સિવાય મગધનરેશના રાજકુળોમાં કોઈ રીતે પ્રવેશ મળી શકે તેમ એને જણાયું નહિ. આથી તકસાધુ તે રાજપુત્રે જૈન શ્રમણોના સમૂહમાં ભળી જવાનો નિરધાર કર્યો. આચાર્ય શ્રી ધર્મભદ્રસૂરિજીના વિશાળ સાધુ સમુદાયમાં એણે જૈન ધર્મની દીક્ષા સ્વીકારી, અને દીક્ષિત તરીકે જીવન ગાળવાનું ત્યારથી એણે આરંભી દીધું. કપટકળામાં એની હુશિયારી અપ્રતીમ હતી. માયાના રંગો એણે આબાદ કેળવી લીધા હતા જગતને ઠગવા માટે જ એણે બધી બાબતોમાં દરેક જાતનો બાહ્યાડંબર રાખ્યો હતો.

એની દુષ્ટ વૃત્તિઓને કોઈ પારખી ન શકે આ માટે એ ખૂબ જ સાવધ રહેતો.

સાધુચર્યાની અનેક આવશ્યક ક્રિયાઓમાં એની કુશળતા ઈતર સૌ શ્રમણો કરતાં અસાધારણ ઓપતી. તપ-જપ-વિનય સ્વાધ્યાય આદિ બધી જૈન શ્રમણોની પ્રવૃત્તિઓમાં તે અત્યંત ઉપયોગશીલ રહેતો.

નામાં સહાયક થવા રાજમહેલમાં આચાર્યમહારાજને જવાનું થયું, ત્યારે તેઓની સાથે વિનેયરત્નને પણ રાજમહેલમાં જવાનો આદેશ મળ્યો દીક્ષિત જીવનના વર્ષો સુધી તેના હૈયામાં સુષુપ્ત રહેલી એ આસુરી વૃત્તિઓ ત્યારે નાચી ઊઠી. તેનું હૃદય અપાર આનંદ અનુભવવા લાગ્યું ઉદાયીનો સર્વ-નાશ કરી મગધવંશની સત્તાને મૂળથી ઉખેડી નાંખવાના એના સ્વપ્નો; આજે એને ફળતા જણાયાં. ગુરુના એ આદેશને [illegible] કરી. એ તરત તૈયાર થયો.

ખૂબ જ વિનયભાવથી યતનાપૂર્વક આચાર્ય મહારાજની સાથે એ રાજમહેલના આવાસમાં આવ્યો. ધર્માત્મા ઉદાયી રાજકાજની ખટપટથી નિવૃત્ત થઈ, સંધ્યાના અવસરે રાત્રિ-પૌષધનું વ્રત સ્વીકારી ધર્મક્રિયાઓ કરતા પૌષધગૃહમાં શાન્ત બનીને ધર્મધ્યાનમાં બેઠા હતા. સૂરિદેવની સાથે ધર્મચિન્તવન કરતાં કરતાં તેણે એક પ્રહર રાત્રિ આ રીતે ધર્મચિંતનામાં પૂર્ણ કરી. સમય થયે સંથારાપોરસી ભણાવી સૂરિ મહારાજ તેમજ મગધના સત્તાધીશ રાજવી મહારાજા ઉદાયી આ બંને ગુરુ-શિષ્ય સંથારામાં નિદ્રાવશ બન્યા. [illegible] સર્વ કોઈ પ્રાણી માત્રને ખમી-ખમાવી પોરિસી [illegible] શુભ ધ્યાનમાં વર્તતા વર્તતા નિદ્રાધીન થયેલા આ બંને મહાત્મા. નિઃશંક હતા, નિરૂપદ્રવી તેમજ [illegible]

સ્થાને પ્રસંગ ન હતો. સૌ આત્માઓમાંથી અને નિરાકાંક્ષી પવિત્ર આત્માઓ સુખપૂર્વક સંથારામાં સૂતા હતા. જ્યારે જાગ્રી હતો વિનેયરત્ન; જેને ઊંઘવાની જરૂર ન હતી. અત્યાર સુધીની નિદ્રાનો પૂરેપૂરો દાવ અજમાવવાનો મોકો શુભા થયો એ એને પાલવે તેમ ન હતું. સાધુજીવનની દંભક્રિયાઓનું મૂલ્ય વસૂલવાનો સુવર્ણ અવસર એને આજે મળી ગયો હતો.

એ જાગતો હતો, જેના જાગવાની કાંઈ જ કીમત ન હતી. એ ઊંઘનો ઢોંગ તો સારું હતું, છતાં એ જાગતો હતો. એને પોતાનું ધાર્યું કરવા જાગવાનું હતું. સંથારામાંથી એ ઉઠ્યો, અંધારી રાત્રી એના પાપી માનસનાં અંધકારને વધુ ઘેરું કરવામાં અનુકૂળ બની. છુપાવી રાખેલી લોખંડી છૂરી એણે હાથમાં લીધી. છૂરીને એને સેરી લીધું

હૃદયની પાવક જ્વાળાઓથી એનું માનસ અત્યારે વધુ સંતપ્ત બન્યું. વજ્રથી છાતી એણે વધુ વજ્ર બનાવી. અને મહારાજ ઉદાયીના સંથારાની નજીકમાં ખૂબ જ ચુપકીદી જાળવી, કોઇ સ્હેજે સાંભળે નહિ તે રીતે એ આવ્યો. એણે પોતાના વેરને, પિતાના અપમાનને ખૂબ ખૂબ તાજું કર્યું, જલ્લાદની જેમ અગ્નિ વરસતી આંખોમાંથી ઝેર ઠાલવતા એ પાપાત્માએ સખ્ત હાથેથી છૂરી પકડી, અને ધર્મશીલ નિર્દોષ મહારાજા ઉદાયીના ગળામાં ફેરવતો, દાંત કચકચાવતો એ ધીઠાઇથી બબડી ઊઠ્યો, 'હાશ ! હવે નિરાંત થઈ.'

નિર્વાણ પછી ૯૦ મે વર્ષે પાટલીપુત્રની ગાદી પર મગધની રાજધાની શહેર પાટલીપુત્રના રાજમહાલયમાં આ બનાવ બની ગયો.

જૈન ઇતિહાસમાં ત્યારથી આ શાસનપ્રભાવક સૂરિ-મહારાજનું અપૂર્વ બલિદાન તેઓની પુનિત આરાધનાને દીપાવનારું ગણાઇ અમર બની ગયું.

ધન્ય એ મૃત્યુને જીતી જનારા મહાપુરુષનું સમર્પણ.

૫ : જીવનના ધૂપ-છાંવ

રાજવૈભવોમાં લાલનપાલન પામેલી, સંપત્તિઓના ઢગલાઓની વચ્ચે જીવન જીવનારી રાજકુમારી, અવસર આવ્યે જીવનમાં દુઃખોના ડુંગરાઓની વચ્ચે પણ પોતાના જીવનને જે સમભાવ, ધૈર્ય, તથા સ્વસ્થતાપૂર્વક જીવી જાય છે. એ વાંચતા આપણને થઇ જાય કે, ખરેખર જીવનને જીવવાની સાચી કળા તે આનું નામ! જીવનમાં અનેક ઝંઝાવાતો ને જીવનના ધુપ-છાંવમાં જીવવા માટે જે પોતાની જાતને સત્વ તથા શૌર્ય પૂર્વક ઉન્નત રાખે છે ધન્ય તે શીયશાલી તેજસ્વી રમણીરત્નને

રાજકુમારી વસુમતી, ચંપાના રાજવી દધિવાહનની લાડકી દીકરી હતી. રાજવૈભવોમાં મ્હાલતી વસુમતી, માતા ધારિણીના લાડમાં ઉછરતી રહી. રાજસુખોમાં રમતી રાજકુમારી સ્વભાવે શાંત, સુશીલ અને વિચક્ષણ હતી.

દિવસો ઉપર દિવસો વહેવા લાગ્યા. વસુમતી નવ-યૌવના થઇ છતાં યુવાનીના ઉન્માદો તેને અકળાવી મૂકતા નથી.

સુખ-દુઃખ સદાકાળ એક જ ક્રમથી રહેતા નથી. ક્ષણે ક્ષણે નવ-નવો પલટો આવવો એ સંસારના સંયોગોનો નિયત સ્વભાવ છે.

રાજા દધિવાહનનું ભાગ્યચક્ર પલટાયું.

એક દિવસની સંધ્યાના સમયે કૌશાંબીનો રાજા શતાનિક, લાવ-લશ્કર સાથે ચંપાને ઘેરી વળ્યો. દધિવાહન

કૌશાંબીનાં સૈન્ય, શક્તિ અને સામર્થ્ય સામે આમ અચાનક ટક્કર ઝીલી શકે તેમ ન હતું. અવસર જોઈને દધિવાહન નાસી છૂટ્યો. શતાનિકના હાથે માનભંગ બનીને પકડાઈ જવા કરતાં આમ નાસી છૂટવામાં એને સલામતી લાગી.

નાયક વિનાના સૈન્યની જેમ, રાજા વિનાનું નગર શૂન્ય બન્યું. નગરના લોકો સુધ-બુધ હારી ગયા લોકોએ નાશભાગ શરૂ કરી. સહુ પોત-પોતાની માલ-મત્તાનાં રક્ષણમાં પડી ગયા. એ અવસરે શતાનિક રાજા, લશ્કર સહિત ચંપામાં પેઠો. એના સૈનિકોએ નગરમાં અને રાજમહેલોમાં લૂંટાલૂંટ શરૂ કરી

રાજરાણી ધારિણી અને કુમારી વસુમતી, અચાનક બની બેઠેલા આ પ્રસંગથી હાબકાર કિંકર્તવ્યમૂઢ બન્યા. થોડી વારમાં સાવધ બનીને મા-દીકરી પોતાના શીલધર્મને અખંડ રાખવાની ઇચ્છાથી ત્યાંથી ભાગી છૂટવા તૈયાર થયાં.

તૈયાર થયેલી રાજરાણી અને વસુમતીને રાજમહેલમાંથી પકડ્યા

સંસારમાં ડગલેને પગલે અસારતાનાં દર્શન થઈ રહ્યાં છે એ ખોટું નથી ગઈકાલ સુધી રાજમહેલનાં ગગનચુંબી મકાનોમા સેકડો દાસ-દાસીઓથી પરવરેલા રાજરાણી અને રાજકુમારી આજે એક રખડતા માણસના હાથમા ફસાઈ જાય છે, છતાં એમને છોડાવનાર કે રક્ષણ આપનાર કોઈ નથી ખરેખર કર્મને કોઇની શરમ નથી.

મહારાણી અને રાજકુમારી, ખૂબજ મુંઝાયાં. રાજ-રાણીનું સુકોમલ અને સ્વરૂપવાન શરીર, કુમારીનું લાવણ્ય-પુરથી ઉછળતું યૌવન, આ બધાં લપસણા સંયોગોમાં બિચારા સૈનિકનું લોલુપ મન સ્થિર ન રહી શક્યું. તેના હૈયાની વાત હોઠે આવી.

તે બોલ્યો: 'આ ખુબસુરત મોટી બીને મારી ધણી-આણી બનાવીશ, ને આ છોકરીને કોશાંબીના બજારમાં હું વેચી મારીશ અને મારે ઘર-ઘરેણાં બંને ઉપજશે.' ને તેનો ઉન્માદ વધુ ગાઢ બન્યો.

તેણે ધારિણીની સામે આંખ મટકારતાં કહ્યું: 'કેમ બરાબર છે ને ? તું મારા ઘરમાં રહીશ ને ?'

ધારિણીને આ શબ્દોથી માથાપર વજ્ર પડ્યાની જેમ આઘાત થયો. રાજમહેલના વૈભવોમાં મ્હાલનારી રાજ-રાણીને હુંકારો કરનાર કોઈ ન હતું, જ્યારે આજે

મર્મભેદી વચનો પરાધીનપણે તેને સાંભળવાં પડ્યાં. તેના હૈયામાં લાંબો ઘા પડ્યો. ધરતી માર્ગ આપે તો અંદર સમાઈ જવા જેટલી લજ્જા અને વિષાદની ગંભીર છાયા, રાજરાણીનાં મુખ ઉપર છવાઇ ગઈ.

સ્ત્રી બધું સહન કરી શકે, પણ શીલની ક્રૂર હાંસી અબળા ગણાતી સત્ત્વશીલ સ્ત્રી કદિ જ નહિ સાંખી શકે. અને તેમાંયે રાજવૈભવોમાં સુંવાળપ કેળવીને દિવસો વીતાવનાર ધારિણી કઈ રીતે સહી શકે? નાદાન માણસનાં આ વચનોથી ધારિણીની છાતી ચીરાઇ ગઈ શીલને જીવની જેમ જતન કરનારી ધર્મપરાયણ રાજરાણી ક્ષણવારમાં મુખમાં જીભ કચડીને ત્યાં ને ત્યાં જમીન પર ઢગલો થઈ પડી.

થોડી જ ક્ષણોમાં આ બની ગયું.

માતાના અચાનક મૃત્યુથી વસુમતીની બન્ને આંખોમાં આંસુઓની ધાર વહેવા લાગી. જેને ઠેસ વાગતાં અમ્મા ચની ને રાજરાણીનું નિર્જીવ શરીર આમ શહેરની બહાર જમીન પર પટકાઈ પડ્યું. સૈનિકનો આત્મા કૂણો પડ્યો. તેનું હૈયું કૂમળું બન્યું. માતાના મૃત્યુથી શોકમાં ઘેરા-

ધર્મના સંસ્કાર, શિક્ષણ અને સંયમના વાતાવરણથી ટેવાયેલી રાજકુમારીએ આ અણધાર્યા સંયોગોમાં ધીરતાપૂર્વક બધું સમભાવે સહી લેવાની મક્કમતા જાળવી. સંસારના સુખોની ચંચળતા એણે પોતાનાં જીવનમાં સાક્ષાત અનુભવી. નટની જેમ સંસારના તખ્તા પર એણે નવાં નવાં રૂપો લેવાં પડ્યાં. સૈનિકનો લાલચુ જીવ સુંદર સ્વરૂપવતી રાજકુમારીના શરીરનું મૂલ્ય ઉપજાવવાની વેતરણમાં પડ્યો.

સાચે જ સ્વાર્થ એ કાતીલ ઝેર છે, એ ઝેર સ્વ અને પરને જીવતા મારી નાંખવાની સ્થિતિમાં મૂકી દે છે. સ્વાર્થમાં અંધ માણસો, જે છે એને જોઈ શકતા નથી, અને જે નથી એ એની આંખે જણાય છે.

[૨]

શતાનિક રાજાએ વિજેતાની અદાથી કૌશાબીમાં પ્રવેશ કર્યો. નગરીના પ્રજાજનોએ પોતાનાં રાજવીનો વિજય મહોત્સવ ઉજવ્યો. લશ્કરમાં રહેલા સૈનિકો વિજયના નશામાં ચકચૂર હતા. ચંપાને લૂંટીને જે ધનમાલ લઈને એ લોકો આવ્યા હતા, એથી એ લોકોનો ઉન્માદ માઝા મેલી ચૂક્યો હતો.

એવો જ એક ઉન્મત્ત સૈનિક આજે કૌશાંબીના ચોકમાં રાજકુમારી વસુમતીને લઈને ઊભો છે. એની આંખની શરમ સ્વાર્થના પાણીથી ધોવાઈ ગઈ છે. ચંપાના રાજવી દધિ-

વાહનની લાડકી વસુમતીને આ રીતે બજારમાં વેચાવા ઊભું રહેવું પડે છે એ પણ વિધિની વિચિત્રતા જ ને?

કર્મજન્ય વિષમતાને લજ્જાન્વત મસ્તકે એ બાળા આજે સહી રહી છે. એની આંખ સામે એનો ભવ્ય ભૂતકાળ ખડો થાય છે ક્ષણવાર એનું હૈયું ભરાઇ આવ્યું પણ એની સામે ભગવાન શ્રી મહાવીરદેવ તે કાળે જે જે ઉપસર્ગો સહી રહ્યા છે, તે બધું તેને યાદ આવ્યું.

'અનંત શક્તિના સ્વામી ભગવાન શ્રી મહાવીરદેવ, કેટ-કેટલા ઘોર ઉપસર્ગો સહે છે! અપાર કરુણાના સાગર શ્રમણ ભગવંત, અપૂર્વ સમતાથી, ઉત્કટ ધીરતાથી અને અપ્રતીમ-ક્ષમાથી જે સહી રહ્યા છે, ધન્ય તે વીરશિરોમણિ મહાવીર દેવને!' ભગવાન શ્રી મહાવીરદેવ આમ યાદ આવતાં રાજકુમારીનું હૃદય, ભક્તિ અને શ્રદ્ધાના નિર્મળપૂરથી ભરાઈ આવ્યું. એના આત્મા નમી પડ્યા

શાણી રાજકુમારી; ધનાવહની પ્રકૃતિ, વાતચીત પરથી સંતોષ પામી. ધર્મશ્રદ્ધાવાસિત ઉત્તમ આત્માને ત્યાં પોતાને આશ્રય મળ્યો, એથી એ બધાં દુઃખોને તદ્દન ભૂલી ગઈ. અત્યાર સુધી જાત પર વીતેલી આપત્તિઓથી એનો આત્મા હળવો બન્યો.

શેઠને ત્યાં એને સારી રીતે ગમી ગયું. ધનાવહ સ્વભાવે ઉદાર, ધીર, ગંભીર અને પરોપકારપરાયણ વાત્સલ્યહૃદયી હતો પોતાની દીકરીની જેમ વ્હાલથી એ વસુમતીને સાચવે છે. વસુમતી પણ બાપની જેમ શેઠની સાથે વ્યવહાર સાચવી રહી છે.

ધનાવહની પત્ની મૂળા, સ્વભાવથી ઈર્ષ્યાળુ છે કોઈનું સુખ, ઉન્નતિ કે ઉત્કર્ષ, એનાથી સહ્યાં જતા નથી. કેટલીક સ્ત્રીઓ મૂળથી ઉદાર, સહિષ્ણુ તેમજ પ્રકૃતિથી સરળ અને સંતોષી હોય છે જ્યારે કેટલીક સ્ત્રીઓમાં સ્વભાવથી જ અસંતોષ, ખટપટ, ક્ષુદ્રતા તેમજ માયાવીપણું ભારોભાર જાય છે. મૂળા, બીજાવર્ગની સ્ત્રી હતી વસુમતી પરનો ધનાવહનો નિષ્કૃત્રિમ પ્રેમ, વાત્સલ્ય તથા સ્નેહ આ બધું મૂળાની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગ્યાં.

વસુમતીની સરળ, શાંત તેમજ સુશીલ ને સહનશીલ સંયમી પ્રકૃતિ, ઘરમાં કે બહાર સહુ કોઇને શીતળ ચંદનની જેમ પ્રિય બની. ધનાવહે વસુમતીને બદલે ચંદના નામથી એને સંબોધવા માંડી: લોકો પણ તેને ચંદનની જેમ શીતલ અને સુવાસિત ગુણોવાળી હોવાથી એ જ નામથી ઓળખવા લાગ્યા

ચંદનાની પ્રિયતા મૂળાને ભડકે બાળી રહી છે. ઘરનાં બધા દાસ–દાસી, કઠોર મૂળા કરતાં મધુર ચંદનાની સાથે પ્રેમપૂર્વક વર્તી રહ્યા છે. ધનાવહનો સ્નેહ પોતાની વ્હાલી અને લાડકી દીકરીની જેમ ચંદના પર દિન–પરદિન વધતો જ રહ્યો. આ બધું મૂળાથી હવે સહ્યું જાય તેમ ન રહ્યું. એના હૈયામાં સંઘરાયેલા ઈર્ષ્યાગ્નિને લાકડા મળતાં રહ્યાં; તેમાં એક દિવસ મૂળાની નજર સામે, એની આંખને ભડકાવે તેવો પ્રસંગ બની ગયો.

તે દિવસે શેઠ દરરોજના સમયે જમવા માટે ઘેર આવ્યા. નિયમ મુજબ દાસ–દાસીઓ શેઠને પગ ધોવા માટે પાણી આપવા હાજર ન હતાં. ચંદના ત્યાં જ હતી. એણે પિતા પરના પુત્રીના સ્નેહપૂર્વક શેઠને માટે પગ ધોવાનું પાણી આપ્યું, ને પોતાના પિતાના ચરણોને ભક્તિપૂર્વક તેણે પોતે ધોવા માંડ્યા.

શેઠાણી મૂળા, મકાનની બારીમાંથી આ બધું જોઈ રહી છે. એની આંખોમાં પ્રેમનાં અમૃતને બદલે ઈર્ષ્યાનું ઝેર સળગી રહ્યું છે. એટલામાં ચંદનાના માથા પરના છૂટા વાળોની લટ પગ ધોતાં ધોતાં પાણીમાં ભીંજાઈ રહી છે. ચંદનાનાં માથામાંથી વિખેરાઈ રહેલા વાળોની લટ, પાણીમાં [illegible]

બધું ઉપર બેસીને ધ્યાનપૂર્વક જોતી મૂલા શેઠાણીને કાળ-
અને ક્રોધી નાંખનાં ખંજર જેવું લાગ્યું.

ઈર્ષ્યાળુ માણસો નિરર્થક સામાનું અશુભ કરવા માટે
ક્રૂર હૃદયી હોય છે. મૂળાનું હૃદય ક્રૂર બન્યું. કોઈ પણ
રીતે પોતાના માર્ગમાંથી ચંદનાનો કાંટો કાઢી નાંખવાને એ
તલપાપડ બની. એને શંકા પેઠી કે, 'વખતે ધનાવહ મને
રખડતી રાખી, ચંદનાની સાથે પાણિગ્રહણ કરે તો ?'
સામાના હૃદયમાં રહેલા નિર્મળ ભાવો ઈર્ષ્યાળુ આત્માઓ
ની આંખે વંચાતા જ નથી. કમળાવાળો બધે પીળું દેખતો
જ ફરે છે

શેઠ બે દિવસનાં કામ માટે બહારગામ ગયા, ત્યારે મૂળા
ઘરની સર્વસત્તાધીશ શેઠાણી બની. તેણે આજે ચંદનાનુ
કાસળ કાઢવાનું કૌભાંડ ગોઠવ્યું. ચંદનાને રીબાવીને મારી
નાંખવાનું એણે નક્કી કર્યું. એક ઓરડામાં ચંદનાને પૂરીને
તેણે હજામ પાસે તેનું માથુ મૂંડાવ્યું. લોખંડની મજબૂત
બેડીઓથી ચંદનાના હાથ-પગ જકડી, અવાવરા ભોંયરામાં
તેણે ચંદનાને પૂરી દીધી.

'હે રાંડ, હેતી જા, શેઠની માનીતી થઈ છો તો હવે
ખબર પડશે, કોણ તારો બાપ, તને મૂકાવે છે ?' કહી
ભોંયરાને તાળું મારી, ચાવી ઠેકાણે મૂકી તે ઉપર આવી.
આજે ઘણા દિવસે એની હૈયાવરાળ ઠરી ને તેના કલેજાને
ઠંડક વળી.

ઈર્ષ્યાળુ માણસ, બીજાને દુઃખી જોઈ રાજી થાય છે.

નિર્ગમન કરે છે. કદીય પણ ગ્લાનિ, દીનતા કે વિષાદની છાયા એના વદન પર જણાતી નથી, એવા પ્રસન્નવદન ભગવાન આજે ફરી કૌશાંબીમાં ભિક્ષાનો સમય વિત્યા પછી ભિક્ષા માટે નીકળ્યા.

બહારગામથી ઘેર આવેલા ધનાવહે, આવતાંની સાથે ચંદનાના સમાચાર જાણવા પ્રયત્ન કર્યો. દરરોજ પોતાની પાસે લાડકવાઈ દીકરીની જેમ જે ચંદના આવીને મધુર વાણીથી ઘરને ભરી દેતી હતી, તે ચંદનાની ગેરહાજરી શેઠથી ન સહન થઈ. ઘરના માણસોને પૂછ્યું. શેઠાણીના બીકથી કોઈ કાંઈ જ બોલ્યું નહિ. શેઠને ઘરનું વાતાવરણ ગંભીર લાગ્યું.

તેણે અકળાઈને મૂળાને પૂછ્યું; 'ચંદના, કેમ જણાતી નથી?' મૂળાની જીભ કુહાડાના ઘાની જેમ ફરી; 'તમારા એ શેઠાણી ક્યાં રખડે છે? એની અહિં કોણ ખબર રાખવા બેઠું છે.'

એક–બે દિવસ સુધી શેઠને કાંઈ સમજાયું નહિ પણ ત્રીજા દિવસે એની ધીરજ ખૂટી. ઘરના એકેએક માણસને તેણે કહી દીધું કે, 'જો ચંદનાના સમાચાર નહિ આપો તો તમને બધાને શિક્ષા કરીશ.' એટલે એક વૃદ્ધ દાસીએ ચંદનાની હકીકત જાણી હતી, તે બધી તેણે શેઠને કહી સંભળાવી. શેઠને આ ખબરથી હૃદયમાં આકરો ઘા લાગ્યો.

ત્રણ ત્રણ દિવસના ઉપવાસથી શ્રમિત ચંદનાને ભોંયરામાંથી બહાર કાઢવા માટે શેઠ ચાવી લઈને નીચે ગયા.

એકઠા થયા. ચંદનાને માટે આજનો દિવસ સોનાનો ઊગ્યો હતો. તેણે જાતે જ સંસારની અસારતા પ્રત્યક્ષ જોઈ હતી. સુખ અને દુઃખ બન્ને પ્રસંગોમાં એનો આત્મા નિષ્પ્રકંપ હતો. શ્રી મહાવીરદેવનું પારણું થયું એ એક આનંદપ્રદ હકીકતથી ચંદના પોતાની જાતને સમસ્ત સંસારમાં ધન્ય માનવા લાગી.

છ મહિનામાં છ દિવસ બાકી રહ્યે ભગવાનનું આ રીતે પારણું થયું અને ભગવાન ત્યાંથી બીજે પધારી ગયા.

રાજા શતાનિક અને રાણી મૃગાવતી, ચંદનાને જોઈ વિચારમાં પડ્યાં. રાજા દધિવાહનના અંતઃપુરના રક્ષક પાસેથી ચંદનાની મુખેથી હકીકત જાણી, મૃગાવતી ચંદનાને ભેટી પડ્યાં. રાજા દધિવાહન, મૃગાવતીની મોટી બ્હેન પદ્માવતીના પતિ હતા. એ દધિવાહનની પુત્રી ચંદના મૃગાવતીની ભાણેજ થતી. મૃગાવતીની આંખમાંથી હર્ષ–શોકનાં આંસુઓ વહેવા લાગ્યાં. પાંચ દિવ્યમાંની વસુધારાની વૃષ્ટિના દ્રવ્યને શતાનિક રાજા, ચંદનાના સંબંધી તરીકે લેવા લાગ્યો. એટલામાં ચંદનાના પુણ્યપ્રભાવથી આકર્ષાયેલ સુધર્મ ઇંદ્ર ત્યાં આવીને બોલ્યા: 'રાજન્! આ દ્રવ્ય તમારું નથી. પણ મહાસતી ચંદનાજીનું છે. તેઓની ઇચ્છા મુજબ દ્રવ્યની [illegible].' ચંદનાએ તે સઘળું દ્રવ્ય પોતાના પિતા તુલ્ય શેઠ ધનાવહને સોંપ્યું.

શ્રી મહાવીરદેવના પ્રથમ શિષ્યા થશે ,' કહી ઇંદ્ર મહારાજા ચાલ્યા ગયા. રાજા શતાનિક આગ્રહ કરી, ચંદનબાળાને પોતાના અંતઃપુરમા લઇ ગયા ફરી પાછા એ સુખી દિવસો મહાસતી ચંદનબાળાનાં જીવનમાં આટ-આટલી કસોટી બાદ ફરી વળ્યા.

પણ સંસારના સંયોગોની અનિત્યતા, વિપાક કટુતા અને પરિણામ અસારતા, જેના ધીર, ગંભીર આત્મામાં સુસ્થિર બની છે, તે વિવેકી ચંદનબાળાને હવે આ રાજ-વૈભવો સ્હેજ પણ આકર્ષી શકતા નથી.

અંતે પ્રભુશ્રી મહાવીરદેવના શરણે આવી, એ ચંદનાજી તેઓના પ્રથમ શિષ્યા-સાધ્વી થયા. છત્રીસ હજાર સાધ્વી-ઓના મુખ્ય મહત્તરા બન્યા. દેવ-દેવીઓ, રાજા-મહારાજા-ઓના પરિવારથી પૂજાતા તેઓ જીવનને નિર્મળ બનાવી સંસારસાગર તરી ગયા.



૬ : નારી તું નારાયણી

પોતાના આચારમાં અડગ રહેલી નારી એ સાક્ષાત્ દેવી છે. ઉન્માર્ગમાં આંધળાની જેમ પટકાતા આત્માને આવી ધર્મશીલ પવિત્ર નારી ખરેખર દીવાદાંડીરૂપ–બની, માર્ગદર્શક બને છે સુશીલ સ્ત્રી એ તો સંસારની શોભા છે. સંયમ એ એના આત્માનો અલંકાર છે.

આવી જ એક સુશીલ સ્ત્રીએ નગરનાં રાજવીનાં હૈયાની મીંચાયેલી આંખોને કેવી રીતે ઉઘાડી નાંખી તે આ કથા જ તમને કહેશે.

રાજા પ્રજાપાલના રાજકુલમાં મોદી ધર્મમિત્રનું ચલણ હતું. ધર્મમિત્ર પ્રમાણિક વ્યાપારી હતો. રાજકુલમાં મહારાણીથી માંડી એક સામાન્ય દાસીને પણ એની દુકાને છેતરાવાનો ભય નહિ. ગામમાં પણ ધર્મમિત્રનું નામ આવ્યું એટલે એના માલ માટે કે ભાવ માટે કોઇને કાંઈ પૂછવાનું નહિ. રાજાના મોદીની આ પ્રમાણિકતા માટે જો કોઈ પ્રેરણા મૂર્તિ હોય તો ધર્મમિત્રની સુશીલ પત્ની નિર્મલા હતી.

નિર્મલા આમ રૂપ–રૂપની અંબારરૂપ રતિનો અવતાર હતી, છતાં એનાં દેહ-સૌંદર્યની પાછળ આત્માનું સૌંદર્ય અનુપમ હતું. સ્ત્રી શરીરનું શીલહીન સૌંદર્ય અવશ્ય વિકૃત પુરુષોના સંસારને માટે શ્રાપરૂપ છે. પણ જો એ સૌંદર્યની સાથે સુશીલતા ભારેલી પડી હોય, તો એ સ્ત્રી સ સંસારમાં આશીર્વાદરૂપ છે. સુવાસ જેમ પુષ્પનું મૂલ્ય તેમ સુશીલતા સ્ત્રીશરીરની મહામૂલ્ય મૂડી છે.

પ્રજાપાલ રાજા આમ તો કે રાજધર્મમાં માનનારો ઉદાર દિલ રાજા હતો. પણ એના હજુરીયાઓમાં એક હજામ વિષયલોપી હતો. અયોગ્ય માણસોનો સંસર્ગ જતે દિવસે સારા માણસોને પણ જીવનમાં ડાઘ લગાડનારો બને છે.

પ્રજાપાલ માટે પણ આવું જ બન્યું.

એક વખતે રાજાની પાસે વાતો-ગામગપાટા ચાલતા હતા. ત્યાં જીવા હજામે ધીરે રહીને વાત મૂકી 'માલિક! કહું છું પણ વધારે પડતું કદાચ ગણાશે, તો પણ હજુરની આગળ કહેવામાં શરમ શી? આપણા આખા રાજ્યમાં મોદીના ઘરમાં જેવું માણસ છે, એવું તો કોઇ જગ્યાએ નહિ. અરે! ખુદ માલિકના અંતઃપુરમાં પણ નહિ.'

હજામની જીભને તાળુ ન હતું. આંખોના મચકારા મારતાં-મારતાં એણે વાતનો ભમરો મૂક્યો. રાજા પાસે તે વેળા બે-ચાર આવા જ ખુશામતખોરો સિવાય બીજું કોઈ જ ન હતું. બધાએ હજામની વાતમાં ટાપસી પૂરી. રાજાનું ચંચળ મન ક્ષણ વારમાં વિચારોના ચકડોળે ચડયું. જીવાએ વિકારનાં વિષને વધારવા માંડયું. 'શું રૂપ! શું તેજ! અરે શું સૌંદર્ય! જાણે ઇંદ્રલોકની અપસરા; હજુર આવું રૂપ તો જીવનભરમાં જોયું નહિ હોય.' હજામની લુચ્ચી જાતને બોલવાની કલા કોઇની પાસેથી શીખવાની હોતી નથી.

રાજાની મનોવૃત્તિમાં વિકારનું ઝેર આમ ધીરે રહીને

પ્રવેશતું ગયું. ' આવી સુંદર સ્ત્રી મારા મોદીને ત્યાં ! એક વખત એને જોઈતો લેવી, અને પછી એની શી તાકાત છે કે મારી ' હા 'માં એ ' ના ' કહી શકે ? '

અવસર પામીને જીવો હજામ, રાજાની દાઢ ગળી થઈ છે, એ જાણીને કહ્યા કરતો: ' માલિક ! આવું સ્ત્રીરત્ન એ તો આપના રાજમહેલમાં જ શોભે. કાગડાના કંઠે મોતીની માળા ન હોય. હીરાનો હાર તો રાજાના ગળે જ દીપે. '

રાજાએ આથી મોદીની સ્ત્રીને લલચાવવા પેંતરા શરૂ કર્યા. પોતાના ખાસ દાસ દાસી દ્વારા કિંમતી વસ્તુઓ નિર્મળાને તેણે ભેટ મોકલવા માંડી. શાણી નિર્મળા રાજાની બુરી દાનત જાણી ગઈ આવા હૈયાવિનાના રાજવીની મહેરબાની એ આગના ભડકા સાથેની રમત છે, એમ એ તરત પામી ગઈ. પોતાનાં મહામૂલ્ય શીલધનને સાચવવા માટે એ સાવચેતી રાખતી અને અવસર આવે કળથી કામ લેવાનો એણે નિશ્ચય કર્યો.

નિતનિત મોકલાતી ભેટો નિર્મળા આમ આનાકાની વિના સ્વીકારી લે છે; એ જાણ્યા પછી રાજાએ નક્કી કર્યું. 'જરૂર પંખી પાંજરામાં આવી ગયું છે.' કારણ કે વિકારવશ આત્માઓની સૃષ્ટિ, એના પોતાના માનસિક, વિકારોના પડછાયારૂપ એને લાગે છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'એ લોકોક્તિ આવા આત્માઓનાં માનસનું પ્રતિબિંબ પાડી જાય છે.

રાજાએ નિર્મળાને મળવા માટે હવે નવો તુક્કો ગોઠવ્યો. તેણે ખાસ કામ બતાવી, મોદીને એક અઠવાડીઆ માટે

પરગામ જવાનો આદેશ કર્યો. ધર્મમિત્રે જ્યારે નિર્મળાની આગળ પરગામ જવાની વાત કરી, એટલે ચતુર એવી તે, રાજાની દાનત જાણી ગઇ. તેણે જતી વેળા, પતિની સમક્ષ ... અથથી ઇતિ સુધી હકીકત કહી સંભળાવી.

ધર્મમિત્રને નિર્મળાની પવિત્રતા, દઢતા તથા ધીરતા પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા હતી. ભાનભૂલા રાજાને ઠેકાણે લાવવાની નિર્મળાની ચતુરાઇ માટે મોદીને માન હતું. એ પરગામ ગયો. ઘરનાં દાસ–દાસીઓને નિર્મળાએ સાવધ રહેવા સૂચના કરી દીધી

રાજાએ બીજી સવારે ખાસ માણસ દ્વારા છૂપું કહેણ મોકલ્યું. 'આજે સાંજે રાજાજી તમારે ત્યાં આવવાના છે' નિર્મળા પહેલેથી આ જાણતી હતી. તેણે રાજાને યોગ્ય બધી તૈયારીઓ કરાવી રાખી.

સાંજ પડી. દીવાબત્તી થયા, પણ પ્રજાના માલિક ગણાતા ાજવીનાં હૈયામાં પાપભાવનાનું અંધારું વધુ ગાઢ બન્યું. ાવસર મેળવી છૂપી રીતે તે મોદીના ઘરમાં ઘૂસ્યો. મોદીની ોએ દીવાનખાનું ખાસ શણગારીને રાખ્યું હતું. દાસ– ીઓ દ્વારા રાજાના આતિથ્ય માટે તેણે બધી તૈયારીઓ રાખી હતી. રાજાને એકાંત જોઇતું હતું. નિર્મળાના -સૌંદર્યની પૂંઠે પાગલ બનેલા પ્રજાપાલને આજે કાંઇ ભાન ન હતું. તે નિર્મળાને મળવા, તેની સાથે એકાંત માણવા ખૂબ જ અધીરો બન્યો હતો.

[૨]

આ બાજુ શેઠાણીના આદેશ મુજબ, ઘરના નોકરોએ રાજાને સારુ, ખાણા તથા પીણા માટે એક પછી એક વાનીઓ સુવર્ણજડિત થાળાઓમાં, મહામૂલ્ય કચોળાઓમાં હાજર કરવા માંડી. સુંદર, મોહક તથા સુગંધી ગુલાબજાંબુનો થાળ રાજાને માટે ત્યાં ગોઠવાયો. એક પછી એક ગુલાબ-જાંબુને જોતાં રાજાના મોઢામાંથી પાણી છુટ્યું. ખાસ પોતાની પ્રિયતમાએ પોતાના માટે તૈયાર કરેલી વાનીઓને હાથમાં લઈ રાજા મોઢામાં મૂકવા માંડ્યો.

પણ ત્યાં અચાનક એની દૃષ્ટિ એ મીઠાઈ પર પડી. એ બધી મીઠાઇ થોડી થોડી ખવાયેલી–કોઇની એંઠી કરેલી એને જણાઈ. ગુલાબજાંબુ કોઇએ મોઢામાં મૂકીને ખાઇને છાંડેલાં હોય એમ એને લાગ્યું.

તરત જ સત્તાવાહી સ્વરે તેણે હુકમ કર્યો. 'કોણ છે અહિં?'

"જી. હજુર હું છું." કહી એક દાસી ત્યાં હાજર થઈ. રાજાએ પૂછ્યું: 'આ બધા થાળ કોણે મોકલ્યા છે?'

'માલિક! અમારા શેઠાણીએ '

રાજાનો ગુસ્સો નરમ પડ્યો. તેના હૃદયમાં રહેલો મોહ વધુ ઘેરો બન્યો. તેણે વિચાર કર્યો: 'હમણાં થોડીવારમાં સુંદર શણગારોમાં મજ્જ થઈ તે આવશે' એટલામાં રાજાને માટે પીણું હાજર થયું. જુદા જુદા રંગના ૧૫-૨૦ મહામૂલ્ય પ્યાલાઓમાં થોડું થોડું કેસરી દૂધ નાંખેલું હતું. રાજાએ એક પછી એક પ્યાલો ઉપાડ્યો. એકમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એણે હાથ મૂક્યો; એ બધા પ્યાલાઓ હાથથી ઉપાડી મોઢામા મૂક્યા. પણ તેના આશ્ચર્યની વચ્ચે બધા પ્યાલાઓમાં એક જ વસ્તુ તેના મોઢામા પડી. તેની ધીરતા ખૂટી. તેણે પાસે ઉભેલી દાસીને હુકમ કર્યો. 'જા, તારી શેઠાણીને બોલાવી લાવ!' તરત જ બાજુના કમરામાંથી નિર્મળા ત્યાં આવી.

એનું અનુપમ તેજસ્વી દેહ-લાવણ્ય ઝગ-ઝગારા મારતું આખા ખંડને અજવાળી રહ્યું હતું. રાજાની વિકાર દૃષ્ટિમાં આ તેજ અસહ્ય બનતું જતું હતું. પવિત્ર તથા સત્વશાલી નિર્મળાની ભવ્ય દેહલતા, તેજઃ પુંજ મુખાકૃતિ અને મધુર સ્મિત ક્ષણભર પ્રજાપાલ રાજાને મૂર્છિત બનાવનારાં થયાં.

થોડીવાર નીરવતા છવાઈ. રાજાએ મૌન તોડ્યું. કાંઈક ગૂંગળાતા મીઠા શબ્દોમાં હસતા હસતા તે બોલ્યો: 'આ બધી શી રમત ચાલે છે?'

'કઈ રમત માટે આપ કહો છો?' નિર્મળાએ હૃદયના ભાવને ગૂઢ રાખીને ઉપરટપકે જવાબ આપ્યો.

'કેમ ? એટલું સમજી શકાતું નથી.' પ્રજાપાલે ફરી મીઠા અવાજે કહ્યું.

નિર્મળા એની પોતાની ચાલમાં હતી. માર્ગભૂલેલા રાજાને રાહપર લાવવાનો આ સુંદર મોકો તેણે ઈરાદાપૂર્વક ઉભો કર્યો હતો. તેણે ટોણામાં જવાબ આપ્યો: 'માલિક ! સમજાય છે તે નથી સમજાતું; અને નથી સમજાતું તે સમજાય છે.'

રાજા પ્રજાપાલ મોદીની સ્રીમાં રહેલી આ અજબ ચાલાકીને પહેલવહેલી જોઈ-જાણીને આશ્ચર્ય પામ્યો. રૂપની સાથે ચતુરાઈનું તેજ ભળેલું જોઈ તે દિંગ થઇ ગયો. આવી ચબરાક સ્રીની વાણીમાં રહેલી ગૂઢતાને પાર કરવા માટે તેણે ખૂબ મથામણ કરી. અકળાઇને તે બોલ્યો: 'આ કોઇની ખાધેલી એંઠી મીઠાઈ અહિં કેમ મૂકી છે ? શું કોઇનું એઠું ખાવાને હું અહિં આવ્યો છું ?'

'મહારાજ ! એમાં નવું શું છે ? આપ અહિં શા માટે આવ્યા છો, એ હું ને આપ બન્ને જાણીએ છીએ. પારકી એંઠને આભડાવવા માટે આપ અહિં પધાર્યા છો. એ હવે ક્યાં અજાણ્યું છે ?' નિર્મળાએ મોઘમ છતાં વેધક જબાનમાં રાજાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું.

નિર્મળાએ રાજાને કહ્યું: 'રાજન્! આપ પ્રજાના માલિક છો. પ્રજાના પાલક પિતા છો. પ્રજા એ તમારા પુત્ર-પુત્રીરૂપ સંતતિ છે. એના યોગ-ક્ષેમના રક્ષક તમે છો. પ્રજાનાં શીલ, પ્રજાની પવિત્રતા અને એનો ધર્મ આ બધાયના રક્ષક તમે. આજે તમારી દીકરીરૂપ ગણાતાં અમારા શીલ-ધનને લૂંટવા ચોરની જેમ છુપાઇને અત્યારે અહિ ઘૂસી આવ્યા છો, એ તમારા જેવા પ્રજાપાલકને શરમાવનારું લાંછનરૂપ નથી લાગતું? તમારા જેવા પિતા મોટીની એંઠ જેવી મને, જોઈ-સાંભળી મોહઘેલા બનીને જે અકાર્ય કરવા તમે તૈયાર થયા છો, એ સમજાય છે, છતા તમારા જેવાને એ નથી સમજાતું એ નવાઈ જેવુ છે.'

રાજા પ્રજાપાલના હૈયામાં આ શબ્દો આરપાર ઘુસી ગયા. તેનાં બીડાયેલાં વિવેક ચક્ષુઓ કંઈક ઉઘડવા માંડ્યાં. તેણે ફરી પૂછ્યું: 'આ વિવિધરંગી કિંમતી કચોળાઓમાં એનું એ દૂધ શા માટે થોડું થોડું નાંખ્યું છે? એક જ પ્યાલામાં સમાઈ શકે તેમ હતું, તો બધા પ્યાલાઓ નિરર્થક કેમ બગાડ્યા?' નરમ સ્વરે રાજાએ હૃદયની ગૂંચ જણાવી.

નિર્મળા જવાબ આપવા માટે તૈયાર હતી રાજાના સાન-ભાન ભૂલેલા પાગલ આત્માને ઠેકાણે લાવવા તે સાવધ હતી. તેણે ખુલાસો કર્યો; 'મહારાજ! આ પ્યાલાઓ બગડ્યા પણ એની શી કિંમત છે? પ્યાલાઓ બગડ્યા તે આપ સમજી શક્યા, પણ આપ આપના કરોડો-અબજોની મૂડી કરતાંયે વધુ મૂલ્યવાન આ માનવભવને બગાડવા

'કેમ ? એટલું સમજી શકાતું નથી.' પ્રજાપાલે ફરી મીઠા અવાજે કહ્યું.

નિર્મળા એની પોતાની ચાલમાં હતી. માર્ગભૂલેલા રાજાને રાહપર લાવવાનો આ સુંદર મોકો તેણે ઈરાદા-પૂર્વક ઉભો કર્યો હતો. તેણે ટોણામાં જવાબ આપ્યોઃ 'માલિક ! સમજાય છે તે નથી સમજાતું; અને નથી સમ-જાતું તે સમજાય છે.'

રાજા પ્રજાપાલ મોદીની સ્ત્રીમાં રહેલી આ અજાણ ચાલાકીને પહેલવહેલી જોઈ–જાણીને આશ્ચર્ય પામ્યો. રૂપની સાથે ચતુરાઈનું તેજ ભળેલું જોઈ તે દિંગ થઇ ગયો. આવી ચબરાક સ્ત્રીની વાણીમાં રહેલી ગૂઢતાને પાર કરવા માટે તેણે ખૂબ મથામણ કરી. અકળાઇને તે બોલ્યો: 'આ કોઇની ખાધેલી એંઠી મીઠાઈ અહિ કેમ મૂકી છે ? શું કોઇનું એઠું ખાવાને હું અહિં આવ્યો છું ?'

'મહારાજ ! એમાં નવું શું છે ? આપ અહિ શા માટે આવ્યા છો, એ હું ને આપ બન્ને જાણીએ છીએ. પારકી એંઠને અભડાવવા માટે આપ અહિ પધાર્યા છો. એ હવે ક્યાં અજાણ્યું છે ?' નિર્મળાએ મોહક છતાં વેધક જબાનમાં રાજાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું.

ઉત્તર સાંભળતાં રાજા હબકાઈ ગયો. એણે નહિ ધારેલી પરિસ્થિતિ આમ સહસા ઊભી થતી જાણી, એ નિરુત્તર બન્યો.

નિર્મળાએ રાજાને કહ્યું: 'રાજન્! આપ પ્રજાના માલિક છો. પ્રજાના પાલક પિતા છો. પ્રજા એ તમારા પુત્ર-પુત્રીરૂપ સંતતિ છે. એના યોગ-ક્ષેમના રક્ષક તમે છો. પ્રજાનાં શીલ, પ્રજાની પવિત્રતા અને એનો ધર્મ આ બધાયના રક્ષક તમે. આજે તમારી દીકરીરૂપ ગણાતાં અમારા શીલ-ધનને લૂંટવા ચોરની જેમ છુપાઈને અત્યારે અહિં ઘૂસી આવ્યા છો, એ તમારા જેવા પ્રજાપાલકને શરમાવનારું લાંછનરૂપ નથી લાગતું? તમારા જેવા પિતા મોહીની એંઠ જેવી મને, જોઈ-સાંભળી મોહઘેલા બનીને જે અકાર્ય કરવા તમે તૈયાર થયા છો, એ સમજાય છે, છતાં તમારા જેવાને એ નથી સમજાતું એ નવાઈ જેવું છે.'

રાજા પ્રજાપાલના હૈયામાં આ શબ્દો આરપાર ઘુસી ગયા. તેનાં બીડાયેલાં વિવેક ચક્ષુઓ કંઈક ઉઘડવા માંડ્યાં. તેણે ફરી પૂછયું. 'આ વિવિધરંગી કિંમતી કચોળાઓમાં એનું એ દૂધ શા માટે થોડું થોડું નાંખ્યું છે? એક જ પ્યાલામાં સમાઈ શકે તેમ હતું, તો બધા પ્યાલાઓ નિરર્થક કેમ બગાડ્યા?' નરમ સ્વરે રાજાએ હૃદયની ગૂંચ જણાવી.

નિર્મળા જવાબ આપવા માટે તૈયાર હતી. રાજાના સાન-ભાન ભૂલેલા પાગલ આત્માને ઠેકાણે લાવવા તે સાવધ હતી. તેણે ખુલાસો કર્યો; 'મહારાજ! આ પ્યાલાઓ બગડ્યા પણ એની શી કિંમત છે? પ્યાલાઓ બગડ્યા તે આપ સમજી શક્યા, પણ આપ આપના કરોડો-અબજોની મૂડી કરતાંયે વધુ મૂલ્યવાન આ માનવભવને બગાડવા

તૈયાર થયા છો; એનું કેમ? જૂદા-જૂદા રંગના પ્યાલાઓમાં વસ્તુ તો એક જ હતી, એ આપ જાણી શક્યા; તો રૂપ-રંગ કે દેહાકૃતિથી જુદી-જુદી ગણાતી સ્ત્રીઓમાં વસ્તુ તો એક જ છે; છતાં આપ આ રીતે પાગલ બની અધર્મ માર્ગે જવાને તૈયાર થયા છો એ આપના જેવા નરપુંગવ ગણાતા રાજવીને કલંકરૂપ અપકૃત્ય નથી શું? આપના આ અંધાપાને ટાળવા માટે જ મેં આમ કર્યું છે, એ સિવાય આપના અંતરચક્ષુ પર આ મોહનું આવરણ કોઈ રીતે ખસે એમ ન હતું.'

નિર્મળા જેવી સુશીલ સતી સ્ત્રીના મક્કમતાપૂર્વક બોલાતા શબ્દો રાજાના અંતરને અજવાળી ગયાં.

એનાં અજ્ઞાનતાનાં પડળો દૂર થયાં.

અને ત્યારથી એનાં જીવનનો રાહ બદલાઈ ગયો. ખરાબે ચઢેલા પોતાના જીવન-નાવને રાહ પર લાવી પોતાના માટે માર્ગદર્શક ગુરુ તરીકે બનનાર પોતાની સ્ત્રી નિર્મળાના, પોતાના પરના એ અનન્ય ઉપકારને રાજા પ્રજાપાલ ત્યારબાદ જીવનભર કદિ ભૂલી શક્યો નહિ.

એ પાછો ફર્યો હંમેશને માટે આવા અકાર્યથી.

ધન્ય હો નારીશક્તિની પવિત્રતાને!

ખરેખર આવી પવિત્ર નારી એ નારાયણી છે.

૭ : એ પાણી ક્યાંથી આવ્યું ?

માનવનું મન કેટ-કેટલું નિર્બલ છે! ઘડીક પહેલાં એને સારી વસ્તુ જોતાં રાગ ઉદ્ભવે છે, બીજી ઘડીએ એ જ વસ્તુના પરિણામમાં પરિવર્તન આવતાં તેને વિદ્વેષ જાગે છે. પણ જ્ઞાતા તથા દૃષ્ટા આત્માઓની સ્થિતિ તો કોઈ ઓર જ હોય છે. તેઓ તો પુદ્ગલજન્ય વિકૃતિઓને તરત જ પીછાની લે છે. માટે જ જીવનની પ્રત્યેક ક્ષણોમાં સમભાવ તેઓના માટે સહજ બને છે. રાજા અને મંત્રી બન્ને વચ્ચે ન સમજાય તેવું અંતર કઈ રીતે રહી ગયું ? ને વિચક્ષણ મંત્રી સુબુદ્ધિએ કઈ રીતે રાજાની શ્રમણાને ભાંગી તે આ કથા કહી જાય છે

તે વેળા જિતશત્રુ રાજા ચંપાનાં રાજ્યનો સ્વામી હતો. ધારિણી પટ્ટરાણી હતી. અદીનશત્રુ નામે તેને યુવરાજ હતા; તેના રાજ્યનો બધો કારભાર સુબુદ્ધિ નામનો શ્રમણોપાસક તેનો મંત્રી ચલાવતો.

સુબુદ્ધિ વિવેકશીલ શ્રાવક હતો. જિતશત્રુ રાજા દરેક કાર્યમાં મંત્રીની સલાહ લેતો. એક વેળા રાજાએ પોતાના આંગણે મહોત્સવ માંડ્યો હતો. તે નિમિત્તે તેણે પોતાને ત્યાં રાજ્યના અધિકારી, સામંતો તેમજ ધનાઢ્યોને ભોજનનું આમંત્રણ કર્યું.

પાંચ પકવાન, બત્રીશ શાક ઇત્યાદિ સુંદર પ્રકારની રસવતી તૈયાર થઈ. સહુની સાથે ભોજન કરતાં-કરતાં રાજાએ ખૂબ રસપૂર્વક પોતાની રસોઈની પ્રશંસા કરી.

તેણે કહ્યું : 'આજની રસોઈ ઘણી જ સરસ બની છે. તેનું રૂપ, તેનો રસ, ને તેનો સ્પર્શ કેટલો સુંદર છે! ભોજન કેવું દીપક, રોચક ને સ્વાદવાળું છે. જમતાં બત્રીશ કોઠાઓને ઠંડક આપે તેવું જમણ, ખરેખર સર્વશ્રેષ્ઠ છે.' આ બધું સહુએ સાંભળ્યું, ને રાજાની 'હા'માં સહુએ હા મેળવી

પણ વિવેકશીલ અને ગંભીર એવા મંત્રીએ થોડીવાર પછી રાજાને જણાવ્યું: 'પ્રભુ! આપે કહ્યું તે બરાબર છે પુદ્ગલના આ પ્રકારના સ્વભાવમાં કાંઈ પણ નવું નથી, છતાં આ બધી વસ્તુઓ એકાતે સારી જ છે, કે એકાંતે નબળી જ છે, એમ ન જ કહી શકાય. જે વિષય આજે મનોહર દેખાય છે, તે વિષય બીજી જ ક્ષણે ખરાબ બની જાય છે. જે પુદ્ગલો એક ક્ષણે શ્રવણને ગમે તેવા મધુર હોય છે, તે બીજી ક્ષણે શ્રવણને ન ગમે તેવા કઠોર ને કર્ણકટુ બની જાય છે. અને જે પુદ્ગલો આંખને અત્યંત પ્રસન્નતા આપનારા હોય છે તે કોઇવાર જોવા પણ ન ગમે તેવા થઈ જાય છે સુગંધી પુદ્ગલો કેટલીક વાર માથું ફાટી જાય તેવાં દુર્ગંધયુક્ત પણ થઇ જાય છે; અને દુર્ગંધી પુદ્ગલો માથાને તર કરે તેવી સુવાસ આપનારા પણ બને છે જે જીભને સ્વાદ આપનારા પુદ્ગલો હોય, તે બીજી ક્ષણે બેસ્વાદ અને ચાખવા પણ ન ગમે તેવું બને છે. ને વળી મધુર પણ કોઈવાર થઇ જાય છે. જે પુદ્ગલોનો સ્પર્શ કરવાનું આપણને વારંવાર મન થાય તે જ પુદ્ગલો કેટલીકવાર અડકવા પણ ન ગમે તેવા થઈ જાય છે. જ્યારે

કેટલીકવાર તેથી ઉલટું પરિણામ પણ આવે છે. એટલે–અમુક વસ્તુ સારી અને અમુક વસ્તુ ખરાબ છે, એવો એકાંત નિયમ નથી. કેટલીક વાર સરસ વસ્તુ સંયોગોવશાત્ બગડી પણ જાય છે અને ખરાબ વસ્તુ સુધરી પણ જાય છે. એ તો માત્ર પુદ્ગલોનો સ્વભાવ અને સંયોગની વિચિત્રતા છે.'

વિવેકશીલ સુબુદ્ધિની આ હકીકત જિતશત્રુને ગમી નહિ, કારણ કે તેના હૈયામાં હજુ મિથ્યાત્વ ઘેરાતું હતું; છતાં વધુ ચર્ચા ન કરતાં તે ચૂપ રહ્યો.

એક વાર જિતશત્રુ રાજા ઘોડેસ્વાર થઈને મોટા પરિવારની સાથે નગરની બહાર એક ખૂબ દુર્ગંધ મારતી ખાઈ હતી, ત્યાં થઈને જઈ રહ્યો છે. તેમાં રહેલા પાણીનો રંગ ઘણોજ ખરાબ હતો. ગંધ તો સડેલા મડદા જેવી હતી, તેનું ગંદું પાણી સંખ્યાબંધ કીડાઓથી ખદબદતું હતું. ...યાં તે પાણીની અસહ્ય દુર્ગંધથી તેને નાક દાબવું પડ્યું. ...ડુંક આગળ જઈને રાજાએ પોતાના માણસોની આગળ ... ખાઈના પાણીની દુર્ગંધથી કંટાળીને કહ્યું: 'આના ...ણીનો રંગ ઘણો જ ખરાબ છે. અને ગંધ તો ...લા મુડદા જેવી છે. એટલા ઉપરથી જ તેના સ્વાદ અને ...ની પણ અટકળ કરી શકાય છે.'

રાજાની આ વાત પણ જ્ઞાતા અને દ્રષ્ટા મંત્રી સિવાય બીજા બધાએ કબૂલ રાખી. માત્ર સુબુદ્ધિ મંત્રીએ કહ્યું; 'સ્વામિન્! મને તો તમારી આ વાતમાં કંઈ નવાઈ લાગતી

નથી. મેં પહેલાં કહ્યું હતું તે પ્રમાણે આ બધી પુદ્ગલોના સ્વભાવની વિચિત્રતા જ છે.'

રાજા જિતશત્રુને કાંઇક ખોટું લાગ્યું. તેણે સુબુદ્ધિને કહ્યું: 'તારો અભિપ્રાય બરાબર નથી. મને તો તારું કથન દુરાગ્રહભરેલું જ લાગે છે. જે સારી વસ્તુ છે તે સારી જ છે અને જે ખરાબ વસ્તુ છે તે ખરાબ જ છે. તેનો સ્વભાવ પલટાઇ જાય એવું તે કાંઈ બનતું હશે કે ?'

રાજાના કથન પરથી સુબુદ્ધિને લાગ્યું કે, 'વસ્તુ માત્ર પરિવર્તનશીલ છે' એ વાત રાજા જાણતો નથી; માટે મારે પ્રત્યક્ષ પ્રયોગ કરી બતાવીને રાજાને જૈન સિદ્ધાંતમાં કહેલું વસ્તુનું સ્વરૂપ બરાબર સમજાવવું જોઈએ.

જૈન શાસન કહે છે કે, 'વસ્તુ માત્ર દ્રવ્યપર્યાય ઉભય રૂપ છે.' દ્રવ્ય વિનાના પર્યાયો અને પર્યાયો વિનાનું દ્રવ્ય હોઈ શકે જ નહિ. એક દ્રવ્યના અનંતા પર્યાયો પણ ક્ષણે-ક્ષણે પરિવર્તન પામી રહ્યા છે. તેમાં પુદ્ગલ તો સડન, પડન અને વિધ્વંસરૂપ હોવાથી એના પર્યાયો વિચિત્ર રીતે પલટાયા જ કરે છે.' આ હકીકત રાજાના ધ્યાનમાં આવે માટે મારે ખાઈના આ ગંદા પાણીને જ સુંદર કરી બતાવવું જોઈએ.

આમ વિચાર કરી ઘેર પાછા આવ્યા બાદ મંત્રીએ બજારમાંથી કોરા નવ ઘડાઓ મંગાવ્યા, અને પોતાના [illegible] ઘડાઓમાં ખાઈનું ગંદું પાણી બરાબર ગળીને

ભરાવી મંગાવ્યું ત્યારબાદ તેણે તે ઘડાઓ બરાબર બંધ કરી સાત દિવસ રાખી મૂકયા. અને તે બાદ બીજા નવ ઘડાઓ મંગાવી તે પાણી તેમાં ફરી ગળીને નંખાવ્યું. તથા દરેકમાં તાજી રાખ નંખાવી. સાત દિવસ ફરી નવા ઘડા મંગાવી તેણે તે પ્રમાણે જ ફરી આમ કરાવ્યું. આમ સાત અઠવાડિયા સુધી તેણે પાણી વારંવાર પોતાના માણસો દ્વારા ફેરવાવ્યા કર્યું, તથા તેમા તાજી રાખ નખાવ્યા કરી.

સાતમે અઠવાડિએ એ પાણીનો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સ્વચ્છમાં સ્વચ્છ પાણી જેવો થયો. તે ઇંદ્રિયો અને શરીરને આહ્લાદ આપે તેવું પથ્ય, હલકું અને સ્ફટિક જેવું નિર્મળ થયું. એ ઉત્તમ પાણીને વધુ ઉત્તમ બનાવવા સુબુદ્ધિએ તેમાં સુગંધી વાળો, મોથ વગેરે દ્રવ્યો મેળવ્યા અને રાજાના સેવકને એ પાણી આપ્યું. તેણે તે પાણી ભોજન વખતે રાજાને આપવાની સૂચના કરી. રાજાએ ભોજન લીધું. બાદ રાજાના સેવકે તે પાણી આપ્યું. જમ્યા પછી રાજાએ પાણી પીને તેના ખૂબ વખાણ કર્યાં, અને સાથે જમનારા બધા માણસોને તેણે કહ્યું, 'આપણે જે પાણી અત્યારે પીધું તે ઉત્તમોત્તમ છે. શું એનો સ્વાદ ! શું એનો રંગ ! શી એની ગંધ અને કેવી એની હિમ કરતાં એ વધારે શીતળતા ! હું તો આવા પાણીને સર્વશ્રેષ્ઠ જળ કહું છું.' વખાણ કરતા કરતા રાજાએ સેવકને પૂછયું, 'આ પાણી તેં કયાંથી મેળવ્યું ?'

સેવક બોલ્યો : 'મહારાજ ! એ પાણી મંત્રીશ્વરને ત્યાંથી આવેલું છે.'

ગભરાતો નથી. વસ્તુના પર્યાયોનું યથાર્થ ભાન થવાથી વિવેકી આત્માઓ પોતાનો સમભાવ ટકાવી બરાબર મધ્યસ્થ રહી શકે છે. આથી રાગ-દ્વેષ તથા કષાયોના યોગે મલિનતા તેના આત્મામાં આવતી નથી.'

શ્રમણોપાસક સુબુદ્ધિ મંત્રીની આવી સરસ વાત સાંભળીને રાજાને જૈન સિદ્ધાંતનું રહસ્ય સમજવાની તીવ્ર ઈચ્છા થઈ. ત્યારબાદ સુબુદ્ધિ મંત્રીએ રાજાને જૈન સિદ્ધાંતમાં કહેલું જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ સમજાવ્યું. રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો.

ક્રમશઃ સદ્ગુરૂની નિશ્રાયે રત્નત્રયીની આરાધના કરી તે બન્ને કર્મ ખપાવીને મુક્તિપદને પામ્યા.



મગધનો નાથ આ બધું સાંભળી આશ્ચર્ય પામ્યો. તેનાં ભક્તિભાવભર્યાં હૃદયમાં પ્રસન્નતાની લાગણી થઈ આવી. ‘ અહા ! ધન્ય તે મહામુનિ ! જેના અનુપમ તપધર્મને જગદ્‌ગુરુ સ્વયં પ્રશંસે છે. વંદન તે મહર્ષિના ચરણોમાં.’ આમ વિચારી શ્રેણિક ત્યાંથી ઉઠ્યો અને તપોવનમાં આવ્યો.

વૃક્ષોની ઘટાઓથી છવાયેલા એ ઉદ્યાનમાં મહારાજાએ ચોમેર નજર ફેરવી, પણ એ મહર્ષિનાં પુણ્ય દર્શન એને ન થયાં. આજુબાજુમાં ધારી–ધારીને એણે જોયું તો ત્યાં એક હાડપીંજર જેવું કાંઈક એની દૃષ્ટિમાં પડ્યું.

એ જ મહર્ષિ ધન્નાજી હતા.

છઠ્ઠ અને પારણે રસ–કસ વિનાનો આયંબીલનો આહાર; એથી એ તપસ્વીનો દઢ દેહ બળેલા બાવળના કોલસા જેવો શ્યામ પડી ગયો હતો. એ શ્યામ દેહ પર તપોબળનું તેજ તગતગી રહ્યું હતું. વાતાવરણ તદ્દન શાંત હતું. આજન્મ વૈરી પશુઓ પણ એ અણગારના તપતેજે વેર–ઝેર ભૂલી શાંતિનો અનુભવ કરતા હતા.

એ મહર્ષિનું મસ્તક તડકા ખાધેલ સુકાં તુંબડા જેવું થયું હતું. તેજથી તગતગતા, દિવ્ય પ્રકાશ પાથરી રહેલાં બે નેત્રો ઊંડા ઊતરી ગયેલાં હતાં, જાણે કે આત્માની ગુફામાં તેનું દર્શન કરી રહ્યાં હોય તેવા તે જણાતાં હતાં. બે [illegible] તદ્દન સુક્કા અને શ્યામ હતા. જીભ તો પલાશનાં પાંદડાં જેવી [illegible] હતી. હાથ–પગની આંગળીઓ જાણે કે

એ મહર્ષિ આજે માનવલોકમાં નથી, છતાં તેઓનો અદ્‌ભુત વૈરાગ્ય, ઘોર તપ અને અપૂર્વ આત્મસમાધિ; આજે આપણાં હૈયાને હચમચાવી મૂકે છે. આપણું ભાવભીનું હૃદય આજે પણ તેઓને નમી પડે છે. એ મહાપુરુષોના ગુણો ગાતાં-ગાતાં આપણી જીભ હજુ પણ થાકતી નથી. આજે પણ આપણે બોલીએ છીએ,

મુનિવર ચૌદ હજારમાં, શ્રેણિક સભા મોઝાર;
વીરે જેને પ્રશંસીયો, ધન ધન્નો અણગાર.



જગદુદ્ધારક ભગવાનશ્રી મહાવીરદેવના જન્મથી માતા ત્રિશલાદેવીએ પોતે જોયેલા ચૌદ મહાસ્વપ્નો ફળ્યા માની તેઓનું હૃદય હર્ષના મહાસાગરમાં હીલોળા ભરવા માંડ્યું. ભગવાનના જન્મની સાથે તે વેળાએ ત્રણેય લોકમાં શાંતિ, સુખ તથા શીતળતાની નિર્મળ હવા ફેલાઇ ગઈ. વાતાવરણમાં પવિત્રતાનો પમરાટ પથરાયો. ખરેખર રાગ દ્વેષ તથા અજ્ઞાનનાં ગાઢ અંધકાર પડળોને વિદારનાર તેજસ્વી–સૂર્યસમા દેવાધિદેવ શ્રી મહાવીર ભગવંતનો મહિમા અલૌકિક તથા અદ્ભૂત હતો.

નાના યોગે પ્રાપ્ત થતી શક્તિઓ જગતના સમસ્ત આત્માઓને માટે આ રીતે આશીર્વાદરૂપ બને છે—એ નિઃશંક છે.

આમલકી ક્રીડાના અવસરે બાલ વર્ધમાનકુમાર, દેવને બબ્બે વખત પરાભવ કરે છે. શક્તિશાળી વર્ધમાનનાં સત્ત્વ, ધૈર્ય તથા પરાક્રમ કોઈ અજબ કોટિના છે દેવ છેવટે પરાજય સ્વીકારી બાલવર્ધમાનની સ્તુતિ કરી પોતાના અપરાધની ક્ષમા યાચી પોતાના સ્થાને ચાલ્યો જાય છે. અતુલબલી વર્ધમાનકુમારનાં પરાક્રમની યશોગાથા તે વેળા આખાયે નગરમાં ફેલાઇ.

માતા-પિતા પોતાના પુત્ર વર્ધમાનકુમારને ભણાવવાને માટે પાઠશાળામાં લઈ જાય છે ત્રણ ત્રણ વિશિષ્ટ જ્ઞાનના સ્વામી ભગવાનનાં હૃદયની વિશાળતા સાગર કરતાંયે અધિક છે વાણીની ગંભીરતા, આત્માની ધીરતા અદ્ભૂત છે. પાઠશાળાના શિક્ષકને જ્યારે સમન્વય છે કે, આ બાલક તો જ્ઞાનનો સ્વયંભુરમણ છે, ત્યારે તે પાઠક પોતાના હૃદયની શંકાઓ પ્રગટ કરી બાળ વર્ધમાનકુમાર પાસેથી સમાધાન મેળવે છે.

યૌવનવયે ભગવાન મહાવીર, યશોદાની સાથે પાણિગ્રહણ કરે છે જળકમળની જેમ નિર્લેપ બનીને સંસારના સુખોમાં મહાવીર ભગવંત હૃદયથી વિરક્ત રહે છે. ઋદ્ધિ-સિદ્ધિ તથા સમૃદ્ધિ, રાજ-પાટનાં અપાર વૈભવો, આ બધાયની વચ્ચે વૈરાગ્ય રંગથી રંગાયેલા ભગવાન વીરનો મહાન આત્મા ઉદાસીનપણે અનાસક્ત ભાવે રહે છે.

જગદુદ્ધારક ભગવાનશ્રી મહાવીરદેવના જન્મથી માતા ત્રિશલાદેવીએ પોતે જોયેલા ચૌદ મહાસ્વપ્નો ફળ્યા માની તેઓનું હૃદય હર્ષના મહાસાગરમાં હીલોળા ભરવા માંડયું. ભગવાનના જન્મની સાથે તે વેળાએ ત્રણેય લોકમાં શાંતિ, સુખ તથા શીતળતાની નિર્મળ હવા ફેલાઇ ગઈ. વાતાવરણમાં પવિત્રતાનો પમરાટ પથરાયો. ખરેખર રાગ દ્વેષ તથા અજ્ઞાનનાં ગાઢ અંધકાર પડળોને વિદારનાર તેજસ્વી-સૂર્યસમા દેવાધિદેવ શ્રી મહાવીર ભગવંતનો મહિમા અલૌકિક તથા અદ્ભૂત હતો.

જન્મ થતાંની સાથે દેવ-દેવેન્દ્રોનાં ઇંદ્રાસનો કંપી ઉઠયા. અસંખ્યાત દેવ-દેવીઓનાં પરિવારની સાથે ઇન્દ્રોએ મેરૂ શિખર પર ભગવાન શ્રી મહાવીરદેવનો જન્મ મહોત્સવ ઉજવીને પોતાની જાતને ધન્ય બનાવી. પૂર્વકાલીન અનેક ભવોની ઉત્કટ કોટિની આરાધનાના પ્રભાવે ભગવાન શ્રી મહાવીરદેવનું પુણ્યતેજ ખરેખર અપ્રતીમ છે. શક્રેન્દ્રને ભગવાનનાં શરીરબળ વિષે શંકા જાગે છે, તે વેળા અનંતબલી શ્રી વીરભગવાને પોતાના પગના અંગૂઠાથી લાખ-લાખ યોજનના મેરૂને કંપાવ્યો, બાળ એવા વીરભગવંતનું એ કેવું અગાધ પરાક્રમ ?

નાના યોગે પ્રાપ્ત થતી શક્તિઓ જગતના સમસ્ત આત્માઓને માટે આ રીતે આશીર્વાદરૂપ બને છે—એ નિઃશંક છે.

અમલકી ક્રીડાના અવસરે બાલ વર્ધમાનકુમાર, દેવનો બબ્બે વખત પરાભવ કરે છે. શક્તિશાળી વર્ધમાનનાં સત્વ, ધૈર્ય તથા પરાક્રમ કોઈ અજબ કોટિનાં છે. દેવ છેવટે પરાજય સ્વીકારી બાલવર્ધમાનની સ્તુતિ કરી પોતાના અપરાધની ક્ષમા યાચી પોતાનાં સ્થાને ચાલ્યો જાય છે. અતુલબલી વર્ધમાનકુમારનાં પરાક્રમની યશોગાથા તે વેળા આખાયે નગરમાં ફેલાઈ.

માતા-પિતા પોતાના પુત્ર વર્ધમાનકુમારને ભણાવવાને માટે પાઠશાળામાં લઈ જાય છે. ત્રણ ત્રણ વિશિષ્ટ જ્ઞાનના સ્વામી ભગવાનનાં હૃદયની વિશાળતા સાગર કરતાંયે અધિક છે વાણીની ગંભીરતા, આત્માની ધીરતા અદ્ભૂત છે. પાઠશાળાના શિક્ષકને જ્યારે સમજાય છે કે, આ બાલક તો જ્ઞાનનો સ્વયંભુરમણ છે, ત્યારે તે પાઠક પોતાના હૃદયની શંકાઓ પ્રગટ કરી બાળ વર્ધમાનકુમાર પાસેથી સમાધાન મેળવે છે.

યૌવનવયે ભગવાન મહાવીર, યશોદાની સાથે પાણિગ્રહણ કરે છે જળકમળની જેમ નિર્લેપ બનીને સંસારના સુખોમાં મહાવીર ભગવંત હૃદયથી વિરક્ત રહે છે. ઋદ્ધિ-સિદ્ધિ તથા સમૃદ્ધિ, રાજ-પાટનાં અપાર વૈભવો, આ બધાયની વચ્ચે વૈરાગ્ય રંગથી રંગાયેલા ભગવાન વીરનો મહાન આત્મા ઉદાસીનપણે અનાસક્ત ભાવે રહે છે.

વૈરાગ્યના મહાસાગર ભગવાન શ્રી મહાવીરદેવ, ત્રીશ વર્ષની ભરજુવાનીમાં વૈભવો, ઋદ્ધિ તથા સંપત્તિઓના અઢળક સાધનોને લાત મારી, કાર્તિક વદિ ૧૦ના મંગળ દિવસે ત્યાગના પવિત્રમાર્ગે પ્રયાણ આદરે છે.

ભગવાન શ્રી મહાવીર, રાજઋદ્ધિનો ત્યાગ કરીને સંસારને એક જ ઉપદેશ આપી રહ્યા છે. 'સુખ જોઈતું હોય, શાશ્વત, અખંડ તથા સ્વતંત્ર સુખ મેળવવું હોય તો સંસારના માયા, મોહ તથા મમતાનાં બંધનોને ત્યજી દો. આત્માને પામર બનાવનાર આ બધા ભાવશત્રુઓનો પરાજય કરનાર જ વીર બની શકે છે. વીરતાનો, ઉન્નતિનો તથા આત્મપ્રગતિનો આ જ એક રાજમાર્ગ છે.'

સ્વેચ્છાએ સંસારના સુખોને સાપ જેમ કાંચળી ફેંકી દે તેમ ત્યજીને સંસારમાંથી નીકળતા શ્રી વર્ધમાનકુમાર આ રીતે સંસારનાં સુખોની અસારતા જગતને સુણાવી રહ્યાં છે

સંયમ સ્વીકાર્યા પછી, ભગવાન વીર પ્રભુ, સાડા બાર વર્ષ સુધી ઉગ્ર તપ તથા ઘોર ઉપસર્ગોને હૃદયની પ્રસન્નતાપૂર્વક અપૂર્વ ધૈર્યથી સહન કરતા રહે છે. અનંત બળના સ્વામી તેઓ કોઈના પ્રત્યે પણ અરે! પોતાની જાત પર ભયંકર ઉપદ્રવો કરનાર પ્રત્યે પણ, કોપ કરતા નથી. કોઈના પ્રત્યે રોષ નહિ રાખતા તેઓ પોતાના પૂર્વ દુષ્કૃતને ખપાવવા તત્પર રહે છે. બહારથી, અંદરથી તથા બન્ને રીતે શમ, ઉપશમ તથા પ્રશમને ધારણ કરનાર શ્રી વીરભગવંતનું જીવન ખરેખર મેરુ કરતાં અધિક બન્યું.

ક્ષમાના સાગર ભગવાન શ્રી મહાવીરે પોતાના બળનો કે આત્મશક્તિનો ઉપયોગ, કેવળ નિજના ભાવશત્રુ કર્મ કષાયોને જીતવાના માર્ગે જ કર્યો. ત્યારથી ભગવાન વર્ધમાન સ્વામી વીરના વીર મહાવીર તરીકે ત્રણેય લોકમાં પ્રસિદ્ધ થયા. સત્ત્વશાળી ભગવાન મહાવીર ગોવાળ જેવા ક્ષુદ્ર માનવો કે સંગમ જેવા હીન દેવો દ્વારા કરાતા ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે છે. ક્ષમાસાગર વીરભગવંત આ બધા ઉપસર્ગોનાં તુમુલ તોફાનોની વચ્ચે મેરુની જેમ અકંપ રહે છે.

કર્મવિવશ આત્માઓની ભાવદયા ચિંતવતાં વૈરાગ્યવાસિત ભગવાન મહાવીર ત્યાગના માર્ગે સંયમપૂર્વક અપ્રમત્તપણે વિહરી રહ્યા છે. ત્યાગને દીપાવનાર ક્ષમા ખરેખર તેઓનાં જીવનની નિર્મળતાને વધુ રંગી રહી છે. આથી કહી શકાય કે–'સાચું બળ તે જ કે જે બળ દ્વારા ખરાબ કરનારનું ભલું કરવાની અપૂર્વ ક્ષમા, અનુપમ ધીરતા કે અલૌકિક વીરતા ઇત્યાદિ સ્હેજે જીવનમાં જાગ્રત હોય. સંયમ કે વિવેક વિનાનું બળ કેવળ પાશવી જ કહી શકાય.'

આજે આપણી આસપાસ જે બની રહ્યું છે, તેનો વિવેકપૂર્વક વિચાર કરતાં સ્હેજે સમજી શકાય છે કે, 'બુદ્ધિ શક્તિ કે સંપત્તિને પામેલા માનવો આજે અહં–મમતાના તોફાની નાદે ચઢીને જગતમાં અકાળે સર્વનાશને આમંત્રી રહ્યા છે' આની સામે ૨૪૦૦ વર્ષ પહેલાં જીવન જીવીને સંસારને જીતી જનારા, ભગવાન શ્રી મહાવીરદેવના આ બધા ગુણો આપણને કોઈ અપૂર્વ બોધપાઠ આપી જાય છે.

વૈરાગ્યના મહાસાગર ભગવાન શ્રી મહાવીરદેવ, ત્રીશ વર્ષની ભરજુવાનીમાં વૈભવો, ઋદ્ધિ તથા સંપત્તિઓના અઢળક સાધનોને લાત મારી, કાર્તિક વદિ ૧૦ના મંગળ દિવસે ત્યાગના પવિત્રમાર્ગે પ્રયાણ આદરે છે.

ભગવાન શ્રી મહાવીર, રાજઋદ્ધિનો ત્યાગ કરીને સંસારને એક જ ઉપદેશ આપી રહ્યા છે. 'સુખ જોઈતું હોય, શાશ્વત, અખંડ તથા સ્વતંત્ર સુખ મેળવવું હોય તો સંસારના માયા, મોહ તથા મમતાનાં બંધનોને ત્યજી દો. આત્માને પામર બનાવનાર આ બધા ભાવશત્રુઓનો પરાજય કરનાર જ વીર બની શકે છે. વીરતાનો, ઉન્નતિનો તથા આત્મપ્રગતિનો આ જ એક રાજમાર્ગ છે.'

સ્વેચ્છાએ સંસારના સુખોને સાપ જેમ કાંચળી ફેંકી દે તેમ ત્યજીને સંસારમાંથી નીકળતા શ્રી વર્ધમાનકુમાર આ રીતે સંસારનાં સુખોની અસારતા જગતને સુણાવી રહ્યાં છે.

સંયમ સ્વીકાર્યા પછી, ભગવાન વીર પ્રભુ, સાડા બાર વર્ષ સુધી ઉગ્ર તપ તથા ઘોર ઉપસર્ગોને હૃદયની પ્રસન્નતાપૂર્વક અપૂર્વ ધૈર્યથી સહન કરતા રહે છે. અનંત બળના સ્વામી તેઓ કોઈના પ્રત્યે પણ અરે! પોતાની જાત પર ભયંકર ઉપદ્રવો કરનાર પ્રત્યે પણ, કોપ કરતા નથી. કોઈના પ્રત્યે રોષ નહિ રાખતા તેઓ પોતાના પૂર્વ દુષ્કૃતને [illegible] જાગૃત રહે છે. બહારથી, અંદરથી તથા બન્ને રીતે દમ, ઉપશમ તથા પ્રશમને ધારણ કરનાર શ્રી વીરભગવંતનું [illegible] મેરુ કરતાં અધિક હતું.

ક્ષમાના સાગર ભગવાન શ્રી મહાવીરે પોતાના બળનો કે આત્મશક્તિનો ઉપયોગ, કેવળ નિજના ભાવશત્રુ કર્મ કષાયોને જીતવાના માર્ગે જ કર્યો. ત્યારથી ભગવાન વર્ધમાન સ્વામી વીરના વીર મહાવીર તરીકે ત્રણેય લોકમાં પ્રસિદ્ધ થયા. સત્ત્વશાળી ભગવાન મહાવીર ગોવાળ જેવા ક્ષુદ્ર માનવો કે સંગમ જેવા હીન દેવો દ્વારા કરાતા ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરે છે. ક્ષમાસાગર વીરભગવંત આ બધા ઉપસર્ગોનાં તુમુલ તોફાનોની વચ્ચે મેરુની જેમ અકંપ રહે છે.

કર્મવિવશ આત્માઓની ભાવદયા ચિંતવતા વૈરાગ્યવાસિત ભગવાન મહાવીર ત્યાગના માર્ગે સંયમપૂર્વક અપ્રમત્તપણે વિહરી રહ્યા છે. ત્યાગને દીપાવનાર ક્ષમા ખરેખર તેઓનાં જીવનની નિર્મળતાને વધુ રંગી રહી છે. આથી કહી શકાય કે–'સાચું બળ તે જ કે જે બળ દ્વારા ખરાબ કરનારનું ભલું કરવાની અપૂર્વ ક્ષમા, અનુપમ ધીરતા કે અલૌકિક વીરતા ઇત્યાદિ સ્હેજે જીવનમાં જાગ્રત હોય. સંયમ કે વિવેક વિનાનું બળ કેવળ પાશવી જ કહી શકાય.'

આજે આપણી આસપાસ જે બની રહ્યું છે, તેનો વિવેકપૂર્વક વિચાર કરતાં સ્હેજે સમજી શકાય છે કે, 'બુદ્ધિ શક્તિ કે સંપત્તિને પામેલા માનવો આજે અહં-મમતાના તોફાની નાદે ચઢીને જગતમાં અકાળે સર્વનાશને આમંત્રી રહ્યા છે' આની સામે ૨૪૦૦ વર્ષ પહેલાં જીવન જીવીને સંસારને જીતી જનારા, ભગવાન શ્રી મહાવીરદેવના આ બધા ગુણો આપણને કોઈ અપૂર્વ બોધપાઠ આપી જાય છે.

આમ સાડાબાર વર્ષો સુધી સદા અપ્રમત્તપણે ઘોર તપ તપી, ભગવાન શ્રી મહાવીરદેવ જીવનના તેંતાલીશમા વર્ષે ઘાતીકર્મોને ખપાવી ઋજુવાલિકા નદીના તીરે વૈશાખ સુદિ ૧૦ના પવિત્ર દિવસે કેવળજ્ઞાન લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી, ભગવાન મહાવીરદેવ સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા. સમસ્ત લોકના સર્વદ્રવ્યોના સર્વપર્યાયોને ત્રણે કાળના સર્વ ભાવોને-જોતાં જાણતાં વિચરી રહ્યા છે.

અપાપા નગરીના ઉદ્યાનમાં, તેઓશ્રીએ ધર્મતીર્થની સ્થાપના કરી, સમસ્ત સંસારના ઉદ્ધારની એક જ કલ્યાણ ભાવનાથી, સદ્ધર્મ માર્ગનો પ્રચાર તેઓશ્રીએ ત્યારથી શરૂ કર્યો. જગતના ભૂખ્યાઓની સાચી ભૂખ ભાંગનાર, તૃષાતુરોની વાસ્તવિક તૃષાને શમાવનાર, દરિદ્રોની ભાવદરિદ્રતા દૂર કરનાર, તથા રોગીઓનાં સાચા રોગોને ટાળનાર ભાવદયાના નિર્મળ સ્વયંભૂસાગર ભગવાન શ્રી મહાવીરદેવના સદ્ધર્મ-માર્ગને સ્વીકારી સંસારભરના ભવ્ય આત્માઓ તે કાળે તે અવસરે પોતાના આત્મકલ્યાણને સાધવા સમુત્સુક બન્યા.

ભગવાન શ્રી મહાવીરદેવે પોતાના સદુપદેશ દ્વારા જગતના આત્માઓને મૈત્રી, પ્રમોદ, કરુણા તથા મધ્યસ્થતાના નિર્મળ તત્ત્વજ્ઞાનનું અમીપાન કરાવ્યું.

જીવનની મશ્કરી છે. જે કાંઈ સુખ દેખાઈ રહ્યું છે તે કાલ્પનિક છે. સુખ કે દુઃખની સંસારમાં જે કલ્પના છે તે મોહસાગરના તરંગ છે, મિથ્યા ભ્રમણા છે. આથી જ આપણને સુખ કે દુઃખ આપનાર અન્ય કોઈ નથી અન્ય કોઈના પ્રત્યે રાગ–દ્વેષ, વેર–વિરોધ ન હોવો જોઈએ.'

'પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રી ભાવના રાખવી. ગુણવાન આત્માઓના ગુણો પ્રત્યે હૃદયનો સદ્ભાવ કેળવવો, ગુણાનુરાગ એ જ ખરેખર જીવનની અદ્ભુત સંપત્તિ છે. ધન, કીર્તિ કે પ્રતિષ્ઠા કરતાં આત્માને ઊર્ધ્વગામી બનાવનાર અનુપમ કોટિનો ગુણ આ પ્રમોદભાવ છે. દુઃખી, પીડિત કે સંત્રસ્ત દીન આત્માઓના દુઃખોને ટાળવા શક્તિ–સામર્થ્યનો ઉપયોગ કરવા સજાગ બનવું તે કરુણા; ખરેખર આત્માનું માધુર્ય–ઉત્તમ તત્ત્વ છે તેમજ જે અયોગ્ય આત્માઓ પોતાના પાપોદયે ઉન્માર્ગે જઈ રહ્યા છે, ઉપકારી આત્માઓના સદુપદેશને નકારી રહ્યા છે, આવાઓ ઉપર ઉપેક્ષાભાવ રાખતા શીખવું જોઈએ. નિર્ગુણી કે ગુણદ્વેષી આત્માઓ પ્રત્યે તિરસ્કાર ન જ હોવો જોઈએ.'

ભગવાન મહાવીરદેવના આ સદુપદેશને પામી સંસારભરના ત્રૈલોક્યના આત્માઓ અજ્ઞાન, મોહ તથા કર્મબંધના પાપમાર્ગથી પાછા વળ્યા, જીવનને ધન્ય બનાવી અગણિત આત્માઓ સદ્ગતિને સાધી ગયા.

આચાર–વિચારોની સર્વશ્રેષ્ઠતાનો માર્ગ ઉદ્બોધનાર શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવે, અધ્યાત્મવાદનો માર્ગ

દર્શાવ્યો; કર્મવાદનું તત્ત્વજ્ઞાન સમજાવી સંસારમાં સમભાવ કેળવવાનો સદુપદેશ આપ્યો, તથા સ્યાદ્વાદ દ્વારા જગતના પદાર્થોની વ્યવસ્થાનું ભાન કરાવ્યું. આવા યથાર્થદેશક અકારણ ઉપકારી શ્રી મહાવીરપ્રભુ ૩૦–૩૦ વર્ષ સુધી કૈવલ્ય અવસ્થામાં ગામો-ગામ દેશો-દેશ વિચરી રહ્યા છે.

તેઓશ્રીએ પોતાની મધુરી દિવ્ય વાણી દ્વારા અન્યાય આચરનારાઓને ન્યાયનો સન્માર્ગ બોધ્યો. રાજસત્તા ભોગવનારા રાજકુલોને સત્તાનો સદુપયોગ શીખવ્યો. પ્રજાને સદાચાર, સંયમ, તપ, ત્યાગના અમૂલ્ય બોધપાઠો આપ્યા. શ્રીમંતોને શ્રીમંતાઈનો સદ્વ્યય કરવાને ઉપદેશ્યું. દાન, શીલ, તપ અને ભાવધર્મનો સન્માર્ગ ભાગવાને જગતમાં આ રીતે ફેલાવ્યો.

પરિણામે રાજા-મહારાજાઓએ રાજ-પાટ ત્યજ્યાં. શેઠ શ્રીમંતોએ ભોગ સુખો મૂક્યાં દીન-હીનજનોએ દીનતા મૂકી અને સહુએ જગત ઉદ્ધારક શ્રી મહાવીરદેવના ચરણે પોતાનું જીવન સર્વસ્વ સમર્પી દીધું.

દશાર્ણભદ્ર જેવા રાજાઓએ, ધન્ના શાલિભદ્ર જેવા ધનવાનોએ, ચંદનબાલા-મૃગાવતી જેવાં સ્ત્રીરત્નોએ ભગવાનનાં ચરણને સ્વીકારી, જીવનને અજવાળ્યું. ભગવાનનાં ધર્મશાસનમાં સર્વ કોઈ ભવ્ય જીવોએ આત્મકલ્યાણ સાધવા સર્વવિરતિ તથા દેશવિરતિ ધર્મને સ્વીકાર્યો.

...! વર્ષનું સમગ્ર આયુષ પૂર્ણ કરી, આજથી ૨૪૯૫ વર્ષ પૂર્વે અપાપાનગરી(બિહાર)માં કાર્તિક વદ ૦)) આસો વદિ અમાસની રાત્રિના છેલ્લી ચાર ઘડીનો સમય બાકી રહ્યો, ઉપવાસે કર્મોને ખપાવી મોક્ષનાં શાશ્વત સુખધામમાં સિધાવ્યા.

તે વેળાએ ભગવાન મહાવીરદેવના પ્રથમ ગણધર શ્રી ઇન્દ્રભૂતિ-ગૌતમસ્વામી કેવળજ્ઞાનને પામ્યા અને સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા.

દેવ-દેવેન્દ્રો, રાજા-મહારાજા, શેઠ-શ્રીમંતો સર્વ કોઈએ પોતાના આરાધ્ય હિતવત્સલ ત્રિલોકનાથ ભ. શ્રી મહાવીર દેવનો નિર્વાણ કલ્યાણક મહોત્સવ નિરાનંદ વદને અશ્રુપૂર્ણ નયને ઉજવ્યો.

સમસ્ત જગતના અજ્ઞાન આત્માઓના અજ્ઞાન તિમિરને-મોહ મિથ્યાત્વનાં ગાઢ અંધકારને ટાળનાર ભાવ દીપક ભગવાનનાં નિર્વાણથી અંધકારઘેરાં સંસારમાં જાણે દીપકનો પ્રકાશ પ્રગટાવવાનો હોય તે માટે સામુદાયિક દીવાઓ કરવાની એ રાત્રીએ શરૂઆત થઈ, ત્યારથી તે દિવસ દીવાળી પર્વ તરીકે ઈતિહાસમાં પ્રસિદ્ધ થયો.

ત્રિલોકનાથ જગત ઉદ્ધારક શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવને નિર્વાણ પામ્યે આજે ૨૪૯૫ વરસ વીતી ચૂક્યાં છે આજે પણ તે દેવાધિદેવ શ્રી વીરભગવંતનું આ લોકોત્તર જીવન આપણને એ ધર્મસંદેશ આપી ...

બની, તમારે સાચું આત્મસુખ મેળવવું હોય તો પુણ્યયોગે મળેલી ઉત્તમ સામગ્રીઓનો તમારે વિવેકપૂર્વક સદ્‌વ્યય કરતાં શીખવું જોઈએ. તમને આ દેવદુર્લભ માનવદેહ પૂર્વ પુણ્યાઈના યોગે મળ્યો છે. બુદ્ધિ મળી છે. શરીર સંપત્તિ તથા સત્તા કે અન્ય ઉત્તમ સાધનો મળ્યાં છે, માટે તેને સુંદર પ્રકારની ધર્મ–આરાધના સાથે દીપાવજો.

'જ્ઞાનને વિનય, વિવેક તથા વિરતિથી શોભાવજો. બળને ક્ષમા, ધૈર્ય તથા સત્વ દ્વારા સફળ બનાવજો. સંપત્તિનો દાન, ઉદારતા તથા ત્યાગગુણથી સદ્‌વ્યય કરતા રહેજો! શરીર, રૂપ તથા સત્તા કે અધિકાર આ બધાને સદાચાર, વિવેક તથા શાણપણથી શણગારજો! અને માનવજીવનને દર્શન, જ્ઞાન, ચારિત્રની સાધના દ્વારા સફળ બનાવી આત્માના ભાવરિપુ કર્મદળને જીતી શાશ્વત સુખના ભોક્તા બનજો!'

જય હો, વિશ્વવત્સલ જગતઉદ્ધારક
શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવનો !



૧૧ : વૈરે વૈર શમે નહિ

નંદવંશના વિશાળ સામ્રાજ્યનો પાયો નાંખનાર ને તે પાયાને મજબૂત કરવા જાતને ન્યોછાવર કરનાર મંત્રીશ્વર કલ્પક બુદ્ધિશાળી વિચક્ષણ તથા ધર્મકદાગ્રહરહિત દીર્ઘદ્રષ્ટા હતા. સામ્રાજ્યની લગામ એવા સંયોગમાં તેમના હાથમાં સોંપાઈ કે જે વખતે તેઓ લાચાર હતા. બીજી વખતે ખટપટના પરિણામે સત્તા પરથી તેઓ ઉતરી પડ્યા, પણ તે દરેક પરિસ્થિતિમાં હૃદયનું ધૈર્ય જાળવી, વેર-ઝેરથી ભરેલા વાતાવરણમાં ક્ષમાનો જે પ્રસ્તુત આદર્શ આપણી સામે તેઓ જે રીતે મૂકી જાય છે, વેરને ભૂલી અવૈર રહી જે રીતે તેઓ જીવનના જંગમાં વિજયી બને છે તે સમજવા-જાણવા ને જીવનમાં ઉતારવા તેમના જીવનની આ કથા વાંચવા જેવી છે

મગધદેશના પાટનગર પાટલીપુત્રના રાજમહેલો પર નંદની રાજસત્તાના વિજયી ધ્વજો ફરકી રહ્યા હતા તે કાલ તે સમયની આ હકીકત છે.

મગધનું સામ્રાજ્ય ચોમેર વિસ્તાર પામેલું સમૃદ્ધ રાજતંત્ર હતું. પરમાર્હત મહારાજા ઉદાયીના મૃત્યુ પછી, મગધની રાજગાદી પર નંદ આવ્યો હતો. દૈવી સહાયથી નંદ પાટલીપુત્ર મગધનો રાષ્ટ્રનાયક અને ભાગ્યવિધાતા બન્યો હતો. પૂર્વકૃત પુણ્યોદયની એ પણ એક અજબ અને અકલ્પ્ય ગતિ છે. જાત, ભાત, કુળ કે સંસ્કારિતાના વારસા વિનાનો ગઈકાલનો નાપિતપિતા અને વેશ્યામાતાનો

પુત્ર નંદ, આજે મગધનો સર્વસત્તાધીશ બની પાટલીપુત્રના રાજસિંહાસનનો અધિષ્ઠાતા બન્યો હતો.

પરિવર્તનશીલ સંસારમાં આ બધી વિચિત્રતાઓ સંકળાઈને રહી છે. વિચિત્રતા, વિષમતા અને ખાડા-ટેકરાની રીઢી રમત સમસ્ત સંસારમાં એક સરખી રીતે ચાલુ રહી છે.

નિર્વારિસ ઉદાયીના મૃત્યુ પછીના બીજા દિવસના મધ્યાહ્ને જ્યારે નગરવાસી લોકોએ સાંભળ્યું કે–' આપણા શહેરની કોક વેશ્યાનો દીકરો રાજસિંહાસન પર આરૂઢ થયો છે ' ત્યારે ભલભલા ડાહ્યા ગણાતાઓની બુદ્ધિ બુટ્ટી થઈ ગઈ સહુ કોઈ આ વાત માનવા માટે ઘડિભર ના પાડી દેતા.

પણ નંદ હતો ભાગ્યશાળી. એનું પુણ્ય, થોડા જ કલાકોમાં ફળવાનું છે એવી એને વ્હેલી સ્હવારે જ ખબર પડી ગઈ હતી. જે રાત્રીએ મહારાજા ઉદાયીનું મૃત્યુ થયું ને રાત્રીના છેલ્લા પ્રહરના સમયે નંદે એક ચમત્કારિક સ્વપ્ન જોયું હતું. એણે એ સ્વપ્નમાં સમગ્ર પાટલીપુત્રને પોતાના આંતરડાથી વીંટાયેલું દેખ્યું હતું. સ્વપ્નના ફલાદેશો અકળ હોય છે, એમ એ જાણતો હતો. કોક ઘડીપળે પોતાનું ભાગ્ય ઉઘડી જશે એમ એને ઘણીવાર લાગ્યા કરતું. એ તરત જાગ્યો. સફાળો ઊઠી, વ્હેલી સવારે નગર બહારની વાડીમાં જઈ એ ફૂલો ચૂંટી લાવ્યો. અને સીધો નગરના રાજપુરોહિત ઉપાધ્યાયની પાસે એ ગયો.

હો ફાટવાની હજુ તૈયારી હતી ઉપાધ્યાયના મકાનની બહાર ખડખડાટ થયો. 'કોણ છે એ?' અધીરતાથી ઉપાધ્યાયે પૂછ્યું ને ઉપાધ્યાયે બારણું ઉઘાડ્યું કે તરત જ નંદ તેઓના ચરણોમાં ઝૂકી પડ્યો. ફૂલરૂથી માળાઓની ભેટ ઉપાધ્યાયનાં આસન પર તેણે મૂકી. વહેલી સવારે જોયેલું સ્વપ્ન એણે વિસ્તારપૂર્વક ઉપાધ્યાયને કહી સંભળાવ્યું. સ્વપ્નાદેશ શાસ્ત્રના સમર્થ પારંગત ઉપાધ્યાયે કોઈક નિગૂઢ પારદર્શીની જેમ નંદને નખશીખ સુધી ઓળખી લીધો. કોઈ મહાન સત્તાધીશના ભાગ્યમાં સર્જાયેલા લક્ષણો એના અંગ પર તેઓએ જોઈ લીધાં ક્ષણવારમાં આ બધું બની ગયું.

ઉપાધ્યાયે મૌન તોડ્યું. ઉપાધ્યાયની વાણીદ્વારા સ્વપ્નનો ફલાદેશ સાંભળવાને નંદ એ વેળા અનિમિષ નેત્રે સાવધાનપણે પોતાના કાનો ફફડાવી રહ્યો હતો.

ઉપાધ્યાયે કહ્યું : 'મારું એક વચન સ્વીકારવું પડશે નંદ!' આનો જવાબ આપવાને નંદ કાંઈ બોલે તે પહેલાં જ ફરી ઉપાધ્યાયે પોતાનું અધૂરું વાક્ય પૂરું કર્યું; 'નંદ! આજથી મારી પુત્રી તને સોંપું છું. હું માનું છું કે પાટલીપુત્રનો રાજ્યાધિષ્ઠાતા નંદ મારો જમાઈ બને એમાં મારું ગૌરવ છે.'

નંદ તરત જ પામી ગયો કે મારું સ્વપ્ન મને મહાન બનવાની આગાહી આપે છે. અને પંચ દિવ્યોના પ્રભાવે અપુત્ર ઉદાયીના મૃત્યુ પછીની બીજી સવારે નંદ મગધના

પ્રૌઢ તે બાળક, ઓય–વોય જેવી બૂમાબૂમ ન્હોતું કરતું પણ ધીરું બની પીડાને સહી લેતું.

જતે દિવસે કપિલને ખબર પડી કે એના પુત્રને કોઈ વ્યંતરાદિ તુચ્છ દેવી–દેવતાનો કે ભૂત–પ્રેતાદિનો વળગાડ છે. ભૂત–પ્રેત કે વ્યંતરાદિ ક્ષુદ્ર દેવી–દેવો અવસરે કોઈપણ નિમિત્તને પામીને માનવજાતને હેરાનગતિમાં મૂકી દે છે. સામાના તીવ્ર અશુભોદયના કારણે આવા દેવો, ભલ–ભલાને પણ પજવી જાય છે એ હકિકત નિઃશંક સાચી છે.

પાપો કરતી વેળાએ કરનાર આત્માઓ હસી–હસીને મોજ કરતાં કરે છે. એમને એ ખબર નથી હોતી કે ભોગવવાના અવસરે એ કર્મો–પાપો, ઘણી વિચિત્ર રીતે ઉદયમાં આવીને ભોગવાઈ જાય છે કે તે વેળા સમજુ શાણા ગણાતાઓની મતિ પણ મૂંઝાઈ જાય છે. તે સમય એવો હોય છે કે, ચેતવાને કે પશ્ચાત્તાપને માટે ઘણું મોડું થઈ ગયું હોય છે.

ફરી એકાદ અવસરે જૈન શ્રમણ નિર્ગ્રન્થો, કપિલના મકાનમાં વસતિ યાચીને સ્થિરતા કરી રહ્યા હતા. કપિલને જૈન શ્રમણોના ત્યાગ, તપ અને નિર્મળ શીલ ગુણ આદિ મહામૂલ્ય ગુણોની પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાભાવ હતો. જૈન સાધુઓનાં સંયમી જીવનની પવિત્રતા, પ્રમાણિકતા કે તેજસ્વિતા જગતનાં અન્ય કોઈ સ્થાનમાં શોધી જડે તેમ નથી, એમ એને જૈન સાધુઓના દીર્ઘકાળના પરિચય બાદ દૃઢપણે સમજાયું હતું.

પોતાના બાળકનો વળગાડ, આવા પારસમણિ સાધુ-
ા સ્પર્શથી ટળી જશે, એવી એને સંપૂર્ણ આસ્થા
હતા. સમસ્ત સંસારના પદાર્થોમાં કે દૈવી બળોમાં જે
સામર્થ્ય, તાકાત કે પરચો પાડવાની શક્તિ નથી તે આવા
વંદનીય નિર્દોષ સાધુપુરુષોનાં ચરણોની રજમાત્રમાં પણ
રહેલી છે. આમ એ શ્રદ્ધાળુ બ્રાહ્મણની સાદી સમજણ હતી.
આ સિવાય અન્ય કોઈ ચમત્કારમાં એ માનતો ન હતો.

એકાદ અવસરે પ્રસંગ પામી વેદનાથી પીડાતા તે
બાળકને ઉપાડી, તેણે સાધુઓનાં આસનની નજીકમાં મૂક્યો.
પાસે સાધુઓના આહારપાણી વાપરવાના પાત્રા હતા. પાત્રામાં
સ્વચ્છ જળ પડ્યું હતું. બાળકનો હાથ લાગતાં પાત્રું વાંકું
વળ્યું અને પાત્રામાં રહેલું જળ તેના શરીર પર ઢોળાઈ
ગયું. જૈન શ્રમણોના પાત્રામાં રહેલાં પ્રાસુક જળના સ્પર્શથી
કપિલના તે બાળકનાં શરીરમાં રહેલી વ્યંતરી તરત જ ત્યાંથી
તે વેળાએ ભાગી છૂટી. તે દિવસથી તે બાળકનું શરીર
વ્યંતરીની પીડાથી મુક્ત બન્યું. પુરોહિતના ઘરમાં આ
બનાવ કોઈ અણચિન્ત્યો બની ગયો.

જૈન શ્રમણોની નિર્મળ ત્યાગવૃત્તિ અને ઉજ્જવળ
ધર્મશીલતાનો પ્રભાવ આ રીતે કપિલ બ્રાહ્મણનાં ભક્તિ-
વાસિત ભદ્રિક હૃદયમાં કંઈગુણો વધી ગયો. કપિલના
કુટુંબમાં આ હકીકત ત્યારથી ચિરસ્મરણીય બની ગઈ.
એનાં બાળકનાં ઉઘડતાં ભાવિ માટે ત્યારથી કપિલને ખૂબ જ
આશા–અભિલાષા પ્રગટી.

કલ્પ્ય અને પવિત્ર જળથી પીડામુક્ત થયેલા કપિલનો આ બાળક ત્યારથી કલ્પ્યક–કલ્પક નામથી પ્રસિદ્ધ થયો. બાળક કલ્પકની ભાગ્યરેખા હવે પલટાવા લાગી. ધીરે ધીરે એ સમજણો થયો, અને યોગ્ય વયે વિદ્યા, વિજ્ઞાન તેમજ વિદ્વત્તામાં એણે કુશળતા પ્રાપ્ત કરી. તે પોતાના પિતા કપિલના માનનીય સ્થાને આવ્યો. સારાયે પાટલીપુત્ર શહેરમાં કલ્પકની પ્રતિષ્ઠા સારી જેવી વ્યાપક બનતી ગઈ. કલ્પકની નમ્રતા, ધર્મશ્રદ્ધા અને સંતોષવૃત્તિ એને એકાન્ત જીવન તરફ દોરી જતી, જ્યારે લોકપ્રતિષ્ઠા, વિદ્વત્તા અને કુશળતા કલ્પકને બલાત્ નંદનાં રાજ્યમાં ઊંચા અધિકારો પ્રત્યે ખેંચી જતી.

કેટલાયે વર્ષો સુધી કલ્પકના જીવનમાં આ પ્રકારનાં બન્ને વિજાતીય ઘર્ષણો ચાલુ જ રહ્યા.

[૩]

યુવાન કલ્પકના આંગણે, કુલીન ઘરની કળા, લાવણ્ય અને રૂપથી રતિ જેવી કન્યાઓના તેના વડિલો તરફથી પાણિગ્રહણ માટે કહેણો આવતા. પણ અલ્પપરિગ્રહી અને સદાચારી કલ્પકનું મન, સંસારની જંજાળમાં પડવાને તૈયાર ન હતું. બ્રહ્મચારી વિદ્યાર્થીઓથી વીંટાયેલો યુવાન કલ્પક, તેજસ્વી સૂર્યની જેમ પાટલીપુત્ર શહેરમાં [illegible] [illegible]. એની પવિત્રતાથી લોકો એને દેવની જેમ પૂજતા. નગરના લોકમાનસમાં એનું સ્થાન ખૂબ ગૌરવવાળું બન્યું હતું. નંદના રાજકુળમાં એનો મોભો, મર્યાદા ધીરે

ધીરે વધતા ચાલ્યા. પણ ધર્માત્મા કલ્પક, આ બધાથી તદ્દન દૂરસુદૂર રહેતો. એને આ બધા માન-સન્માનની ભૂતાવળો અવાર-નવાર કંટાળો આપતી. પહેલેથી જ જૈન સાધુઓની પવિત્ર સાધુતાના વાતાવરણમાં ઉછરેલા કલ્પકને આ બધું ઉપાધિમય ભાસતું

પણ કલ્પકના જીવનમાં એવો એક અણચિન્તયો બનાવ કોઈ અજાણી રીતે ભવિતવ્યતાના બળે બની ગયો, કે જેના યોગે સંસારથી અલિપ્ત, નિરાળાં અને એકાન્ત જીવનની મોજ માણવાના કલ્પકના મનોરથો તે દિવસથી સાવ ભાગીને ટૂકા થઈ ગયા. સંગેમરમરના એકાદ પાષાણના સ્વચ્છ કડા પર કલાને જીવન્ત કરી જવાની જેમ કોઈ શિલ્પીની કેટકેટલી અભિલાષાઓ જીવનની કોઈક અસાવધ ઘડિપળે ટાંકણાની અણીથી તૂટી પડતા ટુકડાની સાથે શતધા થઈ નય તેમ કલ્પક માટે પણ બન્યું.

અને ત્યારથી કલ્પક સંસારી બન્યો. એક બ્રાહ્મણ યાનું પાણિગ્રહણ કરવાની આપત્તિમાં એ મૂકાયો. એકાન્ત નની એની કલ્પનાઓ સ્વપ્નવત્ બની ગઈ. કલ્પકને રે એ યાદ આવતું ત્યારે પોતાના જીવનવહેણની આ ાતી જતી-પલટાતી જતી દિશા માટે ઘડીભર એનું પણ સંક્ષોભના આઘાત-પ્રત્યાઘાતો અનુભવતું.

ંસારપ્રવેશનાં જીવનની પૂર્વઘટના આમ બની

એની પાડોશમાં એક બ્રાહ્મણનું ઘર હતું. એ બ્રાહ્મણને એકની એક રૂપવતી દીકરી, જ્યાં યૌવનના ઉંબરે પગ મૂકવાની સ્થિતિમાં આવી તે અવસરે તે જળોદરના રોગથી પીડિત બની. મોટા પેટવાળી તે બ્રાહ્મણ કન્યા ચાલી શકવાને માટે કે ધરતી પર પગ મૂકવાને માટે તદ્દન લાચાર હતી. કન્યાનો પિતા દીકરીના આ દુઃખથી દુઃખિત બન્યો. દિન–પરદિન કન્યાનું વય વધતું ચાલ્યું. શહેરમાં બ્રાહ્મણની આ રોગપીડિત કન્યાનો હાથ ગ્રહણ કરવાને કોઇ ઇચ્છતું ન હતું. તેના બાપની ચિન્તા આ રીતે વધતી ચાલી.

કલ્પકની ભદ્રિકતાનો લાભ લેવાની મુત્સદ્દિતા, કન્યાના પિતાના હૃદયમાં એક વેળાએ ઘોળાવા લાગી. મુત્સદ્દી માનવો ભલભલા ચતુર માણસોની હુશિયારીને કોકવેળા છળી જાય છે. મુત્સદ્દીતાનાં ક્ષણે ક્ષણે પલટાતાં માયાવી રંગો સહૃદય માનવોની સરળ ચક્ષુદ્વારા નથી આવી શકતા.

એક દિવસ કલ્પક જ્યારે તે રસ્તેથી પસાર થતો હતો ત્યારે તે બ્રાહ્મણે, પોતાની કન્યાને બાજુના એક ઊંડા ખોદી રાખેલા ખાડામાં ધકેલી દીધી અને એકદમ મોટા સ્વરે, મુંઝવણમાં મૂકાયેલા હૈયે ગભરાઇને એણે બૂમાબૂમ કરી કહ્યું: 'અરે! મારી દીકરી ખાડામાં પડી ગઈ છે. કોઈ આવો! એને કાઢો, જે કાઢશે તેને હું મારી કન્યા આપીશ.'

દયાળુ કલ્પકના હૃદયમાં અનુકંપાના ભાવો સભર ભર્યા હતા. કિન્તુ કરુણાર્દ્ર અન્તર આ પ્રસંગની ગંભીરતાથી ઘણું જ લાગણીવશ બની ગયું. બ્રાહ્મણ કન્યાના પિતાનાં

શબ્દો કે તેની આજુબાજુનાં બેદી વાતાવરણને પામવાની
કે તેની ઊંડે ઉતરવાની એને અત્યારે જરૂર ન જણાઇ.
એણે તરત જ ખાડાની અંદર પડતું મૂકયું તે રોગપીડિત
કન્યાને બહાર લાવ્યો.

કન્યાના પિતાએ કલ્પકને કહ્યું. 'આ કન્યાને હવે આપ
વીકારો! મારી પ્રતિજ્ઞાનો ભંગ હું ન કરી શકું. ભૂદેવો
હંમેશા પ્રતિજ્ઞાના પાલનમાં દૃઢ અને આગ્રહી હોય છે.'
કલ્પક આ ન સમજી શકયો. એ મૌન હતો. સહૃદયતાથી
એણે જવાબ આપ્યો: 'કેવળ દયાભાવ, અને કરુણાપ્રેરિત
લાગણીથી મેં આ કાર્ય કર્યું છે. આના બદલામાં મારે
કાંઇ જોઇતું નથી' પણ પેલા બ્રાહ્મણને આ બધું સાંભળ-
વાની જરૂર ન હતી કલ્પકની ભદ્રીકતાએ અત્યારે તેને
પોતાને કિંકર્તવ્યમૂઢ સ્થિતિમા મૂકયો. કલ્પક ના પાડી
શકે તેમ ન હતું બ્રાહ્મણ પોતાની પ્રતિજ્ઞા તૂટે તો પ્રાણ-
ત્યાગ કરવાને આગ્રહી બન્યો.

જતે દિવસે તે બ્રાહ્મણ કન્યા રૂપવતીની સાથે કલ્પકના
લગ્ન થઈ ગયા. કલ્પકે આયુર્વેદશાસ્ત્રોનો અભ્યાસ કર્યો
તો. રોગપીડિત પત્નીને પોતાના ઔષધોપચારથી તેણે
ધીરે ધીરે સ્વસ્થ કરી. રૂપવતીનો મૂળ વ્યાધિ કલ્પકના
ઉપચારોથી સર્વથા ટળી ગયો.

રૂપવતી સાથે કલ્પકનો ગૃહસંસાર આમ વર્ષોના વર્ષો
સુધી ધાર્મિકતાના પવિત્ર વાતાવરણમાં પસાર થતો ગયો.
વિદ્વત્તા, કુશળતા અને અપૂર્વ ધર્મશ્રદ્ધાથી લોકહૃદયના

સિંહાસન પર કલ્પકનું સ્થાન વિશેષ સ્થિર થતું ગયું. પણ એને આ લોકપ્રતિષ્ઠા, માન કે ખ્યાતિ શલ્યની જેમ ખૂંચતી. એ એનાથી વધુ નમ્ર બની અસ્પૃશ્ય રહેવા ઈચ્છતો.

વૃક્ષ જેમ જેમ ફળ, ફૂલ, શાખા-પ્રશાખાઓની સંપત્તિથી સમૃદ્ધ બને છે તેમ તેની આજુબાજુ અર્થીજનોના ટોળા તેને ગૂંગળાવી નાંખે છે. નમ્ર, ઉદાત્ત અને સ્થિતિપ્રજ્ઞશા વૃક્ષની એ જ મહત્તા છે કે તેને સહુ કોઈ શોધતા આવે છે અને આવનારનાં માનાપમાનને વૃક્ષ એક સરખી રીતે ગળી જઈ સમચિત્તે તે પોતાની છાયામાં સમાવી દે છે. છતાં એ હોય છે એકલ, અડોલ અને એકાન્તજીવી.

કલ્પકની બુદ્ધિમત્તાના ગુણગાનો રાજા નંદની રાજસભામાં થવા લાગ્યા. મહારાજાને કલ્પકની કુશળતા તેમજ સદાચાર માટે ખૂબ જ આદરભાવ જાગૃત થયો. 'કલ્પક જેવો બુદ્ધિશાળી બ્રાહ્મણ પોતાની રાજવ્યવસ્થાનું સુકાન હાથમાં લઈ અમાત્યપદ સ્વીકારે તો કેવું સારું ?' આવી વિચારણાઓ મહારાજા નન્દને ઘણી વેળા ઉઠતી, પણ કલ્પકની નિઃસ્પૃહ, નિડર તેમજ અક્કડ પ્રકૃતિ માટે એણે ઘણું સાંભળ્યું હતું.

રાખે છે મારો આગ્રહ છે કે, કલ્પક જેવા ધીર, ગંભીર અને પ્રાજ્ઞ પુણ્યવાનના હાથે જ મગધના રાજસિંહાસન પર નન્દવંશનો વિજયધ્વજ ફરકતો રહે.'

મહારાજાના શબ્દોમાં નમ્રતા હતી વાણીમાં મીઠાશ ભરી હતી. સત્તાના સ્થાન પર હોવા છતાં બાળકના જેટલી જ કોમળતા નન્દે અત્યારે ભાષા દ્વારા વ્યક્ત કરી કલ્પકના અન્તરમાં નન્દના શબ્દોએ વિજળીવેગે એક પળમાં અસર પાડી, પણ બીજી પળે એને પોતાનું પવિત્ર નિર્દોષ અને એકાન્તપ્રિય સાધુજીવન સામે તરવરતું થયું

એના હૈયામાં મૂંઝવણનો સાગર હિલોળે ચઢતો એને જણાયો. 'એની ધાર્મિકતા, પાપભીરુ પ્રકૃતિ અને બાલ્યકાળથી જૈન શ્રમણ નિર્ગ્રન્થોની ઉપાસનાથી જન્મેલી નિષ્પાપ જીવન જીવવાની અભિલાષાઓ'—આ બધા પોતાના સંકલ્પો એક પછી એક એને દર્શન દેવા લાગ્યાં. ચિત્રપટની રૂપેરી ચાદર પર જેમ દશ્યો બદલાતા રહે, તેમ બદલાતી જતી પોતાનાં જીવનની ગતિ માટે એને લાગી આવ્યું.

એ વધુ વાર મૌન ન રહી શકયો. નન્દ જેવો મગધનો સમ્રાટ આતુર હૃદયે કલ્પકના પડતા બોલને સાંભળવા ઉત્સુક હતો. વાતાવરણમાં નીરવ શાન્તિ હતી. આજુબાજુ સર્વ કોઈ કલ્પકના ગંભીર ભાવોને મુખ પર તરવરતા જોઈ શકવાને પ્રયત્નો કરતા રહ્યા. પણ કલ્પકનું અન્તર તો અગાધ સાગરના ઊંડા જળમાં છૂપાયેલા અનર્ઘ્ય ભંડારની જેમ તે વેળા કોઈથી ન કળાયું.

ધીરે રહી એણે મૌન તોડયુંઃ 'રાજન! જીવનનિર્વાહથી અધિક કાંઈપણ મેળવવાની મને ઈચ્છા નથી. મિતપરિગ્રહ અને અલ્પારંભ એ બન્ને મારાં પ્રાણપ્રિય જીવનવ્રતો છે. એને ત્યજી હું આપની આજ્ઞાને સ્વીકારવાને નિરૂપાય છું.' મોં પર પર્વતની દૃઢતા ને આકાશગામી પુરૂષાર્થ, આંખમાં અનન્ત સાગરનું ગાંભીર્ય, વીતરાગદેવના ધર્મની આરાધના દ્વારા આત્મામાં પ્રગટેલ અખંડ પ્રસન્નતા–કલ્પકનાં જીવનની આ સંપત્તિનાં દર્શન એના જવાબમાં ત્યાં બેઠેલો ચકોર અધિકારી વર્ગ વાંચી શક્યો.

મગધના સર્વસત્તાધીશનો આગ્રહ કલ્પકના ધર્મવાસિત આત્માના અવાજે આમ નકારી દીધો. નંદની રાજસભા કંપી ઊઠી. કલ્પકની દૃઢ સત્ત્વશીલતા અને અખંડ ધર્મવૃત્તિ આ રીતે જીતી ગઈ. મહારાજા નંદ કલ્પકની પવિત્ર ધાર્મિકતાની આગળ આમ નિરુપાય બન્યો.

ત્યારથી નન્દ, કલ્પક દ્વારા થયેલા પોતાના આ અપમાનના વૈરની વસૂલાત કરવાનો દાવ શોધવા લાગ્યો.

જો આ બધાથી બચી શકે તે જ કષાયોના જયપૂર્વક સમભાવને કેળવી જીવનને જીવી જાય છે, કલ્યાણનો નિષ્કંટક અને પવિત્ર માર્ગ આ સિવાય અન્ય કોઇ નથી

કલ્પક રાજસભા છોડી ત્યાંથી ચાલી નીકળ્યો. ભારે હૃદયે મહારાજા નંદે આ બધું પી લીધુ. પણ કલ્પકના છિદ્રો તથા ગુન્હાઓને જોવાની વૃત્તિ નંદના અપમાનિત હૃદયમાં ત્યારથી નવી જન્મી.

[૪]

કર્માધીન સંસારમાં પરિવર્તનો થયા કરે છે. એ પરિવર્તનો એટલા બધા ઝડપી તેમજ અકળ હોય છે કે ભલ-ભલા મતિમાન આત્માઓ પણ કોક વેળા તેના કાર્ય-કારણની ગૂંચને ઉકેલી શકતા નથી.

મહારાજા નન્દના રાજ્ય ગુનેહગાર તરીકે કલ્પક જેવા વિદ્વાનને મગધના રાજ્ય દરબારમાં ઊભા રહેવાનો આ પ્રસંગ ખરે ન કલ્પી શકાય તેવો હતો.

કલ્પકના હાથે એક નિર્દોષ આત્માના વધનો ગુનો અચરાઈ ગયો હતો. રાજા નન્દે એ કૌભાંડ રચ્યું હતું જેમાં નિર્દોષ કલ્પક અચાનક સપડાઈ ગયો. આજે તેના તે અપરાધની તપાસ, નંદની સમક્ષ થઇ રહી હતી.

રાજ્યસભાનું વાતાવરણ ગંભીર હતું. રાજ્યના અધિ-કારી ગણાતા સત્તાધીશોનાં મુખ પર આ પ્રસંગે કાંઇક

અપ્રસન્નતાની રેખાઓ તરવરતી હતી. નિરાનન્દ વદને ધર્માત્મા કલ્પક આ બધું જોઈ રહ્યો હતો.

'કલ્પક! બોલો, ગુનેહગાર તરીકે તમારે તમારા બચાવ માટે કાંઇ કહેવાનું રહે છે?' ટાંકણી પડે તો પણ અવાજ સંભળાય તેવા નીરવ વાતાવરણને ભેદી, સત્તાવાહી શબ્દોમાં મહારાજા નન્દે કલ્પકને કહી સંભળાવ્યું. શબ્દોમાં કડકાઈ હોવા છતાં નન્દનાં હૃદયમાં કલ્પક જેવા વિદ્વાનને માટે અત્યન્ત આદરભાવ હતો. કલ્પકનો ગુનો પોતાની ખટપટથી ઊભો થયો હતો. આ હકીકત નન્દ સારી રીતે સમજતો હતો.

'રાજન્, જે નિર્દોષ હતો, પણ મારી દૃષ્ટિએ દોષિત માની તેનો વધ કરવાનો ગંભીર ગુનો મારા હાથે થઈ ગયો છે. આ સિવાય અન્ય કાંઇ જ મારે કહેવાનું રહેતું નથી.' બોલતાં બોલતાં કલ્પકે ગ્લાનિ અનુભવી. એનાં મુખ પર પશ્ચાત્તાપનો ડંખ હતો. એક સાવ નિર્દોષ માનવીને કષાયને વશ પડી અજ્ઞાનતાથી જે પીડા ઉપજાવી તે માટે એને પોતાને અકથ્ય દુઃખ થતું હતું. એ દુઃખના આઘાત-પ્રત્યાઘાતો એનાં ધીર હૃદયમાં વેદનાના તોફાનો ઉપજાવી રહ્યાં હતાં.

નન્દની કચેરીમાં ફરી એકવાર શૂન્યતાની છાયા ફરી વળી.

ને ?' પાશમાં ફસાયેલા અસહાય શિકારના જેવી કલ્પકની
સ્થિતિ જોઈ નન્દનો આનન્દ આજે નિરવધિ બન્યો.

જવાબમાં કલ્પકના શબ્દો સ્પષ્ટ હતા. એણે કહી દીધું:
'ગુનેહગાર તરીકે તે તૈયારી રાખીને જ હું અહિ આવ્યો
છું.' કલ્પકના આ બોલમાં તેના હૈયાની અપાર વેદના
મૂર્તિમંત બનતી હતી મગધના સામ્રાજ્યનો માલીક નન્દ,
કલ્પકની પાસેથી આ જવાબ મેળવવાને ઇચ્છતો હતો.
કલ્પકની નિઃસ્પૃહતા કે અડગતાને ઓગાળી દેવાની એની
વર્ષોજૂની ભાવનાઓ આજે આ રીતે ફળતી એ પોતે જોઈ
શક્યો એણે કલ્પકને કહી સંભળાવ્યું: 'કલ્પક જેવા પુરુષ-
રત્નને તેના ગુનાની શિક્ષા એ જ કે, એણે આજથી
નન્દના વિશાળ સામ્રાજ્યની મન્ત્રીધુરા ઉપાડી સંસારભરમાં
નન્દવંશનો યશસ્વી ધ્વજ પોતાની સર્વ શક્તિથી વફાદારી
પૂર્વક ફરકતો રાખવો.'

કલ્પક પોતાના ગુનાની શિક્ષા મૂક બની સાંભળી
રહ્યો તે દિવસથી મહારાજા નન્દના સર્વસત્તાધીશ મંત્રી
તરીકે કલ્પકની વરણી જાહેર થઈ. જૈન મન્ત્રીશ્વર કલ્પકના
શિર પર નન્દવંશની સામ્રાજ્ય ધુરાના મેરૂભારની જવાબદારી
ત્યારથી આ રીતે આવી પડી.

કલ્પકની કુશળતાથી મહારાજા નન્દનું સામ્રાજ્ય તે
દિવસથી દિનપ્રતિદિન વધુ સમૃદ્ધ બનતું ગયું. નન્દની
રાજસત્તાના ઇર્ષાળુ રાજવીઓ, કલ્પકની આ પુણ્યાઈના
તેજોદ્વેષી બનતા ગયા, પણ પોતાની ધાર્મિકતાના પવિત્ર

સંસ્કારોથી રંગાયેલો મંત્રીપદનો એ અધિકાર કલ્પકને સતત જાગૃત રાખતો હતો. મગધના સામ્રાજ્ય પર આ મંત્રી તરીકે કલ્પક, પોતાનો સારો જેવો પ્રભાવ પાડી શક્યો હતો.

જેમ જેમ જૈન મંત્રીશ્વર કલ્પક, વધુ લોકપ્રિય બનતો ગયો તેમ તેમ તેના રાજ્યના જૂના અધિકારીઓનાં હૃદયો કલુષિતતાનાં કાદવથી વધુ મલિન બનતા થયા. કલ્પકનું અનિષ્ટ કરવાની વૃત્તિવાળા માનવો પાટલીપુત્રનાં રાજકારણમાં વારંવાર દેખા દેવા લાગ્યા.

જગતના-સંસારના માનવોની એ જ મ્હોટી નિર્બલતા છે કે, કોઇના-સમાનધર્મિના પણ નિર્દોષ ઉત્કર્ષને સહી શકવાની તાકાત એનામાં હોતી નથી એ જ અશક્તિના યોગે જ્યાં જુઓ ત્યાં ઇર્ષ્યા, અસૂયા અને કિન્નાખોર વૃત્તિનાં પાપો ઘર કરી, સંસારના નન્દનવનને ભડકે બળતું વેરાન બનાવી દે છે. અસંતુષ્ટ હૃદયો બળે છે. નિર્બળોને બાળે છે અને દેશ કે સમાજની શાન્તિને સળગાવનારી ચીનગારીઓ વેરી, કુસંપનો આતશ બળતો રાખે છે.

કલ્પકની શક્તિઓ, મગધના રાજકારણમાં જેમ જેમ ફાલી, ફૂલી, પાંગરતી બનતી ગઇ, તેમ તેમ કલ્પકની એ પ્રભાવિકતાથી નન્દના આડોશી-પાડોશી રાજવીઓ મગધની સત્તાને નમ્ર સેવકની જેમ નમતા થયા. પણ કલ્પકના મંત્રીપદની ઇર્ષ્યાથી એના જૂના વૈરીઓનાં હૃદયની આતશ આગ વધુ ધીખતી થઇ.

મહારાજા નન્દને મન, કલ્પક એ રાજ્યનું સર્વસ્વ
તો. કલ્પક જેવા ધીર, સ્થિર અને કુશળ મંત્રીશ્વરને પામી,
દનો આત્મા સુખનાં સ્વપ્નો સેવી નિરાંતે પોઢનો હતો.
નચિંત હતો, કારણ કે કલ્પક જેવા જૈન મંત્રીશ્વરના
ભૂત વ્યક્તિત્વ માટે એને સદ્ભાવ હતો. કલ્પકની રાજ્ય
સ્થા માટે નન્દને પૂરો વિશ્વાસ હતો. આ બધું હોવા
છતાં કલ્પકના જૂના શત્રુઓ એનાં છિદ્રોની શોધમાં હતા.
નન્દનાં હૃદયમાં કલ્પક પ્રત્યેનો અવિશ્વાસ પેદા કરવામાં
આમ એક વેળા તે લોકો ફાવી ગયા.

એ હતો સામાન્ય પ્રસંગ. કલ્પકને જે બનાવની
પાછળના આ વિકૃત વાતાવરણની સામાન્ય ગંધ પણ ન
હતી. તે બનાવને એના જૂના રાજ્યમંત્રીએ કોઈ નવા જ
પે મહારાજા નન્દના રાજ્યકારણમાં વહેતો મૂક્યો

એ બનાવની ટૂંક હકીકત આ મુજબની હતી.

'કલ્પકને ઘેર એના મોટા પુત્રના લગ્નનો પ્રસંગ
. આ પ્રસંગને ઉજવવાને સારૂ કલ્પકે પોતાને આંગણે
છાજતી સઘળી તૈયારીઓ કરી હતી મહારાજા નન્દને
પોતાને ઘેર આમંત્રણ આપી, સારાં સારાં શસ્ત્રો તેને ભેટ
ધરવાની તેની ઇચ્છા હતી. આ માટે નવાં નવાં શસ્ત્રો તેણે
તૈયાર કરાવવા માંડ્યાં.

'કલ્પકના ઘેર આ રીતે નવાં શસ્ત્રો વિપુલ પ્રમાણમાં
તૈયાર થઈ રહ્યા છે'–એ હકીકત તેના છિદ્રાન્વેષી અધિકારી

મહારાજાના શબ્દો આકાશમાં ઘુમરીઓ લેતા આસપાસ ફરી વળ્યા. મગધની સત્તાના પાયા હચમચી ઉઠતા હોય તેટલી જ અધીરાઈ નન્દના આ શબ્દોમાં પ્રગટ થતી જણાઈ. આદેશને માથે ચઢાવી પાટલીપુત્રના રાજ્યકર્મચારીઓ કલ્પકના આવાસ ભણી વિદાય થયા.

કલ્પક મંત્રી હતો, છતાં સત્તાનો મદ એને હજુ સુધી મૂંઝવી શક્યો ન હતો. ધીરતાની સાથે સત્તાને પચાવી લેવાનું અખૂટ આત્મસામર્થ્ય એને વર્યું હતું. એને ત્યાં મગધના સમગ્ર રાજ્યશાસનનો કારભાર ચાલતો હતો. રાજ્યસત્તાનો છેલ્લામાં છેલ્લો દોર કલ્પકના હાથમાં હતો. કલ્પક પૂર્ણ સાવધ હતો. શુભ કે અશુભ, પાપ કે પુણ્ય: જીવનની કર્મઘડી આંટીઘુંટીઓથી એને કાંઈપણ નવીનતા ન હતી. બધાયે પરિસ્થિતિઓમાં સમભાવની મનોવૃત્તિ એ કેળવી શક્યો હતો. 'ગઈ કાલનો સામાન્ય ગણાતો કલ્પક-હું, આજે મહાન રાજ્યનો તંત્રવાહક છું, આવતી કાલે હું કોણ હઈશ ? એ ભાવિના ગર્ભમાં છે.' આ બધી ધર્મ્ય વિચારણા કલ્પકને હંમેશા જાગૃત રાખતી

આંચરે ફરી વળ્યા.

તાજુબીની વચ્ચે એમણે જોયું, તો શ
દગ ત્યાં ગુપ્ત રીતે તૈયાર થઈ રહ્યા હતા.
ક્યાંથી તે લોકો આ દૃશ્ય જોતાં રહ્યા.
અવિશ્વાસની કુશંકાનું લેદી મોજું ફરી વળ્યુ
પોતાના જ ગણાતાં આ બધા માણસોના
વર્તનથી મંત્રીશ્વર કાંઈક વિચારમગ્ન બન્યા.
શક્તિ અને કુનેહથી આનો તોડ કાઢવાને
બધી પરિસ્થિતિ માપી જોઈ, પણ આ વા
પોતે ન પામી શક્યા.

નન્દના એ વફાદાર સેવકો, થોડીવાર
નીકળ્યા એ 'કાંઈક' લઈને આવ્યા. તે રી
ગયા. એ ગયા ને એમના પગરવ સંભળ
ત્યાંસુધી પણ સ્વચ્છ વૃત્તિના મહામંત્રી, આ
આ રમતને ન ઓળખી શક્યા.

કારણ કે નિર્મળ હૃદયના માનવો
હોય છે. જ્યારે પાપાત્માઓ ચોમેરથી શ

[૫]

એ પણ અવસર ફરી આવ્યો.

ન્યાયની અદાલતે કેવળ ન્યાયનું નાટક ભજવી લીધું અને કલ્પકને તેના ગુન્હા બદલ શિક્ષા ફરમાવી કે, 'નન્દના દુશ્મનો સાથે ભળી, મગધની સત્તાનો સર્વનાશ કરવાનું છૂપું કાવત્રું રચવાના ગુન્હેગાર કલ્પકને, તેના કુટુંબ પરિવાર સહિત અંધારા કારાવાસમાં જીવનપર્યંત ધકેલી દેવામાં આવે છે.'

સત્તાનો અમલ તરત જ શરૂ થયો. નિર્દોષ કલ્પક, તેના કુટુંબ પરિવારની સાથે પાટલીપુત્રની કોઈક અંધારઘેરી ઊંડી કોટડીમાં પોતાનું જીવન પુરૂં કરવાની સ્થિતિમાં મૂકાયો. પુણ્ય-પાપની લીલી-સુકીએ મંત્રીશ્વર કલ્પકના જીવનમાં આમ તખ્તાપરના નાટકની જેમ અનેક વિવિધતાભરી સીન-સીનેરીઓ ઉભી કરી દીધી જૈનદર્શનના કર્મવાદના તત્ત્વજ્ઞાનનું અમીપાન કરનારા તેણે આ વિપત્તિ સમભાવે સહી લેવાનો નિશ્ચય કર્યો.

કર્મે ઘડી સંયોગ-વિયોગોની ઇષ્ટાનિષ્ટ પ્રસંગોની આ બધી વિચિત્ર લીલાઓમાં એ ઘડાઇ ગયો હતો. આથી આ ગજબારી આપત્તિઓ એના આત્માનો કાબૂ લઈ લીધો ન હતો, પણ સ્વમાનભંગનો આ પ્રસંગ એનાં ડાહ્યા મગજને પણ ઘણી ઘણી વેળા અકળામણની વ્યથામાં મૂકી દેતો.

'નિર્દોષ વ્યવહાર, સાધુવૃત્તિ અને નિઃસ્પૃહ જીવન આ બધું સત્તા પર રહી જાળવી શક્યું. તલવારની અણી જીવનને જોખમમાં મૂક્યું, છતાં પણ પરિણામે આવું

કારસું કર્યું :' આ બધા વિકલ્પોમાં ઘેરાતા તેણે કેટલાય દિવસો સુધી અન્ન-પાન પણ ત્યજી દીધા.

કલ્પકનું પોતાનું કુટુંબ પોતાના કહેવાતા ગુન્હાની શિક્ષાનું ભોગ બની નરકની રૌરવ વેદનાઓને પોતાની આંખ આગળ ભોગવી રહ્યું હતું. એની વ્યથા કલ્પક જેવા સ્વસ્થ, ધીર અને સત્વશાલીને ખૂબ જ બેચેન બનાવી દેતી. પોતાનો ફાલ્યોફુલ્યો સમસ્ત સંસાર, આમ અચાનક કોઈક બેચાર ખટપટી કાવત્રાખોરોની આસુરી લાલસાનો શિકાર બની રગદોળાઈ જાય એ વિચારની સાથે એ મહામાત્ય પગથી માથા સુધી કંપી ઊઠતો.

એ અંધારી કોટડીની રૌદ્ર યાતના ભોગવતા મંત્રીશ્વરે, એક દિવસે કુટુંબને કહી દીધું : 'જુઓ ! આપણને આ રૌરવ નરકમાં નાખનાર કાવત્રાખોરોને શિક્ષા કરવાનો મેં નિશ્ચય કર્યો છે, રાજા નન્દ આપણને રીબાવી-રીબાવી વગર મોતે આમ મારી નાંખશે-આમ પશુ કરતાં વધુ કરુણ જીવન પૂરું કરી મરવા કરતાં એક એવો બુદ્ધિશાળી ધીર આપણા-માંથી બચી જાય એવું કરવું આપણે માટે જરૂરી છે. જેથી આ કાવત્રાખોરોને તેનાં પાપોની શિક્ષા આપવાને એ દરેક રીતે સમર્થ બને !' બોલતાં બોલતાં કલ્પકના મુખ પર વિષાદ અને રોષની ચિત્ર-વિચિત્ર રેખાઓ ફરી વળી

પરિવારના આત્મીયજનો આ બધું સાંભળી રહ્યા. પોતાના જીવનની ફાલી-ફુલી નન્દનવાડી આમ અકાળે

કરમાઈ જશે એ હકીકતનો વિચાર પણ ત્યાં રહેલા બધાનાં મનને વલોવી નાખવા માંડ્યો, પણ વેરની વસુલાતની કલ્પનાએ બીજી જ પળે તે લોકોને સ્વસ્થ બનાવ્યા.

વેદના મિશ્રિત વાણીને શબ્દદેહ આપતાં તેઓએ મંત્રીશ્વરને કહી દીધું.

" પૂજ્ય ! અમે જીવીએ તો શું અને મરીએ તો શું ? મરણ કરતાં અમારાં જીવનની હવે કાંઇ કિંમત રહી નથી. એક ઘડા જેટલું જળ અને પાંચ શેર ચોખાની ઘેંસ ભોજન માટે મોકલી નન્દ આપણને રીબાવી–રીબાવી મારવા ઈચ્છે છે. કાચા કાનનો રાજા નન્દ, ક્ષુદ્ર માનવીઓના માયાવી તાંડવોનો આ રીતે કેવળ સાક્ષી બની રહ્યો છે. જો આપ જીવતા હશો તો એ માયી માનવોને યોગ્ય શિક્ષા કરી શકશો. તો જ અત્યાર સુધી આપના હાથે સોળે કળાએ ખીલેલી આ મગધની સમૃદ્ધિ સુસ્થિર બનશે."

" મગધના સિંહાસને નન્દની પાંગરતી વંશવેલ ફાલી-ફુલી કરવાનું સામર્થ્ય આપ સિવાય અન્ય કોઈમાં નથી. આમ થતાં નન્દ વંશની સમૃદ્ધિના ફળો આરોગવાને આપણા વારસો શક્તિશાળી બને તો અમે અમારા બલિદાનની કિંમત પામ્યા એમ માની સંતોષપૂર્વક મરી શકીશું."

પ્રસંગ ખૂબ જ કરુણ હતો. અંધારી કોટડીના ઊંડાણમાં આપદ્ગ્રસ્ત માનવોનાં આ શબ્દોએ એ વેળાયે વાતાવરણને ભરી દીધું. ઘડી કાળ સુધી મોટા ગગનચુંબી મહાલયોની

દેવદુલ'ભ સમૃદ્ધિને ભોગવનારો મંત્રીશ્વરનો આ સંસાર;
પોતાનાં જીવનની આશાને ત્યજી હવે નિશ્ચિંત બન્યો.
ધર્માત્મા કલ્પકે, પોતાના આ પરિવારને સંસારના પદાર્થોની
ક્ષણિકતા સમજાવી સમાધિમાં સ્થિર રાખ્યા. ધર્મના તત્ત્વ-
...નનો બોધ પામી, આ લોકો અંતે સમાધિપૂર્વક મૃત્યુને
...યા, મહોત્સવની જેમ મૃત્યુને ઉજવી ગયા.

આ બાજુ કલ્પકના સત્તાભ્રષ્ટ થવા બાદ, મગધના
...સામ્રાજ્યને ભડકે બળતું જોવાને આતુર નાના નાના રાજ્યો
...ગધની સત્તાને પડકારવાને તૈયાર થયા. મંત્રીશ્વર કલ્પકની
...ડાપણભરી મુત્સદ્દિતાએ અત્યાર સુધી આ બધાં બળવા-
...રોને થભાવી દીધા હતા. કલ્પકના પુણ્યતેજથી કંપતા
રાજ્યોએ હંમેશા મગધની સત્તાને ચરણે આળોટવામાં જ
...પોતાનું સ્વમાન માન્યું હતું. કલ્પકના કાંટાને ઉખેડીને
ફેંકી દેવાની વેરવૃત્તિ આ સત્તાધીશોને વારંવાર અકળાવતી,
પણ તેઓ લાચાર બનીને બેસી રહેતા. કલ્પકની પુણ્ય શક્તિ
આગળ એ લોકો કોઇ રીતે ફાવતા ન હતા

પણ હવે કલ્પકથી શૂન્ય મગધની સત્તાને, નિર્જીવ
માનનાર આ ખડીયા રાજ્યોએ, મગધના સત્તાધીશની
સામે ખુલ્લી રીતે બળવો ઊભો કર્યો. પાટલીપુત્રની રાજ્ય-
વ્યવસ્થામાં કલ્પકની ગેરહાજરી દરમ્યાન તદ્દન અરાજકતા
વ્યાપી ગઇ હતી. મગધનું બળ, ભંડાર, સૈન્ય કે જે કાંઈ
હતું—તે કલ્પક મંત્રીશ્વરની કુનેહ, આવડત અને વ્યવસ્થા-
શક્તિ પર નિર્ભર હતું.

આજે મગધનાં પાટનગરનાં રાજતંત્રમાં સો મણ તેલે અંધારૂં છવાઇ ગયું હતું. મગધસામ્રાજ્યના ખંડીયા રાજાઓ જે બળવાખોર બન્યા હતા તે નાના રાજ્યોને સત્તા મેળવવા માટે આ એક સુવર્ણ તક હતી. મગધ પરથી નંદવંશની સત્તાને ઉખેડી નાંખી, પોતાની સામુદાયિક સત્તા જમાવવાના કોડો આમ આજે આ લોકોને ફળતાં લાગ્યાં.

માનવસ્વભાવની આ નિર્બળતાએ, વૈરની વસુલાત લેવાનો તેનો માર્ગ હંમેશા મોકળો કરી આપ્યો છે. અપકારને ભૂલી ઉપકારને યાદ કરવાની સજ્જનતા વૈરવૃત્તિથી રીખતા આત્માઓના હૃદયમાંથી વિસરાઈ જાય છે. જીવનને જીવતાં શીખવાડી જીવનનાં અણુરૂપાં ઝેરને મારનાર અમી એ આ પ્રકારની સજ્જનતા છે. દુર્જનતાના ગાઢ અંધારમાં સજ્જનતાના પ્રકાશનું મૂલ્ય આંકી શકાય તેવું નથી.

પણ આ નાનકડા રાજ્યો કે જેઓ નિર્બલ રાજ્યપુરુ[illegible] ભોગવનારા સત્તાના ભૂખ્યા રાજવીઓ હતા, તેઓ સ[illegible] બધાં ધર્મનાં તત્ત્વજ્ઞાનનો વારસો ક્યાંથી પામી શકે? નન્દની નબળાઇનો લાભ લેવાની એમની વૃત્તિઓ તો અ[illegible] ઉશ્કેરાઇ ચૂકી હતી. વૈરવૃત્તિનાં આતશે આ આત્માઓ[illegible] સંતપ્ત બનાવી દીધા હતા. એ લોકોએ હવે છેલ્લી લડાઈ લડી લેવાનો નિરધાર કર્યો. પોતાના સૈન્યો સાથે તેઓએ નગરને ઘેરી લીધું.

પણ ને પડેલાં રાજનીતિના નાટકો ભજવી લેવા માટે [illegible] મગધના સર્વસત્તાધીશ મહારાજા નંદને તેઓએ

કહેણ મોકલ્યું. મહારાજા નન્દની રાજસભામાં જઈ દૂતે
પડકાર કર્યો

સિંધ, સૌવીર ચૌલ, વત્સ અને સૌરાષ્ટ્રના રાજ્યોનું પ્રતિનીધિમંડળ તમને કહેવડાવે છે કે, 'હવે તમારી સત્તાનો સૂર્ય આથમી ગયો છે, 'જેનું ભુજાબલ તેનું રાજ્યબલ' એ સત્ય, રાજ્યનીતિના ચાણક્યોએ જગતને બનાવી આપ્યું છે મગધના પાયતખ્તનો અધિકાર એ કેવળ, વારસાથી ચાલી આવતો અમરપટ્ટો નથી અમે હવે આવા આપખુદ શાસનને ચલાવી લેવાને કોઇ પણ રીતે તૈયાર નથી. મગધની સત્તા સાથે સમાન દરજ્જે રહેવાને અમે તૈયાર છીએ. આ સિવાય સમાધાન કે સુલેહને અમે નકારીએ છીએ. આની સામે મગધનરેશના યોગ્ય જવાબની રાહ જોવાને અમે થંભ્યા છીએ બાકી યુદ્ધ, યુદ્ધ અને યુદ્ધ એ હવે અમારો માર્ગ છે.'

દૂતના વચનોમાંથી લડાઇનો અગ્નિ સળગી રહ્યો હતો. નન્દનું પ્રધાનમંડળ આ બધું સાંભળી રહ્યું. કલ્પકના સત્તાભ્રષ્ટ થયા બાદ તાજેતરમાં આમ અચાનક ફાટી નીકળેલી આ આપત્તિથી નવો સેનાધિપ અશ્વઘોષ મૂંઝવણમાં મૂકાઇ ગયો. નવો મહામાત્ય વિશ્વગુપ્ત કાંઈક ઊંડી વિચારણામાં ગરકાવ થયો.

રાજસભાની હવા તદ્દન શૂન્ય જેવી હતી, લડાઇ લડી લેવાનું શૌર્ય કે પરાક્રમ કોઈ અધિકારીનાં મુખો પર તે વેળા ન જણાયું. મહારાજા નન્દ, આ બધું પામી ચૂકયો

એણે મુત્સદ્દીભરી જબાનમાં દૂતને કહ્યું : 'તમારો અને અમારો સંબંધ ખૂબ જ નિખાલસતાભરી મૈત્રીથી ચાલ્યો આવે છે, એને ટકાવી રાખવા અમે આતુર છીએ. લડાઈ લડી લેવાની વૈરવૃત્તિને આમાં સ્થાન ન જ હોવું જોઈએ. અમારા મહામાત્ય કલ્પક વૃદ્ધાવસ્થાને કારણે પથારીવશ છે, છતાં તમારી સાથે સલાહ કરવાને દરેક પ્રકારે તેઓ તૈયાર છે.'

દૂતને નન્દનાં આ વચનોમાં મગધના સત્તાધીશની નબળાઈ જણાઈ. મગધનો સર્વતંત્રસ્વતંત્ર ગણાતો સમ્રાટ્ આટલો નરમ બની જવાબ આપશે, એ એની કલ્પનામાં ન હતું. એણે જોયું કે, કલ્પકના નામે સમય કાઢવાની આ એક તરકીબ છે, દમન અજમાવ્યા વિના કોઈ રીતે કાર્યસિદ્ધિ નથી એમ ગણરાક દૂતે તે વેળા પાણી માપી લીધું.

'હું અમારા માલીકોને પૂછી જોઉં' કહી તેણે ઘોડા દોડાવી મૂક્યો. બીજી જ પળે સમૂહ રાજ્યોની સેનાએ પાટલીપુત્રની ચોમેર ઘેરો ઘાલી નગરના લોકોનો વ્યવહાર મુશ્કેલીઓમાં મૂકી દીધો. નિર્દોષ પ્રજાજનો દિનપ્રતિદિન આ રીતે આપત્તિના ઘેરા વમળમાં સપડાઈ ગયા.

મહારાજા નન્દે, નવાં પ્રધાનમંડળને આની સામે જવાબ આપવાનો આદેશ આપ્યો. મહામાત્ય વિશ્વગુપ્તે નકારમાં પોતાનો જવાબ પાઠવી દીધો અને કહી દીધું કે, 'અચાનક ઊભી થયેલી આ પરિસ્થિતિને પહોંચી વળવાને અમારી પાસે શક્તિ અને સામર્થ્ય નથી.' નન્દની કલ્પનામાં ન હતો તે જવાબ નન્દ અત્યારે સાંભળી રહ્યા.

મગધના સમ્રાટને અત્યારે પોતાનો બુદ્ધિશાળી મહામાત્ય કલ્પક યાદ આવ્યો. તેની બન્ને આંખોમાંથી આસુની ગંગા-યમુના વહેતી થઈ. તે મહામાત્યની બુદ્ધિ, વફાદારી અને પરાક્રમની શૌર્યભરી કારકીર્દિનાં સંસ્મરણો તેનાં દુઃખી દીલને આગના તણખાની જેમ દાહ દેવા લાગ્યા પોતે જાતે કારાવાસની કાળી કોટડીમાં કલ્પકને મળવા આવ્યો. એણે ત્યાં જોયું તો જિંદગીની છેલ્લી ઘડીઓમા પણ મૃત્યુની સામે હિંમતભરી બાથો ભરતો મહામંત્રી પ્રસન્નતાપૂર્વક જીવી રહ્યો હતો.

મગધનો સમ્રાટ કલ્પકને નમી પડ્યો હાડપિંજરશા મંત્રીના દેહમાં આત્માના અણખૂટ ધૈર્યનું દર્શન થતાં નન્દના હૈયામાં મંત્રીશ્વર પ્રત્યેનો સદ્‌ભાવ વધતો ગયો. સમ્રાટ છતાં સેવકની જેમ એ લજ્જાથી ધરતી સામું જોઈ રહ્યો. કલ્પકની સજ્જનતા, સહૃદયતા અને સાધુતા પ્રત્યે એને પૂર્ણ વિશ્વાસ હતો. થોડીવારના મૌન પછી એણે પોતાની વાચા ખોલી.

'વ્હાલા મહામાત્ય ! મગધના સર્વસત્તાધીશની કે મગધના સામ્રાજ્યની લાજ રાખવાને આજે હુ તમારી પાસે ભીખ માંગવા આવ્યો છું. ગઈ કાલ સુધીના પરસ્પરના વેર-ઝેર ભૂલી, મગધના દુશ્મનોની સામે ઊભા રહેવાને તૈયાર થવાની સ્થિતિ આપણે માટે આજની ઘડિએ અનિવાર્ય બની છે.'

'મારા મંત્રીશ્વર ! તમારા પર અમે અન્યાયોની ભડ-માર ઝડીઓ વરસાવી છે. એ પાપોનું પ્રાયશ્ચિત્ત અત્યારે અમે ભોગવી રહ્યા છીએ. મગધની સત્તા સામે ગણરાજ્યોએ આજે ઉઘાડે છોગે બળવો ઊઠાવ્યો છે. તમારા જેવા મહાન પુણ્યવાન મંત્રીના આત્મબલ પર હજુ અમને વિશ્વાસ છે કે અમે અમારી સત્તાના ડગમગતા સિંહાસનને અચલ બનાવી મગધના રાજ્યતખ્ત પર નંદવંશનો વિજયધ્વજ ફરકાવી શકીશું.'

કલ્પકની સજ્જનતા, પોતાના માલીકની પાસેથી આ શબ્દો સાંભળતાં અકળાઈ ઊઠી. ક્ષણભર એના માથા પર જાણે વીજળી પસાર થતી હોય એમ એ મૂઢ બની શૂન્ય થઇ ગયો. એ બોલ્યો, શબ્દોમાં પર્વત ફાડી નાંખે તેટલું શૌર્ય હતું, વાણીના પ્રવાહે વિદ્યુત્શક્તિને થંભાવી દીધી. એની શબ્દગંગામાં હૃદયનો સાચો સેવકભાવ અને સ્વામિનું વાત્સલ્ય ઉભરાતું હતું.

બે શબ્દોમાં એણે કહી દીધું, 'રાજન ! મગધના સમ્રાટની સેવા એ મારૂં જીવનવ્રત હતું અને છે. શ્રી જિનેશ્વરદેવ જેવા તારક પરમાત્માનો સેવક ગણાતો કલ્પક લોહીના એકે એક છેલ્લા બિન્દુ સુધી મગધના સામ્રાજ્યને વફાદાર રહેશે. દુન્યવી કોઈપણ સ્વાર્થો કલ્પકની વફાદારીને આડે કદિ આવ્યા નથી અને આવશે નહિ, એ માટે આપ નિશ્ચિન્ત રહેજો !'

[૬]

બીજા દિવસની સવારથી વાતાવરણ બદલાઈ ગયું.

મહામાત્યની સાથે મહારાજા, પાટલીપુત્રના ચોરે ચૌટે ફરી વળ્યાં, નગર નાયકો મહામાત્યને જોઇ સ્વસ્થ થયા. પ્રજા પોતાના દુઃખોને ભૂલી ગઈ. નગરનાં વાતાવરણમાં અણધાર્યો પલટો આવ્યો, પ્રકાશનાં તેજસ્વી કિરણોની જેમ મહામંત્રીશ્વરનાં આગમનથી નગરજનોનાં હૈયા આનન્દથી ભરાઇ ગયા. અધીરાઇ, શોક અને શૂન્યતાનું અંધકાર ઘેર્યું વાદળ વિખરાઈ ગયું.

ગઢપર ચઢી, મંત્રીશ્વરે નગરને ઘેરાઈ રહેલા ગણ-રાજ્યોના સૈન્યોને જોઈ લીધા. સમાધાનીનો સંદેશ જાતે પાઠવ્યો. રાજ્યના અધિકારીઓએ મંત્રીશ્વરના નામે સુલેહનો શ્વેત વાવટો આકાશમાં ફરકતો કરી દીધો. ગણરાજ્યોના પ્રતિનીધિઓએ આ બધું જોઇ લીધું. નિરર્થક લોહી રેડવા કરતાં મગધની સત્તાને એની નબળાઇને ટાણે સુલેહના હાણાથી ચાંપી જોવામાં એ લોકોએ પોતાનું ડહાપણ માન્યું.

ગણરાજ્યોનો મુખ્ય સેનાધિપતિ ભદ્રવીર્ય, આ તકનો ઉપયોગ કરવામાં સાવધ હતો. એણે પ્રતિનીધિમંડળને કહી દીધું 'વાટાઘાટથી જો આ બધું પતી જતું હોય તો આપણા સૈનિકોના લોહીની નદી આ ભૂમિપર શા માટે વહેતી કરવી.' સૌ એકમત થયા. ગરમ અને નરમ બન્ને દળોના નાયકોએ ભદ્રવીર્યને મહામાત્ય કલ્પકની સાથે વાટાઘાટો

કરવાને પોતાની અનુમતિ આપી. મહામાત્ય કલ્પકે, પૂર્ણ તૈયારી પૂર્વક નગરનું મુખ્યદ્વાર ખોલ્યું. ભદ્રવીર્ય નગરમાં આવ્યો. મંત્રીશ્વરની અદ્ભૂત પ્રતિભા, ભવ્ય લલાટ અને દેવાંશી તેજ જોઇ એ સહસા નમી પડ્યો.

મંત્રીશ્વરે પોતાની બાજુમાં બેસાડી એ યુવાન સેનાધિપતિનો સત્કાર કર્યો. ભદ્રવીર્યની અક્કડતા ઓગળતી ગઇ. પરસ્પરના પ્રેમનું વાતાવરણ ત્યાં સર્જાતું થયું. હિંસાની પાશવીવૃત્તિની સામે જૈન મહામાત્ય કલ્પકની નિર્દોષ અહિંસકતાનો વિજય થયો.

'ભાઇ ભદ્રવીર્ય! નરમાશથી મંત્રીશ્વરે પોતાની વાણીને જબાન આપી. 'તમે ગણરાજ્યો ભલે માનતા હો કે મગધની સત્તાનું પરિબલ ખૂટી ગયું છે. પણ એ તમારી ભ્રમણા છે.' મંત્રણા માટે મગધની આતુરતાનું કારણ સ્પષ્ટ કરતાં કલ્પકે પોતાની ઢબે ચોખવટ કરી.

'મહારાજા નન્દ અને હું માનીએ છીએ કે, હિંસાથી જગત જીતી શકાય છે એ નર્યું અજ્ઞાન છે, સત્તાવાદ કે સામ્રાજ્યની ભૂખ પાપો જન્માવી, સમસ્ત સંસારને પાપી બનાવે છે. આથી જ અમને સત્તાની ભૂખ કે લોભ હવે તલમાત્ર રહ્યો નથી. અમારો ધર્મ સિદ્ધાન્ત; 'સત્તા કે સમૃદ્ધિ પુણ્યબળથી પ્રાપ્ય છે' એમ અમને સમજાવે છે; આથી એની ખાતર લાખો કરોડો યા અબજોની સંખ્યાના નિર્દોષ માનવોનો રક્ત સંહાર કરી શોણિતનો સાગર ઊભો

કરવો એ મારે મન ભયંકર અન્યાય અને અધર્મ છે, શક્તિનો દુર્વ્યય છે' બોલતા બોલતા મંત્રીશ્વરની પ્રૌઢ કાયા કંપી ઊઠી. મહાલયની અભેદ દિવાલો શૂન્ય બની આ બધું જાણે સાંભળતી હતી

ફરી મંત્રીશ્વરની વાણીનો ગંગાપ્રવાહ વહેતો થયો

'સેનાધિપતિ! તમારા જેવા યુવાનો ગણરાજ્યોના સાચા દીવાઓ છે. તમારી શક્તિઓ જગતના કલ્યાણમાર્ગે પ્રકાશ પાથરવામાં રેડજો! હિંસા, ઈર્ષ્યા, વૈર અને વૈમનસ્યના પાપોના ભીષણ અંધકારને ઉલેચી નાખી, અહિંસાના ધર્મ-માર્ગે સંસારની પ્રજાને દોરવણી આપવી એમાં જ તમારી લોહીનાં ઉષ્ણ બિંદુઓથી થનગનતી યુવાનીનું સાર્થક્ય છે. તમારે સમજવું જોઈએ વૈરનું વારણ કે મારણ વૈર નથી, કે યુદ્ધ નથી, પણ વૈરનું વારણ ક્ષમા છે એ કદી ભૂલશો નહિ!' વયોવૃદ્ધ કલ્પકનું જાદુઈ વ્યક્તિત્વ, સેનાધિપતિનાં આત્માની આરપાર અસર પાડી ગયું.

મંત્રીશ્વરે ફરી કહ્યું: 'મારા વ્હાલા ભદ્ર! તમારા માટે બે માર્ગો હાલ ઊભા છે. એક રક્તપાતનો અને બીજો અહિંસાનો. પહેલા માર્ગને કાયરોએ–આત્મસામર્થ્યહીન નિર્બળ માનવોએ અજમાવી, સંસારના સ્વાર્થોને સળગાવી મૂકી, કાયમી શાન્તિના શ્વાસોશ્વાસ રૂંધી નાંખ્યા છે. અને જગતને કેવળ નિર્માલ્ય અને શસ્ત્રજીવી બનાવ્યું છે પરિણામે નરમેધનો અત્યાચાર આ દ્વારા સર્જાય છે. બીજો માર્ગ નિર્ભય-

તાનો છે. સરળતાપૂર્વક સત્તા કે સમૃદ્ધિના ત્યાગ દ્વારા જગતના માનવોની સુષુપ્ત માનવતા જગાડી એને શાન્તિનાં શાશ્વત પંથ પર આ માર્ગે ધીરે કદમે દોરે છે. વિશ્વાસ, આત્મસંતોષ અને શાન્તિના આત્મતેજનો સાક્ષાત્કાર આ માર્ગે સહજ પ્રાપ્તવ્ય છે.'

'મગધના સર્વસત્તાધીશ મહારાજા નન્દ તરફથી તેના એકના એક પ્રતિનીધિ તરીકે, બીજો માર્ગ મેં સ્વીકાર્યો છે, તે માર્ગે મગધની સત્તાનું સંચાલન થઈ શકે તે જોવાને હું આતુર છું. આ માટે જ મેં તમને મારા સમાન ભાગીદાર માની અહિ બહુમાનપૂર્વક આમંત્ર્યા છે.'

મંત્રીશ્વરની વાણીનું તેજ ચોમેર પ્રકાશ પાથરતું ગયું. શૂન્યની જેમ ભદ્રવીર્ય આ બધું સાંભળતો રહ્યો. એના જીવનમાં આ બધું એને પહેલ-વહેલું સાંભળવા મળ્યું. આત્માને ધન્ય માનતો તે હજુ મગધના આ મહાન્ મુત્સદ્દી મંત્રીને જોતો જ રહ્યો.

'સેનાધિપતિ ! મગધની સત્તાની સાથે કાયમી સુલેહ, શાંતિ અને વિશ્વાસ આ માર્ગે જળવાઈ રહેશે ! એ યાદ રાખજો કે, સમૃદ્ધરાજ્યો અને અમે સરખા જ છીએ; તમારા સ્વમાનના હક્કને પીંખી નાંખવાનો અમને અધિકાર નથી, એમ કરવાનું ઘમંડ પણ અમે રાખ્યું નથી.'

'બાકી જો રક્તપાત દ્વારા અમારી પાસેથી સત્તા ઝુંટવી લેવાની તમારી નેમ હોય તો તે માટે પણ અમે તૈયાર

છીએ; અમારી પાસે સૈન્ય છે, તાકાત છે, અને ધનદનો કુબેર ભંડાર પણ છે. અમે માનીએ છીએ કે, જે પુરુષે ગઈ-કાલના નાપિત ગણાતા વેશ્યાપુત્ર નન્દને મગધનું પાયતખ્ત આપ્યું તે પુરુષ નન્દની સત્તાને સહાય કરવાને જીવંત છે. બોલો નિર્ણય કરી લ્યો!'

મહામંત્રીના શબ્દોમાંથી આગના તણખા ઝરતા રહ્યા. મૌન તોડી સેનાધિપતિ ભદ્રવીર્યે કહી દીધું, 'લડાઈ બંધ કરી, અમે તમારા શરણે આવ્યા છીએ, તમારા જેવા દેવ-પુરુષ પર અમને પૂર્ણ વિશ્વાસ છે.'

સમાધાન થઈ ગયું : ભદ્રવીર્યે છાવણીમાં આવી યુદ્ધ બંધ કરવાની જાહેરાત કરી, સૈન્યોને વિખેરી દીધા. બીજે જ દિવસે પાટલીપુત્રનો ઘેરો ઉઠાવી દીધો. તરત જ નગર ભય-મુક્ત બન્યું. ભદ્રવીર્યના આ અચાનક હૃદયપલટાથી ગણ-રાજ્યોમાં અરસપરસ વિશ્વાસ ખૂટી ગયો. સેનાધિપતિ પર દેશદ્રોહનો આરોપ વાતાવરણમાં વહેતો મૂકાયો, છતાં; સિંધ. સૌવીરનાં રાજ્યો ભદ્રવીર્ય પરના પોતાના વિશ્વાસ, તેમજ શ્રદ્ધાથી યુદ્ધમાંથી ખસી ગયા. બીજાં નાના રાજ્યો નિર્બળતાને કારણે ભાગી છૂટ્યા મગધની સત્તા પર ઝઝુમતા ભયનાં વાદળો મંત્રીશ્વરના પુરુષ તેજે આમ અચાનક વિખરાઈ ગયાં.

આ રીતે જૈન મંત્રીશ્વર કલ્પકના અદ્ભુત વ્યક્તિત્વના બળથી, મહારાજા નન્દની સત્તા મગધના રાજ્ય સિંહાસન

પર પુનઃ સુસ્થિર બની અને મહામંત્રીની સામે કાવત્રાં કરનારાં તત્ત્વોને નન્દે, મગધની સીમાઓ પરથી દૂર ધકેલી તેઓનાં પાપોને ઉઘાડાં કર્યાં. મગધદેશના વિશાળ રાજ્ય તંત્રના વહીવટનો કળશ મહામાત્ય કલ્પકના શિર પર ફરી ગૌરવપૂર્વક ઢોળાયો. સાધુમૂર્તિ કલ્પકને એની હવે અપેક્ષા રહી ન હતી રાજ્યનાં, દેશનાં કે જગતનાં સર્વ સંબંધોથી મુક્ત બની તે મહામંત્રીએ પોતાનું શેષજીવન શ્રી વીતરાગ ધર્મની આરાધનામાં પૂર્ણ કર્યું.

અંતે સમાધિપૂર્વક મૃત્યુને પામી, ધર્માત્મા કલ્પક દેવલોક ભણી વિદાય થયા. ત્યારબાદ કલ્પકના વારસો મગધના મહામંત્રીપદે મહારાજાના હાથે અભિષિક્ત થયા. મગધની સર્વ સત્તાના વાહક તરીકે આ રીતે સાત-સાત સિંહાસનો સુધી જૈન મંત્રીશ્વર કલ્પકની પેઢીઓએ મંત્રીશ્વર-પદ વફાદારીપૂર્વક જાળવી, જૈન ધર્મને દિપાવ્યો અને નંદ વંશનો યશસ્વી વિજયધ્વજ, દેશ-પરદેશમાં દિગન્તગામી બનાવ્યો.

છેલ્લે નંદ નવમાના વંશમાં આથડામણ થઈ. તેના રાજ્યની સત્તાનું તંત્ર મહર્ષિ સ્થુલભદ્રજીના પિતા જૈન મંત્રીશ્વર શકટાલના હાથમાં હતું. તે વેળા અસંતુષ્ટ માનવોની ભંભેરણીથી નંદ નવમો-ધનનંદ દોરવાઈ ગયો અને શકટાલમંત્રીને રાજ્યદ્રોહની ગંધથી અપમાનિત કર્યા. એ અપમાનિત મંત્રીશ્વરે પોતાનાં કુટુંબની સલામતી માટે સ્વેચ્છાએ પ્રાણ ત્યજી દીધાં. આ કાળ ચોઘડીએ નંદ વંશના

સર્વનાશનું પગરણ શરૂ થયું. [૧૭૯]

અપમાનિત બ્રાહ્મણ મંત્રીનું વેર બ્રાહ્મણ કુળના જૈન મંત્રીશ્વર ચાણક્યે નંદની વંશવેલને મગધના સિંહાસન પરથી ઉખેડીને આ રીતે નંદ નવમાના સત્તા કાલમાં લઈ લીધું અને ત્યારબાદ મગધના પાયતખ્ત પર ચન્દ્રગુપ્ત દ્વારા મૌર્યવંશની સત્તા સ્થપાઈ.

ચન્દ્રગુપ્ત પછી, બિન્દુસાર, અશોક, અને જૈન સમ્રાટ સંપ્રતિ–આ બધા મૌર્યવંશના મગધ સમ્રાટો ઇતિહાસના પાને આલેખાઈ ગયા. જેમ નંદવંશને મગધની સત્તા પર સમૃદ્ધ કરનાર જૈન મંત્રીશ્વર કલ્પક હતા, તે જ રીતે મગધના પાયતખ્તપર મૌર્યવંશને સુસ્થિર કરનાર બ્રાહ્મણ-કુળના જૈન મંત્રીશ્વર ચાણક્ય હતા.

જૈન ઇતિહાસની આ બધી પ્રમાણિક તવારીખો આપણને આજ સુધી આ રીતે મળી આવે છે બ્રાહ્મણકુળના જૈન મંત્રીશ્વર શ્રી કલ્પકની કથાનો આ ઇતિહાસ આપણને કહી જાય છે–એ પ્રકારનો અપૂર્વ ધર્મસંદેશ પાઠવી જાય છે કે, 'નિર્મળ સાધુતા, નિર્દોષ ધીરતા, તેમજ અદ્ભુત આત્મસંતોષ' આ ત્રિશક્તિ જ જીવનની મહામૂલ્ય સંપત્તિ છે કલ્પકનાં જીવનનો આ ટુંક ઇતિહાસ, આપણને આ જ મહાન શક્તિઓનો પ્રભાવ સમજાવી જાય છે.

'વેર, ઝેરથી જાણીબૂઝી બનેલી અને સંહારની આતશ-બાજી રમવામાં જ સ્વાર્થ જોતી આજની સભ્ય ગણાતી

માનવજાતે મંત્રીશ્વર કલ્પકના જીવનમાંથી આ બોધપાઠને ખુબ યાદ કરી લેવાની જરૂર છે કે કદિ વૈર–ઝેરથી જગતની શાંતિ સ્થાયી નહિ રહે, વૈરને ભૂલી, સત્તા ને બળના પ્રદર્શનનો મોહ મૂકી ક્ષમા તથા ત્યાગ દ્વારા જીવનને મંગલમય બનાવજો.' તે વિના માનવકુળનો ઉદ્ધાર કોઇ રીતે શક્ય નથી, એ કદિ ભૂલવું જોઈએ નહિ.



૧૨ : ધન્ય પ્રજાવત્સલ રાજવીને

જે કાળે મગધ સામ્રાજ્યની આણ ભારતના પૂર્વના વિશાળ પ્રદેશો પર ફેલાયેલી હતી, તે સમયની આ વાત છે આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાંનો એ ઐતિહાસિક પ્રસંગ છે.

મગધ સામ્રાજ્યની વિશાળ સત્તાનો દોર, તે સમયે મહારાજા શ્રેણિકના હાથમાં હતો શ્રમણ ભગવાન શ્રી. મહાવીર પરમાત્માનો તે અનન્ય ઉપાસક હતો. રાજા શ્રેણિક ન્યાયનિષ્ઠ તથા પ્રજાપાલક રાજવી હતો.

મગધદેશની કીર્તિ તથા સમૃદ્ધિને સાંભળીને ઠેઠ નેપાળ દેશના વ્યાપારીઓ, મગધની રાજધાની રાજગૃહીમાં એક અવસરે ફરતા ફરતા આવી ચઢ્યા દૂર દૂર દેશોના વ્યાપારીઓ, કારીગરો, વિદ્વાનો, કલાકારો ઇત્યાદી સહુ હિંદમાં પહેલ-વહેલાં પગ મૂકતા, ને જ્યારે તેઓના કાને મગધ સામ્રાજ્યના વૈભવની ગૌરવગાથાઓ સાંભળવા મળતી, એટલે તે સહુ મગધના પાટનગર રાજગૃહીના આંગણે તેના વૈભવને નિહાળવા ઉત્સુક દિલે દોડી આવતા

નેપાલના વ્યાપારીઓ પાસે મહામૂલ્ય રત્નકંબલો હતી. ખાસ નેપાલના પ્રસિદ્ધ કારીગરોએ બનાવેલી આ શાલો ખૂબ જ ચમત્કારિક અને કિંમતી હતી. નેપાલ સિવાય

કરવો એ મારે મન ભયંકર અન્યાય અને અધમ છે, શક્તિનો દુર્વ્યય છે.' બોલતા બોલતા મંત્રીશ્વરની પ્રૌઢ કાયા કંપી ઊઠી. મહાલયની અભેદ દિવાલો શૂન્ય બની આ બધું જાણે સાંભળતી હતી

ફરી મંત્રીશ્વરની વાણીનો ગંગાપ્રવાહ વહેતો થયો.

'સેનાધિપતિ! તમારા જેવા યુવાનો ગણરાજ્યોના સાચા દીવાઓ છે. તમારી શક્તિઓ જગતના કલ્યાણમાર્ગે પ્રકાશ પાથરવામાં રેડજો! હિંસા, ઈર્ષ્યા, વૈર અને વૈમનસ્યના પાપોના ભીષણ અંધકારને ઉલેચી નાખી, અહિંસાના ધર્મ-માર્ગે સંસારની પ્રજાને દોરવણી આપવી એમાં જ તમારી લોહીનાં ઉષ્ણ બિંદુઓથી ધનગનતી યુવાનીનું સાર્થકય છે. તમારે સમજવું જોઈએ વૈરનું વારણ કે મારણ વૈર નથી, કે યુદ્ધ નથી, પણ વૈરનું વારણ ક્ષમા છે એ કદી ભૂલશો નહિ!' વયોવૃદ્ધ કલ્પકનું જાદુઈ વ્યક્તિત્વ, સેનાધિપતિનાં આત્માની આરપાર અસર પાડી ગયું.

મંત્રીશ્વરે ફરી કહ્યું : 'મારા વ્હાલા ભદ્ર! તમારા માટે બે માર્ગો હાલ ઊભા છે. એક રક્તપાતનો અને બીજો અહિંસાનો. પહેલા માર્ગને કાયરોએ–આત્મસામર્થ્યહીન ...ળ માનવોએ અજમાવી, સંસારના સ્વાર્થોને સળગાવી ... કાયમી શાન્તિના શ્વાસોશ્વાસ રૂંધી નાંખ્યા છે. અને ... કેવળ નિર્માલ્ય અને શસ્રજીવી બનાવ્યું છે પરિણામે ...ો અત્યાચાર આ દ્વારાં સર્જાય છે. બીજો માર્ગ નિર્ભય-

દુનિયાના કોઈ પણ દેશમાં આવી શાલો તૈયાર થતી ન હતી. નેપાલના રાજા આ કારીગરોને ઉત્તેજન આપી, પોતાના દેશની આશ્ચર્યકારક કારીગરીને પરદેશના બજારોમાં ઉમંગભેર મૂકતો.

અત્યંત મુલાયમ ઊનમાંથી બનાવેલી આ કાંબળીઓ, ઉપભોગનું અનુપમ ઉપકરણ ગણાતું. રાજા–મહારાજા, કે ધનકુબેર શ્રેષ્ઠી–સામંત સિવાય આ કાંબળને વસાવવાની કોઈની તાકાત નહોતી. અંગ ઉપરનાં ઉપવસ્ત્રોમાં આ શાલ, રત્ન સમાન હતી. તેમજ તેની કિનારો કિંમતી ને નાજુક રત્નોથી અંકિત હોવાના કારણે તે કાંબળો 'રત્નકંબલ'ના નામે પ્રસિદ્ધ હતી.

નેપાલથી રત્નકંબલોને લઈને રાજગૃહીમાં પેસતા વ્યાપારીઓએ જ્યારે મગધના પાટનગર રાજગૃહીની સમૃદ્ધિ, શોભા તથા ઊંચે આકાશને અડીને ઊભેલાં દેવમંદિરોનાં રત્નજડિત સુવર્ણ કલશો, ધનકુબેર શ્રેષ્ઠીઓની આભાની અટારીઓ સુંદરની હવેલીઓ નજરે નિહાળી, ત્યારે તેઓ ઘડીભર તો આશ્ચર્યના નિરવધિ સાગરમાં ડૂબી ગયા. રાજગૃહીના વૈભવોને જોતા જોતાં તે વ્યાપારીઓએ રાજભવનના મુખ્ય દ્વારમાં પ્રવેશ કર્યો.

કલ્પી ન શક્યા કે, 'મગધ સામ્રાજ્યનો માલિક મહારાજા શ્રેણિક આટલો સાદો કેમ હશે ? મહારાજાના ચરણોમાં પોતાનો માલ મૂકતો કરતાં તેઓએ કહ્યું : 'રાજન્ ! ભારતના સર્વશ્રેષ્ઠ તથા સમૃદ્ધ સામ્રાજ્યના વૈભવ અને તેની જાહોજલાલી સાંભળીને અમે અહીં આવ્યા છીએ અમારી પાસે મહામૂલ્ય રત્નકંબલો છે. આ રત્નકંબલોનો એ ગુણ છે કે, શિયાળાના દિવસોમાં એને જો શરીર પર ધારણ કરવામાં આવે તો તે અત્યન્ત ઉષ્મા આપે છે અને ગ્રીષ્મ ઋતુમાં તેને અંગે ધારણ કરતા તેમાથી શીતળતા પ્રગટે છે; જે અંગને શીતળ રાખે છે. અને ચોમાસાની ઋતુમાં તે શીતોષ્ણ રહે છે નેપાળદેશની આ કાંબળો, દુનિયાના કોઈ પણ પ્રદેશમાં મળતી નથી '

મહારાજા શ્રેણિકે એ રત્નકંબલોને જોઈ, નેપાળ જેવા પાડોશી દેશની આવી અમૂલ્ય કારીગરીને જોઈ–જાણીને રાજા શ્રેણિકને અત્યંત આનંદ થયો. મહારાજાએ વ્યાપારીઓને રત્નકંબલનું મૂલ્ય પૂછ્યું . જવાબમા વ્યાપારીઓમાંના એક વ્યાપારીએ મહારાજા શ્રેણિકને જણાવ્યું . 'રાજન્ ! આ શાલ તો આપ જેવાના રાજભવનમા જ શોભે ! સામાન્ય માનવીનું આ ભોગવવાનું ભાગ્ય ન હોય. એક રત્નકંબલનું મૂલ્ય સવાલાખ સુવર્ણમુદ્રાઓ છે આપના જેવા મગધના માલિકને તો આવી વસ્તુઓ આજે પગ લૂછીને કાલે ફેંકી દેવા જેવી ગણાય. આમા દ્રવ્યનો કાંઈ પ્રશ્ન જ ન હોઇ શકે.'

શ્રેણિકે હસતાં હસતાં નેપાળના વ્યાપારીઓને કહ્યું :

'મારે માટે તો દ્રવ્યનો પ્રશ્ન જ મોટો હોઈ શકે ! મગધનો વૈભવ કે મગધનો ધનભંડાર એ મારો નથી. એ તો કેવળ મારે સાચવીને સદ્‌વ્યય કરવાની વસ્તુ છે. મગધના સામ્રાજ્યનો હું સ્વામી નથી. એ સામ્રાજ્ય મારી પ્રજાનું છે. હું તો કેવળ એનો રખેવાળ છું. હું પ્રજાનો માલિક કે સ્વામી નથી. મારી પાસે છે પ્રજાના પાલક પિતાનું હૃદય અને માતાનું વાત્સલ્ય. મારે આનંદ–પ્રમોદ, વિલાસ કે વૈભવ ભોગવવાના ન હોય ! એ બધું ભોગવવાનો અધિકાર મારી વહાલી પ્રજાનો છે.'

વ્યાપારીઓની સામે દૃષ્ટિક્ષેપ કરતાં મહારાજાએ કાંઈક ગંભીર બનીને ફરી કહ્યું : 'તમે એક રત્નકંબલનું મૂલ્ય સવાલાખ સુવર્ણમુદ્રાઓ કહ્યું કેમ ખરું ને ? પણ મારા પોતાના અંગત ઉપભોગ કે મોજ–શોખની ખાતર આમ લાખો સોનામહોરો મારાથી કેમ ઉડાવી દેવાય ? પ્રજાના સુખ–સગવડ કે આનંદની જ ચિંતામાં રહેતા મારા જેવાને આવા વિલાસો ન શોભે.'

નેપાલના વ્યાપારીઓ મગધના સર્વસત્તાધીશ શ્રેણિક રાજાના મુખેથી બોલાતા આ શબ્દોને સાંભળીને ક્ષણભર દિગ્મૂઢ થઈ ગયા. એમનો ઉત્સાહ ઓગળી ગયો. વાતાવરણમાં થોડીવાર નીરવતા છવાઈ.

વ્યાપારીઓ વિચારવા લાગ્યા કે, 'ભારતના વિશાલ સામ્રાજ્યનો એકનો એક માલિક આ શું બોલી રહ્યો છે?

નાના બાલકની જેમ આવાં ઘેલાં એ કેમ કાઢતો હશે? શું કૃપણ કે સંકુચિત માનસનો તો એ નહિ હોય ને?'

મહારાજાએ વ્યાપારીઓનાં મોં પર છવાયેલી અકળામણને કળી લીધી: વાતાવરણની નીરવતાને ભેદતાં ફરી તેઓ બોલ્યા: 'તમે કદાચ એમ કલ્પના કરતા હશો કે મગધના મહારાજાને પોતાના ભોગ-વિલાસો પાછળ કે અંગત સુખ-સગવડ, મોજ-શોખ ખાતર લાખો ખર્ચી નાખતાં એનો હાથ કોણ પકડે છે? પણ ના, મગધની પ્રજા એ મારા વહાલા સંતાનના સ્થાને છે. મા કે બાપ, પોતાના સંતાનને ભૂખ્યા રાખીને, કેમ ખાઈ શકે? પોતાના સંતાનોને નાગા કે ચીંથરેહાલ કપડે ટળવળતા રાખીને એ પોતાના અંગ પર કપડું કેમ ઓઢી શકે? મારી વહાલી પ્રજાએ પોતાના હૃદયમંદિરના સિંહાસન પર મને જે શ્રદ્ધા તથા સદ્‌ભાવથી પ્રતિષ્ઠિત કર્યો છે તે શ્રદ્ધા એ મારો આનંદ; એ સદ્‌ભાવ એ મારી મૂડી, એ મારું ધન અને એ જ મારુ સામ્રાજ્ય છે મા પોતાના બાળકને ખવડાવીને ભૂખે રહેવામાં સુખ અનુભવે છે પોતે ફાટેલું ચીંથરુ પહેરીને પોતાના પ્યારા બચ્ચાને મુલાયમ કપડાથી ઢાંકે છે. પોતાના વહાલા સંતાનના સુખની કલ્પનામાં વાત્સલ્યઘેલી માને પોતાની દુનિયા સમાઇ જતી લાગે છે. પોતાના સંતાનના સુખે એ દુઃખમાં સુખી બને છે, ઉદ્વેગમાં આનંદની મોજ અનુભવે છે.

'તો મારી પ્રજાના સુખની કલ્પનામાં મને આજે

આનંદ છે. એની શોભામાં મારું સ્વર્ગ છે. આ રત્નકંબલોનો વૈભવ મને શોભે નહિ. મને તે છાજે પણ નહિ, તમારી પાસેથી રત્નકંબલ ખરીદીને હું સવાલાખ સુવર્ણમુદ્રાઓનો ધુમાડો કરું, તેના કરતાં મારી પ્રજાના સુખ ખાતર ભલે એ ધન મારા ભંડારમાં પડ્યું રહે ! આ મગધ સામ્રાજ્યના રાજભંડારમાં જે ક્રોડોની મિલકત પડી છે, તે મારી નથી, મારા સુખોપભોગ કે અંગત સ્વાર્થને માટે એનો વ્યય કરવાનો મને અધિકાર નથી, એ સંપત્તિ મારી પ્રજાની છે. પ્રજાને કાજે, પ્રજાના સુખને સારૂ એનો ઉપયોગ કરવાને હું બંધાયેલો છું. રાજ્યનો કે રાજ્યભંડારનો હું કેવળ ચોકીદાર છું.'

'આજે તમે તમારો માલ મને વેચવા આવ્યા છો. તમારા માલનાં તમને નાણાં નહિ ઉપજતાં મારી પાસેથી તમે નિરાશ બનીને જશો, તે હું સમજું છું. તમારી આશાઓ ભાંગીને ભુક્કો બની ગઈ છે તે હું કલ્પી શકું છું, પણ હું એ માટે નિરૂપાય છું. તમે જ્યાં જ્યાં જાઓ ત્યાં એટલું કહેજો કે, સમૃદ્ધિના ભંડાર ગણાતા મગધના સામ્રાજ્યનો માલિક રાજા શ્રેણિક પોતાના આનંદ, પ્રમોદ કે વિલાસ, વૈભવો કરતાં પ્રજા પ્રત્યેના સ્નેહ, વાત્સલ્ય તથા તેના સુખ, આનંદ તેમજ પ્રમોદને મહાન ગણે છે. પ્રજાની પરસેવાના પૈસા પોતાના ઉપભોગ કે અંગત સ્વાર્થ ખાતર ઉડાવી દેવામાં એ નાનપ માને છે. મારા શરીરને કેવળ શણગારવા માટે હું મારી પ્રજાએ મને વિશ્વાસથી સોંપેલી મિલકતને પરદેશથી આવેલા વ્યાપારીઓના હાથમાં કેમ

જ્યારે અંતઃપુરમાં દરેક રાણીઓને સ્નાત્રજલ મળ્યું છે. મારાં ભાગ્ય એટલાં મોળાં કે આપ સ્વામીનાથની કૃપા મારા પર ઓછી થઈ છે.

દશરથ : (કાંઈક અધીરતાથી) આમાં એવું કાંઈ જ નથી, તમારા જેવા સમજુ–વિચારશીલ સ્રીરત્નને આવા વિકલ્પો ન છાજે. તમારા માટે પહેલાં જ આપણા જૂના કંચુકીને મોકલ્યો છે. હું હમણાં તપાસ કરાવું છું કે, આમ શાથી બનવા પામ્યું ?

(એટલામાં વૃદ્ધ કંચુકી હાથમાં રત્નજડિત સુવર્ણપાત્રમાં સ્નાત્રજલ લઈ ત્યાં હાજર થાય છે)

દશરથ : (કંચુકીને) કેમ આટલું બધું મોડું થયું ? તને સહુ પહેલાં અહિં આવવા માટે મોકલ્યો હતો અને હવે આવે છે ?

કંચુકી : (થડકતે દિલે, કંપતે સ્વરે) મહારાજ ! આમાં મારો દોષ નથી, આ મારી કાયાની સામે નજર કરો ! હું શું કરું ? વૃદ્ધાવસ્થાથી જર્જરિત આ મારૂં શરીર હવે કામ આપતું નથી. હું લાચાર છું. પહેલા જેવું હવે મારાથી ઝાઝું કાર્ય થતું નથી.

(મહારાજા દશરથની દૃષ્ટિ વૃદ્ધ કંચુકીના શરીર પર પડે છે. શરીર [illegible] પૂરું નિસ્તેજ, અંગેઅંગમાં કરચલીઓ પડેલી, [illegible] પડેલાં; આંખમાંથી પાણી વહી રહ્યું છે. ભમ્મર પરના [illegible] આંખોને ઢાંકી રહ્યા છે. નાક–મોંમાંથી લાળ પડતી [illegible] છે, [illegible] કંપી રહી છે, પગ થરથર ધ્રુજી રહ્યા છે. કંચુકીના

(જેથી જર્જરિત દેહને જોઈ દશરથ મહારાજા તત્ક્ષણ વિચારમગ્ન બની જાય છે)

દશરથ : અહો ! ખરેખર શરીરની આ દશા ! વૃદ્ધાવસ્થા આવતાં શરીર કેટ–કેટલું દયાજનક બની જાય છે ? ખરેખર કાચી માટીના વાસણ જેવી ઘડિકમા નાશ પામી જાય તેવી આ કાયાની સ્થિતિ છે અરે ! શરીરની ખાતર પ્રાણીઓ જીવનમાં કેટ–કેટલાં પાપો આચરે છે ! એ શરીરની ઉપટે આ જ સ્થિતિને ? તો હવે આ શરીર કામ આપે છે ત્યાંસુધી મારે આત્મહિત સાધી લેવું જોઇએ.

કૌશલ્યા : સ્વામીનાથ ! આપ આ બધા વિચારો શા માટે કરો છો ? આપને આત્મહિત સાધવુ હોય તો ખુશીથી આપ સાધી શકો છો, પણ હજુ એ માટે ઉતાવળા થવાનું નથી, અવસરે આપ આત્મકલ્યાણના માર્ગે પ્રયાણ કરજો !

દશરથ : પ્રિયે ! આત્મકલ્યાણના સમયને હવે કશી જ વાર નથી, આ શરીરનો વિશ્વાસ શો હોઇ શકે ? સમુદ્રના તરંગ જેવા ચંચળ શરીર દ્વારા શ્રી જિનેશ્વર ભગવંતના સંયમમાર્ગની આરાધના કરી લેવી, એ જ હવે મારા માટે ઉચિત છે. રામનો અયોધ્યાના રાજ્યસિંહાસન પર અભિષેક કરી, સંસારત્યાગ કરવાને હવે હું તૈયાર થઇશ. તમારા જેવાએ મને મારા માર્ગમાં સહાયક બનવું જોઇએ. આ સિવાય તમારી તરફથી અન્ય કઇ અપેક્ષા હું રાખી શકું ?

કૌશલ્યા : જેવી આપ સ્વામીનાથની ઇચ્છા !

પરિચય : ૨ :

સ્થળ:—રાજ્યસભાનો આવાસ.

પાત્રોઃ—મહારાજ દશરથ, મંત્રીમંડળ, રામ, ભરત, રાણી કૈકેયી.

[પરિચય—દશરથ મહારાજાનું મન સંસાર પરથી વિરક્ત બન્યું છે. શરીરની ક્ષણભંગુરતા નજરે જોયા બાદ શ્રી પારમેશ્વરી પ્રવ્રજ્યા સ્વીકારવાને તેઓ ઉત્સુક બન્યા છે. આ કારણે શ્રી રામચંદ્રજીનાં શિર પર આયોધ્યાનો રાજમુકુટ મૂકવાને તેઓ ઇચ્છે છે. રાજકુલ તથા અધિકારી મંડળને બોલાવી મહારાજા પોતાની ભાવના વ્યક્ત કરે છે.]

દશરથ : મારું મન સંસાર પરથી હવે ઊઠી ગયું છે. ઇક્ષ્વાકુ વંશના મારા પૂર્વજો માથા પર ધોળા વાળ દેખાય તે પહેલાં સંસાર ત્યજી સંયમ સ્વીકારતા. હું તો હજુ સુધી સંસારમાં પડ્યો રહ્યો છું. મારી ભાવના હવે જલ્દી સંયમ સ્વીકારવાની છે, માટે રામને અયોધ્યાના સિંહાસન પર બેસાડી હું દીક્ષા લેવા ઇચ્છું છું.

મંત્રીમંડળ : સ્વામીનાથ! આપ જ્યારે સંયમ સ્વીકારવા ઉત્સુક બન્યા છો, તો આપના કલ્યાણકર માર્ગમાં સહાયક થવા અમે આપની આજ્ઞાને શિરોધાર્ય કરીએ છીએ. ખરેખર યુવરાજ રામચંદ્ર આપના સ્થાનને દરેક રીતે શોભાવશે.

ભરત : પિતાજી! આપ જ્યારે સંસાર ત્યજી ત્યાગના પંથે વિચરવાની અભિલાષા રાખો છો, તો હું આપની

પાછળ આપના માર્ગે આવવાને ઇચ્છુ છુ આપના વિના આ સંસાર મારે માટે શૂન્ય જેવો છે આપના વિના આ સંસારમાં મારૂં કોણ?

કૈકેયી : સ્વામીનાથ! અમને મૂકીને આપ આમ ચાલ્યા જશો તો આ સંસારમાં અમારો આધાર કોણ? આપની પાછળ ભરત પણ પિતાના પગલે ચાલવા ઉત્સુક બન્યો છે; હવે અમારા માટે સંસાર એ ખરેખર સ્મશાન જેવો જ થઇ જશે.

દશરથ મહારાજા : (કૈકેયીને) તમારે આવો વિચાર કરવાનો હોય નહિ. રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન જેવા સુવિનીત પુત્રો તમારા પડ્યા બોલને ઝીલી લેવા સદા સજ્જ છે. તમારે કોઈ પણ પ્રકારની ચિંતા કરવા જેવુ નથી. આત્મહિતના માર્ગમાં તમારે સહાય કરવી જોઇએ જેથી નિર્વિઘ્ને હું મારૂં આત્મકલ્યાણ સાધી શકું. (રામચંદ્રજી ત્યાં આવી રહ્યા છે અને બધી હકીકત જાણી લે છે)

રામચંદ્રજી : પિતાજી! જ્યારે આપની ભાવના સંસારને ત્યજી સંયમમાર્ગનો સ્વીકાર કરવા પ્રબળપણે જાગી છે, તો અમે આપના માર્ગનું કલ્યાણ ઇચ્છી રહ્યા છીએ આપની ચરણરજ સમા મને આપનો કોઈ આદેશ હોય તો કૃપા કરી ફરમાવશો.

મહારાજા : પ્રિય રામ, સંસારભોગ એ પરિણામે રોગ રૂપ છે, એમ સમજીને આપણા પૂર્વજો યૌવનવયે સંસાર ત્યજી વિરક્ત બની સંયમના પંથે પ્રયાણ કરતા હતા.

પરિચય : ૪ :

સ્થળ : અયોધ્યાનો રાજમહેલ.

(પરિચય—રામચંદ્રજીને બદલે ભરતના શિરે અયોધ્યાનો રાજમુકુટ મૂકાવાનો છે, એ સમાચાર રાજધાનીમાં વહેતા થઈ ગયા. અના અનેક પ્રકારના વિધ-વિધ આઘાત-પ્રત્યાઘાતો પડવા લાગ્યા. રાજકુમાર લક્ષ્મણને જ્યારે આ ખબર મળી, એટલે રામચંદ્રજી પરના અપાર સ્નેહના કારણે તેમને ખૂબ આઘાત લાગ્યો. એ ઉતાવળા બની સીધા રામના આવાસમાં આવ્યા.)

લક્ષ્મણ : બંધુ ! આ હું શું સાંભળું છું ? રહી-રહીને માતા કૈકેયીને આ શું સૂઝ્યું ? એ કદિ બનવાનું નથી. જ્યાંસુધી રામનો સેવક તેનો નાનો ભાઈ લક્ષ્મણ અહિં બેઠો છે, ત્યાં સુધી રામને બદલે અન્ય કોઈપણ-ચાહે ભરત હોય કે કોઈપણ હોય, અયોધ્યાના રાજસિંહાસન પર નહિ જ આવી શકે.

રામચંદ્ર : ભાઈ લક્ષ્મણ ! આમ અકળાઈ જવાનું ન હોય. પૂજ્ય પિતાજીનાં વચનની ખાતર આ રામ જ્યારે માથું આપવા તૈયાર છે, તો પછી આ શું વિસાતમાં છે ? પિતાજી જ્યારે આત્મકલ્યાણના પવિત્ર પંથે પ્રસ્થાન આદરી રહ્યા છે, ત્યાં એઓશ્રીના પરમહિતકર માર્ગમાં સહેજ પણ વિઘ્ન પડે એવું તારાથી ન થઈ જાય તે ધ્યાનમાં રાખજે!

લક્ષ્મણ : ભાઈ ! તમને આ બધાં સ્ત્રી ચરિત્રની ખબર નથી; માટે જ આમ શાંત બનીને તમે બધું સહી લો છો

પણ મારાથી આ અન્યાય કોઈ રીતે સહન નહિ થાય. મારો આત્મા અંદરથી અકળાઈ ઉઠ્યો છે. કોઈપણ ભોગે કૈકેયીનું ધાર્યું હું નહિ જ થવા દઉં. આખી અયોધ્યા નગરી અને નગરીના શાણા પ્રજાજનો આજે ખળભળી ઉઠ્યા છે. આજે અયોધ્યાના રાજકુલમાં અન્યાય થઇ રહ્યાં છે. એક સ્ત્રીના અવિચારી પગલાંથી ચોમેર અશાંતિનો દાવાનળ ભડકે બળી રહ્યો છે.


રામચંદ્ર : ભાઈ લક્ષ્મણ! આ બધું તું કોની આગળ બોલે છે? તને શું એ ખબર નથી કે, તારો વડિલ ભાઈ રામ, પિતાજી કે માતાજીની આજ્ઞાના પાલનને માટે પોતાનું સર્વસ્વ ફના કરવા એક જ પલમાં તૈયાર રહે છે પૂજ્ય પિતાજીનું વચન એળે ન જાય એની ખાતર આ રામ અયોધ્યાનાં સિંહાસનને આજે સ્વેચ્છાએ ત્યજી દેવા તૈયાર થયો છે. તારા જેવા રામના સેવકે રામની શોભા, પિતાજીની પ્રતિષ્ઠા, તથા આપણા પૂર્વજોની ઉજ્જવળ કીર્તિ આ બધાયને રહેજ પણ ડાઘ ન લાગે ને તેનું ગૌરવ અખંડપણે જળવાઈ રહે તે રીતે વિચાર કરીને બોલવું જોઈએ. માતા કૈકેયી એ તો આપણે મન પૂજ્ય માતાજીના સ્થાને છે. એમણે જે કાંઇ કર્યું છે, તે બરાબર છે એ વિષે તારે એક શબ્દ પણ બોલવો ન જોઇએ. અને અયોધ્યાનાં પ્રજાજનની જે તું વાત કરે છે, તે માટે તું નિઃશંક રહેજે! રામના ગૌરવની ખાતર રામ જે કાંઇ કહે તેને સ્નેહપૂર્વક સ્વીકારી લેવા અયોધ્યાના શાણા પ્રજાજનો સદા તૈયાર છે

માંગણી કરી ? વડિલ બંધુ રામચંદ્રજી, લક્ષ્મણજી, આ બધા-
યને મૂકીને શું હું અયોધ્યાની ગાદી પર બેસી જઇશ એમ
તેં માન્યું ? મા ! શું તારા દીકરાને તેં આવો સ્વાર્થી અને
એકલપેટો ધાર્યો ! મા ! આથી મને અતિશય દુઃખ થયું
છે. મારા મોહમાં ભાન ભૂલી તેં આ શું કર્યું ? આપણા
શાંત સ્વસ્થ તથા સુખી રાજકુલમા તેં અશાન્તિ અને દુઃખની
આ રીતે આગ કાં ચાંપી ? તારા હાથે આ એક ભયંકર
ભૂલ થઇ છે, જેનું પરિણામ સારું નહિ જ આવે ?

કૈકેયી : ભાઈ ભરત ! આમ ઉતાવળો ન થા ! થોડો
શાંત થા ! મારું હૃદય કેવું વિહ્વલ બન્યું હતુ, તેનું તને
ભાન ક્યાં છે ? એક બાજુ તારા પિતા, અમારા શિરછત્ર
માથાના મુકુટ, હૃદયના હાર, અમને અસહાય મૂકીને જ્યારે
ચાલી જતા હોય; અને તુ પણ જ્યારે મને મૂકીને પરિગ્રહ
અને ઉપસર્ગોના રાજ્યમાર્ગરૂપ સયમ ગ્રહણ કરવા સજ્જ
થતો હો, તે સ્થિતિમાં માતા તરીકે હુ અતિશય મૂંઝ-
વણમાં મૂકાઈ જાઉં એ શું બનવાજોગ નથી ? અને મોહના
આવેશમાં તને સંસારમા રાખવા માટે તારા પિતાજી પાસે
મારા હાથે આ માંગણી મૂકાઈ જાય એ સ્વાભાવિક છે.
બાકી મારે મન રામ કે ભરત બને સરખા છે. ગમે તેમ
તોય હું સ્ત્રી છું, હૃદયની નિર્બળતા અમારામાં ભારોભાર
ભરેલી હોય, અને એથી જ તને સંસારમાં રાખવા માટે
મે આમ કર્યું છે.

ભરત : પણ મા ! હું તારી આ ઈચ્છાને આધીન

બલિદાનથી સંસારમાં તારી મહત્તા ઘેર ઘેર ગવાતી રહેશે. પ્રિય રામ! જીભ ઉપડતી નથી, શબ્દો મુખ દ્વારા બ્હાર આવતા નથી; છતાં છાતી વજ્ર જેવી કરીને હું હસતે મોઢે તને વિદાય આપું છું અને ઇચ્છું છું કે शिवास्ते पन्थानः તારો માર્ગ કલ્યાણમય હો! ને તારૂં નિરંતર મંગલ હો!



૧ : ક્ષમાથી જ શમે વૈર

[આરાધનાનું રહસ્ય આત્માનો ઉપશમભાવ છે, ખમવું-ખમાવવું એ જૈન શાસનનો સાર છે. વેર-ઝેરથી સળગતા આજના સંસારમાં ક્ષમા, ઉપશમભાવ તથા સમતા જેવું અમૃત એકેય નથી. જૈન ઇતિહાસના પાને એવા વેર-ઝેરના પ્રસંગે ક્ષમા તથા ઉપશમને પામી જે આત્મા સદ્ગતિ સાધી ગયેલ છે, તેનો જે ભવ્ય પ્રસંગ આલેખાયો છે તેનું સંવાદાત્મક શબ્દચિત્ર અહીં રજૂ થાય છે.]

પ્રસંગ ૧ લો :

પાત્રો : યુવરાજ યુગબાહુની ધર્મશીલ પત્ની મદનરેખા, રાજા મણિરથ, દાસી ચિત્રા, સખી ઉર્વશી.

સ્થળ : માલવદેશ, સુદર્શનપુરનગર, રાજમહેલમાં મદનરેખાનો આવાસ.

મદનરેખા : (સ્વગત) મને સમજાતું નથી કે, મહારાજા મણિરથ, આમ વારંવાર મને ભેટરૂપે વસ્ત્રો, અલંકારો, પુષ્પની માળાઓ, તાંબુલ ઇત્યાદિ કેમ મોકલતા હશે! રાજભવનમાં એમની છત્રછાયામાં આનંદ પ્રમોદ કરતાં અમને કઈ વસ્તુની અહિં ખોટ છે! તેઓ તો મારા પિતા-તુલ્ય ચિરછત્ર છે, કોઈને નહિ ને મને આ રીતે ભેટો કેમ મોકલાવે છે! તેઓની કૃપા એ જ મારે મન બસ છે, છતાં તેઓ આ રીતે મારા પર પક્ષપાત રાખે છે, તેમાં મને કાંઈ સમજાતું નથી. (કાંઈક યાદ આવતાં) હા, એ પ્રસંગ મને યાદ

આવે છે. આજથી બે દિવસ પહેલાં હું મારા શયનખંડમાં સખીઓ તથા દાસીઓની સાથે મુક્ત મને હાસ્યકૂતુહલ કરતી બેઠી હતી એકાંત સ્થળ હતું, શરીરપરના મારાં વસ્ત્રો અસ્ત-વ્યસ્ત હતાં. તે સમયે અચાનક સામેની બારીમાંથી તેમની-મહારાજાની દૃષ્ટિ મારા પર પડી, આહ! તે પ્રસંગ આવતાં આજે પણ મને કેટ-કેટલો ક્ષોભ થાય છે. બસ, ધારી-ધારીને તે વેળા તેઓ મારી સામે જોઈ રહ્યા. ત્યારથી મને લાગે છે કે, મહારાજાની માનસિક સ્થિતિમાં જરૂર કાંઈ પરિવર્તન થયું છે. તેમની દૃષ્ટિમાં પવિત્રતા કે વાત્સલ્ય નથી; મુખમુદ્રા પ્રસન્નગંભીર નથી. વિકાર તેમ જ રાગનો આવેશ તેમની દૃષ્ટિ તથા મુખમુદ્રા પર મને ભાસે છે. હવે મારે તેમની સાથેના વ્યવહારમાં સાવધ રહેવું પડશે. નહિ-તર કોઈક વેળા મારી પવિત્રતાને ડાઘ લાગતા વાર નહિ લાગે!

[એટલામાં રાજભવનની દાસી ચિત્રા હાથમાં મહામૂલ્ય હાર લઈ મદનરેખાના કમરામાં દાખલ થાય છે, ને મદનરેખાનાં હાથમાં તે હાર આપતાં કહે છે.]

ચિત્રા: (મલકતા મુખે) સ્વામિની! આ લો, જુઓ! ખરેખર આપના ભાગ્ય ઉઘડી ગયાં. સ્વયં મહારાજા આપની કેટ-કેટલી સંભાળ લઈ રહ્યા છે. વારંવાર આપને ખુશ કરવા કેટ-કેટલી ભેટો મોકલાવી રહ્યા છે, ને આ હાર તો જુઓ! કેટ-કેટલો મહામૂલ્ય છે. રાજભવનમાં અરે! અંતઃપુરમાં મુખ્ય મહારાણીનું જેટલું માન કે સન્માન નથી, તેટલું આજે આપનું છે. સાચું-સાચું મહારાજા આપને યાદ કરે

છે, કેટલા સ્નેહથી આ મહામૂલ્ય હાર આપને મોકલાવ્યો છે મહારાણીના માટે ખાસ કરાવેલો આ કિંમતી હાર આપને આપવા માટે તેમણે મને આપ્યો છે અને મહારાજાએ મારી સાથે પ્રેમપૂર્વક કહેવડાવ્યું છે કે, 'દેવીને કહેજે કે મહારાજા તમને વારંવાર યાદ કરે છે, ક્ષણવાર પણ તમને ભૂલતા નથી. મહારાજા તમને મળવા ઇચ્છે છે તમે એકલા હો ત્યારે તેઓ તમારી સાથે વાત કરવા માગે છે ' મહાદેવી! મહારાજાને મારે શું જવાબ આપવો?

મદનરેખા : [ક્રોધપૂર્વક ભ્રકુટી ચડાવીને હારને ફેંકી દેતાં] ચિત્રા! આજે તું અહિં આવી છો, તો ભલે, પણ આજથી તારે મારા ખંડમાં મારી અનુમતિ વિના કદી આવવું નહિ. તારા જેવી નીચ દાસીઓને માટે મારા આ ખંડમાં પ્રવેશ કરવાનો અધિકાર નથી, એ તું યાદ રાખજે! તું મને શું રખડતી સમજે છે? જા, લઇ જા આ હાર, ને તારા મહારાજાને આ હાર પાછો આપી દેજે! ને કહેજે કે તમે મોકલાવેલ તાંબુલ, પુષ્પો, વસ્ત્રાલંકારો કે બીજું કાંઇ પણ મારે જોઇએ નહિ, મને એ ખપે પણ નહિ. રાજભવનમાં મારે કોઇ વસ્તુની ખામી નથી અત્યાર સુધી મહારાજાને મેં મારા મોટા જેઠના ઠેકાણે પિતા તુલ્ય માનીને તેમની કૃપા પ્રસાદી તરીકે તેમણે મોકલેલી ભેટો મેં માનપૂર્વક સ્વીકારી હતી. પણ હવે મને સમજાયું કે, મહારાજાના મનમાં મારા પ્રત્યે પવિત્ર વાત્સલ્યભાવ જેવું કાંઇ નથી, પણ જરૂર તેમનાં અંતઃકરણમાં કાંઇ ક્રૂડું જ બેઠું છે, જેનો વિચાર કરતાં મારો અંતરાત્મા ઉકળી ઉ-

ભવે છે મને તેની કલ્પના આવતા અપાર આઘાત થાય છે. ખરેખર એમના જેવા શિરછત્ર ને પિતૃસ્થાને બિરાજેલાનાં હૈયામાં આ શું ? બોલતાં મારી જીભ ઉપડતી નથી.

ચિત્રા : દેવી ! આપ મહારાજાના આપના પ્રત્યેના સદ્ભાવ વિષે વધારે પડતી કલ્પના કરો છો, મહારાજાનાં મનમાં એવું કાંઇ જ નથી. તેઓને તો આપના પ્રત્યે નિર્મલ વાત્સલ્યભાવ છે. આ મહામૂલ્ય હાર આપે લેવો જ જોઇએ. આપ મહારાજાએ મોકલાવેલ હાર નહિ લો તો મહારાજાને ઊલટું ખોટું લાગશે. એમનાં લાગણીભર્યાં હૈયાને ઘણો આઘાત લાગશે સ્વામિની ! દાસી પર ક્ષમા કરો ! વિશેષ આથી હું બીજું શું કહું ?

(એટલામાં મદનરેખાની પ્રિયસખી ઉર્વશી ત્યાં આવે છે. ચિત્રા વિદાય લે છે મહારાજા મણિરથે મોકલાવેલો રત્નજડિત હાર ત્યાં તેમજ પડી રહ્યો છે. મદનરેખા તે હારને હાથ પણ અડાડતા નથી.)

ઉર્વશી : (મદનરેખાને કાંઇક વ્યથિત તથા ગમગીન જોઇને) દેવી ! આમ ગમગીન તથા ઉદાસીન બનીને કેમ બેઠા છો ? હમણા શું કાંઈ અનિષ્ટ બની ગયું છે ? મહારાજાના મહેલની અંગત દાસી ચિત્રા હમણાં કેમ અહિં આવી હતી ? ને તે એકદમ મારા આવવાની સાથે કેમ ચાલી ગઇ ? હું જોઈ રહી છું કે, આપનું ચિત્ત આજે કેટલાયે વિચારોથી ગંભીર તેમજ ચિંતાતુર જણાય છે. જો હોય તો દેવી ! મને નિઃસંકોચ કહો ! આપનાં ચિત્તની અસ્વસ્થતાનું કારણ

મને જણાવો! મારાથી આપને કશું છૂપું ન હોઈ શકે. આપની પ્રિય સખીને આપ આપનાથી શું જુદી માનો છો?

મદનરેખા : ઉર્વશી! તું આમ ઉતાવળી ન થા! જરા ધીરજ ધર! મારૂં મન છેલ્લા કેટલાક દિવસોથી અશાંત બની રહ્યું છે, એ હું તારી આગળ છૂપાવવા ઇચ્છતી નથી. હું કેટલાયે દિવસોથી મારા મનમાં જે વસ્તુ માટે મૂંઝાતી હતી, તે વસ્તુ આજે મને કાંઇક સ્પષ્ટપણે સમજાઈ રહી છે. જરૂર મારાં મનમાં રમતી ને મને મૂઝવતી એ હકીકત તને હું જણાવીશ. પણ તે વાત ઘણી ગંભીર છે. આપણા મહારાજાનાં વર્તનને સ્પર્શતી છે, તેઓ મારી સાથે જે રીતે હાવ વર્તી રહ્યા છે, તેમનાં તે વર્તનથી હું મૂઝાઉં છું, મારૂં હૃદય અકળાય છે, ને મારો અંતરાત્મા ફફડી ઊઠે છે. ઉર્વશી! તને શું કહું? આપણે બન્ને અંદરના ખંડમાં એક દિવસે હા, હી કરતા વાતો કરી રહ્યા હતા, ને સામેની બારીમાંથી મહારાજાની દૃષ્ટિ મારાં દેહ પર પડી, તે દિવસથી મારી સાથેનું મહારાજાનું વર્તન મને ઠીક લાગતું નથી. એમની દૃષ્ટિમાં વિકાર પ્રવેશ્યો છે, ને તેમનું હૈયું મલિન બન્યું છે. એટલે જ હું અત્યારસુધી ગંભીરપણે મનમાં સમ-સમી રહી છું, મૌન રાખીને જોયા કરૂં છું પણ આનું પરિણામ શું? તે વિચાર આવતાં મારી મૂંઝવણનો કોઇ પાર રહેતો નથી.

ઉર્વશી : દેવી! હું સમજી ગઈ. આપની કલ્પના બરાબર છે; છેલ્લા થોડા દિવસોથી રાજભવનમાં જે

હિલચાલ ચાલી રહી છે, તેથી આપનું આ અનુમાન બરાબર છે. મહારાજાની અંગત પરિચારિકા ચિત્રા વારંવાર આપના આવાસમાં જે ભેટો, પુષ્પો, વસ્ત્રો, અલંકારો લાવી રહી છે, ને મહારાજાના સંદેશાઓ જે રીતે તે આપને અંગત રીતે આપી રહી છે, તે બધું ઠીક તો થતું નથી એમ મને પણ ઘણા દિવસોથી લાગ્યા કરે છે. પિતૃતુલ્ય મહારાજાને આ બધું છાજતું નથી. આપની મૂંઝવણ હું સમજી શકું છું. આપ જેવા મહાપવિત્ર સ્ત્રીરત્નને જરૂર મહારાજાનું આવું વર્તન મૂંઝવે તે બરાબર છે આ પ્રસંગ ગંભીર તથા જરૂર કટોકટી ઉત્પન્ન કરે તેવો છે. છતાં દેવી! આને અંગે આપ અન્ય કશી જ ચિંતા કરશો નહિ. મહારાજા ગમે તેમ તો યે સમજુ છે, જરૂર તેઓ પોતાની ભૂલ સમજીને આ અકાર્યથી પાછા હઠી જશે. માટે આપ કોઈ વાતે મૂંઝવણ અનુભવતા નહિ

મદનરેખા : હા, મને પણ એમ જ લાગે છે, જરૂર વડિલસ્થાને રહેલા તેઓ સમજી જશે. પોતાની મર્યાદાને લક્ષ્યમાં રાખી તેઓ તેમનાં વિકારોને ડહાપણપૂર્વક શમાવી દેશે, અને આ અકાર્યથી અવશ્ય પાછા વળી જશે. મને એ વિષે શ્રદ્ધા છે. છતાં આજે મેં ચિત્રાને ખૂબ જ કડક બનીને બે શબ્દો કઠોર ભાષામાં સંભળાવેલ છે, ને મહારાજાએ મારા માટે મોકલેલા આ હારને પણ મેં ફેંકી દીધા છે. ચિત્રા દ્વારા મહારાજા મારી ભાવનાને જાણીને જરૂર માર્ગ પર આવી જશે. એટલે હાલ આ વાત રાજભવનમાં કોઈને જણાવવાની જરૂર નથી. ખુદ મારા સ્વામીને–

યુવરાજથીને પણ નહિ, નિરર્થક બન્ને ભાઈઓમાં કલેશ તથા અપ્રીતિ આ નિમિત્ત જન્મે એવું આપણે શું કામ કરવું ?

ઉર્વશી : મહાદેવી ! આપની વાત બરાબર છે. મહારાજા અંગેની આ વાત હું કોઇને કરીશ નહિ. પણ આપ ઉદાસીનતા તથા મૂંઝવણ મૂકી પ્રસન્ન ચિત્તે રહેજો.

પ્રસંગ ૨ જો :

મહારાજા મણિરથ, યુવરાજ યુગબાહુની પત્ની મદનરેખા.

સ્થળ : મદનરેખાનો આવાસ; સમય : સંધ્યાકાળ.

[પરિચય : મદનરેખા અત્યારે પોતાના આવાસમાં એકલા છે. દાસીઓ, પરિચારિકાઓ કે બરનનું કોઇપણ માણસ ત્યાં હાજર નથી. ઘણા દિવસથી જે તકની મણિરથ રાજા રાહ જોઇ રહેલ છે, તે તક હાથમાં આવતાં દર્પઘેલા મહારાજા એકાંતમાં બેઠેલા મદનરેખાની નજરમાં જતા આવાસમાં પગ મૂકે છે.]

મહારાજા મણિરથ : (સ્વગત) ઓ હો ! સારૂં થયું હું સમયસર આવી પહોંચ્યો. ઠીક થયું અત્યારે અહિ અમારા બે સિવાય ત્રીજું કોઇ નથી. ચિત્રાએ બરાબર તપાસ કરીને મને સમય જણાવ્યો. અહો કેવી સુંદર એની કાયા છે ! કેવું સુંદર એનું મુખ કમલ છે ! જરૂર આજે હું એના પર મારો પ્રભાવ પાડીશ જ. ગમે તે રીતે તેને હું મારી કર્યા વિના નહિ રહું. સ્ત્રીની બુદ્ધિ કેટલી ? એની તાકાત કેટલી ? મારૂં ઐશ્વર્ય, મારી સમૃદ્ધિ, મારો વૈભવ એનાં ચરણે ધરીશ, જરૂર એ મને વશ થઈ જ જવાની. મારા

સમગ્ર અંતઃપુરની મહારાણીના પદે એને હું સ્થાપીશ. તાકાત નથી કે એ મને ના પાડે.

[આ વિચાર તરંગોમાં અટવાતા મહારાજા મણિરથને આમ અચાનક એકાંતમાં પોતાના આવાસખંડમાં પગ મૂકતા જોઈ મદનરેખા પ્રારંભમાં કાંઈક સંક્ષોભ પામે છે. તરત જ જાતને સંભાળી સત્વશાળી મદનરેખા અડગતા તથા ધૈર્યપૂર્વક મહારાજાને કહે છે.]

મદનરેખા : (પ્રગટપણે) પધારો મહારાજા પધારો! આપ અત્યારે આવા એકાંતમાં અહિ મારા આવાસમાં ક્યાંથી ? આ રીતે પુત્રીતુલ્ય મારા આવાસમાં આમ અચાનક આવવું આપને શોભે ખરૂં ? આપ તો ન્યાયપરાયણ, સદાચારપ્રિય મર્યાદાશીલ મહારાજા છો પ્રજાપાલક તથા પ્રજાના પિતા છો. આપ આમ મર્યાદા તથા મોભો ત્યજી દો તે આપના માટે કોઈ રીતે ઉચિત નથી.

મહારાજા મણિરથ : પ્રિયે! તમે આ શું બોલો છો? કેટ-કેટલાયે સમયથી તમને મળવા મારૂં દિલ તલપાપડ બન્યું હતું. જ્યારથી મેં ગવાક્ષમાંથી તમને જોયા છે, ત્યારથી હું શુદ્ધ બુદ્ધ બધું હારી બેઠો છું, તમારા વિયોગમાં હું ઝુરી રહ્યો છું. શું તમારૂં સૌંદર્ય! કેવું મોહક તમારૂં રૂપ! મને તમારા પ્રાણેશ્વર તરીકે સ્વીકારો. મારી પ્રાર્થનાને સાંભળો! આ મારૂં રાજ્ય, આ વૈભવ બધું તમારા ચરણોમાં છે. મારી ઈચ્છાને તમે વશ થઈ, મારા બનશો તો. આ મારા વિશાળ સામ્રાજ્યનું મહારાણીપદ તમારાં ચરણોમાં હું મૂકીશ. હું પણ તમારો થઈને રહીશ.

[આવું નિર્લજ્જ સંભાષણ સાંભળીને]

મદનરેખા : (આક્રોશપૂર્વક દૃષ્ટિને નીચી ઢાળતાં પૂર્વક) મહારાજા ! શિરછત્ર પિતૃતુલ્ય તથા પ્રજાપાલક ગણાતા આપ આજે આ શું બોલી રહ્યા છો, આપને કોઈ વિચાર આવે છે ? આપના લઘુબંધુની પત્ની જે આપની પુત્રી તુલ્ય છે, તેની સમક્ષ આવું નિર્લજ્જ સંભાષણ કરતાં શું આપને શરમ નથી આવતી ? મહારાજા ! આપ કોણ છો ! કયા સ્થાને છો ? તેનો તો જરા વિચાર કરો ! આપ પ્રજાના પિતા છો, શું આ રીતે બોલતાં આપને કાંઈ જ સંકોચ નથી થતો ? અમારાં શીલ, અમારી પવિત્રતા તેને આપ આમ એકાંતમાં લૂંટવા તૈયાર થયા છો ? આપને શું આમ કરવાનો અધિકાર છે ? અમારી સામે કુદૃષ્ટિ કરતાં પણ આપને લજ્જા આવવી જોઈએ મહારાજ ! સૌંદર્ય કે રૂપ એ તો ક્ષણિક છે, આ દેખાતું રૂપવાન શરીર કેવળ અશુચિનો પિંડ છે, આજે દેખાતું આ બહારનું સૌંદર્ય કે રૂપ આવતી કાલે વિનાશ પામી જશે. રાજન્ ! એમાં આટ-આટલા શું મૂંઝાઈ રહ્યા છો ?

સ્રીનું સાચું સૌંદર્ય તેના આત્મામાં રહેલા શીલ અને સંયમમાં છે; મહારાજા ! તમે મને શું એટલી ક્ષુદ્ર મનની માની કે હું તમારી રાજ્યસંપત્તિ, તમારાં ઐશ્વર્ય તથા મહારાણીપદનાં પ્રલોભનોમાં ખેંચાઈ મારાં શીલ, મારા સંયમ તથા મારી પવિત્રતાને ત્યજી દઉં ? તમારા યુવરાજ ને તમારા લઘુબંધુ જેવાની ધર્મપત્ની–મારી પાસે રાજ્ય-

સંપત્તિની શી ખોટ છે? સતીત્વ, શીલ તથા મારા ધર્મની રક્ષા એ જ મારૂં મોટામાં મોટું ઐશ્વર્ય છે, મહારાજ! હવે ફરીથી મારા આવાસમાં કદિ પગ મૂકશો નહિ, ને મારી આશા કોઈ પ્રકારની રાખશો નહિ તમને ખબર છે? રાવણ જેવા ત્રણ ખંડના માલિક પણ પરસ્ત્રીની અભિલાષાથી કેવી દારૂણ દશાને પામ્યા? માટે ફરી આવી વાત કદિ ઉચ્ચારશો નહિ! ન્યાય નીતિ તેમજ સદાચારના માર્ગે ડગ માંડો, મનને નિર્મલ રાખો, વૃત્તિઓને પવિત્ર રાખો ને તમારાં સ્થાનની તેમ જ તમારા વ્યક્તિત્વની મર્યાદા જાળવતા શીખો!

[મહાસતી મદનરેખાનાં આ શબ્દો કાનમાં ખીલાની માફક મહારાજા મણિરથને ભોંકાયા. લજ્જાવન્ત બની તે છૂપી રીતે મદનરેખાના આવાસમાંથી કોઈ ન જાણે તેમ ચાલી નીકળે છે!]

મહારાજા મણિરથ : (જતાં જતાં મનમાં બબડે છે) આ સુંદરી એમ ને એમ સ્હેલાઈથી હાથ આવે તેમ નથી. ગમે તેમ તો એ સ્ત્રીની જાત છે, કેટકેટલું ઘમંડ, ઉદ્ધતાઈ તેનામાં છે, તેમજ તેની આછકલાઈનો કોઈ પાર નથી, ઠીક છે, હું જોઈ લઈશ, ક્યાં સુધી આ બધું રહે છે? ગમે તેમ કરીને એને તો હું મારી કર્યા સિવાય રહીશ જ નહિ. ભલે મારો ભાઈ યુગબાહુ એની વચ્ચે રહ્યો, એ જો આમાં મને વિક્ષેપ કરશે તો એને પણ હું ઉખેડી નાંખીશ. ગમે તે રીતે મદનરેખાને હું એક વખત તો મારી કરીશ જ.

[મદનરેખાના આવાસમાંથી નીકળીને મણિરથ બહાર જાય છે.]

મદનરેખા : (મનમાં) અહો ! આ કેવો મોહનો
વિલાસ ! કેવી આ કામની કદર્થના ! મહારાજાના અંતઃપુરમાં અનેક સુંદર રૂપવતી પતિવ્રતા ખાનદાન ઘરની રાજરાણીઓ હોવા છતાં મહારાજાની દૃષ્ટિ તથા મન મારા પર બગડ્યાં છે મારા રૂપ તથા સૌંદર્યમાં પાગલ બનેલા મહારાજા આજે આ રીતે કેવા મર્યાદાહીનપણે આવી ચડ્યા ! ને કેવું નિર્લજ્જ સંભાષણ કરી ગયા મેં તેમને યોગ્ય ને સમયોચિત ઉપાલંભ આપ્યો છે, જરૂર હવે તેઓ પોતાનું હિત સમજી ઠેકાણે આવી જશે સ્વામીનાથ યુવરાજશ્રીને હવે આ બધી વાત કરવાનો કશો અર્થ નથી. નિરર્થક તેમને સંતાપ થાય. તેઓ ઉશ્કેરાય, ને મોટા ભાઈને ન કહેવાનું કહી બેસે, કે તેઓ ન કરવાનું કરી બેસે તો રાજકુલમાં કલહનાં બીજ વવાય ! ભાઈ-ભાઈ વચ્ચે આજે જે સ્નેહ, પ્રેમ તથા અનુરાગ છે, તેમાં જરૂર મહાન વિરોધ જાગે. એવું મારે શું કામ કરવું ? મહારાજા પોતે શાણા છે, મોહનો ઉછાળો શમી જતાં, વાસનાનું તોફાન શાંત થતા તેઓ જરૂર સન્માર્ગમાં આવી જશે. તેઓ અત્યારે એકાંતમાં મારા આવાસમા પધાર્યા છે, તે હકીકત મારે ાઈને કહેવી નહિ, ને તે કોઈએ જોયું-જાણ્યું નથી તે ાક જ થયું છે. પ્રભુ ! મહારાજાને સન્મતિ પ્રાપ્ત થાઓ !

પ્રસંગ ૩ જો :

યુવરાજ યુગબાહુ, મહાસતી મદનરેખા, મહારાજા મણિરથ, ચંદ્રયશ સુકેતુ યુવરાજનો પરિચારક, મદનરેખાની સખી ઉર્વશી.

મોટા પુત્ર ચંદ્રયશનું શું? ગર્ભમાં રહેલ બાળકનું શું? મારૂં શું થશે? (થોડીવારમાં સમજણ આવતાં) અરે! મેં અત્યારે આ શું વિચાર્યું? પતિ મરણશય્યા પર પડ્યા છે, અંતિમ અવસ્થામાં તેઓ સંકલ્પ વિકલ્પો કરી પોતાની સમાધિને ન હારી જાય, તે જોવાનું કામ મારૂં છે. પોતાના ઉપર ઘાત કરનાર વડિલભાઇ પર તેમને જરૂર દ્વેષ જાગ્રત થયો હશે! વૈર ઝેરમાં જો તેઓ આ અવસ્થામાં બળતા રહેશે તો તેમની સદ્ગતિ નહિ થાય, ભલે મારૂં ગમે તે થાય, અત્યારે તો મારી સૌ પ્રથમ ફરજ પતિને અંતિમ આરાધના કરાવવાની છે.

[આમ મનમાં નિશ્ચય કરીને મદનરેખા મનને કઠણ કરી યુવરાજ યુગબાહુની તદ્દન નજીકમાં તેમના મુખ પાસે કાન નજીક બેસે છે. ગળા નજીક ઘા લાગેલો હોવાથી લોહીની ધારા ત્યાંથી છૂટી રહી છે. લોહીનું ખાબોચીયું ભરાયું છે, અને વૈદ્યો અને અન્ય સમસ્ત પરિવાર ત્યાં અનેક પ્રકારના ઉપચારો કરી રહ્યા છે. યુગબાહુનું સમગ્ર શરીર ધોળી પૂણી જેવું બનતું જાય છે. ક્રોધ, વૈર તથા પરાભવ એમ ત્રિવિધ તાપથી સંતપ્ત યુગબાહુનો આત્મા અત્યારે વૈર, વૈર ને વૈરના વારણને શોધવા મથી રહ્યો છે. ક્રોધથી શરીર તથા મુખાકૃતિ રૌદ્ર બની રહી છે. એ સમયે મદનરેખા ચંદન કરતાં શીતલ વાણીપ્રવાહથી એમને ઠારે છે.]

મદનરેખા : (યુગબાહુને) પ્રિય સ્વામીનાથ! હું જાણું છું કે તમને અત્યાર વેદના થતી હશે? પણ તેને સમતા-ભાવે સહન કરજો! વેદના થવી એ શરીરનો સ્વભાવ છે! શરીરની મમતા અત્યારે ભૂલી જજો! ધૈર્યપૂર્વક દુઃખને

વેઠજો ! કોઇના પ્રત્યે સહેજ પણ રોષ કરશો નહિ. મહારાજાએ વડિલ ભાઇ હોવા છતાં તમારા જેવા સ્નેહરક્ત લઘુ બંધુ પર જે કાંઈ અકાર્ય આચર્યું છે, તેને યાદ કરીને દુખી થશો નહિ. તેમના પર કશો જ રોષ કરશો નહિ, તેમાં તેમનો કોઈ દોષ નથી. આપણાં પૂર્વકૃત દુષ્કર્મના કારણે આમ બન્યું છે માની સમતાભાવ રાખજો ! જુઓ આર્યપુત્ર ! અત્યારે તમારા સત્વ, શૌર્ય તથા ધૈર્યની કસોટી થઈ રહી છે. જિંદગીની છેલ્લી ઘડીઓ ગણાઇ રહી છે. છેલ્લી ક્ષણો બગડી ન જાય તે માટે ખૂબ સાવધ રહેજો ! પ્રાણનાથ ! મારી ચિંતા નહિ કરતાં. ચંદ્રયશા કે અન્ય કોઈ પ્રત્યે મોહ નહિ રાખતા અમારા પરના રાગને ત્યજી દેજો ! તમે અત્યારે તમારા આત્માનું સભાળો ! ધર્મના પ્રભાવે અમારૂં બધું સારૂં થઇ જશે તે વિષે નિશ્ચિંત રહેવું. કોઇના પ્રત્યે ક્રોધ નહિ રાખતા. વૈર વિદ્વેષને ભૂલી જજો ! મહારાજાએ જે કાંઈ અકાર્ય આચર્યું છે, તેમના પ્રત્યે ક્ષમા રાખજો ! વૈરનું વારણ વૈર નથી પણ ક્ષમા છે, એ ભૂલતા નહિ.

[પોતાના માથા પર આમ અચાનક દુઃખ તથા અણધારી આપત્તિનાં ડુંગરા તૂટી પડવા છતાં, હૃદય પર લાગેલા ભયંકર આઘાતો છતાં, મક્કમ દિલે તે બધાયને હૈયામાં સમાવી દઇને મદનરેખા પતિ યુગબાહુને સાંત્વન આપે છે. યુગબાહુ ધ્યાનપૂર્વક મનની સ્વસ્થતાથી સાંભળી રહે છે. *સાંભળતા–સાંભળતાં* ઘાની અસહ્ય વેદનામાં પણ યુગબાહુને શાતા વળે છે, હૃદયમાં સ્વસ્થ બને છે.]

મદનરેખા : (ફરી શાંત્વન આપતાં) હવે છેલ્લી ઘડીઓ ગણાઈ રહી છે, મૂંઝાશો નહિ, તીર્થંકર ચક્રવર્તી ઈંદ્ર કે ઉપેંદ્ર સર્વ કોઇને એક વખતે અવશ્ય મૃત્યુ પામવાનું છે, મરણ વેળાયે ધર્મની આરાધના કરી પરલોકનું ભાથું બાંધતાં જાઓ! અરિહંત ભગવંતનું શરણુ સ્વીકારો, સર્વ જીવો સાથે વેર–ઝેરને ભૂલીને ક્ષમાપના કરો! સર્વ જીવોને મિત્ર માનજો! દુષ્કૃતોની નિંદા–ગર્હા કરી સુકૃતોની અનુમોદના કરજો! છેલ્લે ફરી વડિલભાઈ મહારાજા મણિરથને ક્ષમા આપજો! છેલ્લે ચારે પ્રકારના આહારને ત્યજી દો! (યુગબાહુ શાંતચિત્તે સાંભળે છે પચ્ચક્ખાણ કરે છે વેદના અતિશય વધતી જાય છે મદનરેખા સાવધ બને છે.) જુઓ! બરાબર ધ્યાન રાખો! નવકારમંત્રનું સ્મરણ રાખો! સર્વ કોઇને ખમાવી દો! સંસારના સર્વ સંબંધોને મમતાના ત્યાગપૂર્વક વોસિરાવી દેજો, અમારા પર કે કોઈ પર મમતા રાખશો નહિ, સંસારના સંબંધોને ત્રિવિધ–ત્રિવિધ યોગે હવે અત્યારે ત્યજી દેજો!

[યુગબાહુ ભાનમાં છે, વેદના વધતી જાય છે. મુશ્કેલીએ હાથ જોડે છે. એટલામાં માથું ઢાળી દે છે. આંખો મીંચાઈ જાય છે. છેલ્લો શ્વાસ નીકળી જાય છે. સમાધિ ભાવમાં રહેલો તેમનો આરાધક આત્મા મૃત્યુ પામી પાંચમા દેવલોકમાં જાય છે. ચંદ્રયશા રાજકુમાર વગેરે વિશાલ પરિવાર શોકમગ્ન છે. મદનરેખા [illegible] [illegible] [illegible] [illegible] તેમજ [illegible] બને છે. છતાં [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] માટે તેમજ [illegible] મહા-

રાજા પોતાના રૂપમાં અંધ બનીને કુમાર ચંદ્રયશને સંકટમાં ન મૂકી દે તે કારણે ઉદરમાં ગર્ભ હોવા છતાં મક્કમતાપૂર્વક છૂપી રીતે તેઓ સાથી રાતોરાત નીકળી પડે છે. મહારાજા મણિરથ કેટ-કેટલીયે પાપવાસનાઓ તેમજ કલ્પનાના તરંગોમાં ભાનભૂલેલા બનીને ઉદ્યાનેથી નગર તરફ પાછા વળતાં ભયંકર સર્પ તેમના પગ નીચે આવતાં તે ડંખ મારે છે. સર્પદંશથી તત્કાળ મુર્છિત થઈને તે પૃથ્વી પર ફસડાઈ પડે છે, ને ઉગ્ર ઝેર શરીરમાં વ્યાપી જતાં દુષ્ટ વૃત્તિમાં રાચતાં તે અસમાધિભાવે મૃત્યુ પામી નરકમાં જાય છે)



૧૬ : કડવાં ફલ છે ક્રોધનાં !

[ક્રોધ કષાય ઉગ્ર છે. અહં ઘવાતા ભલભલા આત્માઓ ક્રોધને વશ થઇ ભાન ભૂલી જાય છે. પરિણામે અનેક અનર્થોને તેઓ પ્રાપ્ત કરે છે. આવો જ એક પ્રસંગ અહિં શબ્દચિત્રદ્વારા આલેખાયો છે. એક તપસ્વી મુનિ માનદશામાં ક્રોધને વશ થઈ કેટ-કેટલું પતન પામે છે, પરિણામે આત્મા જાગ્રત થતાં પોતાનું શ્રેય ક્ષમાભાવને પામીને કઈ રીતે સાધે છે, તે અહિ રજૂ થાય છે. આપણે સહુ ક્ષમાધર્મની મહત્તા સમજતા થઇએ તો કેવું સારૂં]

પહેલો પ્રસંગ :

સ્થળ : પૃથ્વીભૂષણનગર.

પાત્રો : તપસ્વી ધર્મઘોષમુનિ, દમદંત શિષ્ય.

[પરિચય : ચાતુર્માસનો સમય છે. વરસાદ પડ્યો છે. નગરના રસ્તા પર પાણી પડતાં ઠેર-ઠેર સમ્મૂર્ચ્છિમ દેડકીઓ ઉત્પન્ન થઈ છે. તપસ્વી ધર્મઘોષમુનિને તપશ્ચર્યાનું પારણું છે. મધ્યાહ્નનો સમય થતાં શિષ્ય દમદંતમુનિને સાથે લઇને તેઓ ગોચરી માટે નીકળ્યા છે. તપશ્ચર્યાના કારણે શરીરમાં કાંઇક શિથિલતા છે. રસ્તામાં આમ-તેમ કૂદકા મારતી એક ન્હાની દેડકી તપસ્વી ધર્મઘોષમુનિનાં પગ નીચે આવી જતાં કચરાઇ જાય છે. ગુરુમહારાજ પગ નીચે અનુપયોગથી દેડકી જેવું પંચેંદ્રિય પ્રાણી મરણ પામે છે, એ હકીકત સાથે રહેલા શિષ્યના ખ્યાલમાં આવે છે. વખતે ગુરુમહારાજને ખ્યાલ ન હોય, અને ફરી આમ અનુપયોગ થતાં બીજા દેડકાંઓ એમના પગ નીચે આવી ચગદાઈ ન જાય આમ સમજી દમદંતમુનિ [illegible] ગુરુદેવને વિનંતિ કરે છે.]

દમદંત મુનિ : (તપસ્વી ધર્મઘોષ મુનિને) ભગવન્ ! આપ જરા પાછળ જૂઓ ! આપનો ઉપયોગ ન રહ્યો, અને આ બિચારી દેડકી ચગદાઈને મરણ પામી. ગુરુદેવ ! આપ આમ જૂઓ ! ચોમાસાના પાણીથી આ જમીનમાં ઠેર-ઠેર દેડકીઓ ઉત્પન્ન થઈ છે, જો સ્હેજ ઉપયોગ ન રહ્યો, અને પગ આડો-અવળો મૂકાઈ જાય તો પંચેન્દ્રિય જીવની હિંસાનું મહાપાપ લાગતાં વાર નહિ લાગે ! ભગવન્ ! આજે આપનું ચિત્ત કાંઈક અસ્વસ્થ જણાય છે, નહિતર આમ ન બને !

ધર્મઘોષ મુનિ : (તપશ્ચર્યાથી શરીર સ્વાસ્થ્ય નબળું છે. અહંભાવ તથા ક્રોધ આવતાં તેઓ વિહ્વલ બને છે ને આવેશમાં) મૂર્ખ ! સમજ્યા વિના તું શું બકી રહ્યો છે ? મારું ચિત્ત તો ઠેકાણે જ છે, તને કાંઈ ભાન છે નહિ, એટલે વગર-સમજે તું જેમ તેમ ભાખે છે, મેં તો બરાબર જ પગ મૂકયો છે. મારા પગ નીચે કોઈ દેડકી આવી જ નથી. એ દેડકી તો કોઇ બીજાનાં પગ નીચે આવી હશે ! (પોતાનો હાથ ત્યાં જતા-આવતાંના પગ નીચે ચગદાઈને પડેલી બીજી દેડકીઓ તરફ લાંબાને) જો ! આ બધી દેડકીઓ ચગદાઈને મરી છે, તે શું મારા પગ નીચે આવીને મરી ? તું આડા-અવળા કાંકા મારતો ચાલે છે, એટલે તને કશી ખબર પડતી નથી, ને પાછો ડહાપણ ડોળે છે !

દમદંત મુનિ : (શાંતિથી વિનયપૂર્વક) ગુરુદેવ ! મેં બરાબર જોઈને કહ્યું છે. આપની પાછળ આપના પગલે-પગલે હું ચાલું છું, આપની જમણી બાજુથી એક દેડકી કૂદતી રસ્તા

ઉપર આવી, ને હું આપને જણાવું તે પહેલાં આપનો ઉપયોગ ન રહ્યો, ને આપના પગ નીચે બિચારી છૂંદાઈ ગઈ. જૂઓ ! ગુરુદેવ ઠેર-ઠેર દેડકીઓ કૂદા-કૂદ કરે છે, સ્હેજ ઉપયોગ ન રહ્યો તો પગ નીચે છૂંદાઇ જતાં વાર લાગે તેવું નથી. માટે જ મેં આપશ્રીને સૂચના કરી છે. મેં બરાબર જોયું એટલે કહ્યું છે, ખોટું બોલવાનું મારે નહિતર શું પ્રયોજન ?

ધર્મઘોષ તપસ્વી : (પોતાનું સ્વમાન ઘવાતા ઉગ્ર ક્રોધાવેશમાં) મૂર્ખ ! ભાન વિનાનું હજુ શું બોલ-બોલ કરે છે ! તું તારૂં જ કેવળ ગાયા કરે છે, તને જ ઉપયોગ રહે છે ? અને અમે બધા ઉપયોગ વિનાના એમજ ને ? જરા વિચારીને બોલ ! ન્હાના મોઢે મોટી વાતો કરવા ન બેસીયે ! તું તારૂં કામ કર ! મારો ઉપયોગ બરાબર હતો, ને મારા પગ નીચે દેડકી ચગદાઈ જ નથી. મને બરાબર ખબર છે, સમજ્યો ને ? ફરી તારે મારી આગળ આ વાત કરવી નહિ.

[દમદંત મુનિ વિચારે છે કે, આજે ગુરુદેવને તપશ્ચર્યા છે, હજુ પારણું થયું નથી. ગમે તે કારણે ચિત્ત બાધિત છે, એટલે ક્રોધવશ બનીને તેઓ આમ બોલે છે. માટે મારે અત્યારે મૌન રહેવું એજ યોગ્ય છે. ફરી ઉપાશ્રયમાં જઈને અવસરે જણાવીશ.]

દમદંત મુનિ : (પ્રગટપણે) ભગવન્ ! બરાબર છે. આપશ્રી જે કહો છો તે તેમજ હશે ? હવે આ વાત હું નહિ કરૂં !

[બન્ને ગોચરી લઈને ઉપાશ્રયમાં આવે છે. દિવસ પૂરો થયો છે. સંધ્યાસમયે ગુરુ-શિષ્ય બન્ને પ્રતિક્રમણ કરે છે. દૈવસિક

પાપોને આલોચવાનો પ્રસંગ આવે છે એ સમયે દમદંતમુનિ વિચારે છે કે, હવે તો ગુરુમહારાજ સ્વસ્થ થયા છે. મધ્યાન્હ વખતે તો તપશ્ચર્યાના કારણે મન કંઈક ઉદ્વિગ્ન હતું, તે અકળામણમાં મારી વાત તેઓશ્રીએ સાંભળી નહિ. પણ હવે તો પેલી દેડકી પગ નીચે ચગદાઈ ગઈ, તે યાદ કરાવું, જેથી પંચેન્દ્રિય જીવની હત્યાના પાપથી ગુરુમહારાજ તેનું પ્રાયશ્ચિત કરી શુદ્ધ થઈ શકે. એટલે તેઓ ધર્મઘોષ તપસ્વીને વિનંતિ કરે છે.']

દમદંત મુનિ : ગુરુદેવ ! મધ્યાન્હ સમયે આપશ્રી જરા અસ્વસ્થ હતા, આપનું ચિત્ત કાંઈક વ્યથિત હતું, એટલે મેં કહ્યું હતું, પણ આપે ધ્યાનમાં ન લીધું ગોચરી જતાં રસ્તામાં આપનો ઉપયોગ ન રહ્યો, ને આપના પગ નીચે પેલી દેડકી ચગદાઈને મરણ પામી, તે પંચેન્દ્રિય જીવની હિંસાના પાપની આલોચના....

[દમદંત મુનિ જ્યાં આગળ બોલવા જાય છે, તેટલામાં આ સાંભળીને માનના શિખર પર આરૂઢ થયેલા ધર્મઘોષ મુનિ ક્રોધના ઉગ્ર આવેશમાં ધમધમતા સફાળા પોતાના શિષ્ય પર ઉશ્કેરાઈને પોતાની પૂંજવાની રાખવાળી ફૂંડી ફેંકવા જાય છે. પણ દમદંત મુનિ ગુરુમહારાજના ઉગ્ર કષાયને જાણીને પોતાના આસને જઈને બેઠા છે અંધારામાં ધૂંવા-ફૂંવા થતા તપસ્વી ધર્મઘોષ મુનિ દમદંતના આસન તરફ જતાં વચ્ચે રહેલા થાંભલા સાથે અફળામણમાં અથડાય છે થાંભલાનો ધારદાર ખૂણો તેમના માથાને વાગે છે. તમ્મર ખાઈને તેઓ જમીન પર પછડાય છે. ક્રોધના અતિશય આવેશમાં તે જ વખતે તેમનું હૃદય બંધ પડી જાય છે, ને તેઓ મૃત્યુ પામે છે. કષાયના ભયંકર આવેશમાં તપસ્વી ધર્મઘોષ મુનિ જ્યોતિષ દેવલોકમાં દેવ થાય છે.]

*

પ્રસંગ બીજો :

સ્થળ : ધરાવલ્લભનગર.

પાત્રો : જિતશત્રુ રાજા, મહાબાહુ રાજકુમાર, અરિદમનગારૂડિક, અગંધન સર્પ, દૃષ્ટિવિષ સર્પ પકડનારા ગારૂડિક માણસો.

[**પરિચય :** મહાબાહુ રાજકુમાર ગ્રીષ્મઋતુમાં દિવસની ગરમીથી અકળાઈને સાંજના સમયે નગર બહાર ઉદ્યાનમાં ફરવા નીકળ્યો છે. સાથે સમાનવયના મિત્રો છે. ત્યાં ફરતાં-ફરતાં તેનો પગ કોઈક સાપ પર પડે છે. પોતાના દરમાંથી સાંજના સમયે પવન ખાવા બહાર નીકળેલા તે સાપે રાજકુમારનો પગ પોતાના શરીર પર પડતાં છંછેડાઈને રાજકુમારને ક્રૂર બનીને દંશ દીધો. સાપના તીવ્ર દંશથી થોડી જ વારમાં રાજકુમારના સમગ્ર શરીરમાં ઝેર ઉગ્રપણે ફેલાઈ ગયું. રાજકુમાર ઢગલો થઈને ત્યાં જ ઢળી પડ્યો. સાથે રહેલા મિત્રોએ દોડા-દોડ કરવા માંડી. રાજા જિતશત્રુ, મહારાણી અને રાજકુલનો સમસ્ત પરિવાર દીનવદને ત્યાં આવ્યો શોકનું વાતાવરણ ઘેરાઈ ગયું. રાજાએ માંત્રિકો તથા તાંત્રિકોને, તેમજ ઔષધોપચારમાં કુશલ વૈદરાજોને બોલાવ્યા છે. રાજકુમાર ગાઢ મૂર્ચ્છાવશ છે. વૈદ્યોના બધા ઉપચારો નિષ્ફલ જતાં ગારૂડિક અરિદમન આવે છે, તે પોતાની મંત્રશક્તિથી નગરમાં તેમજ આજુ-બાજુ ફરતા દરેક સર્પોને આકર્ષે છે, પોતે પોતાની વિદ્યાશક્તિથી કરેલા માંડલામાં સર્વે સર્પોને તેણે મંત્રશક્તિથી ઘેરી લીધા છે. એ બધાયે સર્પોમાંથી રાજકુમારને ઉગ્ર દંશ દેનાર સર્પને ઓળખવા તે પ્રયત્ન કરે છે.]

ગારૂડિક : (મંત્રશક્તિથી બાંધેલા માંડલામાં રહેલા સર્પોને) ઓ નાગદેવતા ! તમે બધા દયાળુ છો, કોઈપણ પ્રાણીને

નિરર્થક તમે પીડા ન આપો એ તમારી પ્રકૃતિ છે. છતાં આ નગરના રાજકુમાર મહાબાહુ આજે સર્પના દંશથી પીડા પામીને મુર્છાવશ બન્યા છે નાગકુમારના દેવો ! તમને મારા નમસ્કાર છે. મેં તમને મારી મંત્રશક્તિથી અહિ બોલાવ્યા છે, તે માટે હું નિરુપાય છું. આજે સમગ્ર નગર શોકની છાયાથી ઘેરાઇ ગયું છે. તમારામાંથી જે કોઈ નાગદેવે રાજકુમારના શરીરને દંશ દીધો હોય તો તે અહિ રહો, અને અન્ય સર્વ ખુશીથી પધારો.

[ગારૂડિક અરિદમનના શબ્દો અને તેની મંત્રશક્તિની મર્યાદા છતાં રાજકુમારના શરીર પર દંશ દેનાર સાપ સિવાય સર્વ સર્પો ચાલ્યા જાય છે, એટલામાં ત્યાં એક જ સર્પને માંડલામાં રહેલો જોઈને તેને ઉદ્દેશીને મંત્રશક્તિનો પ્રયોગ કરીને માંત્રિક તે સર્પને બોલાવે છે, ને રાજકુમારના શરીરમાં તેનો મંત્રશક્તિથી પ્રવેશ થાય છે. ગારૂડિક તેને પૂછે છે.]

ગારૂડિક : (તે અગંધન જાતિના સર્પને) કેમ ? રાજકુમારને ડંખ દેવાનું શું કારણ ? નાગદેવ ! બોલો શા માટે રાજકુમારને દુઃખ દઈ રહ્યા છો ? રાજકુમારે તમારૂં શું બગાડયું છે ?

અગંધન સર્પ : (મંત્રશક્તિથી રાજકુમારનાં શરીરમાં પ્રવેશીને) માંત્રિક ! રાજકુમારે મારા પર અવિચારીપણે પગ મૂક્યો, અને મને દુઃખ દીધું, એટલે મેં તેને દંશ દીધો છે. એ સિવાય કશું અન્ય કારણ નથી.

ગારૂડિક : નાગદેવ ! તો હવે રાજકુમાર ઉપર દયા

કરો, કુમારની ભૂલ થઈ, તમારે ક્ષમા રાખવી જોઇએ, કોઇ પણ રીતે કુમારનાં શરીરનું ઝેર ચૂસી લઈ, કુમારને સ્વસ્થ કરો!

અંગધન સર્પ : ગારૂડિક! એ નહિ બને! અમારી જાતિ જુદી છે. અમે અગંધન કુલના સર્પ કહેવાઇએ, કોઈ પણ રીતે વમેલાં ઝેરને અમે ન ચૂસીએ! માટે હવે તમારી મંત્રશક્તિ પાછી ખેંચી લો! અમારા કુલમાં એ નહિ બને!

[ગારૂડિક અને અન્ય સર્વ પરિવાર આ સાંભળીને સ્થિર બની જાય છે. મહારાજ જિતશત્રુ, મહારાણી અને અન્ય સર્વ રાજપરિવાર શોકગ્રસ્ત વદને નિરાશ બને છે.]

મહારાજા જિતશત્રુ : (ગારૂડિક અરિદમનને) કેમ લાગે છે? રાજકુમાર સાજો થશે કે કેમ? તમે ગમે તે રીતે, આકાશ-પાતાલ એક કરીને પણ મહાબાહુને ઉભો કરો. તમારે જે જોઇએ તે આપવા હું તૈયાર છું, પણ રાજકુમાર સ્વસ્થ થવો જોઇએ. એનાં શરીરમાંનું ઝેર ઉતરી જવું જોઇએ.

ગારૂડિક : રાજન્! હું બધા પ્રયત્નોમાં છું. મારી તમામ તાકાત એમાં ખરચી નાખીશ પણ આ નાગ જુદી જાતનો છે. સર્પના બે કુલ ગણાય છે. અગંધન અને ગંધન. ગંધનકુલના નાગ વમેલું ઝેર ચૂસી લે છે, પણ અગંધન કુલના નાગ પ્રાણાંતે પણ પોતાનું ઝેર ચૂસતા નથી. કે એનું ચઢેલું ઝેર ઉતરે પણ નહિ, છતાં હું મારા બધા ઉપાયો અજમાવી જોઈશ, પછી રાજકુમારનું ભાગ્ય.

[ગારૂડિક સાં લાકડા મંગાવે છે, લાકડાને ચિતા રૂપે ગોઠવી તેને સળગાવવાનો સેવકોને આદેશ કરે છે. અને ચિતા સળગાવાય છે ગારૂડિક ત્યારબાદ પોતે સ્નાન કરી સ્વચ્છ થઇ ધૂપ-દીપ પેટાવી, મંત્રો ભણવા બેસે છે. જેમ જેમ મંત્રો ભણાતા જાય છે તેમ રાજકુમાર સર્પની જેમ પછાડા મારે છે ફૂંફાડા મારે છે.]

ગારૂડિક : (મંત્રેલું પાણી છાંટીને સર્પને ઉદ્દેશીને) હું તમને કહું છું કે, નાગદેવતા! તમે ઝેર ચૂસી લો, રાજકુમારને બેઠો કરો, નહિતર પરિણામ સારૂં નહિ આવે! જો જીવતા રહેવું હોય તો હજુ તમારા હાથમા છે, નહિતર હું તમને નહિ છોડું! જુઓ! આ સામે ભડ-ભડ ચિતા સળગી રહી છે, હું સ્પષ્ટ ચેતવણી આપુ છું કે, કાં તો રાજકુમારના શરીરમાંનું તમારૂં ઝેર ચૂસી લો, કાં તો આ ભડ-ભડ બળતી ચિતામાં સળગી મરો, બોલો શું કહેવું છે?

[થોડીવાર વાતાવરણમાં સ્તબ્ધતા પથરાઈ જાય છે. રાજકુમારનું શરીર લાલ-ચોળ થઈ જાય છે સર્પ વધુને વધુ ફૂંફાડા મારે છે, ભયંકર પછાડો ખાય છે.]

ગારૂડિક : (ખુબ જોશમાં આકળાઈને) કેમ હજુ શું કહેવું છે? જવાબ આપો! બોલો નાગદેવતા! ઝેર ચૂસી લેવું છે કે નહિ? બોલો જલદી કરો, જે હોય તે નિર્ણય કરી લો! વાર ન લગાડો!

[રોષથી ધમધમતો સર્પ વધુ ફૂંફાડા મારે છે.]

અગંધન સર્પ : રે ગારૂડિક! એ કદિ નહિ બને.

અગંધન કુળના નાગ મરવાનું પસંદ કરશે, પણ પોતાનું વમેલું ઝેર નહિ ચૂસે !

[આમ બોલીને સર્પ બધાયના દેખતાં ભડ-ભડ બળતી ચિતામાં સળગી મરે છે. રાજકુમાર મહાબાહુ સાપનાં ઝેરથી મૃત્યુ પામે છે. રાજા જિતશત્રુ અને સમસ્ત રાજપરિવાર શોક-સાગરમાં ડૂબે છે. તે પ્રસંગ પરથી ગુસ્સે થયેલો રાજા જિતશત્રુ નગરની ચોમેર સર્પ માત્રને મારી નાખવાનો આદેશ પોતાના સેવકોને આપે છે. રાજાનો આદેશ પામીને રાજસેવકો સમસ્ત નગરમાં પડહ વગાડે છે.]

રાજાના સેવકો : (વલ્લભનગરના મધ્ય ચોકમાં) નગરના લોકો ! તમે સાવધાન બની ધ્યાનપૂર્વક સાંભળો ! મહારાજા જિતશત્રુ ફરમાવે છે કે, મારા સમસ્ત નગરમાં, સમગ્ર રાજ્યપ્રદેશમાં, જ્યાં જ્યાં સર્પ દેખાય, તેને મારીને તેનું માથું જે કોઇ લાવશે, તેને એક-એક સોનામહોર મહારાજા આપશે; માટે જ્યાં જ્યાં સાપ દેખાય તેને મારીને તેનું માથું લાવવું.

[રાજાનો આદેશ સાંભળીને સમગ્ર નગરમાં સેંકડો લોકો દરરોજ કેવળ ધનલોલુપ બની સંખ્યાબંધ નિર્દોષ સર્પોને મારીને રાજા પાસે ધરવા લાગ્યા. આમ દરરોજ સંખ્યાબંધ સર્પોની હિંસા થવા લાગી. શહેરમાં સર્પો હવે શોધ્યા જડતા નથી, એટલે ધનની તૃષ્ણામાં ઉન્મત્ત બનેલા કેટલાક ગારુડિક જાતના લોકો નગરની બહાર જંગલોમાં સર્પોને શોધવા નીકળ્યા છે. આ બાજુ ધર્મઘોષ મુનિનો જીવ જ્યોતિષ દેવલોકમાંથી ચ્યવીને ઉગ્ર ક્રોધના કારણે વલ્લભનગરની બહાર કોઇક નિર્જન સ્થાનમાં દૃષ્ટિવિષ સર્પ તરીકે ઉત્પન્ન થયેલ છે. સર્પોને મારવા નીકળેલા નગરના લોકો

આરક્ષિક માણસોએ ચોમેર શોધતાં આ સર્પનું દર ગોતી કાઢ્યું. ધર્મઘોષ તપસ્વીનો જીવ જે દૃષ્ટિવિષ સર્પ થયો છે તે ઉહાપોહ દ્વારા જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત કરે છે.]

દૃષ્ટિવિષ સર્પ : (સ્વગત) ઓહ! પૂર્વભવે મેં સાધુ થઈને ક્રોધવશ બની કેવું ભયંકર પાપ આચર્યું! હા! નિર્દોષ અને સરળ એવા મારા શિષ્યની સાચી હિતકારી વાતને પણ મેં ન સાંભળી! ઉપયોગ ચૂકી પંચેન્દ્રિયજીવની હિંસા કરી, પાપનું પ્રાયશ્ચિત પણ ન કર્યું, ઊલટું અહં-ભાવને આધીન થઈ મેં મારી ભૂલને પણ ન કબૂલી અને એને હું મારવા દોડ્યો અહા! હું કેવો પાપી, કેવો અધમ અને કેવો દુષ્ટ! મારું તપ, મારાં વ્રતો તથા મારું સંયમ કેવલ નિરર્થક ગયા. માનવભવને પામી વીતરાગ ભગવંતના ચારિત્રધર્મને સ્વીકારીને પણ મેં બધું ગુમાવી દીધું! હા, કષાયનો એ કેવો દારૂણ વિપાક! બસ, હવેથી મારે ક્ષમાશીલ રહેવું છે, ગમે તેવાં દુઃખો પડે, કષ્ટો પડે છતાં મારે કદિ કોઈના ઉપર રોષ કે રીસ કરવી નહિ. (કંઈક યાદ આવતાં) ઓહો! હું દૃષ્ટિવિષ જાતિનો સર્પ છું, મારી દૃષ્ટિ કોઈપણ પ્રાણી ઉપર પડશે કે એ પ્રાણી બળીને ભસ્મ થઈ જશે. ખરેખર હું કેવો અધમ છું! કેટ-કેટલાયે જીવોની હિંસાનું પાપ મને લાગશે. બસ, હવે આજથી મારે મારા દરમાંથી બહાર નીકળવું નહિ, અને મારે મારું મોઢું પણ અંદર રાખવું.

[દૃષ્ટિવિષ સર્પે પોતે ધર્મઘોષ તપસ્વીના ભવમાં ક્રોધનો દારૂણ વિપાક અનુભવ્યો છે, એટલે પોતાની દૃષ્ટિ પડતાં કોઈ પણ

પ્રાણી મૃત્યુ ન પામે, એમ વિચારી પોતે દરમાં જ પડ્યો રહે છે. એટલામાં પેલા સર્પ પકડનારા માણસો આટલામાં સર્પ છે, તેમ જાણી આ સર્પના દરની નજીક આવે છે.]

ગારૂડિક : (બીજાને) આટલામાં સર્પ જરૂર હોવો જોઇએ. કારણ કે એના લીસોટા દેખાય છે. રાત્રે ફરીને આટલામાં કાંઇ છૂપાઈ ગયો હશે.

બીજો ગારૂડિક : હા, લાગે છે કે આટલામાં હોવો જોઇએ. મારી પાસે સાપને ખેંચી લાવનારૂં મૂળીયું છે, તે આ દરના નાકે મૂકું છું. એટલે એની મેળે ખેંચાઇને બહાર આવશે.

[પેલો ગારૂડિક આ સર્પના દર આગળ પેલું મૂળીયું મૂકે છે. કાંઇક મંત્રોચ્ચાર કરે છે. એટલે દષ્ટિવિષ સર્પ આકર્ષાય છે.]

દષ્ટિવિષ સર્પ : (પોતાના મનમાં) અહા ! મને કોઈ પોતાની મંત્રશક્તિથી આકર્ષી રહ્યું છે. મારે દરની બહાર નીકળવું જ પડશે પણ જો હું મોઢું માર્ગ સન્મુખ રાખીને નીકળીશ તો બહાર ઊભેલા માણસો કે અન્ય કોઈપણ પ્રાણી મારી દૃષ્ટિ પડતાં જ બળીને ખાખ થઈ જશે, માટે મારે પાછલા પગે નીકળવું એ જ ઠીક છે.

[એટલે તે સર્પ પાછલા પગે બહાર નીકળે છે, દરની બહાર તેનું પૂછડું આવ્યું, એટલે પેલા ધન લોલુપ ગારૂડિકો તેના પૂંછડાને કાપે છે, ધીરે ધીરે તે બહાર નીકળતો જાય છે, અને પેલા મનુષ્યો તેને છેદતા જાય છે. એ સમયે આ સર્પ [illegible] છે.]

દૃષ્ટિવિષ સર્પ : [પોતાનાં મનમાં] રે ચેતન! તું ધીરજ ધારજે, સ્હેજ પણ કોઈના ઉપર કોપ નહિ કરતો! ક્રોધના કડવાં ફલ તેં અનુભવ્યાં છે, માટે સમતા રાખજે! તારા લેણદારો તારા માથા પરનું દેવું લેવા આવ્યા છે તેં જેવા કર્મો કર્યા છે, તેવા આજે તારે ભોગવવાનો અવસર આવ્યો છે! માટે જાગતો રહેજે! સાધુ હતો ત્યારે ક્ષમાને ચૂક્યો એટલે તારે આજે તિર્યંચમાં સર્પ જેવાના ખોળીયામાં અવતાર લેવો પડ્યો છે. બંને ભવોમાં તું કુગતિમાં રખડ્યો; માટે હવે સમભાવે સહન કર! સમજપૂર્વક સહન કરવામાં તને જ લાભ છે! સ્હેજ પણ કોઈના પર રોષ, કે રીસ ન કરતો! સર્વ જીવોને તું ખમાવ અને આરાધના કરી લે!

[આમ સમભાવમાં રમતો તે દૃષ્ટિવિષ સર્પ પેલા ગારૂડિકોએ મંત્રપ્રયોગથી આકર્ષિલો આખો જ્યારે બહાર નીકળ્યો, એટલે તેના ધનલોલુપ ગારૂડિકોએ કુહાડી મારીને તેનું માથું કાપી નાખ્યું. પણ સમજપૂર્વક વૈર્ય રાખીને સમભાવે તે ધર્મઘોષ તપસ્વીનો જીવ આરાધનાપૂર્વક સમાધિભાવે મૃત્યુને પામી ઉર્ધ્વગામી બન્યો.



૧૭ : કોણ મહાન્ ?

વિનયધર્મને પૂર્ણ સાધી શિષ્ય ગુરુમહારાજના આનુદર્શન સહન કરતાં કરતાં પોતાનું આત્મહિત સમતાભાવે ને લઘુતાપૂર્વક સાધે છે, તે પોતાના ઉપકારી ગુરુદેવને પણ આલંબનરૂપ બને છે.

[**પરિચય** : પૂ આચાર્ય મહારાજ શ્રી ચંડરુદ્રસૂરિજી વિશાળ શિષ્ય સમૂહના ગચ્છનાયક છે. સમુદાયમાં સાધુઓની શિથિલતા કે ક્ષતિઓથી તેઓનું મગજ વારંવાર તપી જતું હતું. એક વખત-બે વખત શિષ્યોને હિતબુદ્ધિથી તેઓ શિક્ષા આપતા, પણ છદ્મસ્થ સહજ સ્વભાવના કારણે કેટલીક વખતે સાધુઓ વારંવાર સ્ખલના કરતા હતા, આથી આચાર્ય મહારાજને અતિશય સંતાપ થતો. ક્રોધ પણ આવતો, આથી તેઓ અતિશય ચંડ તથા રૂદ્ર બની જતા. આચાર્ય મહારાજ પોતે સમજતા કે, 'આ મારા સ્વભાવની ખામી છે. અન્યોના હિતનું કરવા જતાં આમાં હું મારૂં ચૂકી જઉં છું' આ જ એક શુભ આશયથી તેઓ જેમ બને તેમ સમુદાયની પ્રવૃત્તિઓમાં માથું મારતા જ નહિ ગચ્છની જવાબદારી અન્ય સ્થવિર સાધુઓને તેમણે સોંપી દીધી છે. પોતે સમુદાય સાથે વિચરે પણ પોતાનો નિવાસ સમુદાયથી દૂર રાખે જેથી પોતાને વારંવાર રોષનું કારણ ન મળે. વિહાર કરતાં તેઓશ્રી ઉજ્જયિનીનાં ઉદ્યાનમાં પધાર્યા છે સૂરિજી મહારાજ સમુદાયથી દૂરના એકાંત ભાગમાં સ્વાધ્યાય-મનન-ચિંતન જાપ-જપ તથા ધ્યાન આદિ પ્રવૃત્તિમાં મગ્ન છે. સાધુ સમુદાય પણ સૌ પોતપોતાની આરાધના સ્વાધ્યાય આદિ કરી રહેલ છે. એ અવસરે ઉજ્જયિનીમાંથી ચાર-પાંચ યુવાનો

છે કાંઈ આ સાધુઓને બીજી ઉપાધિ ! નિરાંતે બેઠા બેઠા લહેર કરે છે !

મિત્રસેન : (વસંતને) કેમ તારી ભાવના થાય છે ? થતી હોય તો બોલી જજે, હજુ તેં સંસાર માંડ્યો નથી, ચાલ, સાધુ મહારાજ પાસે જઈને તારું નક્કી કરાવીએ. તારી પાછળ કોઈ ઉપાધિ નથી.

વસંત : ના, ભાઈ આપણી ભાવના થતી નથી, ભદ્રસેન ભદ્રિક અને શાંત છે. પહેલેથી જ તેને સાધુ સંતો પ્રત્યે ભક્તિ છે, તેને પૂછને, તે જલ્દી તૈયાર થાય તેવો છે.

શુરસેન : કેમ ભદ્ર ! બોલ તારી શી ભાવના છે ? આત્માનું કલ્યાણ થશે, જો ભાવના હોય તો ઝટ બોલી નાંખ ! શુભસ્ય શીઘ્રમ્.

ભદ્રસેન : મારી વાત હું જાણું · તમારા કોઈની ભાવના થતી હોય તો બોલી નાખો, આપણને તો પહેલેથી જ આવા મહાત્મા પુરુષો પ્રત્યે આકર્ષણ છે, પણ તમારા જેવામાંથી કોઈ તૈયાર થતું હોય તો આપણે તો તૈયાર છીએ.' (સહેજ મલકમાં)

વસંત : ભદ્ર ! બીજાની વાત તું શું કરવા કરે છે ? તું તૈયાર હો તો ચાલ હું જ મહારાજ પાસે તારી વાત મૂકું. પછી અમે તારી પાછળ !

મિત્રસેન : વસંતસેન ! લે જે સાચવજે ! ભદ્રસેન

જો દીક્ષા લઈ લેશે તો તેની પાછળ મોટું તોફાન છે, તાજો પરણેલો છે. એના સાસુ-સસરા તથા મા-બાપનું તોફાન છે, એનામાં હિમ્મત કયાં છે ?

[યુવાનોની મજાક આગળ વધે છે.]

ભદ્રસેન : હિમ્મતની કયાં વાત છે ? ગમે તેવું તોફાન થાય તો હું તૈયાર છું, ચાલો આપણે બધા મહારાજ પાસે જઇએ. તમે મારી પાછળ તૈયાર છો પછી શી હરકત આવવાની છે ?

[બધા મિત્રો સાધુ સમુદાય જ્યાં સ્વાધ્યાય કરી રહેલ છે ત્યાં આવે છે, સાધુઓ સ્વાધ્યાય કરી રહ્યા છે.]

વસંતસેન : (મજાકમાં સાધુઓને ઉદ્દેશીને) મહારાજ આ અમારા મિત્રને તમારો શિષ્ય કરો (ભદ્રસેનને) કેમ કાંઈ બોલતો નથી? ખરી વાત છે ને?

ભદ્રસેન : હા, મહારાજ મને દીક્ષા આપો. સંસારમાં કશો સાર નથી. હું પરણીને પસ્તાયો છું. મારું ભાગ્ય જ વાંકું છે કે પરણ્યો ને સ્ત્રીએ મને તજી દીધો છે. (મિત્રસેનની સામે જોઈ, માર્મિક હાસ્ય કરતાં)

[સાધુઓ મૌન રહે છે. પોત-પોતાનાં સ્વાધ્યાયાદિમાં તન્મય છે. એટલે ફરીને વસંતસેન મશ્કરીમાં મહારાજને કહે છે.]

વસંતસેન : મહારાજ ! અમારા મિત્રની ભાવના છે, સંસારમાં તે દુઃખી છે, હમણાં જ પરણ્યો છે, પણ સ્ત્રીએ

એને ત્યજી દીધો છે. તો કરી નાંખોને શિષ્ય, એમાં શું જોવાનું ? આવો શિષ્ય ફરી નહિ મળે !

[સાધુઓ સમજી જાય છે, કે આ બધા યુવાનો ટીખળી છે, ને કેવળ મશ્કરી કરી રહ્યા છે. અમારો સમય બગડે છે, માટે આ બધાયને આચાર્ય મહારાજ પાસે મોકલવા જેવા છે, ત્યાં તેમની ખબર બરાબર લેવાશે, એટલે સાધુઓ મૌન રહે છે યુવાનો, તો યે ત્યાંથી ખસતા નથી]

સાધુ મહારાજ : મહાનુભાવો ! ત્યાં અમારા મોટા ગુરૂ પાસે જાવ તેઓ તમને દીક્ષા આપશે. દીક્ષા આપવાનું કામ તેમનું છે.

[એટલે તે બધા પૂ ચંડરૂદ્રાચાર્ય જ્યાં થોડે દૂર આત્મ ધ્યાનની પ્રવૃત્તિમાં તન્મય છે, ત્યાં આવે છે. આચાર્ય મહારાજને વંદન કરીને તે બધા બેસે છે ને હારયથી એક-બીજાની સામે જોતાં રહે છે થોડી વાર થાય છે એટલે મિત્રસેન કહે છે.]

મિત્રસેન (પૂ. આચાર્ય મહારાજને) મહારાજ ! આ મિત્રને દીક્ષા આપો, તેની ભાવના છે. (હાસ્ય કરતાં) તેનું કલ્યાણ થશે. કેમ ભદ્રસેન ! બોલતો કેમ નથી ?

ભદ્રસેન : (મજાક કરતાં) હા, મહારાજ ! વાત સાચી છે સંસારમાં કાંઈ સાર નથી. મને દીક્ષા આપી દો, તો કાયાનું કલ્યાણ થશે ને સુખપૂર્વક રહેવાશે.

[આચાર્ય મહારાજ સમજીને મૌન છે. તેઓ જાણે છે કે યુવાનવય છે, ને તેના ઉન્માદમાં આ લોકો ટીખળ કરી રહ્યા છે.

પણ એક-બે વખત ફરી ફરીને ભદ્રસેને આ વાત ચાલુ રાખી, એટલે શ્રી ચંડરૂદ્રસૂરિજીને ક્રોધ ચઢ્યો. તેઓને મનમાં થયું કે, 'હું અહિં એકાંત સ્થાનમાં આવી મારી આરાધના કરી રહ્યો છું, તે અહિં આ તોફાની યુવાનો મને શાંતિથી બેસવા દેતા નથી. તો હવે તો તેમની પુરેપુરી ખબર લઇ લેવી જોઇએ.]

શ્રીચંડરૂદ્રસૂરિજી : (કાંઇક ઉગ્ર થઇને ભદ્રસેનને) કેમ તારે દીક્ષા લેવી છે? બરાબર છે ને? જોજે ફરી નહિ જતો હો!

ભદ્રસેન : (હજુ મજાકમાં) ના, મહારાજ ફરે એ બીજા! દીક્ષા લેવી છે. ચાલો આપો, હું તૈયાર છું.

[શ્રી ચંડરૂદ્રસૂરિજી બાજુમાં શુંકવાની રાખ ભરેલી માટીની કુંડી પડી છે, તે તેને લાવવાનું કહે છે. મિત્રસેન તે કુંડી લાવી આપે છે. આચાર્ય મહારાજ ભદ્રસેનને પોતાનાં બે હાથે પકડીને કુંડીની રાખથી તેના માથાના વાળનો લોચ કરી નાંખે છે. આચાર્ય મહારાજનો રોષ તેમની ચઢેલી ભ્રકુટિ, ભીષણ મુખાકૃતિ આ બધું જોતાં હસવામાંથી ખસવું થતું જોઇને મિત્રસેન, વસંતસેન આદિ બધા ત્યાંથી ભાગે છે.]

મિત્રસેન : (ભાગતા-ભાગતા ભદ્રસેનને કહે છે) ચાલ ભદ્ર! તું પણ નાસી છૂટ. આપણે તો કેવળ ટીખળ કરતા હતા. ને આ તો હસવામાંથી ખસવું થઇ ગયું. ચાલ જલ્દી કર! તારા માતા પિતા આદિ કુટુંબીઓને અમારે શું જવાબ આપવો? (હજુ ભદ્રસેન ભેગો થતો નથી.) કેમ બેસી રહ્યા છો? બોલતો કેમ નથી? અમે જઇએ છીએ! તારે જ્યારે આવવું હોય ત્યારે આવજે!

[આમ કહીને મિત્રસેન પણ ત્યાંથા નાસી છૂટે છે. આ ભાવના નાસી છૂટ્યા બાદ, જેનું નવું લોચથી કેશવિહીન બન્યુ છે તે ભદ્રસેન ભદ્રિકપરિણામી તથા પુણ્યવાન આત્મા હોવાથી તેનાં હૃદયમાં નિર્મળ વિચારણા જાગે છે.]

ભદ્રસેન : (મનોગત) હું હવે ઘેર કેમ જઉં ? મેં મારી મેળે જ મારી વાણીથી માગીને વ્રતને સ્વીકાર્યું છે, તેને ત્યજીને હવે મારાથી ઘેર કેમ જવાય ? મારી ખાનદાની લાજે, મારૂં કુળ નિંદાય, હવે તો વિધિપૂર્વક ગુરુમહારાજની પાસે વ્રત લઇ હું મારા આત્માનું કલ્યાણ સાધું ! ખરેખર હાસ્યથી પણ મને ચિંતામણિરત્ન પ્રાપ્ત થયું તે મારો મહાન પુણ્યોદય ! વગર પ્રયત્ને પણ આવો ઉત્તમ માર્ગ મને મળી ગયો. મારૂં શ્રેય થઇ ગયું

[નૂતન દીક્ષિત ભદ્રસેન આ રીતે વિમલ વિચારણા કરી, પોતાના મનને ચારિત્રમાં દૃઢ કરે છે આચાર્ય મહારાજની નિકટમાં જઈ તેઓને વિનંતિ કરે છે]

નૂતન દીક્ષિત : ભગવન્ ! આપે કૃપા કરી અને મને સંસાર સાગરમાથી તાર્યો પ્રભુ આપનો ઉપકાર મારા ઉપર અનંત છે. હવે આપ મને વિધિપૂર્વક વ્રત આપી કૃતાર્થ કરો.

[ત્યાર બાદ શ્રી ચંડરુદ્રાચાર્ય તે નૂતન દીક્ષિતને વિધિપૂર્વક વ્રત આપે છે. નૂતન દીક્ષિત મુનિ વિચારે છે કે, મારા માતા-પિતા, કુટુંબીજનો, મારા સાસુ-સસરા વગેરે પરિવાર અહિં ઉજ્જયિનીમાં છે, તે બધા આવીને મને આ વ્રતમાંથી-દીક્ષામાંથી ખસેડી દેશે,

તે વખતે ચેર પાછો લઈ જવા પ્રયત્ન કરશે, ને મારે કોઈ પણ રીતે આ માર્ગ મૂકવો નથી.]

નૂતન દીક્ષિત : (પૂ આચાર્ય મહારાજને) ભગવન્! મારૂં કુટુંબ મોટું છે, જો તે બધાયને ખબર પડશે તો અહિ આવીને મને આ વ્રતમાંથી મૂકાવશે, અને આપને તકલીફમાં મૂકશે; માટે કૃપાનાથ! ગચ્છ તો વિશાળ છે, બધાયને સાથે લઇને તાત્કાલિક વિહાર થઇ શકે નહિ, આપણે છૂપી રીતે જવું જોઇએ. બધાય જો નીકળીએ તો લોક જાણી જાય. તો કૃપા કરો! આપણે તૈયાર થઇએ.

આચાર્ય મહારાજ : વત્સ! તારી વાત સાચી છે. હવે સાંજ પડવા આવશે, તું રસ્તો બરાબર જોઇને આવ! જેથી માર્ગમાં કદાચ અંધારૂં થઇ જાય તો યે ધીરે ધીરે સીધા રસ્તે આપણે સ્થાને પહોંચી જઇએ.

[નૂતન દીક્ષિત મુનિ માર્ગ બરાબર જોઈ આવે છે. શ્રીચંડરૂદ્રાચાર્ય તથા નૂતન સાધુ ઉજ્જયિનીથી વિહાર કરે છે. આચાર્ય મહારાજ વૃદ્ધ છે, માર્ગમાં કાંકરા-કાંટા ખાડા-ટેકરા આવે છે. અંધકાર ચોમેર ફરી વળે છે. આચાર્ય મહારાજને અવસ્થાના કારણે ઠોકર વાગે છે. તેજ પ્રકૃતિના ચંડરૂદ્રસૂરિ મહારાજ ઉગ્ર બને છે. આવેશમાં આવીને તેઓ બોલે છે.

શ્રીચંડરૂદ્રસૂરિ : રે દુષ્ટ! તેં માર્ગ પણ બરાબર જોયો નહિ. હું નિરાંતે રહ્યા હતો, ને તેં આવીને મને ઉપાડ્યો, અને આ રસ્તામાં બિલકુલ દેખાતું નથી, જો હમણાં જ ઠોકર વાગી જાત તો! પાપી! તેં રસ્તો આવો જ જોયો.

[આમ કહીને આચાર્ય મહારાજે પોતાનો દંડો નૂતન દીક્ષિતના મસ્તકમાં માર્યો. નૂતન મુનિના માથા પર તાજો લોચ છે કેશવિહિન માથા પર જોરથી દાંડો પડતાં, તેના પ્રહારથી તે મુનિના મસ્તક પરથી લોહીની ધાર વહેવા લાગી, છતાં શાંત ભાવે ક્ષમાશીલ અને સરલ સ્વભાવી ભદ્રસેન મુનિ તે બધુ સહનશીલ બનીને સહન કરતાં વિચારે છે]

નૂતન મુનિ : (સ્વગત) અહો ! હું કેવો મંદભાગ્ય છું, મારા કારણે પૂજ્યશ્રીને આવી વૃદ્ધાવસ્થામા તકલીફ પડી. ખરેખર હું અધન્ય છું. ગચ્છની મધ્યમાં રહી શાંતિપૂર્વક રહેલા પૂજ્યશ્રીને મેં ખેદ પમાડ્યો; મારા કારણે તેઓ કષ્ટમાં પડ્યા; કેટલાયે એવા ભાગ્યશાળી સુશિષ્યો હોય છે કે જેઓ યાવજ્જીવ ગુરુ મહારાજને શાતા આપે છે, મેં પહેલા જ દિવસે ગુરુદેવને અશાતા આપી ! ધિક્કાર હો મારા આત્માને ! હવે પૂજ્યશ્રીને ફરી તકલીફ ન પડે તે રીતે મારે જોઇ-જોઇને ધીરે ધીરે સાવધ રહીને ચાલવું. મારો આત્મા ખરેખર ધિક્કારને પાત્ર છે, કે આવા ગુણરત્નસાગર ગુરુદેવને મેં રોષનું નિમિત્ત આપ્યું, તેઓનો આમાં કાંઈ જ દોષ નથી, દોષ તો ખરેખર મારો જ છે !

[આ રીતે હૃદયની સરલતાથી ભદ્રિક એવા તે નૂતન મુનિ પોતાના દોષોને જોતાં શુભ ધ્યાન પર ચઢ્યા. ક્ષપકશ્રેણી પર આરૂઢ થતાં તેઓ કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાની એવા નૂતન મુનિ જ્ઞાનના યોગે બધું જાણી શકે છે. હવે તેઓ ગુરુમહારાજને સીધા રસ્તે દોરી જાય છે.]

શ્રી ચંડરૂદ્રસૂરિ : (નૂતન દીક્ષિતને) હવે તેં રસ્તો બરાબર લીધો, જો હવે ખાડા ટેકરાની અથડામણ નથી

પુત્રીરૂપે ત્યાગનું પ્રતીક બની સંસારને દોરનારી છે. એ મન. વચન તથા કાયાથી નિષ્પાપ, નિષ્કલંક તથા પવિત્રતમ આચારો અને વિચારોમાં રહેલી સંસારની અલૌકિક વિભૂતિ છે. ઉન્માર્ગે જતા અનેક આત્માઓને સન્માર્ગે આણીને સ્થિર કરવાનું સામર્થ્ય આ સ્ત્રીશક્તિમાં છે.

મહાસતી સીતાજી, રાજીમતી, સુલસા, મદનરેખા, મનોરમા, અનુપમાદેવી, કલાવતી, અંજના, આ બધા પુણ્યવાન સ્ત્રીરત્નોએ સંસારમાં પોતાની પવિત્રતાની ખુશબો ફેલાવી, પોતાનાં પુણ્યસ્મરણીય નામોથી આપણા ભૂતકાલીન ઇતિહાસને જે રીતે ઉજ્જ્વળ બનાવ્યો છે, તે માટે આપણે ગૌરવ ધરાવીએ છીએ.

આજે સ્ત્રીસ્વાતંત્ર્યને નામે. સમાન હક્કના બહાને જે રીતે સ્ત્રી જેવી પવિત્ર શક્તિને વગોવવામાં આવે છે, તે આ ભારત દેશમાં સંસ્કૃતિને માટે લાંછનરૂપ છે. શીલ એજ સ્ત્રી સમાજનો પ્રાણ છે. સંયમ, ત્યાગ, અને સહિષ્ણુતા આ બધા એ સ્ત્રી વર્ગના પ્રાણદાયક પોષક તત્ત્વો છે. સદાચાર, સંયમ કે શીલવિહીન જે જે વાતો, સુધારાઓના નામે સ્ત્રી સમાજને આગળ કરીને થઇ રહી છે, એ ખરેખર સ્ત્રી સમાજની પવિત્રતા સામે બંડ છે.

સ્ત્રી એ તો ત્યાગમૂર્તિ છે. ભોગનું પૂતળું માનીને સ્ત્રીને માટે આજે જે રીતના કાવત્રાઓ ઘડાઇ રહ્યા છે, તે ખરેખર સ્ત્રી જેવી પવિત્ર શક્તિને માટે શરમાવનારું છે.

પુરૂષની અપવિત્રતા બે ચાર કે પરિમિત વ્યક્તિઓને અહિત-કર બને છે, જ્યારે સ્ત્રીની અપવિત્રતા સંખ્યાબંધ આત્મા-ઓને પરંપરાએ અનર્થકર થાય છે, માટે જ સમાજના કે કુટુંબના ઉત્કર્ષની ચાવી આ પૂજનીય સ્ત્રીશક્તિની પવિત્ર-તામાં રહેલી છે, એ કદિ ભૂલવું જોઇએ નહિ

પૂ કલિકાલસર્વજ્ઞ આચાર્ય મહારાજશ્રી હેમચંદ્રસૂરી-શ્વરજી જેવા જૈન શાસનના સમર્થ જ્યોતિર્ધરને જૈન શાસન-માં સમર્પિત થવાની પ્રેરણાદાત્રી એક આવી જ પવિત્રતમ મહિલા હતી. પાહિની દેવીએ પોતાના ગુલાબ કળી જેવા સુકોમળ પુત્રરત્ન-કે જે પોતાની બધી આશાઓનો દોર હતો-તેને પૂ. આ. મ. શ્રી દેવચંદ્રસૂરિજી મહારાજ તથા શ્રી સંઘના ચરણે હર્ષપૂર્વક સમર્પિત કર્યો પાહિની દેવી જેવી સ્ત્રીઓએ આમ જૈનશાસનમાં આવા સમર્થ જ્યોતિ-ર્ધર પુરૂષોને સમર્પિત કરી, જૈન શાસનની અનુપમ સેવા કરી પોતાનાં યશસ્વી નામને અમર કર્યું છે.

આબુ-દેલવાડાના ગગનચુંબી શ્રી જૈન મંદિરો જે આજે ભારત તથા યુરોપ અને એશિયાની કલારસિક દુનિ-યાને માટે અનન્ય આકર્ષણરૂપ બન્યાં છે, તે મંદિરોનાં શિલ્પ, સ્થાપત્ય તથા બાંધણીની પાછળ, આવી જ એક સ્ત્રીશક્તિની પ્રેરણા કારણરૂપ બની છે. અનુપમાદેવીની ધર્મ-ભાવના, દક્ષતા તથા દેવ-ગુરુ પ્રત્યેની અપૂર્વ ભક્તિ ખરે-ખર આબુ-દેલવાડાનાં શ્રી જિનમંદિરોનાં નિર્માણ પાછળ,

મહામંત્રીશ્વર શ્રી વસ્તુપાલ-તેજપાલ જેવી બાંધવ બેલડીને માટે પ્રેરક બન્યા છે.

આવી જગકલ્યાણકર પવિત્ર સ્ત્રીશક્તિ, આજના કાલમાં વધુને વધુ સુસંસ્કારી, પૂનિત તથા સુશીલ બની, સંસારભરમાં સ્વાર્થ, ભોગ તથા તૃષ્ણાના ખેલાઈ રહેલા કારમા તાંડવોની સામે ત્યાગ, સંયમ તથા તપનો આદર્શ રજૂ કરી પોતાની જીવનસુવાસને ચોમેર ખૂબ જ મઘમઘતી રાખે તે આજે આપણે ઇચ્છીએ છીએ.

[૨]

પોતાનાં પવિત્ર શીલધનને સાચવવા માટે પતિના મૃત્યુ બાદ ચંડપ્રદ્યોત જેવાને સમજાવી-પટાવી, રાજ્યનું રક્ષણ કરવા નગરને સુંદર તથા મજબૂત કિલ્લાથી સુસજ્જ કરાવી સમય આવે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવ જેવાને શરણે જઈ, સાધ્વી શ્રી ચંદનબાલાજીના શિષ્યા બની, કામાંધ ચંડપ્રદ્યોતને થાપ આપવાની અજબ કુનેહ દાખવી, પોતાની પવિત્રતાને અખંડ રાખનાર અને ગુરુણીજી ચંદનબાલાની સેવામાં સમર્પિત બનનાર શ્રી મૃગાવતીજી આજના સ્ત્રી વર્ગની શિથિલતાને ખંખેરવામાં દૃષ્ટાંતરૂપ બની રહો!

પતિને જે દિવસે રાજ્ય સિંહાસન પર અભિષેક થવાનો અને રાજ્યના મહારાણી પદ પર આરૂઢ થવાનું સૌભાગ્ય જે દિવસે પોતાને પ્રાપ્ત થવાનું, તે જ દિવસે પિતાના વચનના પાલનની ખાતર પતિ-રામચંદ્રજી વનમાં જવાને

સ્વેચ્છાએ તૈયાર થાય, તેજ સમયે પતિની પાછળ સાસુ-કૌશલ્યાની ના હોવા છતાં પતિના સુખે સુખને ગૌણ ગણી પણ પતિનાં દુઃખે દુઃખને જ મહત્ત્વ આપી, તેમના દેહની છાયાની જેમ બની, અયોધ્યાના રાજવૈભવોને ત્યજી, જંગલમાં જવાને તૈયાર થઈ, પતિની પાછળ પોતાની ઈચ્છાથી વનવાસના અસહ્ય કષ્ટોને કોમળ શરીરે સહેવા તૈયાર થનાર મહાસતી સીતાજી વર્તમાનકાલમાં એશ-આરામમાં જીવનની મજા માનનાર સ્ત્રીસમાજને પ્રેરક બનો !

પોતાના પતિની પાછળ વનવાસ જવાની અનુજ્ઞા માંગનાર પુત્રવધૂ શ્રી સીતાજીને પુત્રીની જેમ ખોળામાં બેસાડી 'વનનાં કષ્ટો ટાઢ-તડકો, ભૂખ-તરસ તારાથી નહિ સહી શકાય' આમ વાત્સલ્યપૂર્વક સમજાવી વનમાં જવાની ના કહેનાર, તથા અયોધ્યાનાં રાજમહેલમાં રહેવાનો પોતાની પુત્રવધૂને આગ્રહ કરનાર સાસુ શ્રી કૌશલ્યાદેવી વર્તમાન યુગની સાસુઓને પુત્રવધૂઓની સાચી વાત્સલ્યહૃદયી માતા બનવાની પ્રેરણા આપનાર બનો !

શેકયના પુત્ર-રામચંદ્રજીની પાછળ વનમાં જવાને ઉત્સુક પોતાના પુત્ર લક્ષ્મણને વનમાં જવામાં વિલંબ થાય છે, એ જાણ્યા પછી 'આટલો વિલંબ કેમ ? તારા મોટા ભાઈ રામની પાછળ જલદીથી તારે જવું જોઈએ' આમ કહી, પોતાના પુત્રને અયોધ્યાના સુખ-વૈભવોથી વિમુખ રાખી, જંગલના ભયાનક કષ્ટો, શોકયના પુત્રના સ્નેહ ખાતર સહન

કરવામાં ઉત્સાહ આપનાર શ્રી લક્ષ્મણજીના માતા સુમિત્રા દેવીના આવા હૃદયની વિશાલતા વર્તમાન સ્ત્રીસંસારને આદર્શ બનો !

પોતાના પતિ શંખરાજાએ વગર પૂછયે કાંડા કપાવીને જંગલમાં ધકેલી દીધેલ છતાં જેઓના હૃદયમાં પતિદેવ પ્રત્યે સ્હેજ પણ દુર્ભાવના ન જાગતા, પોતાના જ પૂર્વકૃત દુષ્કર્મનો દોષ માની નિર્મળ શીલપ્રભાવે અખંડ કરકમળ પ્રાપ્ત કરનાર મહાસતી શ્રી કલાવતી આજના સ્ત્રીસમાજને પ્રેરણામૂર્તિ બનો !

પરણ્યા પછી ૨૨-૨૨ વરસ સુધી પતિએ સ્હામું ન જોવા છતાં, જેઓનાં જીવનમાં પતિ પવનંજય સિવાય અન્ય કોઈ પુરૂષનું મન, વાણી કે કાયાથી પતિ તરીકે સ્થાન ન હતું, અને બાવીશ વરસે પતિ પોતાનો દોષ ન જોતાં જેઓએ કેવળ પોતાનો જ અંતરાય માની સતીત્વની રક્ષા ખાતર જ જેમણે અનેક મરણાંત કષ્ટો સહ્યા, મા-બાપ; સાસુ-સસરા ઈત્યાદિના આક્રોશ, તર્જના વેઠ્યા; અને પરિણામે શીલના પ્રભાવે સમૃદ્ધિ મેળવી, હનુમાન જેવા વીર પુરૂષની માતા બનવાનું સૌભાગ્ય મેળવ્યું. તે મહાસતીશ્રી અંજનાદેવી, વર્તમાન સ્ત્રીસમાજના આદર્શરૂપ બનો !

પરણીને બીજે દિવસે સાળાના હાસ્ય પ્રસંગ પરથી દીક્ષા લેવાને તૈયાર થનાર વજ્રબાહુ પતિની પૂંઠે, તેની કેડછાયાની જેમ બનીને સંયમના માર્ગે જવાને ઉત્સુક

બની સંસારનાં અનેક ભોગસ્વપ્નોને સાપ જેમ કાંચળી ફગાવી દે તેમ ત્યજી દેનાર સતી મનોરમાદેવી, આજના સ્ત્રીજીવનને પ્રેરણાદાયી બનો!

જેઠ મણિરથના દગાથી અકસ્માતનો ભોગ બની શસ્ત્રઘાતથી મૃત્યુપથારી પર પોઢેલા પોતાના પતિ યુગબાહુને, વિષય તથા ક્રોધાદિ કષાયોની ભયંકરતા સમજાવી આરાધનાપૂર્વક નિર્યામણા કરાવી દુર્ગતિમાં જવાની સ્થિતિમાં મૂકાએલા પતિની સાચી ધર્મપત્ની બની, તથા દૃઢતાપૂર્વક સમાધિ આપનાર અને પતિને સદ્‌ગતિનું ભાથું બંધાવી આપવા માટે પોતાનાં ભાવિની ચિંતાને ગૌણ કરી જાગ્રત રહેનાર, તથા પોતાનાં મહામૂલ્ય શીલધનને સાચવવા માટે કામાસક્ત જેઠની રાજધાનીને ત્યજી જંગલોમાં પરિભ્રમણ કરવાનું સ્વેચ્છાએ સ્વીકારનાર શ્રીમતી મદનરેખા, આપણા સૌ સમાજને દૃષ્ટાંતરૂપ બનો!

અંબડ જેવા વિદ્યાધાર પરિવ્રાજકની કસોટીમાં સોટચના સોનાની જેમ જેઓનું સમ્યક્‌ત્વ નિર્મળ રહ્યું, અને દેવાધિદેવ શ્રમણ ભગવાનશ્રી મહાવીર જેવા તીર્થંકરદેવ જેઓના માટે શ્રીમુખે 'ધર્મલાભ' કહેવડાવે, તે પરમ ભાગ્યશાલી સતીરત્ન શ્રી સુલસાની ધર્મશ્રદ્ધા વર્તમાન કાલના મહિલા સમાજને માર્ગદર્શકરૂપ બનો!

ગિરનારની ગુફામાં એકાંત માની વરસાદથી ભીંજાયેલાં વસ્ત્રોને સૂકાવવા રહેલાં જેમને નગ્ન દેહે જોઈ, દેહસૌંદ-

ર્યનાં વિકારને વશ બનેલા રથનેમિ મુનિ જેઓને ચલિત કરવા અનેક પ્રલોભનો આપે છે, છતાં જેઓએ પોતાના પવિત્ર સંયમ માર્ગમાં દૃઢ રહી, માર્ગભૂલેલા પોતાના દીયર રથનેમિજીને માર્ગમાં સ્થિર કર્યા, તે મહાસાધ્વી શ્રી રાજીમતી આજના સ્રીવર્ગને, શીલધનની મહત્તા સમજવામાં પ્રેરક બનો !



કરવા છતાં પણુ જો કોઈ નહિ આપી જાય અને જેનાં ઘર-માંથી તે નીકળશે તેને મૃત્યુદંડની શિક્ષા ફરમાવવામાં આવશે!'

કેટલાક દિવસો વીત્યા બાદ, રાજાએ પોતાના પુરૂષોને નગરની જડતી લેવા આદેશ કર્યો. રાજાના નોકરોએ નગરની જડતી લેવાનું કાર્ય શરૂ કર્યું, અને રાજાની આજ્ઞા મુજબ પેલા શેઠના ઘેરથી જ તેની શરૂઆત કરી. શેઠના પુત્ર વિજયના અલંકારના ડબ્બામાંથી એ મુદ્રિકા હાથમાં આવી. આ અવસરે રાજાના માણુસોએ કહ્યું કે, 'આ શું?' વિજય તે જોઇને આશ્ચર્ય પામ્યો, આશ્ચર્ય ચકિત થઈ તેણે કહ્યું : 'આમાં હું કાંઇ જ જાણુતો નથી, મેં ચોરી કરી નથી.'

પણુ એનું કહ્યું કોઇએ ન ગણુકાર્યું, તેને પકડીને રાજપુરુષોએ કેદ કર્યો. આ બાજુ–પેલો મિત્ર બનેલો રાજ-પુરુષ વિજય પાસે આવ્યો. વિજયે તેને આજીજી કરી રાજાને સમજાવવા કહ્યું. પેલાએ કહ્યું, 'બીજું તો નહિ, પણુ મૃત્યુ સિવાયની ગમે તે શિક્ષા કરવાને હું રાજાને સમજાવીશ.'

વિજયે કહ્યું : 'એટલું થાય તોય ઘણું.' રાજપુરુષે ત્યારબાદ રાજાની પાસે જઇ પોતાના મિત્રને માટે અભય-દાનની માંગણી કરી. રાજાએ થોડીક આનાકાની કરી, અને છેવટે રાજાએ આમ કહ્યું કે, 'કાંઠા વિનાના કાંસાના વાટકામાં ઠેઠ કાંઠા સુધી, જરા પણુ ખાલી ન રહે તેમ તેલ ભરીને, તેમાંથી એક પણુ ટીપું નીચે પડે નહિ એ રીતે તે વાટકો

રણ કરે, તો તેને છોડવામાં આવે, અન્યથા, મૃત્યુદંડની શિક્ષા થશે.'

આ વાત, ચેલાએ જઈને વિજયને કહી સંભળાવી. તેણે વિચાર્યું કે, જીવતા રહેવાનો બીજો કોઈ ઉપાય નથી એટલે એણે તે પ્રમાણે કરવાની પણ તૈયારી બતાવી.

તે દિવસે રાજાએ સારાયે શહેરને સુંદર રીતે શણગારાવ્યું. જ્યાં ને ત્યાં ગાનતાન; નાચ-દેખાવ, રૂપ-રંગ વગેરેની એવી યોજના કરવામાં આવી કે, યોગીને પણ પોતાનું ચિત્ત સ્થિર રાખવું મુશ્કેલ થઈ પડે. આવી રીતે જ્યાં પાંચેય ઇન્દ્રિયોના વિષયોની સામગ્રી ભરપૂર બનાવવામાં આવી હતી ત્યાં કોઈ પણ સ્થાને દૃષ્ટિ નહિ ફેરવતાં અને કોઈ પણ શબ્દ તરફ ધ્યાન નહિ આપતાં, કેવળ હાથમાંના કટોરા ઉપર જ ધ્યાન રાખી, આખા નગરમાં ભ્રમીને વિજય એક પણ છાંટો નીચે પડવા દીધા વિના જેવો ભરેલો હતો તેવો ને તેવો જ તેલનો કટોરો હાથમાં લઈને રાજસભામાં હાજર થયો.

રાજાએ પૂછ્યું : તેં નગરમાં શું જોયું ? તારું મન આટલું બધું તને આધીન કેમ રહી શક્યું ?' મરણની સજાથી બચી જવાના યોગે આનંદમાં આવી ગયેલા તેણે કહ્યું, 'મનને મેં આધીન રાખ્યું, મને ખાત્રી હતી કે જરાયે મન ખસ્યું તો મોટી આપત્તિ છે, મરણના ભયના યોગે અને જીવનને સાચવવાની ઇચ્છાના પ્રતાપે મારા મનને મેં જરા પણ ખસવા દીધું નથી !'

નહિ.' પણ મારૂં કહ્યું એણે માન્યું નહિ અને બલાત્કારથી તેણે મને આમ કર્યું.

આ પ્રમાણે કહીને અભયાએ પેલા વલુરાં બતાવ્યાં અને છેવટે કહ્યું : ' એથી મેં બૂમો પાડી, કારણ કે અબલા બીજું કરે પણ શું ? ' રાણીએ આ પ્રમાણે કહ્યા છતાં પણ રાજાને વિચાર થયો કે, ' સુદર્શન માટે આ સંભવે નહિ. '

સુદર્શનને અન્તઃપુરમાં ઉભેલા જોયા અને ખુદ પોતાની પટરાણીએ આરોપ મૂકયો, રાણીએ કહ્યું : ' એણે મારા ઉપર જુલમ ગુજાર્યો. ' અને જુલમ ગુજાર્યો હોય તેવાં ચિહ્નો પણ રાજાએ જોયા. અન્તઃપુર જેવું સ્થળ, સુદર્શન સ્વયં હાજર, રાણી આરોપ મૂકનાર અને દાર્શનિક પૂરાવામાં જરાય ખામી નહિ તેવાં ચિહ્નો, છતાં રાજાએ વિચાર્યું કે : ' સુદર્શન માટે આ સંભવિત નથી ! '

સુદર્શનની નામના, શીલધર્મિતા અને પ્રતિષ્ઠાએ, ચંપાનગરીના માલિક દધિવાહન રાજાનાં હૈયામાં આ વાતાવરણ ઊભું કર્યું. રાણીની હાજરીમાં જ રાજાએ સુદર્શનને પૂછયું : ' જે હોય તે સાચું કહો ! આમાં સત્ય શું છે ? ' જ્યારે સુદર્શન તો કાયોત્સર્ગમાં જ સ્થિત રહ્યા. રાજાએ ફરી એક વાર પૂછી જોયું પણ સુદર્શન મૌન રહ્યા. રાણીનાં દેખતાં રાજાએ આમ વારંવાર પૂછ્યું, કારણ કે સુદર્શનની ખ્યાતિ સામાન્ય કોટિની નથી. જીવન બનાવટી હોય તો આવી ખ્યાતિ પ્રાપ્ત ન થાય.

સુદર્શન સમજતા હતા કે, 'હું બિન ગુનેગાર છું, પણ જો હું સાચી હકીકત કહી દઉં તો રાણીનું શું ? જે આપત્તિ મને ઇષ્ટ નથી, તે રાણી ઉપર આવે. રાણીનો ધીટ-કાર થાય, એની ફજેતીનો પાર ન રહે અને કદાચ એને શૂળીએ પણ લટકવું પડે.' સુદર્શન જો ન બોલે તો એ આપત્તિ સુદર્શનને વેઠવી પડે તેમ છે અને બોલે તો એ આફત રાણીને વેઠવી પડે તેમ છે

સુદર્શને વિચાર કર્યો : 'આ આપત્તિને હું વેઠી લઉં એમાં મારું ધર્મીપણું કે આ આપત્તિ રાણીને માથે મારા સાચું બોલવાથી જાય એમાં મારું ધર્મીપણું.' અહિં અહિંસાનો વિચાર છે અહિંસાપાલન, એ સદાચાર છે અને હિંસા એ અનાચાર છે અહિંસાપાલનરૂપ સદાચારને બજા-વવાની સદાચારી તરીકે એની ફરજ આ અવસરે ઊભી હતી.

અભયાના ઉપસર્ગો સામે મક્કમ રહેવું એ જેટલું મુશ્કેલ હતું એના કરતાં પણ હવે મૌન રહેવું અને આફત ઊભી કરનાર તથા કલંક દેનાર એક મૂર્ખ સ્ત્રીને બચાવી લેવા તત્પર બનવું એ વધારે મુશ્કેલ છે.

સુદર્શનની ખ્યાતિ એવી હતી કે, 'લોક એકદમ આવું ન માને, પણ શંકામાં તો ગૂંચવાય. મૌન રહેવામાં માત્ર આબરૂ રગદોળાઈ જવાનો જ સંભવ છે એમ નથી, મૌન રહેવામાં માત્ર ફજેતીનો જ સંભવ છે એમ નથી, પણ મૌન રહેવાના પરિણામે શૂળી મળશે એ વાત પણ નિશ્ચિત છે.

નહિ.' પણ મારું કહ્યું એણે માન્યું નહિ અને બલાત્કારથી તેણે મને આમ કર્યું.

આ પ્રમાણે કહીને અભયાએ પેલા વલુરાં બતાવ્યાં અને છેવટે કહ્યું : ' એથી મેં બૂમો પાડી, કારણ કે અબલા બીજું કરે પણ શું ? ' રાણીએ આ પ્રમાણે કહ્યા છતાં પણ રાજાને વિચાર થયો કે, ' સુદર્શન માટે આ સંભવે નહિ. '

સુદર્શનને અન્તઃપુરમાં ઉભેલા જોયા અને ખુદ પોતાની પટરાણીએ આરોપ મૂક્યો, રાણીએ કહ્યું : ' એણે મારા ઉપર જુલમ ગુજાર્યો. ' અને જુલમ ગુજાર્યો હોય તેવાં ચિહ્નો પણ રાજાએ જોયા. અન્તઃપુર જેવું સ્થળ, સુદર્શન સ્વયં હાજર, રાણી આરોપ મૂકનાર અને દાર્શનિક પૂરાવામાં જરાય ખામી નહિ તેવાં ચિહ્નો, છતાં રાજાએ વિચાર્યું કે : ' સુદર્શન માટે આ સંભવિત નથી ! '

સુદર્શનની નામના, શીલધર્મિતા અને પ્રતિષ્ઠાએ, ચંપા-નગરીના માલિક દધિવાહન રાજાનાં હૈયામાં આ વાતાવરણ ઊભું કર્યું. રાણીની હાજરીમાં જ રાજાએ સુદર્શનને પૂછ્યું : ' જે હોય તે સાચું કહો ! આમાં સત્ય શું છે ? ' ત્યારે સુદર્શન તો કાયોત્સર્ગમાં જ સ્થિત રહ્યા. રાજાએ ફરી એક વાર પૂછી જોયું પણ સુદર્શન મૌન રહ્યા. રાણીનાં દેખતાં રાજાએ આમ વારંવાર પૂછ્યું, કારણ કે સુદર્શનની ખ્યાતિ સામાન્ય કોટિની નથી. જીવન બનાવટી હોય તો આવી ખ્યાતિ પ્રાપ્ત ન થાય.

સુદર્શન સમજતા હતા કે, 'હું બિન ગુનેગાર છું, પણ જો હું સાચી હકીકત કહી દઉં તો રાણીનું શું? જે આપત્તિ મને ઈષ્ટ નથી, તે રાણી ઉપર આવે. રાણીનો ફીટકાર થાય, એની ફજેતીનો પાર ન રહે અને કદાચ એને શૂળીએ પણ લટકવું પડે.' સુદર્શન જો ન બોલે તો એ આપત્તિ સુદર્શનને વેઠવી પડે તેમ છે અને બોલે તો એ આફત રાણીને વેઠવી પડે તેમ છે

સુદર્શને વિચાર કર્યો : 'આ આપત્તિને હું વેઠી લઉં એમાં મારૂં ધર્મીપણું કે આ આપત્તિ રાણીને માથે મારા સાચું બોલવાથી જાય એમાં મારૂં ધર્મીપણું.' અહિં અહિંસાનો વિચાર છે અહિંસાપાલન, એ સદાચાર છે અને હિંસા એ અનાચાર છે. અહિંસાપાલનરૂપ સદાચારને જાળવવાની સદાચારી તરીકે એની ફરજ આ અવસરે ઊભી હતી.

અભયાના ઉપસર્ગો સામે મક્કમ રહેવું એ જેટલું મુશ્કેલ હતું એના કરતાં પણ હવે મૌન રહેવું અને આફત ઊભી કરનાર તથા કલંક દેનાર એક મૂર્ખ સ્ત્રીને બચાવી લેવા તત્પર બનવું એ વધારે મુશ્કેલ છે.

સુદર્શનની ખ્યાતિ એવી હતી કે, 'લોક એકદમ આવું ન માને, પણ શંકામાં તો મૂંઝવાય. મૌન રહેવામાં માત્ર આબરૂ રગદોળાઈ જવાનો જ સંભવ છે એમ નથી, મૌન રહેવામાં માત્ર ફજેતીનો જ સંભવ છે એમ નથી, પણ મૌન રહેવાના પરિણામે શૂળી મળશે એ વાત પણ નિશ્ચિત છે.

સૌ સત્ત્વશીલ જ હોય એમ ન બને, એવું પણ બને કે જેમનામાં સત્ત્વ ઓછું હોય, તેવા આત્માઓ અડિગ મૌન ન જાળવી શકે. છતાં એવાઓએ પોતાની નિર્બળતા કબૂલ કરવી જોઇએ, પણ ધર્મનું નામ આગળ કરીને ખોટી રીતે પોતાની નબળાઇને છૂપાવવાની ભાવનાથી પણ બચવું જોઇએ. ધર્મ ન નિંદાય એની કાળજી અવશ્ય રાખવી, પણ તેને નામે નબળાઈ છૂપાવવાનો પ્રપંચ કદી જ કરવો નહિ. કારણ કે સૌ સત્ત્વશીલ હોય એવું નથી હોતું, એવા પણ હોય કે જેમનામાં સત્ત્વ ઓછું હોય.

સુદર્શન સમર્થ હતા અને સાથે સદાચારના સાચા સેવક હતા, માટે મૌન રહ્યા. સુદર્શને જોયું કે, 'અભયાને આપત્તિમાં મૂકયા વિના હું બચી શકું તેમ નથી. મારે બચવું હોય તો અભયાને આપત્તિમાં મૂકવી જ પડે. મારે માટે એ યોગ્ય નથી એટલે મારે મૌન રહેવું.' આ રીતે સુદર્શન અભયાને આફતમાં મૂકીને જીવવા ઇચ્છતા નથી. શીલરક્ષા માટે અભયાની કનડગત સહી અને હવે દયાપાલનને માટે જે આફત આવે તે સહવાને સુદર્શન તૈયાર હતા.

આથી જ રાજાના વારંવાર પૂછવા છતાં સુદર્શનનું મૌન અભંગ જ રહ્યું, ઘણીવાર પૂછવા છતાં પણ જ્યારે સુદર્શન બોલતાં જ નથી, ત્યારે રાજાને થયું કે, 'કદાચ સુદર્શન દોષિત હોય, કારણ કે 'મૌન એ વ્યભિચારીઓનું અને ચોરોનું એક લક્ષણ છે.' રાજાને દોષની સંભાવના

લાગી, આથી તે ક્રોધાધીન બન્યો અને સુદર્શનનો વધ કરવાની તેણે પોતાના માણસોને આજ્ઞા ફરમાવી.

જો કે રાજાએ આજ્ઞા તો કરી પરંતુ તે સમજતો કે, સુદર્શન જેવા મહા સદાચારી તરીકેની નામનાને પામેલા પુરૂષને આ જાતની શિક્ષા કરવી એ સહેલું કામ નથી. પ્રજામાં ઉશ્કેરાટ ફેલાવાનો પૂરેપૂરો સંભવ છે. આથી રાજાએ પોતાના પુરૂષોને ફરી કહ્યું કે, 'નગરમાં આ પાપીના દોષને પ્રગટ કર્યા પછીથી જ આનો વધ કરવો.'

સુદર્શનને શિક્ષા કરવાને માટે તૈયાર થએલા રાજાને પણ, આટલી બધી તકેદારી રાખવી પડી એ સામાન્ય વસ્તુ નથી. જો કે પૂર્વકાલના રાજાઓ પ્રાયઃ અનાડી નહોતા. પ્રજાનાં સુખશાંતિ આદિની પ્રસંગે પ્રસંગે દરકાર કરનારા હતા. પણ આ પ્રસંગમાં તો સુદર્શને પોતાની સદાચારિતાથી પ્રાપ્ત કરેલી લોકપ્રિયતાએ જ તેવી આજ્ઞા કરવાને રાજાને પ્રેર્યા હોય એમ કહી શકાય.

રાજાની આજ્ઞા મુજબ રાજનોકરો સુદર્શનને પકડીને લઈ ગયા. સુદર્શનના મોઢા ઉપર મેંશનો અને શરીરે લાલ ગેરૂનો લેપ કર્યો. ગળામાં અને માથે પણ વિચિત્ર પ્રકારની માળાઓ પહેરાવી. એ પછી એને ગધેડા ઉપર બેસાડયા. માથે સુપડાનું છત્ર ધર્યું અને આગળ કુટલુ ઢોલ પીટતાં પીટતાં સુદર્શનને ગામમાં ફેરવવા માંડયા.

નોકરોએ શહેરમાં ઉદ્દઘોષણા કરી કે, 'સુદર્શને રાણીવાસમાં ગુન્હો કર્યો છે, માટે તેનો વધ કરાય છે, રાજાનો આમાં જરાય દોષ નથી.'

સુદર્શનના કાન પર પણ એ શબ્દો વારંવાર આમ અથડાયા છતાંય સુદર્શન એ જ રીતે અચલ રહ્યા. લોકોએ આ બધું જોયું અને રાજા દ્વારા થએલી ઉદ્દઘોષણા સાંભળી. આથી લોકમાં હાહાકાર વર્તાઇ ગયો. શહેરમાં તો એ જ વાતાવરણ કે, 'કોઇપણ રીતે વ્યાજબી થતું નથી સુદર્શનમાં આવું સંભવે જ નહિ.'

સુદર્શનને આ રીતે રાજપુરૂષોએ શહેરમાં ફેરવ્યા. ફરતાં ફરતાં એ બધા સુદર્શનના મકાન આગળ આવી પહોંચ્યા. એ વખતે સુદર્શનની ધર્મપત્ની મનોરમાએ આ જોયું અને રાજાની ઉદ્દઘોષણા સાંભળી. મનોરમાને એ વેળા આ વિચાર સૂઝયો કે, 'કારમા અશુભોદય વિના એ બને નહિ મારા પતિ સદાચારી છે અને સદાચારપ્રિય છે, મારા પતિ આવું કાર્ય કરે જ નહિ અને પ્રબળ નિમિત્ત વિના રાજા પણ આવી શિક્ષા કરે નહિ. ખરેખર, પૂર્વના અશુભ કર્મનું જ ફળ ઉપસ્થિત થયું છે.'

મહાસતી મનોરમા આવો વિચાર કર્યા પછીથી પૂજા કરીને કાર્યોત્સર્ગમાં સ્થિર થયા. તેમ જ નિશ્ચય કર્યો કે, 'જ્યાં સુધી પતિ ઉપર આવેલી આ આફત ટળે નહિ, ત્યાં સુધી કાર્યોત્સર્ગમાં રહેવું અને અનશન કરવું'

મહાસતી મનોરમાની આ દૃઢ પ્રતિજ્ઞા અને સુદર્શન શેઠનું પવિત્ર શીલ આખરે જય પામ્યા. અસત્યનાં ગાઢ આવરણો ભેદાયાં. તેમજ રાજાના માણસોએ સુદર્શનને મારવા જેટલા પ્રયત્નો કર્યા તે નિષ્ફળ ગયા. શૂલી પર ચઢાવતા તે તૂટી ગઈ. અન્તે તે સુવર્ણજડયું સિંહાસન થયું અને શીલવાન સુદર્શન શ્રેષ્ઠીનો જય જયકાર થયો.

૧૩ : ભારતીય સંસ્કૃતિનો ભવ્ય આદર્શ

આ ભારતવર્ષમાં જ્યારે આર્યસંસ્કૃતિ પ્રધાનતા ભોગવતી હતી, ત્યારે મોટે ભાગે મનની ભૂખને માટે કે તૃષ્ણાઓને કારણે રાજા કે પ્રજા વચ્ચે, શેઠ કે મજુર વચ્ચે યા કુટુંબમાં પિતા-પુત્ર, પતિ-પત્નિ, ભાઈ-ભાઈ વચ્ચે વર્તમાન યુગના જેવી લડતો ઉત્પન્ન થતી ન હતી. તે સમયે ગરીબીમાં પણ અમીરી ભોગવી શકાતી. કારણ કે, તત્ત્વજ્ઞાનની સામગ્રી તે સમયે પ્રધાનપદે હતી. તે સમયે તત્ત્વજ્ઞાનની વાતો પ્રત્યે સવિશેષ આદર હતો. મૂળથી સંસ્કારો જ એ કે 'દુનિયાના પદાર્થો નાશવંત છે. એ મળે તેય ભાગ્યાનુસાર, ભોગવાય તેય ભાગ્યાનુસાર અને જાય તેય ભાગ્યાનુસાર.' આવા સંસ્કારોના યોગે પોતાના સ્વાર્થ માટે બીજાનું ઝૂંટવી લેવાની ભાવના થતી નહિ કે કોઈને વધુ સામગ્રીવાળો જોઈને ઈર્ષ્યા થતી નહિ.

આ પ્રકારનું ઉમદા કોટિનું તત્ત્વજ્ઞાન આજે પર વસ્તુઓમાં સુખ માની બેઠેલાઓને ગમતું નથી અને એથી

દુનિયાના બીજા જીવોને પીડા ઉપજાવવાથી બચનારા તેમજ બીજા જીવોને પીડા ઉપજાવનારા ન બનાય તે રીતે શરીર નિર્વાહ કરીને એકાન્તે ધર્મની સાધના કરનારા તથા જગતના જીવોને ધર્મની સાધના કરવાની જ પ્રેરણા કરનારાં જીવન જીવનારા મહાપુરૂષોની કિંમત સમજાતી નથી.

આવા મહાપુરૂષોની હયાતિની જરૂરીઆત કે ઉપકારકતા પણ, એથી જ સમજાતી નથી. પૂર્વે એમ નહિ હતું. પૂર્વે તો એ તત્ત્વજ્ઞાનનો અને એવા તત્ત્વજ્ઞાની મહાત્માઓનો પરમ આદર થતો; કારણ કે, તે વખતે જીવો મુખ્યત્વે એના અર્થી હતા. જ્યારે આજે તો એથી ઉલટું સાચા તત્ત્વજ્ઞાન પ્રત્યેનો અનાદરભાવ વધતો જાય છે.

આર્યસંસ્કૃતિનો પ્રતાપ કેવો હતો એ સમજવાને માટે અને પૂર્વના કુલાચારોને જાણવા માટે રામાયણમાંના અમુક પ્રસંગો તો ખાસ વિચારવા જેવા છે. શ્રી રામચંદ્રજી જેવાએ પિતાના વચનનું પાલન થાય અને પોતાના લઘુબંધુ ભરત રાજ્યનો સ્વીકાર કરે, એ માટે રાજગાદીને બદલે વનવાસ સ્વીકાર્યો આજનું શિક્ષણ પામેલા અને વર્તમાન યુગના સંસ્કારોથી ઘડાએલો, રાજગાદીને બદલે વનવાસ સ્વીકારે એ વાત બનવી લગભગ અસંભવિત જેવી છે. કારણ કે આજે જે શિક્ષણ અને સંસ્કૃતિ વિકાસને પામતાં જાય છે, તેના મૂળમાં જ ઝેર રેડાઈ રહ્યું છે.

રામચંદ્રજીનો આવો ઉત્તર સાંભળીને, દશરથ રાજા પણ વિસ્મય સહિત આનંદને પામે તે સ્વાભાવિક છે. રામચંદ્રજી તરફથી આવો સંતોષકારક ઉત્તર સાંભળ્યા પછીથી દશરથ રાજાએ ભરતને રાજ્યનો સ્વીકાર કરવાનું કહ્યું. એટલે ભરતે રાજ્યનો સ્વીકાર કરવાની ના પાડી.

જ્યારે ભરતે રાજ્યનો સ્વીકાર કરવાની ના પાડી, ત્યારે રામચંદ્રજીએ આમ જો કે પોતાનો હક્ક તો જતો કર્યો, પણ ઉપરથી ભરતને રાજ્યનો સ્વીકાર કરવાની સલાહ આપતાં ભરત પ્રત્યે આ પ્રમાણે કહ્યું : ' ભાઈ ! જો કે તમારાં હૃદયમાં રાજ્યપ્રાપ્તિનો જરા પણ ગર્વ નથી, તો પણ પિતાજીનાં વચનને સત્ય કરવાની ખાતર તમે રાજ્યને ગ્રહણ કરો ! '

ભરતને રામચંદ્રજીએ જે આ કહ્યું, એના જવાબમાં ભરતે જે કહ્યું તે પણ આર્યસંસ્કારોના અનુપમ પ્રભાવને સૂચવનારૂં છે.

રામચંદ્રજીનાં વચનોનું શ્રવણ કરતાંની સાથે જ ભરતની આંખમાં આંસુ આવી ગયાં અને અશ્રુભીનાં નેત્રોવાળા ભરત તે વેળાયે રામચંદ્રજીનાં ચરણોમાં પડ્યા. તે પછી અંજલિ જોડીને ગદ્‌ગદ્ સ્વરે વડિલબંધુ રામચંદ્રજીની સેવામાં ભરતે કહ્યું :

' હે પૂજ્ય બંધુ ! મને રાજ્ય આપવું, એ પિતાશ્રીને માટે અને આપને માટે યોગ્ય છે. પરંતુ મારા જેવાએ

રાજ્યને ગ્રહણ કરવું એ યોગ્ય નથી. શું આપ રાજા દશરથના પુત્ર છો અને હું રાજા દશરથનો પુત્ર નથી? શું હું આપના જેવા આર્યનો નાનો ભાઇ નથી? કે, 'જેથી મને રાજ્ય મળે એમાં હું ગર્વ કરૂં અને ખરેખરો માતૃમુખો ગણાઇને રાજ્યને ગ્રહણ કરૂં?'

જ્યાં આ જાતની વિવેકપૂર્ણ ભાવનાઓ હોય, આવા ઉત્તમ પ્રકારના વિચારો જ્યાં ભરેલા હોય અને જ્યાં લેવા માટે નહિ પણ આપવા માટે તેમજ ત્યાગ કરવામાં હરિફાઇઓ હોય ત્યાં રાજ્યને માટે લડાઇઓ ન જ હોય, તેમજ ભૌતિક વસ્તુઓને યેન-કેન પ્રકારેણ મેળવવાની ધમાચકડી હોય જ શાની?

આ બાજુ રામચંદ્રજીએ જોયું કે, 'હું અહીં હોઇશ ત્યાં સુધી ભરત રાજ્યનો સ્વીકાર કરશે નહિ.' એટલે દશરથ રાજાને રામચંદ્રજીએ પોતે કહ્યું : 'હું વનવાસ કરવાને જાઉં છું.' આ રીતે રામચંદ્રજી વનવાસ જવાને માટે નીકળ્યા, એટલે ભરત પણ ઉચ્ચ સ્વરે રડવા લાગ્યા અને દશરથ રાજા પણ સ્નેહવશ મૂર્છા પામ્યા. જ્યાં રામચંદ્રજી વનવાસ માટે નીકળ્યા, એટલે લક્ષ્મણજી પણ રામચંદ્રજીની સાથે રાજસુખનો ત્યાગ કરી વનવાસ જવા તૈયાર થયા.

આ રીતે વડીલ ભાઇની સાથે સેવા કરવાને માટે જનારા તે જ હોય કે જેણે મનની કારમી ભૂખ ઉપર જીત મેળવી હોય, તે સિવાય આ શક્ય જ નથી.

બાદ લક્ષ્મણજીની માતા સુમિત્રા કે જે રામચંદ્રજીની ઓરમાન માતા થાય, તેની પાસે લક્ષ્મણજી રજા માંગવા ગયા, ત્યારે શોકયના પુત્રને માટે પોતાના પુત્રને વનવાસે જવાને તૈયાર થયેલો જોઇને પણ સુમિત્રા માતાએ ધીરજ ધરી કહ્યું : 'હે વત્સ ! તને શાબાશ છે, મારો પુત્ર અવશ્ય પોતાના વડિલ ભાઈને અનુસરે જ.' એટલું જ નહિ, પરંતુ વધુમાં કહ્યું : 'હે વત્સ ! હવે જવામાં તું વિલંબ કર નહિ; કારણ કે, રામચંદ્ર તો મને નમસ્કાર કરીને કયારનાએ અહીંથી રવાના થઈ ગયા છે, એટલે જો તું વિલંબ કરીશ તો તારે અને એમને છેટું પડી જશે.'

શોકયના પુત્રની પાછળ જતા પોતાના પુત્રને આવી રીતે વિદાય આપનારી માતાનું હૃદય કેવા સુંદર સંસ્કારોથી ઘડાયું હશે વારુ? તે કાળે આર્ય સંસ્કારોની આટલી સુંદર અને પ્રબળ અસર હતી. જેમ જેમ એ સંસ્કારો જતા ગયા તેમ તેમ એ સુંદર દશા પણ દૂર થતી ગઈ.

ત્યારબાદ જન્મથી જ જેણે રાજસુખ ભોગવ્યું છે, ટાઢ-તડકા જોયા નથી, કશી તકલીફ વેઠી નથી અને જેમનું શરીર કોમળ છે, એ સીતાદેવી પણ રામચન્દ્રજીની સાથે વનવાસ જવાને તૈયાર થયા.

આજનો યુગ, વર્તમાનનું વિલાસપ્રિય વાતાવરણ કે આજની સ્ત્રી સ્વાતંત્ર્યની મર્યાદાહીન આબોહવા ગમે તે હો! પરન્તુ સીતા તો સમજદાર હતા. મન, વચન અને

કાયાથી સતીધર્મનું પાલન કરવામાં તત્પર હતાઃ આથી સીતાજી, રામચન્દ્રજીના વનવાસ ગમનના સ્વીકારને માટે કાંઈ પણ નહિ બોલતાં, પોતે પણ પોતાના પત્નીધર્મને અનુસરીને રામચંદ્રજીની સાથે વનવાસે નીકળ્યા.

સીતાદેવીએ જ્યારે પોતાના સાસુ કૌશલ્યા પાસે જઈને પોતાના પતિ રામચંદ્રજીની સાથે વનમાં જવાની આજ્ઞા માગી, ત્યારે કૌશલ્યાએ સીતાદેવીને પોતાના ખોળામાં લઈ લીધા અને પોતાનાં આંસુથી સીતાદેવીને નવરાવી નાખતાં કહેવા માંડયું :

'હે પુત્રિ! વિનીત રામચંદ્ર પિતાની આજ્ઞાથી વનમાં જાય, તો તે નરસિંહ સમા પુરૂષને માટે દુષ્કર નથી; પરંતુ તું તો જન્મથી જ ઉત્તમ વાહનોમાં લાલિત થયેલી છો, તેથી તું પગે ચાલવાની વ્યથાને કેમ સહી શકીશ ? સુકુમારપણાથી કમળના ઉદર જેવું તો તારૂં અંગ છે; તે જ્યારે તાપ વગેરેથી કલેશને પામશે, ત્યારે રામને પણ કલેશ થઈ પડશે; માટે પતિની સાથે અનુગમન કરવામાં તેમ જ બીજાં પણ અનેક અનિષ્ટ કષ્ટોને સહવામાં હું તને નિષેધ કે આજ્ઞા કાંઈ પણ કરવાને ઉત્સાહ ધરતી નથી.'

ખરેખર, પતિની સાથે અનુગમન કરવું એ સતીઓનો ધર્મ છે, એટલે એમાં કૌશલ્યા નિષેધ ન કરી શકે. અને અનિષ્ટ કષ્ટો સહવાને માટે જવાની આજ્ઞા [illegible] ાનું [illegible]
[illegible] ી શકે તે સ્વામાં [illegible]

કૌશલ્યા નથી તો અનુગમન માટે નિષેધ કરતાં કે નથી તો કષ્ટ સહવાની આજ્ઞા આપતાં.

કૌશલ્યાએ જ્યારે આ પ્રમાણે કહ્યું, ત્યારે સીતાદેવીએ પણ, પોતાના મુખ ઉપર સહેજ પણ શોકની કાલિમા આવવા દીધા વિના, પ્રાતઃકાળના કમળની જેમ પ્રફુલ્લ ચહેરે અને પ્રસન્ન મુખે, નમસ્કાર કર્યા બાદ પોતાના સાસુને આમ કહ્યું: 'તમારા ઉપરની મારી ભક્તિ મને માર્ગમાં કુશલ કરનારી થશે, એટલે હું મેઘની પાછળ જેમ વીજળી, તેમ આર્યપુત્ર શ્રી રામની પાછળ જાઉં છું.' આટલું કહીને તેઓ રામચંદ્રજીની પૂંઠે ચાલી નીકળ્યા.

આ રીતે આખુંય કુટુંબ કેવું સુંદર અને વિનીતવ્યવહારી હતું તે આ એક ઐતિહાસિક પ્રસંગ પરથી સમજી શકાય તેમ છે. તૃષ્ણાનો સાચો છેદ થયા વિના, હૈયામાં ઊંડે ઊંડે પણ સાચી મુમુક્ષુતા આવ્યા વિના આવી સુંદર સ્થિતિ આવી શકે નહિ. ખરેખર મનની તૃષ્ણા એ ભયંકર દુર્ગુણ છે, અસાધ્ય અને ચેપી રોગચાળો છે. એ રોગને દાબ્યાં વિના, મનની ભૂખને માર્યા વિના, શાન્તિ કે સમાધિ કોઇ રીતે શક્ય જ નથી.

જ્યાં મનની તૃષ્ણા વધી, પર વસ્તુઓને મેળવવાની તથા ભોગવવાની લાલસા વધી અને મુમુક્ષુતા લગભગ નષ્ટપ્રાય: થઇ ગઇ એટલે આપણે જોઇ શકીએ છીએ કે, વર્તમાન સંસારમાં કારમી ધમાચકડી ઊભી થઇ. જ્યાં સુધી એ

મનની કારમી ભૂખ ઘટે નહિ અને મુમુક્ષુતા અંશે અંશે પણ આવે નહિ, ત્યાં સુધી આવી ધમાચકડી મચી રહે તો એમાં આશ્ચર્ય પામવા જેવુ કાંઈ છે જ નહિ. એટલે વિચાર કરવામાં આવે તો જરૂર સમજાય કે ભૌતિક-જડ પદાર્થોને મેળવવા, સાચવવા કે ભોગવવાની લાલસારૂપ મનની ભૂખ એજ આજના વર્તમાન કાળના સઘળાં યે અનર્થો, ઉલ્કાપાતો કે તોફાનોનું મૂળ છે.

આ રીતે જ્યારે રામચંદ્રજી, સીતાજી અને લક્ષ્મણજી વનવાસે નીકળ્યા ત્યારે અયોધ્યાના નગરજનોએ પણ પોતાના માલિકની પાછળ રૂદન કર્યું. એઓની પૂઠે તે લોકો ગયાં. એ બધાને પાછા વળવાને માટે રામચંદ્રજીએ ઘણું કહ્યું, ત્યારે તેઓ પાછા વળ્યા.

આમાં અતિશયોક્તિ જેવું કાંઈ નથી. બીજી જ સવારે રાજગાદી ઉપર બેસનારો ન્યાયી અને પ્રજાવત્સલ માલિક વનવાસે જાય અને તેની સાથે કોમળ દેહવાળા સીતાજી તથા લક્ષ્મણજી પણ જાય ત્યારે રાજાના યોગે પોતાને સનાથ તેમજ ભર્યાં ઘરવાળા માનનારા પ્રજાજનોને અવશ્ય મનોદુઃખ થાય જ.

રાજામાં એ પ્રજાવાત્સલ્ય પણ નથી. કારણ, ચોમેર ભડકે બળતી મન કે તૃષ્ણાની ભૂખ જ્યારે તે કાળે તે સમયે સાચે આજના જેવી ભયંકર કોટિની ન હતી. ખરી રીતે તે સમય પ્રાયઃ-બહુલતયા મનની ભૂખને મારનારા મરજીવા મહાપુરૂષોનો હતો. ભારતીય સંસ્કૃતિનો ભવ્ય આદર્શ તે કાલે પ્રજાના દરેક વર્ગમાં ને રાજકુળોમાં ઝળહળતો હતો, તેમ જરૂર નિઃસંકોચ કહી શકાય.

